KAPOL SAMAJ DARPAN

# કપોળ સમાજ દર્પણ



# With Best Compliments From

We make Townships

Mahalaxmi Group

A Division of Anishkumar & Co.

## Mahalaxmi Developer & Mahalaxmi Builders

**(A Division of Anishkumar & Co.)**

**Office:**

Nere Village, On Panvel-Matheran-Bhimashankar State Highway,

Tal. - Panvel, Dist. - Raigadh

**For Site Visit :**

21, Melody Tower, Plot No. 19,

Sector No. 15-A New Panvel (E), Panvel Rly Stn.

(Time : 10 am to 5.30 pm)

Tel.: 3264 7334 / 3259 5347-48 / 6539 6387 /

02143-238 114-5 / 02143-238 072

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| દૂબકી માનસસરની | ડૉ. સર્વેશ વોરા | ૫ |
| તંત્રીની કલમે | નીલા સંઘવી | ૮ |
| પ્રતિભાવ | - | ૧૧ |
| શ્રી નટવર ગાંધી આત્મકથા 'એક અજાણ્યા ગાંધીની' | - | ૧૬ |
| લયભંગ | કાલિંદી પરીખ | ૨૧ |
| આશાનું પ્રભાત (નવલકથા) | ડૉ. મહેન્દ્ર સંઘવી | ૩૭ |
| આ મહિનાના સિતારા | શરદ દોશી | ૩૫ |
| સ્વાતંત્ર્ય સેનાની યુ તિરોટ સિંગ | નીતા કઢી | ૩૯ |
| ચેતનાના ઉર્ધ્વરોહણનું મહાકાવ્ય એટલે ઉત્તરાયણ | શોભના ભટ્ટ | ૪૨ |
| ઈર્શાદ | કિશોર વ્યાસ | ૪૬ |
| સંસ્થા સમાચાર | - | ૫૨ |
| સારા કામમાં સો વિઘ્નો : ભગવાનને પણ... | વિજય સંઘવી | ૬૪ |
| પ્રેરણાસ્રોત | ઉમા દોશી | ૬૭ |
| આવો, તમને લઈ જાઉં ૨૧-૨૬ના ભારતમાં... | સુભાષ ઠાકર | ૬૯ |
| મારા 'એ' તો છે જ 'અકોણા'... | ડૉ. કૃષ્ણા હસમુખ ગાંધી | ૭૨ |
| હરામના હાડકાં | કિરણ ગોરડિયા | ૭૮ |
| ગુજરાતી પુરુષ એટલે વળી શું ? | દિવ્યાશા દોશી | ૮૦ |
| જીવનમાં શિસ્તનું મહત્ત્વ | નિરંજના જાંગલા | ૮૩ |
| લાલો... અને રેટ્રો સોંગ | નાથાલાલ જોગદિયા | ૮૫ |
| સંસ્કારનું સિંચન | જિજ્ઞા કપુરિયા | ૮૬ |
| રવિવારની વાર્તા | - | ૮૮ |
| વર્તમાન લક્ષ્મી | પ્રતિભા મોદી | ૯૦ |
| હું પુકારું તો, સાંભળશે કોણ ? | કુન્દનિકા કાપડિઆ | ૯૨ |
| જાનુ | કામિની મહેતા | ૯૮ |
| કશ્મકશ | કિરણ કાણકિયા | ૧૦૩ |
| મમ્મી યુ આર ગ્રેટ | ડૉ. કલ્પના દવે | ૧૦૮ |
| ભેદભાવ | રીટા મેકવાન 'પલ' | ૧૧૧ |
| માનું દરદ ના જાણે કોઈ | હરદ્વાર ગોસ્વામી | ૧૧૩ |
| વિતેલાં વર્ષો... | રીટા મેકવાન 'પલ' | ૧૧૬ |
| કાવ્ય સરિતા | - | ૧૧૮ |
| રેશમગાંઠ | - | ૧૩૦ |


NEMSSIS™
www.yashcotton.com
DESIGNER FABRICS
FOR YOUR
TRADITIONAL
OUTFITS
by
NEMSSIS™
NOT FOR EVERYONE

કપોળ સમાજ દર્પણ ફાઉન્ડેશન
પ્રકાશિત માસિક

કપોળ સમાજ દર્પણ

વર્ષ : ૨૫ ★ અંક : ૧
પોષ : ૨૦૮૨
જાન્યુઆરી : ૨૦૨૬
સળંગ અંક : ૩૨૭

★ પ્રેરક ★
શ્રી અનિલભાઈ નંદલાલ મહેતા
★ સ્થાપક તંત્રી ★
શ્રીમતી નલિનીબેન ડી. પારેખ
★ માનદ તંત્રી ★
શ્રીમતી નીલા ભરત સંઘવી
★ સંપાદન સહયોગ ★
શ્રી દિનેશભાઈ ડી. પારેખ
શ્રી હરેશભાઈ એમ. મહેતા
શ્રીમતી મીના એ. કાણકિયા
★ વ્યવસ્થાપક ★
શ્રી કૃષ્ણકાંત વી. ચિતલિયા
શ્રી કમલેશભાઇ પી. સંઘવી
શ્રી cbમોદી

kapolesamajdarpan@gmail.com

- Page Design -
Naresh Patel

## ડૂબકી માનસસરની



- ડૉ. સર્વેશ પ્ર. વોરા

### અલ્મોડા-ઋષિકેશના અણુઅણુમાં સનાતન ભારતીયતાનું રહસ્ય છૂપાયેલું છે

મેરઠ પસાર કરીને બસ હરદ્વાર તરફ આગળ વધે કે ગજરૌલા પસાર કરીને અલમૌડા તરફ આગળ વધો કે ઉત્તરકાશી પસાર કરીને ગંગોત્રી તરફ આગળ વધો એટલે તમે આખરે તો ઋષિઓના વંશજ છો, ઉપનિષદો તમારા ‘જીન્સ’માં, તમારી નસ-નસમાં ગંગાજી જેમ વહી રહ્યાં છે એની પ્રતીતિ થયા વિના રહે નહીં. પછી વૈખરી બંધ થઈ જાય, ફિલસૂફીની શાબ્દિક ચર્ચાઓ કે સાંપ્રદાયિક વિધિ કે ઝનૂનને સ્થાન રહે નહીં, પછી તો તમારા શ્વાસ-ઉચ્છ્વાસ, તમારી આ પરિસરમાંની હાજરી જ ‘પૂજા’ બની જાય. હા, વચ્ચે એક તોંતેર મણના ‘તો’ની દીવાલ આડી છે. એ ‘તો’ છે : તમારી સંવેદના, તમારી અંદરની આંખો, તમારી અંદરની ચેતના કેટલી જાગૃત છે, તેના પર આ યાત્રાનાં સુફળનો આધાર છે. આપણે દેરાસરમાં પ્રવેશીએ ત્યારે ‘નિસ્સીહિ’ કહીએ છીએ. અર્થાત્ ‘હે પ્રભુ ! હું બધું બહાર છોડીને આવું છું.’ જ્યારે ‘નિસ્સીહિ’ બોલવું ન પડે, પણ સહજ સ્વભાવ બની જાય ત્યારે જ આંતરિક અનુભૂતિનાં દ્વાર ખુલે. અલમૌડા-ઋષિકેશ-પથરા અને પ્લાસ્ટિકના પાગલ બાળજીવોને નહીં સ્પર્શે, મહાનગરની ચકાચૌંધ રાજસિકતાથી અંધ બનેલા અહીં પણ મહાનગરને તાણી લાવશે. બહાર સૌન્દર્યનો સાગર હોવા છતાં આવા - કમનશીબો યાત્રાની બસમાં પણ વીડિયો-કોચની વ્યવસ્થા શોધતા હશે, પત્તા રમતા હશે કે સસ્તા ટૂચકા દ્વારા અંતરનો ખાલીપો મહાનગરીય મૃગજળથી ભરવા ફાંફાં મારતા હશે.

ઋષિકેશ, અલમૌડા, ઉત્તરકાશીને હૃદયથી પ્રેમ કરનારા, આ સ્થળો પાછળ પાગલ જેવા ભાગ્યશાળીઓ મહાનગરમાં ખૂણે ખૂણે છૂપાયેલા છે. આ જણ એવા છે, જેમનું ચાલે તો વર્ષમાં ચાર વાર ઋષિકેશની મુલાકાતે જાય. એમની અંદરનાં 'કંઈક'ને ઋષિકેશ-ઉત્તરકાશી-અલમૌડા કે કૌસાનીનું અદમ્ય, અતનો નાત આકર્ષણ છે. શું આ આકર્ષણનાં કારણમાં કોઈ હિલ સ્ટેશનની કે જંગલની લાક્ષણિકતા જવાબદાર છે ? ના, આવા ચાહકોમાંથી અનેક તો કેરાલા ને કાશ્મીરથી માંડીને સ્વિટ્ઝરલેન્ડ પણ માણી ચુક્યા છે, પણ હિમાલયનાં ખાસ ખાસ સ્થાનોમાં એવું કશુંક છે જેને આપણા પૂર્વ જન્મો સાથે અતૂટ સંબંધ છે, એવી પ્રતીતિ આ ચાહકોને સતત થતી રહે છે.

અલમૌડાથી નજીકના 'કૌસાની' પરિસરને કોઈ બેવકૂફ જ્યારે 'ભારતનું સ્વિટ્ઝરલેન્ડ' કહે ત્યારે આમ કહેનારની ઉધારી સંવેદનાની દયા આવે છે. કોઈ ઋષિનાં તપોવનને તમે બાગ-બગીચા સાથે સરખાવો ત્યારે તમે ઋષિની ઊંચાઈનું, ઋષિનાં દિવ્યત્વનું અપમાન કરો છો. જેની અન્તર્યાત્રા આજે ફિઝિક્સ (ભૌતિકશાસ્ત્ર) અને રસાયણશાસ્ત્રની છેલ્લામાં છેલ્લી શોધો સામે પણ ઝાંખી નથી પડી એવા મહાપ્રતિભાવંત ઋષિઓએ સાધના માટે, અંતર્મુખી શોધ માટે કૌસાની, ઋષિકેશ, ઉત્તરકાશી જેવા પ્રદેશો કેમ પસંદ કર્યા હશે એ તમે કદી વિચાર્યું છે ?

આ લેખમાં અમુક સ્થળોની મહત્તાનાં ગુણગાન કર્યા એનું શું ? તો લોઅર પરેલ ને ઋષિકેશ વચ્ચે ફરક શો ? ભઈસાહેબ, ઝાકળનાં બિંદુમાં ગંગાનાં ખરેખર દર્શન કરવાની કક્ષા એ તો એવરેસ્ટ કરતાં પણ ઊંચી કક્ષા છે. ચિત્તની એ કક્ષાની હૈસિયત કેટલા પાસે હશે ? કરોડોમાંથી બે-ત્રણ પાસે પણ હશે ખરી ? જો એ કક્ષા સંખ્યાબંધ પાસે હોય તો ભગવાન આદિશંકરે ચાર મઠોની સ્થાપના કરવાની શી જરૂર હતી ?

## સનાતન

'સનાતન' શબ્દનો ઉપયોગ ભગવદ ગીતામાં થવાનું શરૂ થયું, અને તે આત્માના જ્ઞાનનો સંદર્ભ આપે છે, જે શાશ્વત છે.' તેથી કહી શકાય કે સનાતન ધર્મ એવા શાશ્વત ધર્મનો ઉલ્લેખ કરે છે જે આત્મા અને પુનર્જન્મમાં માને છે. ગીતામાં 'સનાતન ધર્મ' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અર્જુન જ્યારે કૃષ્ણ કહે છે 'જ્યારે કુળ દૂષિત થાય છે, ત્યારે કુળના સનાતન-ધર્મનો નાશ થાય છે.' સનાતન શબ્દ સામાન્ય રીતે હિંદુ ધર્મ સાથે સંકળાયેલો છે, તેનો ઉપયોગ જૈનો અને બૌદ્ધો દ્વારા પણ કરવામાં આવે છે કારણ કે આ ધર્મો પણ પુનર્જન્મમાં માને છે. 'તેનો ઉપયોગ એવા ધર્મો માટે થતો નથી જે એક જ જીવનમાં વિશ્વાસ કરે છે,

# With Best Compliments
# From

ROHAN
GROUP

# ROHAN DEVELOPERS PVT. LTD.

Hira Bhavan, Raja Mohan Roi Road, Prathana Samaj, Mumbai - 400 004
Tel.: 66579999 / 23810741 / 45 / 23889332 /
Fax : 022-23814910
www.rohangroup.com






પ્રિય વાચકો

જયશ્રી કૃષ્ણ,

હેપી ન્યૂ યર. આમ તો આ આપણું નવું વર્ષ નથી, છતાં પહેલી જાન્યુઆરી ૨૦૨૬થી શરૂ થતા નવા વર્ષના સૌને અભિનંદન. ૨૦૨૫ની સાલ વીતી ગઈ અને ૨૦૨૬નું વર્ષ શરૂ ગયું છે. ૨૦૨૫નું વર્ષ બહુ કઠીન રહ્યું. આશા રાખીએ ૨૦૨૬નું વર્ષ જગતમાં શાંતિની શરણાઈ વગાડીને આવે. જોકે નેત્રાદમ્સની આગાહી અનુસાર વર્ષ ૨૦૨૬ ના મધ્યમાં વિશ્વયુદ્ધની શરૂઆત થશે, જે આગળ જતા બહુ ઘાતક સિદ્ધ થશે. ધર્મ અને રાષ્ટ્રવાદને નામે લોકો એકબીજાની હત્યા કરશે. નેત્રાદમ્સ અનુસાર ૨૦૨૬માં કુદરતી આફતો આવશે અને અણુ હુમલાની આશંકા પણ છે. ૨૦૨૬ની શરૂઆતમાં જ આવી અશુભ વાત વાંચવી, સાંભળવી નથી ગમતી, છતાંયે આવું કંઈક થઈ પણ શકે છે. એ વાત પણ એટલી જ સાચી છે. ચાલો, સૌ મળીને ભગવાનને પ્રાર્થના કરીએ કે આવું કંઈ થવાને બદલે મનુષ્યનું કલ્યાણ થાય, નફરતને બદલે પ્રેમ ભાવ વધે અને દુનિયા સુખને હિંડોળે હિંચકે. ચાલો ફિંગર્સ કોસ્ડ રાખીએ બધું શુભ જ થશે એવી સકારાત્મક ઊર્જા ફેલાવીએ. નવું વર્ષ નવી આશાઓ નવી અપેક્ષાઓ લઈને આવે એવી પ્રાર્થના કરીએ. ડોક્ટર મુકેશ જોશીની પંક્તિઓ જોઈએ.

***'નવો સૂરજ નવી આશા, નવા અરમાન સ્વાગત છે.***
***નવા દિવસ નવી દિશા, નવા પ્રયાણ સ્વાગત છે.'***

જતું વર્ષ આપણને સુખ, સમૃદ્ધિ, સ્વાસ્થ્ય આપીને જાય જેના પોઝિટિવ વાઈબ્સ આપણને આવેલા નવા વર્ષના મળતા રહે એવી શુભકામના સાથે નવી શરૂઆત કરીએ. કવિ શ્રી અનિલ ચાવડા લખે છે -

***'આટલાં વર્ષો ગયાં છે આકરા સંઘર્ષમાં,***
***જોઈએ શું થાય છે આ આવનારા વર્ષમાં,***
***રૂપિયા ખૂટી જશે એની સહેજ પણ પરવા નથી,***
***ખૂટવી ના જોઈએ હિંમત હૃદયના પર્સમાં,***
***એક પણ સંકલ્પ ને એવો એ ક્યાં સંકલ્પ લઉં***
***હું મને શું કામ બાંધું આદર્શમાં,***

*માત્ર સુખને શું કરું બચકાં ભરું ? પપ્પી કરું ?*
*જોઈએ પીડાય મારે આખરી નિષ્કર્ષમાં,*
*પાતળી પળની હથેળીઓ વચ્ચે જીવવું*
*દિન-મહિના-વર્ષ લઈને કાળના સંસ્પર્શમાં.'*

તો ૨૦૨૬માં પગરણ માંડી ચૂકેલા આ વર્ષમાં આપણે સૌ સ્નેહની સરવાણી વહાવીએ સ્વાર્થને ત્યજીને માનવતાને વરીએ. ઈશ્વર નથી બનવું બસ માનવી બનીને આવી મનોકામના સેવીએ. અંતમાં...

મને ગમતી કાવ્ય પંક્તિઓથી સમાપન કરું છું.

*પ્રિય ડિસેમ્બર ૨૦૨૫*
*તુમ જા રહે હો...*
*જાને સે પહલે જોલી ભરકર,*
*સોગાતેં દે કર જાના,*
*રોશન હો સબકા જીવન*
*અંધિયારે લેકર જાના.*
*રિશ્તોં કે મોતી બિખરે ના.*
*ધાગા અટૂટ બાંધ જાના.*
*સ્વસ્થ રહે સુખ ચૈન રહે*
*આશિષ દુઆએં દે જાના.*

નીતા સંઘાણી

## વાસ્તવિક જીવનના રોલ મોડેલ ઉદાહરણો

જો આલ્બર્ટ આઈનસ્ટાઈને સાપેક્ષવાદનો સિદ્ધાંત અને $E=mc2$ સમીકરણની શોધ માટે પ્રયત્નો ના કર્યો હોત તો શું થાત ?

જો થોમસ એડીસને લાઈટની શોધ કરવા માટે પ્રયત્ન ના કર્યો હોત તો ?

ચાર્લ્સ બેબેજે કમ્પ્યૂટર શોધવાનો પ્રયાસ ના કર્યો હોત તો ?

આર્યભટ્ટે 'શૂન્ય' શોધવાનો પ્રયત્ન ના કર્યો હોત તો ?

શાશ્વત સુખ કેવી રીતે મેળવવું એના વિશે આધ્યાત્મિક ગુરુઓએ ઉપદેશ ના આપ્યો હોત તો ?

જો બધા જ મહાન લોકોએ બધું ભાગ્ય પર છોડી દીધું હોત અને આવી અપૂર્વ સિદ્ધિઓ પ્રાપ્ત ના કરી હોત તો ?

આનાથી પણ વધારે, જીવન ચલાવવા માટે નસીબમાં જેટલા પૈસા આવવાના હશે એમ વિચારીને તમે પૈસા કમાવાનો પ્રયત્ન જ ના કર્યો હોત તો ?

# DHULEVA GROUP




## 2 MILLION+ SQ. FT
## IN SOUTH BOMBAY




ડિસેમ્બર મહિનાના અંકનું મુખપૃષ્ઠ ખૂબ જ આકર્ષક છે. તેમાં ડિઝાઇનના સોબર કલરમાં એક અલ્લડ નારીનાં કલાત્મક ચણિયાચોળીમાં ઈન્દ્રધનુષી કલર પૂરીને એવી સુંદર રીતે ડિઝાઇન ઉપસાવી છે કે જોતાં જ રહી જઈએ !

અંકમાં અનેક વિવિધ રચનાઓ જલદીથી વાંચવા પ્રેરે છે. સરસ અંક બન્યો છે નીલાબેન તથા ટીમને અભિનંદન.

- વર્ષા સંઘવી

❒ ❒ ❒

નીલાબેન,

શુભ સવાર. આ અંકની શરૂઆત જોઇ, લગ્નમાં થતાં ખર્ચ અંગે તમે ધરેલી લાલબત્તી યથાર્થ છે, એમાં દેખાદેખી પણ બહુ વધી ગઈ છે. આપ કુશળ હશો.

- કિરીટ બારોટ

❒ ❒ ❒

વિવિધ માહિતીસભર અંક...બેન, તમારી મહેનત અને અનુભવી દૃષ્ટિ બદ્દલ અભિનંદન...

- વિમલ ઉપાધ્યાય

❒ ❒ ❒

thanks for sharing

- અલકા મહેતા

❒ ❒ ❒

વાહ... સરસ અંક, કિસનસિંહ ચાવડાની મંગળસૂત્ર વાર્તા ભણાવી છે... બાકી લગ્નની વાતો.. સરસ વૈવિધ્ય લેખ ને વાર્તાઓથી ભરપૂર અંક છે.

- જયશ્રી પટેલ

❒ ❒ ❒

આપનો આ વખતનો તંત્રી લેખ તો સુપર્બ કાવ્ય સરિતા વાંચવાની બહુ જ મજા આવી.

– હંસાબેન પંડ્યા (રાજકોટ)

❒ ❒ ❒

આજે ધર્મ નિરપેક્ષતાના નામે મતદારોને આકર્ષવા રાજકારણ રમાઈ રહ્યું છે ત્યારે સાચી ધર્મ નિરપેક્ષતાનું ઉદાહરણ રજૂ કરતા મારા ઉપરોક્ત લઘુલેખને 'કપોળ સમાજ દર્પણ' માં સ્થાન આપ્યા બદલ તંત્રીશ્રી નીલાબેનનો આભાર.

- નવીન મોદી

❒ ❒ ❒

**GM Neela Ben...kem Cho?**
**Many Congratulations...**
**Very proud of your Good work**

**- Pooja samant**

❒ ❒ ❒

લગ્ન વિષયક તંત્રી લેખ બહુ સરસ છે

– દર્શના પારેખ

❒ ❒ ❒

આપણી કપોળ જ્ઞાતિનું પ્રસિદ્ધ માસિક કપોળ સમાજ દર્પણ નીલાબેનનાં તંત્રીપદ હેઠળ ડિસેમ્બર ૨૦૨૫નો અંક વાંચ્યો. અલગ અલગ વિષયો પર દરેક લેખક અને લેખિકાઓએ સુંદર જ્ઞાનવર્ધક છણાવટ કરી છે.મુખપૃષ્ઠ ખૂબ સુંદર છે.

નીલાબેન આપને અને આપનાં સાથીદારોને અભિનંદન.

- પ્રતિભા મોદીના જય શ્રી કૃષ્ણ

❒ ❒ ❒

નીલાબેન,

ખૂબ ખૂબ આભાર. આ મહિનાના અંકમાં મારા કાર્યની નોંધ લીધી, આપના આ સહકારથી જ કામ કરવાની પ્રેરણા મળતી હોય છે. ફરી એકવાર આપનો આભાર..

- મુકેશ મહેતા - સોલાપુર

❒ ❒ ❒

સરસ

- કિશોર મહેતા

❒ ❒ ❒

માનનીય નિલાબહેન

પ્રણામ પ્રભુ જય જય શ્રી ગોકુલાધિશજી આજની યુવાપેઢીને લગ્ન સંસ્થા અને તેના સારા નરસા આયામો સામે ખૂબ જ જરૂરી આલેખન કર્યું છે. સમાજને એક બીજી લાલ બત્તી દેખાડવી પણ જરૂરી છે કે માતા પિતા એ કરેલ લખલૂટ ખર્ચ તો આપણે ભૂલી જઈએ પણ છ આઠ મહિનામાં જ અમે સાથે જીવન નહીં રહીએ કહી છુટાછેડાનું ભયંકર દૂષણ ફેલાયું છે તે માટે જાગૃતિ જરૂરી છે જ, સમાજની ભલાઈ માટે આહલેક લગાવતા રહો તેવી શુભેચ્છા.

- સુરેશચંદ્ર સંઘવી - પાલઘર

❒ ❒ ❒

## જનક અને અષ્ટાવક્ર

જનક રાજા દેહધારી હોવા છતાં વિદેહી કહેવાતા. રોજ સાંજે તેઓ સત્સંગમાં અચૂક હાજરી આપતાં. એક વખત સત્સંગમાં રાજા જનકને પહોંચતા સહેજ મોડું થાય છે તો બીજા સાધુઓ કહેવા લાગ્યાં કે તે તો સંસારી છે તેની રાહ શું જોવાની? આપ સત્સંગ શરૂ કરી દ્યો. ત્યારે ગુરુજી કહે છે કે થોડી રાહ જોઈએ. જનક રાજા આવ્યાં પછી જ સત્સંગ શરૂ કર્યો. તેવામાં એકા એક સમાચાર આવ્યાં કે દોડો દોડો મોટી આગ લાગી છે. સહુ સાધુઓ પોતાની ઝુંપડી બચાવવા દોડ્યાં. રાજા જનક સત્સંગમાં નિશ્ચિંત બેસી રહ્યાં. આગ તો ઓલવાઈ ગઈ બધું સલામત હતું ફરી પાછા સાધુઓ સત્સંગમાં આવ્યા ત્યારે ગુરુજીએ પુછ્યું કે તમે તો ત્યાગીઓ છો અને મિલ્કતમાં માત્ર એક ઝુંપડું છે અને તો યે તમે તેનો મોહ છોડી નથી શકતાં જ્યારે આ રાજવી છે અને મિલ્કતમાં આખું રાજ પાટ છે છતાં જ્યારે સત્સંગમાં આવે છે ત્યારે પૂરેપૂરું મન સત્સંગમાં રાખે છે. માટે હું તેની રાહ જોતો હોઉ છું.

**- રાજેન્દ્ર શુક્લ**




SHREEJI
AIKYAM

2, 3 & 4 BHK Deck Homes

Off Link Road, Mahavir Nagar,
Kandivali (W)

205
SKYRISE

2 & 3 BHK Deck Homes

S.V. Road, Kandivali (W)

www.shreejisharan.com

SHREEJI SHARAN
GROUP OF COMPANIES





# લગ્નોત્સુક ઉમેદવારો માટે નિ:શુલ્ક સેવા

**પ્રિય વાચકો અને કપોળ જ્ઞાતિજનો,**

સહર્ષ જણાવવાનું કે અમે એક સુકાર્ય કરવા જઈ રહ્યાં છીએ.

**'કપોળ સમાજ દર્પણ'** સમાજની સળગતી સમસ્યા વિષે સુપેરે માહિતગાર છીએ. **વેવિશાળ** એ આજના વિકટ પ્રશ્ન થઈ પડ્યો છે. આપણાં શિક્ષિત, સુસંસ્કૃત સંતાનો માટે લગ્ન યોગ્ય પાત્ર મેળવવું એ લોઢાના ચણા ચાવવા જેટલું મુશ્કેલ કાર્ય છે. **યુવક/યુવતી** બંને પક્ષે અપેક્ષાઓ વધી છે. શિક્ષણ જેમ વધ્યું છે. તેમ ડિમાન્ડ વધી છે. માતા-પિતા પરેશાન છે. કોઈ સગાં-સંબંધી - વડીલો મધ્યસ્થી બનવા તૈયાર નથી. **મેરેજ બ્યુરો અને ડેટિંગ સાઈટ**ના સહારે જ સંતાનો માટે **જીવનસાથી** શોધવાની મહેનત થતી રહે છે. તેથી જ **'કપોળ સમાજ દર્પણે'** આવાં પરેશાન માતાપિતા માટે સમાજ માટે પોતાની ફરજ સમજીને **લગ્નોત્સુક યુવક/યુવતીઓના બાયોડેટા નિઃશુલ્ક** પ્રકાશિત કરવાનું નક્કી કર્યું છે. ફુલપેજ કલરમાં આપના સંતાનોના બાયોડેટા મોકલી આપો. **'કપોળ સમાજ દર્પણ'**નો ડિજિટલ અંક હજારો વાચકો પાસે દેશ-પરદેશમાં પણ પહોંચે છે જેને કારણે લગ્નોત્સુક ઉમેદવારોને લાભ થઈ શકે છે. અમે ઇચ્છીએ છીએ કે અમારી આ નિ:શુલ્ક સેવાનો લાભ મોટા પ્રમાણમાં કપોળ સમાજ તો લે જ સાથે સમગ્ર ગુજરાતી સમાજ માટે આ સેવા ઉપલબ્ધ છે.

તો આજે જ આપના સંતાનના બાયોડેટા ફૂલ સાઈઝ બે-ત્રણ ફોટાઓ મોકલી આપો... રાહ કોની જુઓ છો ?



# MANGAL PARICHAY

Marriage Bureau

Since 2002

**Register Online/ Offline**



**Gujarati / Marwadi -** Vaishnav / Kapol / Jain / Modh / Dasa / Lohana / Kutchi / Bhatia / Patel / Brahmin / Bramha Kshatriya etc.

**Free Astrology Service**

**Free Monthly "High Tea Meet"**
**On Every 4th Saturday**
**(For Registered Members Only)**

**www.mangalparichay.com**

Unlimited Biodata's Available to View Personally.
Visit with copy of Printed Biodata &
Passport Size Photo

Timing : 3.00 PM to 6.00 PM
Every Tuesday & Saturday

**Office Timing :** 11.00 AM to 6.00 PM (Monday to Saturday)
Customer Care : 9004314567 / 7715095996
E-mail : info@mangalparichay.com

**Office Address :** Pravinchandra Dwarkadas Dalal
101, Navkar Plaza, 1st Floor, 6 Bajaj Road,
Vile Parle ( West), Mumbai - 400 056.

## એક કપોળ મહાનુભાવની અનોખી જીવનકથા
## આત્મકથા - 'એક અજાણ્યા ગાંધીની'

# શ્રી નટવર ગાંધી

## પ્રસ્તાવના

## વોશિન્ગ્ટનનું ટેક્સ કૌભાંડ-મારા જીવનની મોટી કટોકટી



In the final analysis, the questions of why bad things happen to good people transmutes itself into some very different questions, no longer asking why something happened, but asking how we will respond, what we intend to do now that it happened.
--Pierre Teilhard de Chardin

૨૦૦૭ના નવેમ્બર મહિનાની સાતમી તારીખને હું જિન્દગીમાં ક્યારે ય ભૂલવાનો નથી.

મારા જીવનમાં, મારી કારકિર્દીમાં, એ દિવસે મોટો ધરતીકંપ થયેલો! હું ત્યારે અમેરિકાની રાજધાની વોશિન્ગ્ટનનો સી.એફ.ઓ. એટલે કે ચીફ ફાઈનાન્સિઅલ ઓફિસર ફિસર હતો. એ દિવસે યુ.એસ. એટર્નીની ઓફિસમાં પ્રેસ કોન્ફરન્સ હતી. વોશિન્ગ્ટનના મેયર, એફ.બી.આઈ.ના અને

શહેરના ઉચ્ચ અધિકારીઓ હાજર હતા. વોશિન્ગ્ટન પોસ્ટના અને બીજાં છાપાંઓ તેમ જ ટીવીના ભરાડી રિપોર્ટરોથી ખીચોખીચ આખો હોલ ભરાઈ ગયો હતો. એ બધા અમારા આવવાની રાહ જોતા 'માણસ ગંધાય માણસ ખાઉં.' એમ કરતા અધીરા થઈને બેઠા હતા.

મારા હાથ નીચે જે ટેક્સ ઓફિસ ચાલતી હતી એમાં પચાસ મિલિયન ડોલરનું કૌભાંડ થયું હતું. સી.એફ.ઓ. થયો એ પહેલાં ત્રણ વરસ હું વોશિન્ગ્ટનનો ટેક્સ કમિશનર હતો. જો કે આ કૌભાંડ લગભગ વીસેક વરસથી ચાલતું હતું. પણ મુદ્દાની વાત એ હતી કે જ્યારે ચોરી પકડાઈ ત્યારે હું સી.એફ.ઓ હતો, અને એ ચોરી કરનારા ટેક્સ ઓફિસરો મારા હાથ નીચે કામ કરતા હતા. એમના ગેરવર્તનની જવાબદારી મારી.

મેં જ્યારે ટેક્સ ઓફિસનું કામ હાથમાં લીધું ત્યારે એના કોઈ ઢંગ ધડા ન હતાં, બધું અસ્તવ્યસ્ત હતું, વોશિન્ગ્ટનના લોકો એની ગેરવ્યવસ્થા અને અરાજકતાથી થાકી ગયા હતા. વર્ષોથી રીઢા થઈને બેસી ગયેલા કામચોર કર્મચારીઓનો કોઈ હિસાબ લેતું નહોતું. બોડી બામણીના ખેતર જેવી દશામાં ચાલતી એ ટેક્સ ઓફિસમાં પ્રમાણમાં લાંચરૂશ્વત ઘણી હતી. ઓફિસમાં પ્રામાણિકતા, નૈતિક ખંત અને ખાનદાનીની આબોહવા (કલ્ચર) ઓછાં.

આવી રેઢિયાળ ઓફિસનાં સૂત્રો મેં હાથમાં લીધાં. એમાં સુધારા વધારા કર્યા, એનું તંત્ર વ્યવસ્થિત કર્યું, અને નવી કમ્પુટર સિસ્ટમ પણ દાખલ કરી. પછી લોકો કરવેરા ભરવા માંડ્યા. સરકારી સિલક વધવા માંડી. વોલ સ્ટ્રીટમાં જ્યાં અમે દર વર્ષે બિલિયન ડોલરથી પણ વધુ બોન્ડ વેચવા જતા હતા, અને જ્યાં અમારી આબરૂના કાંકરા થયા હતા, ત્યાં હવે અમારી પ્રતિષ્ઠા વધવા લાગી. ધીમે ધીમે વોશિન્ગ્ટનનું નાણાં ખાતું ઠેકાણે પડવા લાગ્યું.

આ પ્રગતિ જરૂર થઈ, પણ કેટલાક જૂના ખાઉધરા કર્મચારીઓએ નવી સિસ્ટમને દગો દીધો. એમણે વીસેક વરસથી ચાલતી એમની ચોરીની સ્કીમ કોઈ ઉપરી અધિકારીને ખબર ન પડે તેમ ચાલુ રાખી! આ સ્કીમ એવી કુશળતાથી ચાલતી હતી કે કોઈને ગંધ પણ ના આવી. છેવટે એફ.બી.આઈ.ના માણસો અને અમારા ઇન્ટર્નલ ઓડિટરોએ આ સ્કીમને પકડી પાડી. એ આખું કૌભાંડ બહાર આવ્યું. ટેક્સ ઓફિસના એક વખતના ડાયરેક્ટર અને અત્યારના સી.એફ.ઓ. તરીકે એને માટે હું જવાબદાર ગણાયો!

આ પ્રેસ કોન્ફરન્સમાં વોશિન્ગ્ટનના રિપોર્ટરો મેયરને એક પછી એક એમ આકરા પ્રશ્નોથી પજવવા લાગ્યા. કહેતા હતા કે જુઓ તમારા હાથ નીચે કેવું મોટું કૌભાંડ થયું! એ વખતે હું મેયરની બાજુમાં જ પણ પાછળ ઊભો હતો. ત્યાંથી તુરત આગળ આવીને મેં કહ્યું કે આ

બાબતમાં બધી જ જવાબદારી મારી છે. એમાં જે બદનામી થવી જોઈએ તે મારી થવી જોઈએ, મેયરની નહીં. જે કંઈ સવાલ પૂછવા હોય એ મને પૂછો. પછી તો એ પ્રેસ કોન્ફરન્સનું ટારગેટ હું બની ગયો. બધા મારી ઉપર તૂટી પડ્યા. હવે ટીવી કેમેરાઓએ મારી પર મીટ માંડી. આંખને આંજી દેતી કેમેરાની એ લાઈટ્સ, હાથમાં રેકોર્ડિંગ મશીન લઈને ધક્કામુક્કી કરતા અનેક રિપોર્ટરો, ટોકિંગ પોઈન્ટ્સ અને નોટ્સ લઈને તમને તૈયાર કરતો સ્ટાફ-ક્લાસિક વોશિન્ગ્ટન પ્રેસ કોન્ફરન્સમાં જે બધું હોય તે અહીં હતું.

વોશિન્ગ્ટનના મહત્ત્વાકાંક્ષી માણસોની જેમ મને પણ ઊંડે ઊંડે એવી ઇચ્છા હતી કે મારે માટે પ્રેસ કોન્ફરસ ભરાય, જેમાં મારી કોઈ મોટી નિમણૂક થઇ હોય અને હું આત્મવિશ્વાસથી સવાલ-જવાબ કરું. પણ આ કોન્ફરન્સનો આશય સાવ જુદો હતો. આમાં તો હું જ હોળીનું નાળિયેર બન્યો અને મારો જ હુરિયો બોલાયો. આ બધું જોતાં મને એમ પણ થયું કે હવે વોશિન્ગ્ટનમાં આપણા દિવસો ભરાઈ ગયા છે. અહીંની ફેડરલ બ્યુરોક્સીમાં અથવા પ્રાઈવેટ સેક્ટરમાં હજુ વધુ અગત્યની નોકરીઓ લેવાના મારા જે મનોરથ હતાં તે બધાં આ કોન્ફરસ પછી રોળાઈ ગયાં. હવે મારી જે નામોશી થવાની છે તે કારણે મને બીજે ક્યાંય નોકરી મળવાની પણ અશક્ય થઈ જશે.

વિધિની વિચિત્રતા તો જુઓ કે એ જ દિવસે સાંજે મને ગવર્નિંગ મેગેઝિન તરફથી રાષ્ટ્રીય કક્ષાનો ‘પબ્લિક ઓફિશિયલ ઓફ ધી ઈયર’નો મોટો અવોર્ડ અપાવાનો હતો. વોશિન્ગ્ટનની પ્રખ્યાત વિલર્ડ હોટેલમાં યોજાયેલા એક ભવ્ય સમારંભમાં મારું સમ્માન થવાનું હતું. મારી કારકિર્દીનું આ એક ઊંચું શિખર હતું. સમારંભ યોજાયો. મને અવોર્ડ અપાયો. ખૂબ વખાણ થયાં, પણ મને ખબર હતી કે બીજે જ દિવસે સવારે આ બધું રોળાઈ જવાનું છે. છાપામાં પહેલે પાને ટેક્સ કૌભાંડના ખરાબ સમાચાર સિવાય બીજું કંઈ નહિ હોય, અને એવું જ થયું.

**હું છાપે અને છાપરે ચડ્યો**

બીજે દિવસે અને પછી મહિનાઓ સુધી વોશિન્ગ્ટન પોસ્ટ અને બીજાં છાપાંઓમાં મારા ફોટા સાથે એ કૌભાંડના સમાચારો પહેલે પાને પ્રગટ થયા. કહેવામાં આવ્યું કે વોશિન્ગ્ટનના ઇતિહાસમાં ક્યારેય પણ આવું મોટું કૌભાંડ થયું નથી. ત્યાર પછી તો મહિનાઓ સુધી મારી ઉપર કંઈક માછલાં ધોવાયાં. અમેરિકામાં છાપાંવાળા જ્યારે કોઈની પણ પાછળ પડે ત્યારે એનાં છોતરાં જડમૂળથી કાઢી નાખે. ભલભલાને જોતજોતામાં ભોંય ભેગા કરી દે !

વોશિન્ગ્ટનપોસ્ટમાં તંત્રીલેખો સાથે મારું કાર્ટૂન પણ છપાયું ! આવા બધા બદનામીના સમાચારો મહિનાઓ સુધી છાપાઓમાં અને ટીવીમાં આવ્યા કર્યા. એ પ્રકરણના

સંદર્ભમાં સીટી કાઉન્સિલ, બોર્ડ ઓફ ટ્રેડ, ચેમ્બર ઓફ કોમર્સ, કમ્યુનિટી એસોશિઅન્સ, વોલ સ્ટ્રીટ, કોંગ્રેસ એમ અનેક જગ્યાએ મારે જુબાની આપવી પડી. આકરા સવાલોના જવાબ આપવા પડ્યા. આ કૌભાંડ કેમ થયું અને એને માટે કોણ કોણ જવાબદાર છે, તે બાબતની વ્યવસ્થિત તપાસ કરવા સીટી કાઉન્સિલે વોશિન્ગ્ટનની એક મોટી લો-ફર્મને જવાબદારી સોંપી.

અજાયબીની વાત તો એ છે કે આવડું મોટું કૌભાંડ થયા પછી પણ બીજાં સાત વરસ હું સી.એફ.ઓ. તરીકે ટકી રહ્યો ! કૌભાંડ થયા પછી મારી ટર્મ પૂરી થયે બે વાર ફરી મારી નિમણૂક થઈ. આમ હું ૨૦૧૩ સુધી હું સીએફઓ રહ્યો ! ૨૦૧૩માં મેં જાતે જ રાજીનામું ન આપ્યું હોત તો બીજા ચાર વરસ હજી હું એ હોદ્દા પર રહી શક્યો હોત.

રાજીનામું આપ્યા પછી પણ મારે મેયરના કહેવાથી વધુ એક આખું વરસ એ જ હોદ્દા પર કામ કરવું પડેલું.

જો કે એ ૨૦૦૭ના નવેમ્બરના એ દિવસોમાં તો 'ગાંધીને આ અગત્યના હોદ્દા ઉપરથી હમણાં ને હમણાં ખસેડો.' એવું ઘણે ઠેકાણેથી કહેવાયું હતું. એ દિવસોમાં વોશિન્ગ્ટન બિજનેસ જર્નલમાં ઓપિનિયન પોલ પણ લેવાયો કે ગાંધીએ સીએફઓ તરીકે રાજીનામું આપવું જોઈએ કે નહીં ? જેમાં ૫૮ ટકા બિજનેસ કમ્યુનિટીના લોકોએ કહ્યું કે હા, તેને રીઝાઈન કરવું જોઈએ, જ્યારે ૪૨ ટકા લોકોએ કહ્યું કે ના, ડિસ્ટ્રિકને હજી ગાંધીની જરૂર છે. મેં પોતે જ મેયરને કીધું કે હું આ કૌભાંડની જવાબદારી સ્વીકારું છું અને રાજીનામું આપવા તૈયાર છું. પણ મેયરે મારું રાજીનામું ન સ્વીકાર્યું. મને કહ્યું કે ટેક્સ ઓફિસને સુધારવા માટે, એ ઓફિસની બ્યુરોક્રસીની સાફસૂફી કરવા માટે અમારે હજી તમારી જરૂર છે !

જે લો ફર્મને આ બધું તપાસ કરવાનું કામ સોપાયું હતું એનું પણ એમ જ કહેવું હતું કે ગાંધીની ઓફિસમાં એની નીચે હાથ કરતા માણસોએ આ ચોરી કરી છે, ગાંધીએ નહીં. આ સ્કેન્ડલના મૂળમાં ટેક્સ ઓફિસના કર્મચારીઓની બેદરકારી અને નૈતિક અંધતા છે.

અગત્યના કોંગ્રેસમેનો, બિઝનેસ સમુદાય, મજૂર મહાજન, મેયરે પોતે, સીટી કાઉન્સિલ-એમ બધાનું માનવું એવું હતું કે ગાંધીએ ટેક્સ ઓફિસને સુધારવામાં બહુ પ્રયત્નો કર્યા છે. એ જો સી.એફ.ઓ. તરીકે હજી રહે તો સુધારાનું કામ આગળ વધી શકે. વોશિન્ગ્ટનને નાણાંકીય રીતે સદ્ધર બનાવવું હોય તો ગાંધીની હજી જરૂર છે. એમના સિવાય કોઈ વિકલ્પ અમને દેખાતો નથી. વધુમાં વોલ સ્ટ્રીટમાં, ખાસ કરીને રેટિંગ એજન્સીઓમાં, એમ કહેવાયું કે આ સ્કેન્ડલથી ડિસ્ટ્રિકના ક્રેડિટ રેટિંગ ઉપર કોઈ અસર નહીં આવે.

*(ક્રમશઃ)*

*With Best Compliments From*

# સ્વ. શ્રી હરકીસનદાસ જેઠાલાલ મેઘજી (સંઘવી)

જાફરાબાદ (હાલ કાંદીવલી, મુંબઇ)

**વિજય સંઘવી**
**સ્મિતા સંઘવી**

**રસેષ સંઘવી**
**પલક ગુપ્તા (સંઘવી)**

**અદિતી મોદી**


**નીરજ મોદી**

**રીયાન્સ મોદી**

**B-141, Sita Sadan CHS Ltd., Borsapada Road,**
**Kandivali (W), Mumbai - 400 067.**
**Tel.: 28624587 • Mobile: 98200 50861**



કાલિન્દી પરીખ




## પ્રકરણ - ૬

મહારાષ્ટ્રમાં કોરોના વાઈરસનું સંક્રમણ ખૂબ ઝડપથી થઈ રહ્યું છે. મુંબઈમાં પોઝિટિવ કેસ નોંધાતા લોકલ ટ્રેનોને બંધ કરી દેવામાં આવી છે. ૧૪૪ની કલમ પણ લાગુ પાડવામાં આવી છે.

દિવ્યા અને તેનો પરિવાર ઘરમાં જ રહે છે. તેના પરિવારમાં તેના બા છે. પિતાજીનું બે વર્ષ પહેલાં મૃત્યુ થયું છે. ભાઈ-ભાભી અને ભત્રીજો છે. ભાઈ કંપનીમાં એન્જિનિયર તરીકે સર્વિસ કરે છે. ભાભી પણ બેન્કમાં છે. પરંતુ હાલના લોકડાઉનના સંજોગોમાં તેઓ ઘરમાં જ રહે છે. સિવાય કે ઓફિસેથી ફોન આવે તો પુરી સુવિધા અને સલામતી સાથે જ ઘરની બહાર ઓફિસે કે બેન્કે જવા નીકળે છે. ભત્રીજાએ હમણાં જ બારમા ધોરણની પરીક્ષા આપી છે. રિઝલ્ટ આ વખતે મોડું આવશે. તેને સારા રિઝલ્ટની આશા છે. તેને એક ઉમદા ડોકટર બની માનવસેવા કરવી છે.

બા ધર્મપરાયણ અને સાત્ત્વિક પુષ્ટિ જીવ છે. તેમને તેમના ઠાકોરજીમાં દૃઢ આશ્રય અને ભરોસો છે. તેઓ કહે છે કે, ‘ભારતમાંથી તો શું આખીય દુનિયામાંથી કોરોના જતો રહેશે. લોકડાઉન પૂરું થઈ જાય છે પછી દિવ્યા મુંબઈમાં નહીં રહે. દીપકકુમારને સમજાશે કે પૈસો જ કાંઈ બધું નથી.’ બાએ દિવ્યાને પૂછ્યું ‘તેં દીપકકુમારને ફોન કર્યો કે નહીં? કેમ છે તેમની તબિયત ?’

દિવ્યા અને રોમિલ વચ્ચે રોજ વાત થતી હતી. એટલે દીપકના સમાચાર તેને મળી રહેતા હતા. દીપક વિદેશથી/દુબઈથી આવ્યા બાદ શંકાસ્પદ જણાતાં ૧૪ દિવસ સુધી ફરજિયાત હોમ ક્વોરેન્ટાઈન છે. એટલે તે

ચિંતિત થઈ હતી. ઘણીવાર ફોન કરવા માટે હાથમાં મોબાઈલ લેતી પણ પાછો મૂકી દેતી.

અતીતમાં સરી પડતી. લગ્ન પછી તેને દામ્પત્યનું સુખ જ ક્યાં મળ્યું છે ? હનીમુન પર ગયા હતા. હિમાલયના નંદાદેવી શિખર પર સૂર્યના કિરણો તેને રૂપેરી બનાવી રહ્યાં હતાં 'જો દીપક, અદ્‌ભુત દૃશ્ય છે !' જવાબ ન મળતાં, 'એ ય શું કરે છે ? પછી ફોન કરજે ને. આવું દૃશ્ય ફરી જોવા નહીં મળે.'

'અરે ડાર્લિંગ, આપણે હિમાચલપ્રદેશમાં ફરી આવીશું પણ આ સોદો જો હાથમાંથી નીકળી જશે તો ફરી નહીં મળે. સૂરજ તો રોજ ઊગવાનો છે.'

'હા, સૂરજ રોજ ઊગે છે પણ સાંજ પડતાં આથમી પણ જાય છે, માણસના જીવનમાં પણ ઉદય અને અસ્ત થતો રહે છે. તમારા હાથમાં ફક્ત વર્તમાન હોય છે અને તે જ જીવવાનો હોય છે. અલકનંદાના વહી જતાં સહેજ ભૂરા-નીલાં જળને તે જોઈ રહી. ગૌમુખથી નીકળેલી આ ગંગા કેટલાય પ્રદેશોમાંથી વહેતી બંગાળના ઉપસાગરમાં મળી જાય છે. ક્યાંય રોકાતી નથી. કેટલી ઉતાવળ છે તેને સાગરમાં વિલીન થઈ જવાની. દિવ્યા પણ ઉતાવળી છે, દીપકમાં સમાઈ જવા. પણ એ ક્ષણ લંબાતી જ જાય છે.

'શું કરું ? હું પણ એક મનુષ્ય છું. મારે પણ મારી ઈચ્છાઓ, અરમાનો હોય, વૃક્ષ ગમે તેટલું લીલુંછમ્મ અને ઘેઘુર હોય પણ તેના પર ખિસકોલી દોડતી ન હોય અથવા તો તેને ચડ-ઉત્તર કરતી અટકાવી દેવામાં આવે, કોયલ ડાળ પર ગીત ગાવા બેસે અને તેને ઉડાડી દેવામાં આવે તો !'

'ઓહ ! કવયિત્રી દિવ્યા. આઈ'મ સો સોરી. હું તારી આ કવિતાઓ સાંભળી શકીશ નહીં. મારે દુબઈ જવાનું મોડું થાય છે. અને ત્યાંથી પછી યુ.કે. જઈશ.'

- અને દિવ્યા દૂર દૂર સુધી તાકતી જ રહી જાય. ફોન પણ સતત એન્ગેજ જ આવે. એટલે જ તો તેણે મુંબઈ આવ્યા પછી ફોન કરવાનું બંધ કરી દીધું છે.

ક્યારનું ટી.વી. એમ જ ચાલુ હતું. તે ટી.વી. બંધ કરવા જતી હતી ત્યાં જ, ગુજરાતમાં કોરોના વાઈરસના કેસમાં વધારો થઈ રહ્યો છે. હા, સામે નેગેટિવ રિપોર્ટ આવતાં ઘણાંને છોડી પણ મૂકવામાં આવ્યા છે.

દીપક નેગેટિવ કે પોઝિટિવ ? ના, ના તે તો હાલ હોમ ક્વોરેન્ટાઈન છે. કેટલાંક હોમ ક્વોરેન્ટાઈન હોવા છતાં ય ઘરની બહાર નીકળી જાય છે. સામે ચાલીને મોતના મુખમાં ધસી જનારને કોણ સમજાવે ?

દિવ્યાને થયું તે ભલે દીપકને ફોન ન કરે પણ વ્હોટસએપ કરે, 'સ્ટે હોમ, બી.સેફ.' એટલું લખી દે.

'આઈ નો ઈટ' એવો જવાબ આવશે. તો રોમિલને કહ્યું એ પોતાના તરફથી 'સ્ટે હોમ'નો મેસેજ લખી દે. પણ ના, ના, દીપક

સમજી જશે કે આ મેસેજ રોમિલ દ્વારા દિવ્યાએ કરાવડાવ્યો છે. હજુ પરમદિવસે જ મેં રોમિલને કહેલું, 'તારા પપ્પાને કહેજે વારે વારે મોં પર હાથ ના અડાડયા કરે. એમને એવી ટેવ છે.'

'મમ્મી, એવી ટેવ તો એમનાથી કેમ છૂટશે ?'

'ના શું છૂટે ? અમેરિકી પ્રમુખ પણ છોડી શકે તો એ શું ડોનાલ્ડ ટ્રમ્પ છે ?' અને એ મૂરખે બધી જ વાત એના પપ્પાને કરી દીધી વળી એ બાપ-દીકરા વચ્ચે થયેલી વાત મને કહી દીધી.

'તારી ભાભી.'

મને એ જ નથી સમજાતું કે મારી બધી જ વાતો સમજી જનારો, ક્યો શબ્દ રોમિલનો હશે અને ક્યો શબ્દ મારો હશે એ સમજી જનારો દીપક મને 'સમય' આપવાનું કેમ નહીં સમજતો હોય ? મેં ક્યાં સમયનો અખંડ કાળ માગ્યો હતો ? એક નાનકડો ખંડ, બરફનો એક ટૂકડો બસ પછી હું એ ટૂકડાને ચૂસ્યા કરતી ક્યાંય સુધી બરાબર છે તેનાથી કંઈ તરસ ના છિપાય પણ ગળું ભીનું થયાનો વહેમ તો રહ્યા કરે ને.

એક વખત આવી ક્ષણ મળી આવી હતી જે પાછળથી છેતરામણી પુરવાર થઈ હતી. આવું જ બનતું હોય છે. બરફનો ગોળો ચૂસીને. પછી હું દીપકને મારા લાલ હોઠ બતાવવા ગઈ તો એ ફોન પર કોઈની સાથે વાત કરી રહ્યો હતો. એ ફોન પર વાત કરતો હોય તો હું સામાન્ય રીતે માથું નથી મારતી, એ મારવા પણ ના દે અને પરાણે માથું મારવામાં મજા પણ ના હોય. આમ પણ બિઝનેસની, કોન્ટ્રેક્ટની એવી જ વાતો હોય. પણ આ વખતે મારે એને મારા લાલ હોઠ દેખાડવા હતા એટલે હું તેની સાવ નજીક જઈને ઊભી રહી. મેં સહેજ માથું ઊંચું કર્યું. દીપકનું વીડિયો કોલિંગ ચાલી રહ્યું હતું. કોઈ લાલ રંગથી રંગેલા હોઠવાળી માનુની હતી.

મેં મારા લાલ હોઠ ટીસ્યુ પેપરથી લૂછી નાખ્યા. ટીસ્યુ પેપર ડસ્ટબીનમાં નાખી દીધો. એણે મને આમ હોઠ લૂછતાં અને ટીસ્યુ પેપરને ડસ્ટબીનમાં નાખતી પકડી પાડી.

'આ શું કરે છે જસ્ટ લાઈક કીડ ?'

માસ્કને ચહેરા પરથી ઉતાર્યા પછી બ્લીચ કરી દર્દીએ બાળી નાખવો જેથી વાઈરસ ડી.એક્ટિવ થઈ જાય. અને અન્ય સુધી સંક્રમિત ન થઈ શકે. 'કાશ ! હોઠ લૂછ્યા પછી ટીસ્યુ પેપરને પણ આમ જ બ્લીચ કરી બાળી નખાતા હોત !'

મેં જે કર્યું એ કીડ જેવું હતું અને પોતે જે કરે છે તે ? મને પણ પૂછવાનું મન થયું પણ હું થોડી જ નાનું બાળક છું કે મારી જિજ્ઞાસા પર કાબૂ ન રાખી શકું ?

હું તો કશું બોલતી નહોતી. પણ તેણે કાર ચલાવતાં શરૂ કર્યું, 'દિવ્યા, તને એટલી ય ખબર ન પડે કોઈ જોતું હોય તો કેવું ખરાબ લાગે ! મેનરલેસ, જરાક સ્ટેટસનો તો વિચાર કરતી હો.'

મને થયું એમાં શું વિચારવાનું ? આપણને ગમતું હોય એ આપણે નહીં કરવાનું ? એ તો એક પ્રકારની ગુલામી કહેવાય આ સ્ટેટસ જ એક પ્રકારની માણસે ઊભી કરેલી કેદ છે. તમે જાતે જ તમારા ખોટા ખ્યાલો અને માન્યતાઓને લીધે સ્ટેટસ-ક્વોરેન્ટાઈન થાવ છો. મને ચૂપ જોઈને તેનો અહંકાર વધુ ઉછળ્યો.

બરફના ગોળા હાઈજીન નથી હોતા. બનાવનારના હાથ ચોખ્ખા નથી હોતા. ભલે તેણે ગ્લોવ્સ પહેર્યા હોય. મશીનમાં બનાવતો હોય. ચોખ્ખા પાણીમાંથી બરફ બનાવવાનો દાવો કરતો હોય પણ તોય પાણીને ઉકાળ્યું તો ન જ હોય ને. એટલે ક્યાંક જીવાણું રહી ગયા હોય. વળી, આ જે લાલ, પીળા, લીલા શરબતો હોય છે તેમાં પ્રીઝરવેટર નાખતાં હોય છે. આ બધું ઈન્ફેકશન કરનારું છે. તારી જિદ હતી એટલે હું તને અહીં સ્પેશ્યલ આઈસ સેન્ટરમાં લઈ આવ્યો. પણ એ માત્ર ટેસ્ટ કરી પછી ફેંકી દેવાનો હોય. ચૂસ્યા ના કરવાનો હોય. શોખ, શોખની રીતે હોય. જસ્ટ ટેસ્ટ ઈટ એન્ડ થ્રો.'

પછી થ્રો ? તો શું વીડિયોકોલમાં ઘેરા લાલ હોઠવાળી પેલી યુવતી માત્ર ટેસ્ટ ? શોખ ? અને બરફમાં કીડો હતો કે નહીં ખબર નથી પણ દીપકે જ મારી અંદર એક કીડાને રમતો મૂકી દીધો. અને એ બેક્ટરિયા નથી વાઈરસ છે-ઘાતક વાઈરસ છે. જેની કોઈ દવા કે વેકસીન હજુ સુધી નથી શોધાઈ.

કોરોના વાઈરસ માટે અમેરિકા, જાપાન, ચીન, જર્મની, બ્રિટન, ભારત, ઓસ્ટ્રેલિયા એમ ઘણાં બધા દેશો ડ્રગ અને વેક્સીન શોધી રહ્યા છે. વહેલી-મોડી રસી શોધાઈ જ જશે. એક ચોક્કસ સમય પછી આ મહામારી અવશ્ય કાબૂમાં આવી જશે. શક્ય છે કે નિર્મૂળ પણ થઈ જાય. જેમ ટી.બી., ન્યુમોનિયા, પ્લેગ, કોલેરા જેવી બીમારીને નાથવામાં મનુષ્ય સફળ રહ્યો છે તેમ કોવીડ-૧૯ પણ જરૂર નાબૂદ થઈ જશે.

પણ આ જે સંદેહનો કીડો છેક ઊંડે સુધી જઈને એવો તો કોરી નાખે છે કે નથી જીવિત રહેવા દેતો કે નથી મરવા દેતો. હે ભગવાન ! ક્યારે આ શંકાસ્પદ કેસ નેગેટિવ આવશે જેથી આ ક્વોરેન્ટાઈનમાંથી મુક્તિ મળે. અને કદાચ પોઝિટિવ આવે તો ? પોઝિટિવ આવે તો શું થઈ ગયું ? તેની સામે લડી લેવાનું. આઈસોલેશન વોર્ડમાં દાખલ કરી દે તો દાખલ થઈ જવાનું. સ્વેચ્છાએ આઈ-સોલેશનમાં ચાલ્યા જવાનું. દર્દીને સારી ટ્રીટમેન્ટ મળે છે. પણ દર્દ તો દર્દીએ જ સહન કરવાનું ને !

દર્દીને શ્વાસોચ્છવાસમાં ખૂબ તકલીફ પડે છે. કોરોના વાઈરસ ફેફસાંને કોરી ખાય છે. રોગીને ભયંકર માથામાં દુ:ખાવો થાય છે. સાંધાઓ અને માંસપેશીઓમાં દુ:ખાવો થાય છે, રોગી તરફડી તરફડીને મૃત્યુ પામે છે. હા, આ




જેટલું સાચું છે એટલું જ સાચું કેટલાય દર્દીઓ બચી પણ જાય છે.

કોરોના વાઈરસ સામે કહો કે મૃત્યુ સામે ઝઝૂમે છે. જેની રોગપ્રતિકારક શક્તિ સારી હોય છે તે ફરી જીવન જીવવા બેઠા થઈ જાય છે. -પોતે પણ જીવન જીવવા બેઠી થઈ જશે. પણ આ કીડો ખદબદ ખદબદ થયા જ કરે છે.

સરકારે-આરોગ્ય વિભાગે ગમે તેટલી સાવચેત રહેવાની ભલામણ કરી હોવા છતાં ય વિદેશથી આવનારાઓ કે શંકાસ્પદ વ્યક્તિઓને હોમક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા હોવા છતાં ય કોઈને કોઈ બહાના હેઠળ ઘર કે ક્વોરેન્ટાઈન સ્થળ છોડીને ચાલ્યા જાય છે. આથી હવે શહેર પોલીસ ઓનલાઈન જાપ્તો રાખશે. 'સેફ' નામે તૈયાર કરાએલી એક ખાસ એપ દ્વારા જે તે ક્વોરેન્ટાઈન વ્યક્તિની હિલચાલ પર નજર રાખવામાં આવશે. આ એપ જે તે વ્યક્તિના મોબાઈલમાં ડાઉનલોડ કરવામાં આવશે અને ત્યારબાદ દર બે કલાકે તેનું મોનિટરિંગ કરાશે. જો ખોટું લોકેશન હશે તો તરત જ 'સેફ' એપથી જાણ થઈ જશે. અને તે વ્યક્તિ સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. દિલના નાજુક સંબંધો માટે આવી કોઈ એપ નહીં હોય ? જો એવી એપ ક્યાંયથી મળી જાય તો એ હૃદયમાં ડાઉનલોડ કરાવી લેવાય. પ્રેમીના છળને પકડી શકાય. અને... પછી કાયદાકીય કાર્યવાહી ?

ના, ના દિવ્યા પ્રેમ કદી કાયદાથી થોડો મેળવી શકાય ? અને હૃદય એ કંઈ કોઈ ઈન્સ્ટ્રુમેન્ટ થોડું જ છે જેમાં 'સેફ' જેવી કોઈ એપ્લિકેશન મૂકી શકાય ?

**(ક્રમશઃ)**

# KAPOL BHUVAN – LONAVALA

**Plot No.9-10, Amberwadi, Behind Dreamland Hotel,**
**Old Mumbai Pune Road, Lonavala - 410401.**
**Tel: (02114) 275745 / 274945 / 279522**
**Mob: 88795 68404**





# PARMANAND BHUVAN – NASHIK

**Sita Gufa Road, Panchavati, Nashik – 422 003.**
**Tel: (0253) 2513548 / 2510132**
**Mob: 98349 36316**





## FOR BOOKING CONTACT

**SHRI PRAVINCHANDRA D DALAL**

101, 1ST FLOOR, NAVKAR PLAZA, 6 BAJAJ ROAD, VILE PARLE (W), MUMBAI – 400 056.
TEL NO. **99872 23833**. Mobile No. **99670 13969** / **82911 71794,**
TIMING : 11:00 AM TO 6:00 PM
E-MAIL: kapolbhuvan@gmail.com

**www.kapolbhuvan.com**

kapolbhuvan_lonavala
Parmanandbhuvan_Nashik

Kapol Bhuvan Lonavala
Parmanandbhuvan Nashik



ડૉ. મહેન્દ્ર સંઘવી

# આશાનું પ્રભાત

નવલકથા
એક ડોક્ટરની કલમે
પ્રકરણ - ૨૫ મું

ડુંગરપુર મહેલમાં ખામોશી છવાયેલી હતી. શ્વેતાદેવી તથા મહારાજ સાંજે એના ભવ્ય શયનખંડમાં બેઠાં હતાં. એ.સી.ની ઠંડી હવા પણ તેમના મન અને તન ને શાંત કરતી ન હતી. બંને ઊંડા વિચારમાં હતાં. પછી મહારાણી આશાના સૂરમાં બોલ્યાં : 'મહારાજ, તમે નિશ્ચિત બનો. મને પાકી ખાત્રી છે જે.પી. દગો નહિં કરે. જે થાળીમાં ખાધું છે તેમાં છેદ નહિં કરે.'

મહારાજ એની વાતને કાપતાં કહ્યું: 'મેં એનું ભયંકર અપમાન કર્યુ છે. એના સ્વમાનનાં ચૂરેચૂરા કર્યા છે. હૃદય સોંસરવા નીકળી જાય એવાં વેણ કહ્યાં છે. મહારાણી! મેં આશાની યુવાની સાથે રમવાનો આરોપ લગાડયો છે. તેના દ્વારા મારી દૌલત પર એનો ડોળો છે એવો ખોટો આક્ષેપ પણ લગાડયો હતો.'

હા, પણ કિરણદેવીનાં ભરમાવાથી, એ નાગણે જ આપણી સુખ શાંતિને નષ્ટ કરી છે. એને ધક્કો મારી બહાર કેમ નથી ફેંકી દેતા, મહારાજ! તેની નજર તમારી આ જાહોજલાલી ઉપર છે. તેના માટે એણે આખી યુવાની નષ્ટ કરી છે. આખી યુવાની તેણે રાહ જોઈ છે. હવે એણે ફેંણ ઊંચી કરી છે-આખરી ડંખ મારવા!'

'બસ થોડો સમય રાહ જોવાની બાકી છે. I will crush her. એવી રીતે એનો છૂંદો કરીશ કે એક પણ હાડકું ગોતવું મુશ્કેલ બનશે.'

ગુસ્સાની આછેરી ટસરો એની આંખોમાં ઘૂટાવા લાગી. નાકમાંથી ગરમ ગરમ શ્વાસોની ગતિ વધવા લાગી ત્યારે જ મોબાઈલ રણકી ઊઠયો:

'મહારાજ સાહેબ, હું કર્નલ બોલું છું.'

'હા-હા બોલો કર્નલ સાહેબ, શું સમાચાર છે ?'

'મહારાજ સાહેબ, આ પૈસાવાળાની રમતમાં હું તો સાવ નવો નિશાળીયો હોય એવું લાગે છે.' કર્નલ સાહેબ અંગ્રેજીમાં બોલતાં હતાં.

'કર્નલ સાહેબ, તમે તો ભલભલી આંટી ઉકેલી નાખો છો, એવું આખું જગત કહે

છે. તમે નિરાશાના સૂર શા માટે કાઢો છો ?'

'સાહેબ, આ દ્વિવેદી બે-ત્રણ દિવસ પહેલાં જે.પી.શેઠને મળ્યો હતો. તમારો અને જે.પી. શેઠને કોઈ સંબંધ છે ? આ જે.પી. શેઠ, બહુ ઊંચી માયા છે. આજ સુધી કોઈ એની ચાલ સમજી શકતું નથી. તે હંમેશા દુનિયા વિચારે છે એ પહેલાં એણે વિચારી લીધું હોય છે અને તેને અનુરૂપ પગલાં પણ ભરી લીધાં હોય છે. તે વિચક્ષણ વ્યક્તિ છે. તે ખૂબ જ બાહોશ વેપારી છે. તેના નિર્ણયોથી બજાર ચાલે છે. તેમાં આ બેંક પાસેથી તમારી કંપનીના શેરો ખરીદવાની વાતે મને ડરાવી મૂક્યો છે. મહારાજ! તમારે એની સાથે જૂની અદાવત કે વેર છે ?' એક સાથે લાંબી વાત કરતાં શ્વાસ ચડતાં પ્રશ્ન પૂછ્યો. પછી મહારાજે ભૂતકાળની વાત દોહરાવી. તે નક્કી કરી શકતાં નથી તે મારો દુશ્મન છે કે દોસ્ત !

'આ સામાન્ય ઘટના જેવી કે લાપત્તા બનેલી તમારી દીકરીની ખોજ માટે તમે મારી પાસે આવ્યા અને તેમાંથી તમારા સામ્રાજ્યને પચાવી પાડવાનું મહા ષડયંત્ર ભયંકર રીતે ઘૂંટાઈ રહ્યું છે. મહારાજ ! તમારે અને મહારાણીએ હવે કોઈપણ જગ્યાએ એકલાં નહિં જવાનું. મારાં બોડીગાર્ડની તૈનાતમાં જ જવાનું. દરેક નવાં બનતાં બનાવોથી મને વાકેફ કરવાનું નહિં ભૂલતાં.'

'મારી આશાના કાંઈ સમાચાર છે ?'

'ના, મહારાજસાહેબ. મને ઘણાં સંકોચ સાથે કહેવું પડે છે હજી અમને નવી કોઈ માહિતી, બાતમી આશાનાં સંદર્ભમાં મળી નથી.'

'કર્નલ, જે.પી. ઉપર પણ નીગરાની રાખો. મને ભય છે કદાચ જે.પી. કિરણદેવી અને દ્વિવેદી ત્રણે સાથે ભાગીદારી કરી હોય !...'

'આ રમત જ્યાં સુધી ખતમ નહિ કરું ત્યાં સુધી દરેક વ્યક્તિ, સંભાવનાના આ દાયરામાંથી બહાર નહિ રહે. મહારાજસાહેબ તમે નિશ્ચિંત રહો. મને આપણો વિજય નિશ્ચિત લાગે છે.'

'કર્નલસાહેબ, હવે તો હિંમત હારી ગયો છું. બ્લડપ્રેશર, ડાયાબિટિસ, બધું જ મારું વેરી બની ગયું છે. જીવનની આ બધી ભૂતાવળોથી કંટાળી ગયો છું. ક્યારેક એમ થાય છે ભલે બધા લૂંટી લેતા મને. આ દૌલત હવે શું કામની ? કોઈ તો વારસદાર નથી ! પછી શાના ઉધામા કરવાં ?

Let people take it away. I don't want this business empire. What I want is peace and joy of life"

" Don't be nervous, I am here with you, Sir. I will protect you and your empire. its my word."

'કેવી અજાયબ વાત છે ! રાજા રૈયતની રખવાળી કરતા હતા. હવે રાજાની રખવાળી કોઈએ કરવી પડે છે !...'

થોડીવાર વાત કરી મોબાઈલ બંધ કર્યો. મહારાજનું નિરાશવદન જોઈને મહારાણીએ તરત જ એક પેગ તૈયાર કર્યો, જમવાનું પીરસ્યું અને ઊંઘની ગોળી આપી સૂવાડી

દીધાં.

ત્યારે આશા પણ જસલોક હોસ્પિટલમાં હીરજીને સૂવાડવાની કોશિષ કરતી હતી.

'આશા, આ ઓપરેશન સફળ થશે ?'

'કેમ નહિં થાય ? સાવ easy operation છે. કુમુદબેનની એક કિડની કાઢી તમારા શરીરમાં રોંપવામાં આવશે. તમારા બંનેનાં ઓપરેશન એક સાથે થશે. એક જ ઓપરેશન થિયેટરમાં બે અલગ અલગ ટેબલ ઉપર, બે ડોક્ટરોની ટીમ હશે. એક ડોક્ટરોની ટીમ કુમુદબેનની કિડની કાઢશે. બીજી ડોક્ટરની ટીમ તારા શરીરમાં પ્રત્યારોપણ કરશે. તારા લોહીની નસો આ કિડની સાથે જોડી દેવામાં આવશે. તે ફરીથી કાર્યવંત બની જશે અને તું સંપૂર્ણ સ્વસ્થ હંમેશને માટે બની જઈશ. અને કુમુંદબેનને કશી તકલીફ જીવવા માટે નહિં થાય.'

'બેનનો ઉપકાર કદી નહિ ભૂલાય.'

'દરેક અંગદાન દેનાર વ્યક્તિને દાનવીર કર્ણ કરતાં પણ ઊંચી ઉપાધિ હું આપું છું. સમાજમાં અંગદાનની જાગૃતિ-અભિયાન મોટા પાયે, સામાજિક સંસ્થાએ ઉપાડવું જોઈએ, એવું મારું માનવું છે. ચાલ, હવે તું નિરાંતે ઊંઘ ખેંચી લે તો સવારે એકદમ ફ્રેશ બની જઈશ...' હીરજીને સૂવાડી, બીજા ખાટલાં ઉપર સૂતેલા કુમુદબેન પાસે આવે છે અને પૂછે છે : 'બહેન! ડર લાગે છે ?'

'ના આશા. ઘણી વખત મુશ્કેલીમાં હું ખૂબ ડરી જતી પણ આ વખતે સોયથી ડરવાવાળી ઓપરેશનના નામથી પણ ડર નથી લાગતો.'

'કહેવામાં આવે છે કોઈના ભલા માટે ઉપાડેલું પગલું કેટલું પણ ભારે હોય તોયે તે હલકું જ લાગે છે ! તેથી તમને ભય નથી, આશંકા નથી. બહેન, તમે દાનવીર કર્ણ કરતાં પણ ઊંચા સ્થાન પર બિરાજો છો ! તમે ત્રણ જિંદગીને બચાવી રહ્યા છો. તમારો આભાર કેમ માનવો, મને સમજાતું નથી.'

'ચાલ, ગાંડા જેવી વાત નહિં કર... કેયૂર ક્યાં છે ?'

'એના શેઠે બહાર મોકલ્યો છે. કાલે વહેલી સવારે આવી જશે. હીરની ઓફિસના માણસો પણ આવી જશે.'

'મેં સાંભળ્યું છે તેના નાના શેઠે, હીરજીને નોકરીએથી રુખસદ આપી છે !'

'હા, સાચું સાંભળ્યું છે. મોરેએ કહ્યું છે કે મોટા શેઠે એની લોનો માફ કરી છે. તેના વિલમાં આ ઉપરાંત હીરજીની વફાદારી માટે બે લાખ રૂપિયા અલગથી ચૂકવવાનું પણ લખ્યું છે. મોટા શેઠ અમારા માટે મોટાભાઈ સમાન હતાં. જતાં જતાં પણ અમારું ભલું કરીને ગયા છે. હીરજીના નામનો ચેક પણ એનાં વકીલ ઓફિસમાં કેશિયરને આપીને ગયો છે. એનાથી નાના શેઠ ખૂબ ગિન્નાયા છે. એ દુકાન સાથેનો આખરી તંતુ પણ એને તોડી નાખ્યો છે. મેં હીરને હજી વાત નથી કરી. આ વાત સાંભળતાં કદાચ એ તૂટી પણ પડે ! એને એ દુકાન સાથે ખૂબ લગાવ હતો. જાણે એ

ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ એનું સ્વપ્ન હતું. એ હંમેશાં એને ભવ્ય સ્વરૂપે જ નિહાળતો, તેથી એ સ્વપ્ન ભાંગીને ચૂર થતાં જોતાં કદાચ એ જીરવી ન શકે એટલા માટે મેં બધાને સખ્ત મનાઈ કરી છે કે હીરજીને કોઈ વાત ન કરે.'

'ભલે આશા, હવે તું પણ થોડી ઊંઘ ખેંચી લે. સવારથી દોડધામ કરી રહી છે. મને પણ ઊંઘ આવે છે.' કુમુદબેન પલંગ પર ઊંઘી જાય છે.

આશા હોસ્પિટલનાં કોરીડોરમાં સામેની ખુરશી ઉપર બેસે છે અને વિચારે છે :

'શું થશે આવતી કાલે ?'

ત્યાં એની નજર ત્યાં પડેલાં ન્યૂઝ પેપર પર પડી. ડુંગરપુર પરિવારના આર્થિક સામ્રાજ્યની તોતીંગ દીવાલ સમી ત્રણ કંપનીને પચાવી પાડવામાં ચાલતાં આ યુદ્ધની રામકથા, તેમાં કિરણદેવી, દ્વિવેદી અને જે.પી.શેઠની યુક્તિ - પ્રયુક્તિની સંભાવનાઓનો ગરમાગરમ અહેવાલ આપ્યો છે.

'ઓહ પપ્પા-મમ્મી, તમારી આ ઉંમરે હું તમને કશી મદદ કરી. શકતી નથી. હે પ્રભુ ! શા માટે મારી કડવી પરીક્ષા લઈ રહ્યો છે ? હું કેટલી ધીરજ રાખી શકું ? કેટલી જગ્યાએ લડી શકું ? મારે મારા મમ્મી-પપ્પાને મળવું છે ! બસ, હીરનું ઓપરેશન સફળ થઈ જવા દે. પછી હું રણમેદાનમાં ઉતરીશ-મારા મમ્મી-પપ્પાને બચાવવા. હીરને હું સમજાવીશ. એ હા પાડશે જ મને પાકી ખાતરી છે. કિરણદેવી, હું આવી રહી છું. એક નાગણને નાથવા બીજી નાગણની હાજરી બહુ જરૂરી છે. સ્ત્રીને સ્ત્રી જ હરાવી શકે...'

કહીને એક જોરદાર મુક્કો ખુરશીના હાથા પર માર્યો. હાથો તૂટીને લબડી પડયો. બાજુવાળાએ એક અપમાનજનક નજરથી એને વઢ્યો: 'આવું ન કરાય.' પણ એ આશાના હાથમાં થોડું હતું ?

ત્યાં કિરણદેવી અને દ્વિવેદી એક હોટલનાં અંગત કમરામાં ચર્ચા કરતાં હતાં :

'આ જે.પી. બહુ જ ખતરનાક છે, દ્વિવેદી.'

'હા, એવો કાળોતરો છે કે એક વખત ડંખે તો સામેવાળો પાણી પણ ન માંગે. પલભરમાં ખતમ. હવે શું ?'

દ્વિવેદીએ એને બાથમાં ભીડી. એના શરીરને સુંદર પલંગ પર પ્રસરાવી એના ઉપર ઝૂકી જાય છે. એની આંખોમાં ઊઠેલા પ્રલય પૂરને ઉત્તેજીત કરતાં બોલ્યો...

'આ રૂપ દ્વિવેદીને કેદ કરી શકે તો, ભૂરેલા સાંઢને ઉશ્કેરી ન શકે ?' '**You mean?**' આંખો પટપટાવતી કિરણદેવી બોલી ! આજે ઘણાં દિવસે, શરીરમાં ઊઠેલી ભૂખને સંતોષવા દ્વિવેદીને આહ્‌લાદક આશ્લેષમાં લીધો. પ્રણયનું મોજું ભયંકર ઊઠ્યું, પલભરમાં ત્રાટકીને શાંત થયું ત્યારે બંનેની આંખોમાં અનેરો આનંદ આવ્યો હોય એનો ભાવ સ્પષ્ટ દેખાય છે !

'કિરણ, આ ખૂબસૂરતીએ ઘણાંને ભીંજવી નાખ્યા છે. હવે માતેલા સાંઢને પાલતું બનાવ તો હું તને સાચી માનું ?'

'આ ચેલેન્જ છે ?'

'આ ચેલેન્જ અને ઉગરવાની એક માત્ર તક છે. નહિં તો હંમેશને માટે ખૂવાર બનવાનું છે.'

'ભલે પ્રયત્ન કરીશ.' અને પછી પાછાં બન્ને મદહોશ રાત્રીનાં અંધકારમાં ગરકી જાય છે.

ત્યારે જે.પી.શેઠ નિરાંતે ઊંઘતા હતા- જાણે આ બધાની અવઢળથી પર એક બાળકની જેમ ખરાટા ભરતાં હતાં. તેને પાકી ખાતરી હતી-જીત એની હતી. કેવી રીતે ? કોઈ જાણતું ન હતું ...

હીરજીનું ઓપરેશન સફળ થયું છે. એની પ્રત્યારોપણ કરેલી કિડની સફળ રીતે કાર્યવંત બની છે. હીરજી ધીમે ધીમે સ્વસ્થ થઈ ગયો છે. કુમુદબેનનું ઓપરેશન સફળ થયું છે. તે પણ ઓપરેશન પછી સંપૂર્ણ રીતે સ્વસ્થ બને છે. ડોક્ટર તેઓ બન્નેને રજા આપે છે. આશાને આ ઓપરેશનનો ખર્ચો ફક્ત સાઈઠ હજાર રૂપિયા જ આવ્યો છે. તે આશ્ચર્ય પામે છે. એટલે ડોક્ટર અંતાણી પાસે આવે છે અને પ્રશ્ન પૂછે છે : ' સાહેબ, આ બીલ તો ઘણું જ ઓછું છે ! કોઈ ભૂલ તો નથી થઈને ?'


'ના, આશાબેન, હીરજીનો આ કેશ, કિડની ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશનનો એક હજાર અને એક નંબરનો છે. તે ખુશીમાં, આ ઓપરેશન ફ્રીમાં થયું છે. તથા હોસ્પિટલે પણ આ પ્રસંગની ઉજવણી સ્વરૂપ તમને રાહત આપી છે.'

'ઓહ ડોક્ટર, તમારો જેટલો આભાર માનું તેટલો ઓછો છે.'

**"am really thankfull to you."**

'પણ આ આભાર માનવામાં એન્ટી રીજેકશન દવા લેવાનું નહીં ભૂલતાં, નહિતર તો શરીરમાં રોપેલી કિડનીને શરીરનાં કોશો દૂર કરવા, રીજેક્ટ કરવાં પ્રયત્ન કરશે. આ પ્રયત્નોને નાથવાની દવા એન્ટીરીજેકશન લેવી ખૂબ જ જરૂરી છે. તે મોંઘી છે. તે ડાયાલિસિસ જેટલી જ મોંઘી છે. પરંતુ સમય જતાં તેનો ડોઝ ઓછો કરીશું. સગી બહેને આપેલી કિડનીમાં ઘણો ઓછો ડોઝ લાગે છે. હીરજીની નિયમિત તપાસ કરાવવાનું તું ભૂલતી નહિ. આ દવા ચાલુ હોય ત્યારે ચેપ લાગવાની શક્યતા ઘણી વધી જતી હોય છે. તેથી ખૂબ જ વધારે માણસો હાજર હોય છે ત્યાં જવાની મનાઈ છે. બહાર હોટલ વગેરે જગ્યાનો ખાદ્ય પદાર્થ આરોગવાની પણ મનાઈ છે. પાણી ઉકાળીને પીવાનું છે...' વગેરે સલાહ આપી.

હીરજી, આશા, કુમુદબેન તથા કેયૂર હજી હોસ્પિટલનું પ્રાંગણ છોડી બહાર રસ્તા ઉપર આવે છે ત્યાં બે શાનદાર સફેદ મર્સીડીઝ આવે છે. તેમાંથી ચાર માણસો બહાર નીકળે છે. બે જણા આશા અને હીરજીની બાજુમાં બે જણા કેયૂર અને કુમુદબેનની બાજુમાં ઊભા રહી સત્તાવાહી




છે: ' ચૂપચાપ અવાજ કર્યા વગર બેસી જાવ.'

કંઈ વિચારવાનો સમય ન રહ્યો. ચારેનું અપહરણ થાય છે. આ ચારેનું અપકરણ જે.પી.શેઠે કર્યું છે... મર્સીડીઝ પૂના હાઈવે ઉપર દોડતી હતી. જેવા આ સમાચાર જે.પી.શેઠને મળે છે, તે હરખાઈ ઊઠે છે અને મહારાજને ફોન કરે છે:

'મહારાજ ! જે.પી. બોલું છું.'

'શું વાત છે ?'

'મહારાજ, મારે તમને અને રાણી સાહેબાને અદ્‌ભુત ભેટ આપવી છે, જે તમે આખી જિંદગી યાદ કરશો.'

'એવી તો શી ભેંટ છે, જે. પી ?'

'આજે સાંજે મારા લોનાવાલાનાં બંગલા ઉપર આવવાનું આમંત્રણ આપું છું. એક શામ હમારે સાથ.'

'જે.પી. હમણાં ઘણાં સમયથી અમારી જાનનો ખતરો છે. **You see our life is at risk,** તેથી મારા બોડીગાર્ડ સાથે રાખું છું.'

'એકલો કશે જતો નથી.'

'તમે તમારાં સુરક્ષાના અધિકારીઓને સાથે લાવી શકો છો. મને વાંધો નથી.'

'તો મારા માણસો આપને સાંજે ચાર વાગ્યે લેવા આવશે.'

'હા ! ભલે. **Thanks for inviting."**

મહારાજે કર્નલ સાથે વાત કરી. શ્વેતાદેવી સાથે વાત કરી. જે.પી. શું ચાલ ચાલે છે, કશું નવું અણધાર્યું તો નથી બનવાનું ને ? તેવા વિચારોના વાવાઝોડાંમાં મહારાજ ફસાઈ જાય છે !

જે.પી. એ પછી સમજદારીપૂર્વક વિચાર કરીને કિરણદેવીને ફોન કર્યો:

'હું જે.પી. શેઠ બોલું છું. '

'હા જે.પી. શું વાત છે ? મને યાદ કરી ? તમે તો આજકાલ મિડિયામાં છવાઈ ગયા છો !'

'મિડિયામાં જરૂર છવાયેલો છું. પરંતુ તમારે લીધે.'

'અમારે લીધે ?'

'હા તમારે લીધે, આ ત્રણ કંપનીને હસ્તગત કરવાનાં રવાડે તમે તો ચડાવેલ છે. આ બાજી હજી પણ પૂર્ણ રીતે આપણે જીત્યા નથી. કશું ખૂટે છે, મારું મન એમ કહે છે. મહારાજ પાસે હજી પણ કાંઈક માસ્ટર સ્ટ્રોક તેમનાં કબજામાં છે, તેથી નિરાંતથી બેઠા છે. તેમણે જરાપણ રઘવાટ બતાવ્યો નથી. મારી **sixth sense** કહે છે- તેમની પાસે વિજયનો એક્કો જરૂર હોવો જોઈએ. તે શું છે ? મને ખબર નથી. મને લાગે છે આપણે મળવું જોઈએ.'

'ભલે જે.પી. જયારે તમે ઈચ્છો ત્યારે હું આવવા તૈયાર છું. એક હસીન શામ, આપ કે સાથ. સાચું કહું જે. પી. ઘણા સમયથી તમને મળવાનું મન થતું હતું.. વીસ વરસ પહેલાં જે.પી.ની આંખોમાં એકભાવને નીરખ્યા હતાં. કાશ તે વખતે કદાચ, આપને ઓળખી શકી હોત તો ...'

એક માદક હાસ્ય, જે.પી.ના શરીરને ઉત્તેજીત કરી ગયું. જે.પી. મનમાં જ બબડતા, 'ભગવાને શું કામણગારું રૂપ અને અદાઓ આપી છે ... '

'હા, કિરણદેવી, એક અભિલાષા હતી, તમારા મિત્ર બનવાની... પણ તમે ક્યાં અને હું ક્યાં ?'

'અરે ! જે.પી., આ સંયુક્ત ભાગીદારી બન્યા પછી હવે તો આપણે વધુ ઘનિષ્ટ મિત્રો બનીશું ... વારંવાર મિંટિંગો થશે... પાર્ટીઓ થશે, કદાચ વિદેશોની ટૂરો પણ સાથે કરીશું...'

જે.પી.ની જાતીયતાને ઉશ્કેરવાની કોઈ તક કિરણદેવી છોડવા માંગતી ન હતીઃ 'જો આ માંતેલો સાંઢ એના કબ્જામાં આવે તો... તો ... મુંબઈ ઉપર એનું એકચક્રી રાજ ચાલશે...'

તેના વિચારોને તોડતો જે.પી. નો સત્તાવાહી અવાજ ફોન ઉપર ગૂંજી ઊઠ્યો.

તો આજે સાંજે લોનાવાલાના મારા બંગલે તમે અને દ્વિવેદી સાથે આવો. એક અગત્યની મિંટિંગ છે. તમારે બંનેએ આવવું અનિવાર્ય છે.'

'ભલે જે.પી. અમે ચોક્કસ આવીશું.'

'તમને મારો અંગત માણસ લેવા આવશે. બરાબર ચાર અને દશ મિનિટે લેવા આવશે. તમને ક્યાંથી પીકઅપ કરે ?'

'દ્વિવેદીની ઓફિસેથી, જે.પી. અમે રાહ જોઈશું.'

'બાય' કહી જે.પી. એ મોબાઈલ બંધ કર્યો.

શતરંજની ચાલ બીછાવાઈ ગઈ છે. બધાં જ મહોરાં તેની ઈચ્છા પ્રમાણે ચાલી રહ્યાં છે.

હવે આખરી ચાલ મહાત આપવાની આવી ગઈ છે. મતલબ બધાંને પરાજ્ય આપવાની ચાલ. ચેક એન્ડ મેટ...

**(ક્રમશઃ)**

With Best Compliments From

**D.M. Enterprises**

**Sarla Chimanlal Mehta**

**Meeta Dhimant Mehta**

**Isha Janil Mehta**

**Cement, Cementitious Products, RMC,**
**AAC Blocks & Construction Chemicals.**
**Authorized Distributors:**

**ULTRATECH, JSW, ACC, VICAT.**
**J.K.LAKSHMI, SHREE CEMENT**

806, Hubtown Solaris, NS Phadke Road,
opp. Teli Galli, Andheri (E)
Mumbai 400 069
Tel: 022-61436363
email: info@dmcement.com



શરદ દોશી


## પ્રાસંગિક

# આ મહિનાના સિતારાઓ

તત્વજ્ઞાનીઓ, કવિઓ, સંતો અને મહાપુરુષોએ જીવન ચેતનાની મહત્તાને ગાઈ છે. આજીવન મળ્યું છે એ મહામૂલું છે. આ મળેલા જીવનને માણી લેવું જોઈએ. અને સારા કૃત્યો કરવા જોઈએ. અથવા તો સારા કૃત્યો સાથે જોડાઈ જવું જોઈએ. સતત સારા વિચારો કરી શ્રેષ્ઠતા મેળવવી જોઈએ. પછી ક્ષેત્ર ગમે તે હોઈ શકે છે. આ મહિનામાં આવતા મહા પુરુષોના જન્મદિવસ અને પુણ્યતિથિ ૧૧મી જાન્યુઆરીએ આપણા લોકલાડીના નેતા લાલબહાદુર શાસ્ત્રીની પુણ્યતિથિનો દિવસ. તે આપણા ભારતના વડાપ્રધાન હતા. તેઓ શરીર દુબળા પાતળા અને કદમાં અતિશય ઠીંગણા હતા. તેથી કદાચ તેમનું ઉપનામ 'નન્હે' હતું. ગરીબીમાં ખૂબ મહેનત કરી ઊંચા પદે પહોંચ્યા હતા. કરકસર અને સાદગી એમના જીવનમાં નાનપણથી વણાયેલા હતા. શાસ્ત્રીજીના ગુણો જીવનમાં ઉતારવા જેવા છે. પ્રધાન હતા ત્યારે એમને નાનીસી મોટર પસંદ કરી અને કહેતા મારી નાની કાયા માટે આ ઠીક છે. પણ એમનો હેતુ કરકસરનો હતો 'જય જવાન જય કિસાન'નો એમણે મંત્ર આપ્યો હતો. ગાંધીજી અને શાસ્ત્રીજીનો જન્મદિવસ એક જ દિવસે આવે છે. અને પુણ્યતિથિ એક જ મહિનામાં આવે છે.

૧૨ મી જાન્યુઆરીએ સ્વામી વિવેકાનંદનો જન્મદિવસ એમનું બાળપણનું નામ નરેન્દ્ર હતું. નાના હતા ત્યારે ખૂબ તોફાન કરતા હતા. ભાંગફોડ કરતા હતા. ખૂબ ચંચળ હતા. એકવાર માતા ભુવનેશ્વરી ખુદ નરેન્દ્રના તોફાનથી ચીડાયેલા હતા. નરેન્દ્ર પણ ખૂબ ગુસ્સે થયેલા હતા. એમને શાંત કરવા માટે ભગવાન શંકરનું નામ દઈ માતાએ નરેન્દ્ર ઉપર ઠંડા પાણીનો ઘડો ઠાલવી દીધો. આવા ઠંડા પાણીના અભિષેકથી નરેન્દ્રનાથ શાંત થઈ ગયા પછી તો એ ઈલાજ કાયમનો થઈ ગયો.

એમનું પછીનું નામ સ્વામી વિવેકાનંદ થયું. તેઓ સરસ ફૂટબોલ રમતા, સંગીત ગમતું, અને સારું ગાઈ શકતા હતા. રામકૃષ્ણ પરમહંસને ગુરુ તરીકે સ્વીકાર્યા હતા. અમેરિકાની શિકાગો પરિષદમાં જઈ વક્તવ્ય દ્વારા ભારતનું નામ રોશન કર્યું. જીવનભર ધર્મનો પ્રચાર કરતા રહ્યા. ૩૯ વર્ષની નાની વયે જીવન લીલા સંકેલાઈ ગઈ તેઓ યોદ્ધા



સંન્યાસી હતા. કન્યાકુમારીમાં સ્વામી વિવેકાનંદનું સ્મારક છે.

ખલિલ જિબ્રાનનું વ્યક્તિત્વ એટલે કવિ, ચિત્રકાર, અને તત્વજ્ઞાનનો વિરલ ત્રિવેણી સંગમ. જિબ્રાન એક અદ્‌ભુત વિચારક હતા. તેમનો જન્મ છઠ્ઠી જાન્યુઆરી ૧૮૮૩ના રોજ સિરિયાના બેલેલોન પ્રાંતના બશેરી ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ ખલિલ હતું. અને એ જ નામ પછી પુત્રને આપ્યું. ખલિલ જિબ્રાનના માતાનું નામ કામિલા હતું. ખલિલ જિબ્રાનનું બાળપણ પ્રકૃતિ દર્શન કરવામાં વીત્યું. સુરેખ કલ્પના સૃષ્ટિ અને તેજસ્વી બુદ્ધિ નાનપણથી મળેલા આશીર્વાદ હતા. બાળપણમાં જ તેમને ફ્રેંચ, અંગ્રેજી અને અરબી ભાષાનો અભ્યાસ કર્યો હતો. મોટા થયા તેમણે ધર્મનો અભ્યાસ અને જ્ઞાનતૃષ્ણા વધતી ગઈ. એમણે રચેલી કૃતિઓના ઘણી ભાષામાં અનુવાદ થયા છે. ‘તૂટેલી પાંખો’ ‘વાવાઝોડા’. એમની વાણીમાં ઈશ્વરીય શ્રદ્ધાનો રણકાર હતો. મૃત્યુ વિશે જિબ્રાન કહે છે જીવન અને મૃત્યુ એક જ છે. નદી અને સમુદ્રની જેમ ૪૮ વર્ષની ઉંમરે જીવન સમેટાઈ ગયું.

રમાબાઇ રાનડેનો જન્મ ૨૫મી જાન્યુઆરી ૧૮૬૨ માં થયો હતો. રમાબાઈના લગ્ન ન્યાયમૂર્તિ રાનડે સાથે થયા હતા. રાનડે રમાબાઈને ભણાવતા વંચાવતા અને લખાવતા હતા, શીખવાડતા હતા. રમાબાઈ નીડર હતા. પૂણેમાં પુરુષોની સભામાં પહેલું ભાષણ આપ્યું હતું. સ્ત્રીઓ ઉધ્ધારક અર્થે સંસ્થા સ્થાપી ૧૯૧૩માં કેસરે હિન્દ બન્યા હતા.

લાલા લજપતરાયને લોકો માનથી પંજાબના સિંહ તરીકે બોલાવતા હતા. તેમનો જન્મ ૨૮મી જાન્યુઆરી ૧૮૬૫માં થયો હતો. તેઓ શૂરવીર હતા. સાયમન કમિશનનો વિરોધ કરતા ઘવાયા. લાલ બાલ અને પાલની ત્રિપુટીમાંના એક હતા. લાઠીના મારથી લાલાજી પથારી વશ થયા હતા. પથારીમાંથી તેમના દેશના લોકોને સંદેશો મોકલ્યો. લડત ચાલુ રાખો હિંમત હારશો નહીં! પીછેહઠ કરશો નહીં! વિજય આપણો છે.

આપણો દેશ સ્વતંત્ર થયો એ જોવા તેઓ રહ્યા નહીં.

સુભાષબાબુની સેનાનું કૂચ ગીત હતું. ‘કદમ કદમ બઢાયે જા, ખુશી કે ગીત ગાયે જા’ આ ગીતના શબ્દો બધી દિશામાં ફેલાઈ ગયા હતા. સુભાષચંદ્ર બોઝ બહાદુર હતા. બંગાળના ચોવીસ પરગણા જિલ્લાના કોડલિયા ગામમાં

જાનકીદાસ બોસ અને પ્રભાવતી દેવીને આઠ પુત્રો તેમાના છઠ્ઠો પુત્ર સુભાષબાબુ. શનિવાર તારીખ ૨૩ જાન્યુઆરી ૧૮૯૭માં થયો. નાનપણમાં ભણવામાં હોશિયાર ૧૯૧૯માં ગ્રેજ્યુએટ ફિલોસોફી વિષય સાથે પ્રથમ શ્રેણીમાં પાસ થયા. આઝાદીમાં ઝુકાવ્યા પછી પરદેશ ભાગી જવું પડ્યું. અને અંગ્રેજો વિરુદ્ધ આઝાદી માટે લડત ચલાવતા રહ્યા. આઝાદ હિન્દ ફોજની સ્થાપના કરી છેક સુધી લડતા રહ્યા. સુભાષબાબુની દેશભક્તિ સહૃદયતા અને બલિદાન બેનમુન હતા.

૩૦ મી જાન્યુઆરી ગાંધીજીની પુણ્યતિથિ છે તેમના વિશે સર્વ લોકો ઘણું બધું જાણે જ છે.

મોહનલાલ મહેતા સોપાનનો જન્મ ૧૪ જાન્યુઆરી ૧૯૧૦ના રોજ થયો હતો. સુકાનીની સ્થાપના અને તેમના તંત્રી, અભિનવ ભારતના તંત્રી, ૧૯૪૮થી ૬૧ જન્મભૂમિના તંત્રી, નૂતન ગુજરાત, અખંડાનંદના તંત્રી 'સોપાન' એમનું ઉપનામ હતું એક પ્રખત વિચારક હતા. એમણે ઘણા બધા પુસ્તકો લખ્યા છે.

જોઆકીમ આલવા જન્મ ૨૧ જાન્યુઆરી ૧૯૦૭ પત્રકાર, વકીલ, ફોરમ નામનું અંગ્રેજી પાક્ષિક શરૂ કર્યું. ભારતના પ્રતિનિધિ તરીકે મલાયમ ભાષામાં મૌલિક તેમજ અનુવાદિત ગ્રંથ પ્રકાશિત કર્યાં.

મહાદેવભાઇ દેસાઈની જન્મ તારીખ ૧ જાન્યુઆરી ૧૮૯૨ છે. તેઓ ગાંધીજીના સાથીદાર હતા. ગાંધીજી સાથે ફરતા અને નોંધ ટપકાવતા એમના અક્ષરો સુંદર અને મરોડદાર હતા. મહાદેવભાઈએ લખેલી ડાયરીઓ પાંચ ભાગમાં વહેંચાયેલી છે.

અનંતરાય રાવળનો જન્મ એક જાન્યુઆરી ૧૯૧૨ માં થયો હતો આપણી ગુજરાતી ભાષાના ઉત્તમ વિવેચક ગણાય છે.

પ્રિયકાન્ત મણિયારનો જન્મ નવમી જાન્યુઆરી ૧૯૨૭ના રોજ થયો હતો. તેમણે સરસ ગીતો અને કવિતા ગુજરાતી ભાષાને અને પ્રજાને આપ્યા છે.

૧૪ મી જાન્યુઆરીએ આલ્બર્ટ શ્વાઈઝરનો જન્મ થયો હતો. તે ૧૮૭૫ ની સાલ હતી. તેમને નોબેલ પુરસ્કાર મળ્યો હતો. આફ્રિકામાં જઈ પછાત જાતિ માટે પોતાનું જીવન અર્પણ કરી દીધું. જીવનમાં અતિશય સંઘર્ષ કરવો પડેલો.

૧૫ મી જાન્યુઆરીએ ૧૯૨૯ ના રોજ માર્ટીન લૂથર કિંગનો જન્મ થયો હતો. તેમના કાર્યની સમાનતાને કારણે ગાંધીજી સાથે સરખાવવામાં આવે છે. ન્યાય અને હક માટેની લડત છેક સુધી લડતા રહ્યા.

૨૨ જાન્યુઆરી ૧૭૮૮ કવિ બાયરન

૨૪મી જાન્યુઆરી ૧૮૨૦ કવિ દલપતરામ

૨૬ જાન્યુઆરી ૧૮૭૪ કવિ કલાપી

૧૦ જાન્યુઆરી ૧૮૪૨ મહાદેવ ગોવિંદ રાંનડે એ સિવાય બીજા ઘણા આ મહિનાના સિતારાઓ હોય શકે છે.

હા, તેજસ્વી સિતારાઓ સમાજને કહીને કંઈ આપતા ગયા છે.

# BHALARIA

*if you can draw it, we can make it*

BOMBAY
BHALARIA

***Houseware • Hotelware • Kitchenware • Tableware***




## BHALARIA METAL CRAFT PVT. LTD.

**For Corporate & Trade enquiries visit our Showroom at Vile Parle :**

1, Ground Floor, "Jayesh", 118 Bajaj Road & Ansari Road Corner, Next to Old Kapol Bank, Vile Parle W, Mumbai - 400056

022 26145571 +91 9819164179 jayeshm@bhalariametal.com

**Factory Address**

Bhalaria Indl. Estate, Bhalaria Road, Nr. Narayani School, Bhayander W, Mumbai 401101. India.

022 2819 8226 022 2819 8227 sale@bhalariametal.com

www.bhalaria.com



નીતા કઢી

# સ્વાતંત્ર્ય સેનાની

# યુ તિરોટ સિંગ

બ્રિટીશરોએ ભારતમાં ધીરે ધીરે પગ પેસારવા માંડ્યા, તેમને અટકાવવા ઘણાં લોકોએ પ્રયત્નો કર્યા.

આમાંનાં એક એટલે મેઘાલયના ખાસી હિલ્સનાં યુ તિરોટ સિંગ, જે નોગ્કલાના (Nongkhlaw) ચીફ (Syiem) II.

ઈ. સ. ૧૮૨૬ માં યાન્ડાબૂની સંધિ કર્યા બાદ બ્રિટીશરોએ બ્રહ્મપુત્રા ખીણ પર નિયંત્રણ મેળવ્યું હતું. હવે તેમની નજર ખાસી હિલ્સ પર નિયંત્રણ મેળવવાની હતી.

ખાસી જાતિની સિલેટ અને હસ્તગત કરેલી લોઅર હિલ્સમાં પણ સંપત્તિ હતી. એ બંને વચ્ચે ખાસી હિલ્સ હતી.

બ્રિટીશરોએ ટ્રાન્સપોર્ટેશન માટે તેમજ મુસાફરીનાં કલાકો ઓછા કરવા માટે ગુવાહાટીને સિલેટ સાથે જોડવા માટે રસ્તો બનાવવાની ઇચ્છા જાહેર કરી.

ઉત્તરી ટેરિટરીનાં બ્રિટીશ ગવર્નર જનરલ એજન્ટ ડેવિડ સ્કોટને જાણ થઇ કે આ રસ્તાનાં પ્રોજેક્ટને પસાર કરવા ડુઆર્સ (Duars) જે આસામમાં પસાર થતો હતો, તે સંપત્તિ મેળવવામાં ખાસી જાતિનાં વડાઓ, યુ તિરોટ સિંગ તેમજ અન્ય લોકોને રસ હતો.

બે બેઠકનાં સત્ર બાદ એસેમ્બલીએ બ્રિટીશરોનાં પ્રસ્તાવને મંજૂરી આપી. ત્યાર બાદ રસ્તો બનાવવાનું કામ શરૂ થયું. ત્યાં રાની (જગ્યાનું નામ છે)નાં રાજા બલરામસિંહે યુ તિરોટ સિંગનાં દાવા અંગે વિવાદ છેડ્યો. આમાં બલરામસિંહે આ સંપત્તિ પોતાને મળવી જોઈએ એમ કહ્યું.

સાથે સાથે યુ તિરોટ સિંગને જાણવામાં આવ્યું કે બ્રિટીશરો રમત રમી રહ્યા છે, કારણકે રસ્તો બન્યા બાદ તેઓ ખાસી લોકો ઉપર લેવી ટેક્સ લગાડવાના છે. તેથી યુ તિરોટ સિંગ સશસ્ત્ર માણસો સાથે બ્રિટીશરો સાથે મિટિંગ કરવા ગયા.

તિરોટ સિંગને વિશ્વાસ હતો કે બ્રિટીશરો સમર્થન કરશે, પણ તેને બદલે તેમનો સામનો લશ્કરના સિપાઈઓ સાથે થયો. તેમણે સિંગનાં માર્ગમાં અવરોધ નાખ્યો. તિરોટ સિંગને એ વખતે જાણ થઇ કે બ્રિટીશરો આસામમાં બળવો કરાવી રહ્યા છે, તેથી યુ તિરોટ સિંગે તેમને નોકલાને ખાલી કરવા આદેશ આપ્યો, પણ બ્રિટીશરોએ કોઈ ધ્યાન આપ્યું નહીં.

ખાસીઓ પાસે યુદ્ધ કરવા માત્ર તલવાર,



બ્રિટીશરોની હત્યા કરવી શક્ય બની.

યુ તિરોટ સિંગને યુદ્ધ લડતી વખતે ગોળી વાગી. એ ગુફામાં સંતાઈ ગયા, પણ આખરે ઈ.સ. ૧૮૩૩માં અંગ્રેજોએ એ ગુફા કબજે કરી. તિરોટ સિંગને ઢાકા (બાંગ્લાદેશ)માં દેશનિકાલ કર્યા, છતાં પણ છુપાઈ છુપાઈને તિરોટ સિંગ અંગ્રેજો સામે લડતાં રહ્યા.

આખરે એક ખાસી સ્થાનિક સોનાના સિક્કાની લાલચમાં આવી જઈ તિરોટ સિંગની છુપાવાની જગ્યા બતાવી દીધી. યુ તિરોટ સિંગ પકડાઈ ગયા.

બ્રિટીશરો સામે લડતાં લડતાં ઈ.સ. ૧૮૦૨માં મેરાંગ (Mairang) શહેરમાં જન્મેલા યુ તિરોટ સિંગ

ઢાલ, તીર, બાણ જેવા શસ્ત્ર સરંજામ હતા, જ્યારે સામે પક્ષે બ્રિટીશરો પાસે આધુનિક શસ્ત્ર સરંજામ તોપ, ગોળા, બારૂદ વગેરે હતા.

તિરોટ સિંગને લાગ્યું કે આ રીતે ખુલ્લેઆમ બ્રિટીશરો સામે લડવું અઘરૂ છે, તેથી તેમણે ગેરિલા પદ્ધતિનો આશરો લીધો. ગેરિલા યુદ્ધ લગભગ ચાર વર્ષ ચાલ્યું, જેમાં

સિયેમનું ૧૭ જુલાઈ ૧૮૩૫માં ઢાકા (બાંગ્લાદેશ)માં અવસાન થયું.

મેઘાલયમાં આ દિવસને 'યુ તિરોટ સિંગ ડે' તરીકે ઉજવાય છે, જેની બહુ ઓછા લોકોને જાણ છે.

આમ આવા મહાન વિરલા જણે અંગ્રેજો સામે લડતાં રહીને માતૃભૂમિની રક્ષા કરવા પ્રેરિત કર્યા, એમને શત શત પ્રણામ.

With Best Compliments
From

# KHIMASIA
## WAREHOUSING




**Warehouses in Pune**

**Contact Address :**
**M/s. Khimasia Warehousing,**
**Idea Square Business Centre**
**B/42, 2nd Floor, Idea Square**
**Veera Industrial Estate,**
**Opp. City Mall, New Link Road,**
**Andheri (W) Mumbai - 400 053. India**
**Tel.: 40232866**

**Area:**
**Pisoli & Wadki**



શોભના ભટ્ટ

# ચેતનાના ઉર્ધ્વરોહણનું મહાકાવ્ય એટલે ઉત્તરાયણ




જ્યારે શિશિરની ગુલાબી ઠંડીમાં દિશાઓ પોતાનું મૌન તોડે છે અને સૂર્ય પોતાનો સુવર્ણ રથ દક્ષિણાયનમાંથી ઉત્તરાયણ તરફ વાળે છે, ત્યારે ધરતી પર માત્ર ઋતુ નથી બદલાતી, પણ માનવ મનની ચેતનાનો રંગ બદલાય છે. મકરસંક્રાંતિ એટલે જડતામાંથી ગતિ તરફનું પ્રયાણ અને અંધકાર પર પ્રકાશના વિજયની અવિરત ઘોષણા.જ્યારે પૃથ્વીના લલાટે સૂર્યના તેજનું તિલક થાય અને દિશાઓ શિશિરની જડતા ખંખેરીને જાગૃત થાય, ત્યારે જન્મે છે ' મકરસંક્રાંતિ'.

આ પર્વ કેવળ તહેવાર નહીં, પણ ' અસ્તિત્વનો ઉત્સવ ' છે.

જ્યારે શિશિરની પાતળી અને આછેરી ઠંડીમાં પંખીઓનો કલરવ સહેજ વહેલો સંભળાય અને કેસરીયો તડકો હથેળીમાં હૂંફ બનીને ઉતરે, ત્યારે સમજવું કે બ્રહ્માંડમાં એક મૌન ક્રાંતિ ઘટી રહી છે. મકરસંક્રાંતિ એટલે કેવળ કેલેન્ડરની એક તારીખ નહીં, પણ પૃથ્વીના અસ્તિત્વની દિશા બદલવાની ક્ષણ. સૂર્ય જ્યારે ધનુ રાશિનો ત્યાગ કરી મકરમાં પ્રવેશે છે, ત્યારે તે માત્ર નક્ષત્ર પરિવર્તન નથી કરતો, પણ માનવ મન પર છવાયેલી જડતાના પડા

પડ ઉખેડી નાખે છે. આ આકાશી સંક્રમણ આપણને ' તમસોમા જ્યોતિર્ગમય ' નો સાક્ષાત્કાર કરાવે છે. ખગોળવિજ્ઞાન જેને પૃથ્વીની ધરીનું નમન કહે છે, આપણું ભારતીય દર્શન તેને 'દેવયાન માર્ગ' તરીકે ઓળખાવે છે. અંધકારમય લાંબી રાત્રિઓ હવે ટૂંકી થતી જશે અને પ્રકાશિત દિવસોનો વિસ્તાર વધતો જશે-જાણે પ્રકૃતિ પોતે જ ઘોષણા કરતી હોય કે જીવનનો અંતિમ પડાવ તો તેજની હૂંફમાં જ હોવો જોઈએ.

શાસ્ત્રોમાં ઉત્તરાયણને ' દેવતાઓનો દિવસ ' માનવામાં આવે છે.

શ્લોક:

***'રવિ સંક્રમણે પ્રાપ્તે ન કુર્યાત્ દન્તધાવનમ્ ।***

***ન ભુંજીત ન ચાશ્નીયાત્ તસ્મિન વિષ્ણુમનુસ્મરેત્ ।।'***

અર્થાત્, સૂર્યના આ પવિત્ર સંક્રમણ કાળમાં ઈશ્વરનું સ્મરણ અને દાન-પુણ્ય કરવાથી અક્ષય ફળની પ્રાપ્તિ થાય છે

આ પર્વની ગહનતામાં ઉતરીએ તો પેલા શરશૈયા પર પોઢેલા વિરાટ પુરુષ ભીષ્મ યાદ આવે. એણે દેહત્યાગ માટે ઉત્તરાયણની રાહ જોઈ, એ કોઈ હઠ નહોતી પણ એક સાધકનો સંકલ્પ હતો.

સૂર્ય જ્યારે ઉત્તર તરફ વળે ત્યારે જીવ પણ મોક્ષના દ્વાર તરફ ગતિ કરે એ જ તો સાચી ઉત્તરાયણ છે. આ એ જ મંગલમય દિવસ છે જ્યારે ભગીરથની તપસ્યા ફળી અને સ્વર્ગમાંથી જ્ઞાનની સરવાણી જેવી ગંગાનું અવતરણ પૃથ્વી પર થયું. ગંગા સાગરમાં ભળે અને અહંકાર પરમાત્મામાં ઓગળે, એ જ આ સંક્રાંતિનો ખરો મર્મ છે.

સૂર્ય પોતાના પુત્ર શનિના ઘરે જાય છે, એ પૌરાણિક કથા આપણને પિતા-પુત્રના મિલન દ્વારા સમજાવે છે કે સંસારના ગમે તેવા કડવા સંઘર્ષો હોય, પણ સ્નેહના એક તિથિએ બધું જ ઓગળી જવું જોઈએ.

ઉત્તરાયણનું આકાશ એટલે રંગોની કવિતા. પતંગ એ આકાશમાં લખાયેલું એક સ્નિગ્ધ રૂપક છે. પતંગ એટલે કેવળ કાગળ અને વાંસની સળીઓનું માળખું નહીં, પણ આભને આલિંગવાની માનવીની આદિમ ઈચ્છા. એ પતંગમાં જ્યારે આપણે શ્રદ્ધાના 'કન્ના' બાંધીએ છીએ અને પુરૂષાર્થની 'દોર' પકડીએ છીએ, ત્યારે જ તે ઊંચાઈ ધારણ કરી શકે છે. જીવનમાં પણ ઢીલ અને ખેંચ વચ્ચેનું સંતુલન હોવું એટલું જ અનિવાર્ય છે. પવન એ વિધિ કે પ્રારબ્ધ છે; જો પવનની દિશા સમજીને પતંગ ચગાવવામાં આવે, તો સામાન્ય કાગળ પણ ગગનચુંબી બની શકે છે. આકાશમાં થતા પેચ એ જીવનના સંઘર્ષો છે. કોઈ કાપે કે કોઈ કપાય, પણ અંતે તો આપણે એ જ સમજવાનું છે કે પતન (કપાવું) અનિવાર્ય હોઈ શકે, પણ ત્યાં સુધીની ઉડાન ભવ્ય હોવી જોઈએ.

***'ઊંચે ચડવાની આશામાં હૈયું આજ***

*હલકું થયું,*

*પતંગ બનીને આભમાં મારું મનડું આજ મલકું થયું.*

*કાપો-કાપોની બૂમો વચ્ચે શાંતિની એક ધાર છે,*

*સૂર્યના રથનું આ તો મંગલમય દ્વાર છે!'*

આ પર્વમાં પ્રકૃતિના આહારનું વિજ્ઞાન પણ કેવું અદભુત રીતે વણાયેલું છે! શિયાળાની રૂક્ષતા સામે શરીરમાં સ્નિગ્ધતા જળવાય તે માટે તલ અને ગોળનું સેવન. તલ એટલે શનિની ધીરજ અને ગોળ એટલે સૂર્યનું તેજ. આ બંનેનું મિલન એટલે સામાજિક સમરસતા. ' તિલ ગુળ ઘ્યા આણિ ગોડ ગોડ બોલા ' એ મંત્ર આપણને શીખવે છે કે વ્યક્તિ ગમે તેટલી નાની હોય, જો તેનામાં પ્રેમની સ્નિગ્ધતા અને વાણીમાં મીઠાશ હોય, તો તે આખા જગતમાં ભળી શકે છે.

ઉત્તર ભારતની લોહરીનો અગ્નિ હોય, દક્ષિણનું પોંગલ હોય કે આસામનું બિહુ- દરેક સ્થાને આભારદર્શનની જ પરંપરા છે. ખેતરોમાં લહેરાતા નવા પાકને જોઈને ઈશ્વરનો આભાર માનવો, એ જ ભારતીય સંસ્કૃતિનો સાચો પરિચય છે.

પરંતુ, આ મહોત્સવમાં જ્યારે પતંગની પાંખે સપનાઓ ઉડતા હોય, ત્યારે અબોલ પક્ષીઓની પાંખ ન કપાય એનું ધ્યાન રાખવું એ જ સાચી મનુષ્યતા છે. જે માંજો કોઈ પક્ષીના લોહીથી ખરડાયેલો હોય, તે ક્યારેય ઈશ્વરના દ્વાર સુધી નથી પહોંચતો.

સાચું દાન એ છે કે આપણે આપણા આનંદ માટે બીજાના જીવને જોખમમાં ન મૂકીએ. 'કરુણા' એ જ સૌથી મોટું પુણ્ય છે. અંતે તો, ઉત્તરાયણ એ આપણી અંદર રહેલી જડતાને ખંખેરીને ચૈતન્યના માર્ગે ચાલવાનું પર્વ છે.

જે દિવસે આપણા હૃદયમાં કરુણાનો દીવો પ્રગટે, આપણી વાણીમાં તલ-ગોળ જેવી મીઠાશ ભળે અને આપણો વિચાર સૂરજની જેમ ઊર્ધ્વગતિ પામે, તે જ સાચી મકરસંક્રાંતિ.

સાથે સાથે, મકરસંક્રાંતિ આપણને શીખવે છે કે જેમ પતંગ આકાશની ઊંચાઈએ પહોંચવા માટે પવન સામે ઝઝૂમે છે અને દોરીના આધારે ટકે છે, તેમ મનુષ્યએ પણ શ્રદ્ધાની દોરી પકડીને જીવનના સંઘર્ષો વચ્ચે ઊંચે ઉઠવાનું છે.

**BANK DETAILS OF KAPOL SAMAJ DARPAN FOR RTGS**

**NAME : KAPOL SAMAJ DARPAN FOUNDATION**

**Axis bank Branch :** CUFFE PARADE

**Account :** 447010100053677

**IFSC :** UTIB0000447

**With Best Compliments From: NEELA YOGESH MEHTA & YATI RUSHI MEHTA**





**Neelyog Aarana**
Laxminarayan Lane, Near Ghatkopar Metro Railway Station,
Ghatkopar (W) One BHK/ Two BHK Flats Work in full swing





**Neelyog Regent**
Nityanand Nagar, Ghatkopar-Andheri Link Road, Ghatkopar (W),
Commercial Project on Prime Location, Work in full swing

---

Office: 1037, 10th Floor, Hubtown Solaris, N S Phadke Marg,
Andheri (E), Mumbai - 400 069.
Telefax: +91-22-6898 0000. | Email: info@neelyog.com
www.neelyog.com



કિશોર વ્યાસ




# એક અપરાધે બંને સરખા, સરખો હિસ્સો રાખો સિપૈયા સજા મને કાં આપો સિપૈયા ? સજા બેઉને આપો... !

જે રીતે લાગણીનો વૈભવ પ્રકટ કરવા માટે ફૂલ જેવી કોઈ જ અભિવ્યક્તિ નથી તેવી જ રીતે માનવનાં મનના ભાવોને પ્રકટ કરવા કાવ્ય કે ગઝલ જેવી કોઈ અભિવ્યક્તિ નથી! ઉપરોક્ત, શીર્ષ સ્થાને ચૂપચાપ આવીને ગોઠવાઈ ગયેલો શેર આમ તો એ શેર લાગણીની ભીનાશથી તરબતર છે. સિપૈયાને સાધન બનાવી સમાજને ન્યાય કરવાની કાકલૂદી કરતી ગણિકાનાં હૃદયનો એ આર્તનાદ છે.

કવયિત્રી ગોપાલી બુચ દ્વારા રચાયેલી એ ગઝલ સમાજના લોકોનાં મર્મસ્થાનને વીંધે તેવી તીવ્રતા ધરાવે છે. તેમણે ગણિકાનાં હૈયાંની હૂબહૂ વાચા વ્યક્ત કરી છે. તો, આવો મિત્રો આજે ઈર્શાદનો આરંભ કવયિત્રી ગોપાલી બુચની એ અદ્દભૂત રચનાથી કરીએ....

એક અપરાધે બંને સરખા, સરખો હિસ્સો રાખો સિપૈયા,

સજા મને કાં આપો સિપૈયા ? સજા બેઉને આપો;

મારી ચોખટ મોટાં માથાં અઆવી શીશ ઝુકાવે,

કોઈ રતિ કહે, રંભા કહે, કોઈ રાણી કહી બિરદાવે

એને આંગણ પણ જઈ પૂછો, એનો મારો નાતો સિપૈયા,

સરખો હિસ્સો રાખો સિપૈયા, સજા બેઉને આપો;

તમે કહો તો તાળાં વાંખું, કરું બજારો બંધ,

તૂટતાં ઘરને સાંધા દેવા તમે જ કરજો પ્રબંધ.

મોભ મૂછાળા ભટકે ઘર લઇ માંહ્યલો

ઝાંખો સિપૈયા,
સરખો હિસ્સો રાખો સિપૈયા, સજા બેઉને આપો.
તલવારોએ ઘરચોળાની પીંખી નાખી ભાત,
તે'દી ઘરનો ઉંબર ઠેંકી મેલી મેં મરજાદ.
હું અંધારે રમતું પંખી, કાપે અજવાળાં પાંખો સિપૈયા,
સરખો હિસ્સો રાખો સિપૈયા, સજા બેઉને આપો.
તારે આંગણ કંકુવરણી પાપા પગલીની છાપ,
એમ જ તાકે મારું ફળિયું, મારી વરસોથી વાટ.
હું તુલસી બાપુના ઘરની, પાછી લઇ જઈ સ્થાપો સિપૈયા,
સરખો હિસ્સો રાખો સિપૈયા, સજા બેઉને આપો.

એ સમાજ જ છે, જે સ્ત્રીને ગણિકા બનવા મજબૂર કરે છે અને ગણિકા અંસુઅન જળ સીંચી સીંચીને એ કાંટાળા પુષ્પને જાણ્યે અજાણ્યે પ્રેમવેલને ઉછેરે છે.. કારણકે, કવયિત્રી વ્યથા વ્યક્ત કરતાં કહે છે કે, 'તલવારોએ ઘરચોળાંની પીંખી નાખી ભાત ! તે'દિ ઘરનો ઉંબર ઠેંકી મેલી મેં મરજાદ !' એનાં ભાવ વિશ્વમાં પણ અનેક સ્વપ્નો સળવળતાં હતાં, પણ હવે એ જે કરે છે તેના માટે એ એકલી જ જવાબદાર નથી...સમાજના લોકો પણ છે અને એટલે જ ગણિકાના મોઢેથી નીકળે છે કે, 'સરખો હિસ્સો રાખો સિપૈયા, સજા બંને આપો !' કવયિત્રી પારુલ ખખ્ખરની એવી જ એક ભાવપૂર્ણ રચના છે અને મને યાદ છે ત્યાં સુધી કવયિત્રી સ્નેહા પટેલ 'અક્ષિતારકે' પણ આ વેદનાને શાબ્દિક વાચા આપી છે..!

મૌનમાં પ્રેમનો લય પેદા કરતી એક નાની બહેરની ગઝલ કવિ નિનાદ અધ્યારુએ ગુજરાતી ગઝલ સાહિત્યને આપી છે. જેમાં કોઈ પ્રકારે પ્રેમનો કોલાહલ નથી, ઘોંઘાટ નથી પરંતુ ઉત્તમ શબ્દોમાં મોભ નીતરતી મૌનની ભાષા છે. કવિ લખે છે કે,

'પૂછ નહીં, શું આકર્ષણ છે,
આજે એનું આમંત્રણ છે !
એણે હા તો પાડી કિન્તુ-
પાછળ એનું પણ..પણ.પણ છે.
મરજીવો બા'ર આવી બોલ્યો:
દરિયાની નીચે તો રણ છે !
પરપોટાને શેકી નાખ્યો,
આજે ઈચ્છાનું તર્પણ છે.
લક્ષ્મણ-રેખા છે નજરોની,
એની આંખે જે આંજણ છે.
'નિનાદ' સૂરજ મારી પીડા,
આ ગઝલો એની રજકણ છે.'

જે રીતે 'રજકણ' અને 'સૂરજ'નો પ્રયોગ કર્યો છે ત્યારે જરૂર યાદ આવે કે, 'એક રજકણ સૂરજ થવાને શમણે...' બસ એવું જ કંઇક કવિ નિનાદ અધ્યારુની આ ગઝલમાં મને તો પ્રતિત થાય છે. ઇચ્છાઓનો

પરપોટો શેકી નાખીને કવિ ઈચ્છાઓનું તર્પણ કરી નાખે છે. એ આંખે આંજેલાં કાજળને લક્ષ્મણ રેખા તરીકે દર્શાવીને ગઝલને ઊંચાઈ બક્ષે છે. છતાં મર્કટ મનની તાલાવેલી તો જૂઓ ..કે, પૂછ નહીં શું આકર્ષણ છે, આજે એનું આમંત્રણ છે..! વાહ કવિ ! એક સુંદર ગઝલ અમને આપવા બદલ આપનો આભાર.

એવા જ લયને, ભાવ સહિત સરળ શબ્દોમાં લાવે છે, કવિ અગન રાજ્યગુરુ. પ્રેમિકા અને પ્રેમી વચ્ચે એક પડદો પડેલો છે અને તેને પડદાની વિષમતાથી દૂર કરવા કવિ કહેછે કે, એ.. એ તો મને તેના ઘૂંઘટ જેવો લાગે છે ! આવો આવો મિત્રો માણીએ એક સુંદર પ્રેમ-ગઝલ...

*'સાવ કોરો છું નદીના પટ સમો,*
*કેમ રાખું વટ, તમારા વટ સમો ?*
*એક બારી ધ્યાન મારું ખેંચતી,*
*એક પડદો લાગતો ઘૂંઘટ સમો.*
*એટલો ઘૂમ્યો તમારા શહેરમાં,*
*ચોક પણ લાગે હવે ચોખટ સમો.*
*રાત છે, એકાંત છે ને આભ છે,*
*હાય ! એમાં ચંદ્ર એની લટ સમો !*
*ઓણ ચોમાસે હતો હું એકલો,*
*ઓણ છે, વરસાદ પણ વાછટ સમો !'*

પ્રેમનો અર્થ એક જ હોવાનું કવિ સમજાવે છે. પ્રેમ એટલે પ્રેમ ! એમાં અન્ય કોઈ પ્રકારના તર્કને સ્થાન નથી હોતું. એ સહેતુક ન હોય, જે સહજ હોય તે જ પ્રેમ ! નદીના પટ જેવો કોરો પ્રેમીનું ધ્યાન એક બારી ખેંચે છે અને તેના પર લાગેલો પડદો પ્રેમીને પ્રેમિકાના ઘૂંઘટ સમાન લાગ્યા કરે છે ! પ્રેમની સક્રિયતા તો જૂઓ ! એ પ્રેમિકાના શહેરમાં એટલો તો ઘૂમ્યો છે કે, હવે તેને દરેક ચોક પ્રેમિકાના ઘરની ચોખટ જેવો લાગવા માંડયો છે... અને વિરહની વાત પણ કેટલી સહજતાથી કવિએ કહી દીધી છે...

ઓણ ચોમાસે (પણ) હતો હું એકલો, (અને, તારા વગર એવું લાગે છે કે) ઓણ જે વરસાદ પડયો તેમાં ભીંજાવાની મજા જ નહોતી, પ્રેમીને એ વરસાદ માત્ર વાછટ લાગે છે ! આ જ તો છે, ચાહવાની સાચી રીત !

રણ, બાવળ, ધૂળ, થોરિયા અને પછી પાણીની શોધ...એટલે કે, પ્રેમની જ પ્યાસની વાત વણી લઈને કવયિત્રી જિજ્ઞા વોરાએ એક કાવ્ય રચ્યું છે.

બહુ માણવા જેવું છે, મિત્રો ! મને ખૂબ ગમ્યું.. તમને પણ ગમશે જ ! કવયિત્રી જિજ્ઞા વોરા લખે છે કે,

*'વાડામાં વાવેલાં થોરિયાંથી થાકીને,*
*ભાગ્યા ને પહોંચ્યા જ્યાં દૂર*
*સાવ રે અજાણ્યા એ સપનાના દેશમાં,*
*વિસ્તરતી રણ નામે ધૂળ;*
*સખી ! મને વાગી ગઈ બાવળની શૂળ..*
*જળ ના મળ્યું તો અમે રણને પી લીધું,*
*ને વંચના વિશે નથી કોઈને કંઈ કીધું,*
*રાતે ને દિવસે ને દિવસે ને રાતે, હું તો*
*ખંખેરું આયખાની ધૂળ !*

*સખી! મને વાગી ગઈ બાવળની શૂળ.*
*રણ મહીં બાવળિયે આવ્યાં'તાં ફૂલ,*
*રંગોમાં મોહ્યાં તે કેવડી આ ભૂલ?*
*એવા તે રંગોમાં શ્રધ્ધા ઝબોળી તો રણમાં ઊડ્યું રે પટકૂળ !*
*સખી! મને વાગી ગઈ બાવળની શૂળ.*
*આંખ્યુંને ધોઉં તો મારું આંજણ રેલાય,*
*જો જો આ સપનાથી એવું ન થાય*
*ભીતર ભીનાશ સાવ સૂકાતી જાય ને વિસ્તરતાં વેદનાનાં મૂળ!*
*સખી! મને વાગી ગઈ બાવળની શૂળ.*
*રણ મહીં બાવળિયે નાખ્યાં છે મૂળ,*
*ભૂલી હું ગાંડા બાવળિયાનું કૂળ*
*અંદરથી આવે પીડાનું ઝૂંડ એને કેમ કરી કાઢવું સમૂળ?*
*સખી! મને વાગી ગઈ બાવળની શૂળ.*

અહીં આ કાવ્યમાં કવયિત્રી આંગણાના વાડામાં થોરિયાં વાવે છે અને પછી તેનાથી ત્રાસી જઈને દૂર ભાગે છે તો રણની ઉડતી ધૂળ નજરે પડે છે... આ એક એવું રૂપક હોવાનું મને લાગે છે કે, જાણે સપનાંની અમૃતવેલ ઉછેરતાં તેમાં કાંટા ઊગી નીકળ્યા હોય! દરેક પંક્તિમાં આવી પીડા, દુઃખ અને દર્દ ભીતર સળવળતાં હોય તેવો અર્થ ઊગી નીકળે છે.

કાવ્યની છેલ્લી પંક્તિમાં એ બધું સપાટી પર આવી જાય છે.. 'અંદરથી આવે પીડાનું ઝૂંડ, એણે કેમ કરી કાઢવું સમૂળ?' ઘણી વખત આપને અનુભવતા હોઈએ છીએ કે, ક્યાંક અઢળક ઓછું પડે અને ક્યાંક એક સ્મિત પણ અઢળક થઇ પડે! આમ પ્રેમ ભયાહ સ્મિતની તલાસમાં બાવળ જેવી શૂળ વાગવાની વેદના કવયિત્રી બહુ સુંદર રીતે વર્ણવે છે. વાહ! જિજ્ઞા વોરા, વાહ!

કવયિત્રી જિજ્ઞા વોરાની આ રચનાનો આસ્વાદ માણતાં કવિ નરેશ ડોડિયાની એક ગઝલ સ્મૃતિપટ પર આવી ગઈ..કદાચ એ ગઝલમાં પણ જિજ્ઞા વોરા જે પીડાની વાત કરે છે, તેનો પડઘો કવિ નરેશ ડોડિયાની ગઝલમાં મને સંભળાયો હોય, એવું પણ બની શકે.. કવિ લખે છે કે:

*'ઉછીનું તેજ લઈને રોજ ઝળહળ ક્યાં લાગી થાશું?*
*નથી પાણી છતાં ઝાકળ સમું છળ ક્યાં લગી થાશું?*
*નથી આકાશ જેવો આપણો છાતીનો ઘેરાવો,*
*ડૂમો છાતીમાં લઇ વાદળ સમું બળ ક્યાં લગી થાશું?*
*હવે ફાવી ગયું છે, જિંદગીનું ટેવવશ હોવું, બધાને*
*રોજ નવતર લાગતી પળ ક્યાં લગી થાશું?*
*સમર્પિત થઇ જવાનું હોય તો 'મા'નાં ચરણ તો છે,*
*ગુલાબી પાવની લાલીની અટકળ ક્યાં લગી થાશું?*
*પતનની શક્યતા વચ્ચે ઉપાધિ હાથ ક્યાં છોડે?*
*વિસામો શોધવામાં રોજ હડ હડ ક્યાં*

*લાગી થાશું ?*

*તમારા હાથમાં હું હાથ સોંપી દઈશ બે-ધડક થઈ,*

*જીવનભર બેઉને જોડે એ સાંકળ ક્યાં લગી થાશું ?*

*કદી તો હોઠ પર હું નામ થઈને આવવાનો છું,*

*ગઝલમાં નામ સમરીને ...*

*રોજ આમ ખળભળ ક્યાં લગી થાશું ?'*

કવિ નરેશ ડોડિયાની આ રચના વાંચ્યા અને માણ્યા પછી એવું તારતમ્ય નીકળે છે કે, સમયની સાથે તો બધા સબંદ નિભાવે, પણ, મીઠાસ તો ત્યારે આવે જ્યારે સમય બદલાય, પણ સબંધ ન બદલાય ! ખરૂં ને ? પ્રેમમાં પ્રિય પાત્ર સાથે સમભાવ અને સમદૃષ્ટિને કેન્દ્રિત કરીને એક ઉત્કૃષ્ટ સપાટી પર સ્થિર થવાના પ્રયાસોને કવિએ સરળ શબ્દોમાં સુપેરે વ્યંજિત કર્યા છે.

કવિતા કે ગઝલ એ હૃદયના ભાવોને અને સંવેદનાઓને પ્રગટ કરવાનું સૂક્ષ્મ અને ઉચ્ચ માધ્યમ છે. તેમાં રસયુક્ત પદાવલિઓ હોવી જ જોઈએ. બળકટ અનુભૂતિને, નવીન કલ્પનો દ્વારા, તાર્કિક રીતે રજૂ કરાતી હોય છે. એ તમામ પરિમાણો સાથે માણો કવિ દિલીપ પરીખની આ ગઝલ:

*'કાગળમાં તારી યાદના કિસ્સાઓ લખ મને,*

*જો શક્ય હોય તો, પ્રેમના ટહુકાઓ લખ મને;*

*તારા વિના અહીં તો ધૂમ્મસ છે બધે,*

*તારી ગલીમાં કેવા છે તડકાઓ લખ મને;*

*અકળાઈ જાઉં એવા અબોલા ના રાખ તું,*

*તારા જ અક્ષરો વડે ઝઘડાઓ લખ મને;*

*તું આવશે નહીં એ હું જાણું છું, તે છતાં,*

*તું આવવાના ખોટા ઈરાદાઓ લખ મને;*

*કોઈ મને બીજા તો સહારા નહીં મળે,*

*અમથા જ તારા હાથે દિલાસા લખ મને;*

*મારા જીવનનો પંથ હજી તો અજાણ છે,*

*ક્યાં ક્યાં પડયા છે તારાં એ પગલાં લખ મને;'*

આમ તો એમ કહેવાય છે કે, જે દોડવાથી નથી મળતું એ છોડવાથી મળી જાય છે, પરંતુ આ ગઝલમાં કવિ દિલીપ પરીખ નથી તો મેળવી શકતા કે નથી છોડી શકતા એવા પ્રેમના પદાર્થ સાથે ભળી ગયા છે. નથી મુક્તિ કે નથી ભુક્તિ ! હિજરાવાની સ્થિતિનું તાદ્રશ વર્ણન કવિએ કર્યું છે. તેમણે પ્રેમમાં સબંધ જાળવ્યો છે, એ જ કહે છે કે, -

'કોઈ મને બીજા તો સહારા નહીં મળે.. અમથા જ તારા હાથે દિલાસા લખ મને..' અહીં સ્પષ્ટ પણે મુદ્રિત થાય છે કે, પ્રેમને જાળવવો હોય તો હાથ પકડી રાખો, વાત નહીં ! મિત્રો, આ ઉત્તમ રચના સાથે અહીં આજના ઈર્શાદને વિરામ આપું છું. સૌનો આભાર.



SRK GROUP
SHREE RADHE KRISHNA



# Bhavin Kirtikumar Mehta

**Sunrise : 24th November 1987 // Sunset : 03rd August 2003**



• MUMBAI • PUNE • AHMEDABAD • SURAT

JK INVESTMENT Invest in Future | BLU SWAN MEDIA | SRK REFRESHMENT | SRK NIRMAN

SRK VRINDAVAN

New upcoming residential project at

**MAHAVIR NAGAR** Kandivali west

* Vastu - compliant homes
* Ultra Luxurious 4BHK sky villa & sky suites
* Located in the Prime area of Mahavir Nagar

## ✦ GROUP CONTACTS ✦

**Mr. Kirtikumar N. Mehta** 9322219977
**Mr. Kalpesh Nitin Mehta** 9322219922
**Mr. Brijesh Haresh Mehta** 9322219744
**Mr. Vishal Atul Mehta** 9322219988
**Mr. Kartik Shailesh Mehta** 9321701042
**Mr. Jatin Haresh Mehta** 9322219722
**Mr. Darshan Mukesh Doshi** 9321701059

## ✦ Business Activity ✦

- Chain of Retail, B to B Digital Photo Labs & Personalized Gifting
- Advertising, Talent & Event Managment
- Wedding & Event Photography & Filming
- Offset & Digital Printing (Brochures, Catalogs, Coffee table book etc ).
- Wedding Album Manufacturers
- Building & Construction

સૌજન્ય :

**સ્વ. નવનીતરાય શામજીભાઈ મહેતા પરિવાર** (સિહોરવાળા)

**ADMINISTRATION OFFICE**

2Nd Floor, Shreeji Shopping Arcade, Opp. Kapol Wadi, Near S. T. Bus Depot, M. G. Road,
Borivali (E), Mumbai - 400 066 - Tel. 022-28936070
www.srkpro.com / www.srkvivaah.com / www.bluwedding.com

# મુંબઈની લાઈફલાઈન પર 'કપોળ'નામની ગુંજ: સેવા, સમર્પણ અને સંસ્કારનો અવિરત પ્રવાસ

મુંબઈ એટલે ગતિ, અને મુંબઈની લોકલ ટ્રેન એટલે આ શહેરની ધોરી નસ. રોજના ૭૫ લાખથી વધુ મુસાફરો જે રેલવે નેટવર્ક પર પ્રવાસ કરે છે, ત્યાં હવે તેમને મદદરૂપ થવા માટે 'ગ્લોબલ કપોળ વિકાસ' (GKV) મક્કમતાથી ઊભું છે. મુંબઈ પોલીસ અને રેલવેના સહયોગથી ચર્ચગેટ, અંધેરી, બાંદ્રા અને બોરીવલી જેવા મુખ્ય સ્ટેશનો પર આધુનિક 'હેલ્પ ડેસ્ક' ઊભા કરીને કપોળ સમાજે ફરી એકવાર સાબિત કર્યું છે કે મુંબઈના જાહેર જીવનમાં તેમનું યોગદાન અદ્વિતીય છે.

ઐતિહાસિક વારસો અને વૈશ્વિક ઓળખ (વિકિપીડિયા) કપોળ સમાજનો ઈતિહાસ અને મુંબઈનો વિકાસ એકબીજા સાથે વણાયેલા છે. ઇતિહાસ સાક્ષી છે કે શેઠ ગોકુલદાસ તેજપાલ હોય કે સર મંગળદાસ નથુભાઈ, કપોળ રત્નોએ મુંબઈમાં હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ અને પાંજરાપોળોનું નિર્માણ કરીને સમાજસેવાને એક નવી ઊંચાઈ આપી હતી.

આ ગૌરવવંતા ઈતિહાસની નોંધ હવે વૈશ્વિક સ્તરે લેવાઈ રહી છે. તાજેતરમાં જ 'કપોળ કોમ્યુનિટી' (Kapol Community) નું ઓફિશિયલ વિકિપીડિયા પેજ પણ તૈયાર કરવામાં આવ્યું છે અને તે હવે સક્રિય (Active) છે. દુનિયાના કોઈ પણ ખૂણેથી જ્યારે કોઈ સર્ચ કરશે, ત્યારે આપણા પૂર્વજોનું યોગદાન અને કપોળ સમાજની સેવાકીય પ્રવૃત્તિઓનો સુવર્ણ ઈતિહાસ તેમને આ ડિજિટલ માધ્યમથી જોવા મળશે. આ આપણા સૌ માટે અત્યંત ગૌરવની વાત છે.




આધુનિક યુગમાં 'કપોળ બ્રાન્ડ'નું નવનિર્માણ આજે, એ જ પરંપરાને આગળ વધારતા, ગ્લોબલ કપોળ વિકાસના સ્થાપક શ્રી હિતેનભાઈ ભુતા અને તેમની ટીમે એક દૂરંદેશીભર્યું પગલું ભર્યું છે. રેલવે સ્ટેશનો પર ઊભા કરાયેલા આ 'હેલ્પ ડેસ્ક' માત્ર લાકડા કે કાચના કેબિન નથી, પણ તે કપોળ સમાજની 'સેવા' અને 'સધિયારા'નું પ્રતિક છે.

જ્યારે લાખો મુસાફરો રોજ આ હેલ્પ ડેસ્ક પર 'ગ્લોબલ કપોળ વિકાસ'નું નામ વાંચશે અને




ત્યાંથી મદદ મેળવશે, ત્યારે જનમાનસમાં કપોળ સમાજ પ્રત્યેનો આદર અને ગૌરવ અનેકગણો વધી જશે. પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં આ પ્રકારની ભાગીદારી સમાજની વિઝિબિલિટી (Visibility) વધારે છે અને એક મજબૂત 'બ્રાન્ડ' તરીકે કપોળ સમાજને પ્રસ્થાપિત કરે છે.

ટીમ વર્ક અને નેતૃત્વ આ ભગીરથ કાર્યને સફળ બનાવવા માટે પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી મુકેશભાઈ મહેતા (જેઓ પોલીસ મિત્ર તરીકે પણ સેવા આપે છે), અને (GKV) ના તમામ સ્વયંસેવકોનું યોગદાન અમૂલ્ય છે. પોલીસ કમિશનરના 'એરપોર્ટ સ્ટાઈલ' સુવિધાના વિઝનને સાકાર કરવામાં કપોળ સમાજે જે તત્પરતા દાખવી છે, તેની નોંધ આજે આખું મુંબઈ લઈ રહ્યું છે. બોરીવલીથી શરૂ થયેલી આ સફર હવે દાદર, વસઈ અને ભાયંદર જેવા ૧૦ મોટા સ્ટેશનો સુધી વિસ્તરી રહી છે, જેમાં અંદાજે ૪૦ લાખ રૂપિયાનો ખર્ચ સમાજ દ્વારા કરવામાં આવશે. સમાપન વિકિપીડિયા પર આપણા ઈતિહાસની નોંધ અને રેલવે સ્ટેશન પર આપણી વર્તમાન સેવા - આ બંને બાબતો સાબિત કરે છે કે કપોળ સમાજ સમયની સાથે કદમ મિલાવીને ચાલે છે. મુંબઈના જાહેર જીવનમાં કપોળ સમાજની આ ભાગીદારી આવનારી પેઢીઓ માટે પ્રેરણારૂપ બની રહેશે.

## કુશ દેવાંગ મહેતાને અભિનંદન





તા- ૪ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ શ્રી મહાવીરનગર દહાણુંકર વાડી કપોળ સમાજ દ્વારા કપોળ પ્રિમિયર લીગ (KPL) ક્રીડ્સનું આયોજન પોઈસર જિમખાના, મધ્યે થયું હતું. જેના અંતર્ગત ૮ વર્ષથી ૧૧ વર્ષ અને ૨ વર્ષથી-૧૬ વર્ષના બાળકોએ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો. પ્રથમ ગ્રુપ ૮ થી ૧૧ વર્ષમાં કેપ્ટન કુશ દેવાંગ મહેતાની ટીમ વિજયી બની. કુશે કુશળ સંચાલન કરીને પોતાની ટીમને વિજય અપાવ્યો હતો. શ્રી વિવેક વિરલ ચિતલિયા આ ઈવેન્ટના પ્રાયોજક હતા, કુશ શ્રીમતી પુનમ દેવાંગ ધીરેન મહેતાનો પુત્ર છે. કુશ રુસ્તમજી સ્કૂલમાં ૪થા ધોરણમાં અભ્યાસ કરે છે.

કુશને કપોળ સમાજ દર્પણના હાર્દિક અભિનંદન.

# વૈષ્ણવ સંપ્રદાય દ્વારા પ્રથમવાર ભાગવત સપ્તાહનું આયોજન




વૈષ્ણવ સંપ્રદાયએ ( મોતી મેન્શન) દ્વારા પ્રથમવાર ભાગવત સપ્તાહનું આયોજનગોવર્ધનની તળેટી જતીપુરામાં આયોજન કર્યું હતું. વ્યાસપીઠ પર પરમ પૂજ્ય શ્રી નરેશભાઈ રાજ્યગુરુના શ્રીમુખેથી કથાનું અમૃતપાન સહુએ માણ્યું.


કથામાં સંગીત વાદક હરેશભાઈએ વૈષ્ણવોને સંગીતના તાલમાં ઓતપ્રોત કરી દીધા હતા તેમજ કથા દરમિયાન રામ જન્મ, કૃષ્ણ જન્મ, રુકમણી વિવાહ, નૃસિંહ અવતાર, વામન અવતાર, ગિરિરાજ ઉત્સવ, કુનવારો જેવા પ્રસંગોને કલાકારોએ વ્રજની ભૂમિ પર સાક્ષાત જીવંત કરી શ્રી કૃષ્ણલીલાની ઝાંખી કરાવી હતી. ભાગવત સપ્તાહની સાથે સાથે ગોકુલ, વૃંદાવન, નંદગામ, બરસાનાની સહેલનો આનંદ કર્યો તેમ જ મથુરામાં વર્ષાબેન યોગેશભાઈ મહેતા તરફથી યમુનાજીમાં ચૂંદડી મનોરથ કર્યો હતો. આ સપ્તાહના મુખ્ય યજમાન વર્ષાબેન મહેતા સાથે અન્ય દાતાઓના સહકારથી સપ્તાહ એક યાદગાર પ્રસંગ બની ગયો. કુલ ૩૦૪ વૈષ્ણવો સહભાગી થઈ કથાનું અમૃત રસપાન કર્યું હતું. ક્ષણમાં પ્રેરિત થયેલો ભાગવત સપ્તાહની જાત્રાએ વૈષ્ણવોને લઈ જવાનો ભાવ પાર પાડવા અનેક જાતની પૂર્વ તૈયારીઓ કિરણભાઈ ચિતળીયા, પંકજભાઈ મેહતા, ભરતભાઈ મોદી, દિલીપભાઈ પારેખ, સંજયભાઈ જાંગલા, પ્રકાશભાઈ વોરા એ ભરપૂર મહેનત કરી છે.

**લેખક: પલ્લવીબેન ધીરેન્દ્ર શાહ**



# હેમરાજભાઈ ...પલ દો પલ કિસી કે કામ આ જાયે

– સંજય પંડયા




આચાર્ય વિનોબા ભાવેને એક પ્રશ્નકર્તાએ પૂછ્યું હતું, ''તમારા જીવનનું ધ્યેય શું છે?'' વિનોબાજીએ બહુ સરસ જવાબ આપ્યો હતો, ''પલ દો પલ કિસી કે કામ આ જાયે!''

આચાર્ય વિનોબાજીના આ જવાબને મુ. હેમરાજભાઇએ દાયકાઓથી આત્મસાત કરી લીધો હોય એવું મને લાગે છે. ૮૨ વર્ષના હેમરાજ શાહની ઉંમરના આંકડામાં ઉલટ સુલટ થઇ ગઇ હોય એવું કંઇક બન્યું હોઇ શકે? કારણ એમની આંખોમાં ચમક અને હૃદયનો ઉત્સાહ ૨૮ વર્ષના યુવાનનો છે. જે ઉત્સાહથી તેઓ, દાયકાઓથી સામાજિક, શૈક્ષણિક અને સાહિત્યના કાર્યો અને કાર્યક્રમો કરતા રહ્યા છે એ કોઇ યુવાનની ઉર્જા કરતાં વધુ ભાસે!

એમના જીવનની શરૂઆત સામાન્ય માનવી કરતાં અલગ રહી છે. મા બાપનું છત્ર સાવ નાની ઉંમરે એમણે ગુમાવ્યું. એટલી નાની ઉંમરે કે માતા પિતાની છબિ પણ આંખોમા ન સચવાઇ. મોટાભાઇની અને મોટીબહેનની છત્રછાયામાં એમનો વિકાસ થતો રહ્યો. જોકે કેટલાંક વર્ષો મ્યુનિસિપાલટી શાળામાં પણ એમણે શિક્ષણ લીધું. એસએસસીનો અભ્યાસ એમણે માટુંગા બોર્ડિંગમાં રહી પૂરો કર્યો. જીવનની વાસ્તવિકતા કેવી હોય એનો પરિચય એમને કિશોરાવસ્થામાં શાળા જીવનમાં જ મળી ગયો. એમના પિતામાં ઉદારતા અને સેવા ભાવના જે ગુણ હતા એ હેમરાજભાઇના લોહીમાં પણ ઉતર્યા છે. તેઓ જે શાળામાં કેટલાંક વર્ષ ભણ્યા એ શાળાના ૮૦% વિદ્યાર્થીઓ સમાજના ગરીબ પરિવારમાંથી આવતા. એ ઉંમરે જ જાણે કે એમની સેવાયાત્રાના મંડાણ થયાં. શાળાના એ ગરીબ સહાધ્યાયીઓને વિદ્યા સહાય થાય એવા ઉમદા હેતુથી એમણે ફિલ્મનો એક શો રાખ્યો હતો. એની આવકમાંથી ગરીબ વિદ્યાર્થીઓને વિદ્યા મેળવવા મદદરૂપ થાય એવી પ્રવૃત્તિનો એમણે આરંભ કર્યો હતો.

સમાજ પાસેથી જે મળ્યું એના કરતાં વધુ, સમાજને કોઇને કોઇ રીતે પાછું આપવું એ સાચા સમાજસેવકની નિશાની છે. હેમરાજભાઇએ આ વાતને પોતાનો જીવનમંત્ર બનાવ્યો છે. હેમરાજભાઇએ આપબળે અનેક સંપર્કો ઊભા કર્યા છે જેમાં કચ્છી કે ગુજરાતી સમાજના અનેક દાતાઓનો સમાવેશ થાય છે. એક ઉત્તમ સામાજિક કાર્ય કરી, ઝાકઝમાળવાળા કાર્યક્રમ દ્વારા દાતાઓને પોંખવાનો કાર્યક્રમ યોજવો એ પણ હેમરાજભાઇની લાક્ષણિકતા રહી છે. કદાચ એ રીતે હેમરાજભાઇ દાતાઓને પોતાની આસપાસના પરિઘમાં સારી રીતે રાખી શકે છે. આખરે તો સમાજનું ભલું થાય એ ભાવના જ એમના કાર્યો પાછળ રહેલી હોય છે.

કચ્છમાં વિવિધ આપદા વખતે ત્યાંની પ્રજાને મદદ પહોંચાડવાની હોય કે મુંબઇની જ્ઞાતિઓને કે સમાજને સાથે રાખવાના હોય હેમરાજભાઇની કાબેલિયત બધે જ દેખાઇ આવે.

સાહિત્ય સાથે જોડાયેલી વ્યક્તિ તરીકે મને, મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી માટે એમણે જે કાર્ય કર્યું છે એ કાબિલેદાદ લાગે છે. મુ. દીપક મહેતા અને મુ. નિરંજન મહેતાને સાથે રાખીને એમણે અકાદમીની પ્રવૃત્તિનો વિસ્તાર વધાર્યો. નવા લેખકને પ્રથમ પુસ્તક માટે અનુદાન આપવાનું શરૂ કરાવ્યું. અનેક નવી કલમોને એ નિમિત્તે પોતાનું પુસ્તક પ્રકાશિત કરવાની તક સાંપડી. સરકારી સ્તરેથી અકાદમીની પ્રવૃત્તિઓ માટે જાહેર થયેલા ફંડ, અકાદમીની પ્રવૃત્તિઓ માટે સમયસર ફાળવાય એ લોઢાના ચણા ચાવવા જેવી વાત હતી, પણ હેમરાજભાઇએ એ કઠિન કાર્યને પણ આસાન બનાવી અકાદમીની પ્રવૃત્તિને વેગ આપ્યો.

આપણા હાથે સારા કાર્ય થાય એમાં પણ ઈશ્વરનો સંકેત હોય છે. અભાવો વચ્ચે જેનું બાળપણ વીત્યું છે એ અન્યની વેદના વધુ સારી રીતે સમજી શકે. આવું સંવેદનશીલ હૃદય મેળવવું એ પણ ઇશ્વરકૃપા જ ગણાય. હેમરાજભાઇના ચહેરાનુ સ્મિત અને આંખોની ચમક એ એમના સેવા કાર્યની દેન છે. એમની ઉપર ઇશ્વરકૃપા વરસતી રહે એ જ શુભકામના.

# સોલાપુર ગુજરાતી મિત્ર મંડળ દ્વારા પુરસ્કાર એનાયત સમારોહ યોજાયો



મુંબઈઃ સોલાપુર ગુજરાતી મિત્ર મંડળના માજી અધ્યક્ષ તથા ટ્રસ્ટી સ્વ. મહેન્દ્રભાઈ શાહના સ્મરણાર્થે આપવામાં આવતો પુરસ્કાર આ વર્ષે સમાજ સેવક સોલાપુરના દિવ્યકાન્તભાઈ ગાંધીને તાજેતરમાં મંડળના પ્રમુખ મુકેશભાઈ મહેતાના હસ્તે અપાયો હતો, જેમાં એકવીસ હજાર રૂપિયા, શાલ અને સ્મૃતિચિહ્ન એનાયત કરાયા હતા. ઉપપ્રમુખ મણિકાન્તભાઈ દંડએ સ્વાગત કર્યું હતું. મંડળના અધ્યક્ષ મુકેશ મહેતાએ સંસ્થાની પ્રવૃત્તિની માહિતી અને સ્વ. મહેન્દ્રભાઈ શાહ વિશે માહિતી આપી હતી. સંદીપ ઝવેરીએ પુરસ્કાર મેળવનાર દિવ્યકાન્તભાઈનો પરિચય આપ્યો હતો અને કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. અતિથિ વિશેષ તરીકે જૈન અલ્પસંખ્યક મહામંડળના પ્રમુખ લલિતભાઈ ગાંધી હાજર રહ્યા હતા. એમનો પરિચય કૌશિક શાહે આપ્યો હતો. મંડળના યુવા ફોરમના સચિવ પાર્થ દાવડાએ આભારવિધિ કરી હતી. આ પ્રસંગે મંડળના ટ્રસ્ટી રમેશભાઈ ગોરડિયા, સ્વાતીબેન દેસાઈ, ચિમનભાઈ પટેલ, જગદીશ પટેલ, મનિષ રાંભિયા, કેતન શાહ, જ્યોતિબેન શાહ, મહિલા વિભાગના અધ્યક્ષા પ્રીતિબેન શાહ, યુવા ફોરમના અધ્યક્ષ ચંદ્રેશ માધુ, શશીકાંતભાઈ ગાંધી, હિતેન્દ્ર વોરા, કાન્તિભાઈ પટેલ, ધિરેન ગડા, ભારતીબેન પટેલ, જીતુભાઈ પટેલ, મેહુલ પટેલ, ભરત શાહ તથા સમાજના સભ્યો તેમ જ દિવ્યકાન્તભાઈ ગાંધીના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ધર્મ નિરપેક્ષતા !

જાણિતા લેખિકા શરિફા વીજળીવાળાએ પોતાની બા વિષેના નિબંધમાં કહેલ એ સમયના હિંદુ-મુસ્લિમના સંબંધોની મીઠાશની વાત સમજવા લાયક છે. તેમના જણાવ્યા મુજબ; 'ગણેશ ચોથે અમારે ઘરે તપેલું લાડવાથી છલકાઈ જાય ને ઈદના દિવસે એ બધાં ઘરોની ગણતરી પ્રમાણે અમારે ઘેર ખીર બને'. આ કહેવાય સાચી ધર્મ નિરપેક્ષતા !

નવીન મોદી

*With Best Compliments From :*

SHRIJI

KRAFT DECORATORS PVT. LTD. DESIGNERS

ENGINEERS & DESIGNERS

Civil Interior & Fit-Out Contractors

-: Specialize in :-

Banks ] Corporate Offices ]

Multinational Companies

SATISH BHUVA o YOGESH JARIWALA

: Address :

501 Gitanjali Arcade, Nehru Road,
Vile Parle (E), Mumbai - 400 057. INDIA
TEL.: 2619 1044 / +91-22-2616 2989
Email : shrijikraft@shrijikraft.com
Website : www.shrijikraft.com

# ગુજરાતી માતૃભાષા અભિયાન સાંગલી સાથે મહારાષ્ટ્રના અન્ય શહેરોમાં

ટહુકો ફાઉન્ડેશન તથા શ્રી સાઈ સાર્વજનિક ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ગુજરાતી શિક્ષક તાલીમ શિબિરનું આયોજન કવિ શ્રી હિતેનભાઈ આનંદપરા તેમજ સોલાપુરના મુકેશભાઈ મહેતાની રાહબરીમાં સાંગલી ખાતે શ્રી ગુજરાતી સેવા સમાજ સાંગલીના યજમાન પદે સાંગલીની માતૃશ્રી ગંગામાં શિવજી કોઠારી ગુજરાતી વિદ્યાલયમાં તા. ૯ /૧૦/૧૧ જાન્યુઆરી ૨૦૨૬ ત્રણ દિવસ માટે કરવામાં આવ્યું હતું. જેમાં ૬૫ તાલીમાર્થીઓએ ભાગ લીધો.




શ્રી સાઈ સાર્વજનિક ટ્રસ્ટના સ્થાપક ટ્રસ્ટી સીએ અનંતરાય મહેતાના માર્ગદર્શનમાં મીનાબેન મહેતા તથા આજીવન શિક્ષિકા નેહાબેન કેશવાણીએ આ શિબિરનું સંચાલન કર્યું હતું. શરૂઆતમાં શ્રી ગુજરાતી સેવા સમાજ સાંગલીના પ્રમુખ શ્રી કાંતિભાઈ વીરજીભાઈ વામજાએ સ્વાગત કરતાં જણાવ્યું કે સંસ્થા છેલ્લા ૭૦ વર્ષથી શૈક્ષણિક, સાંસ્કૃતિક, વૈદકીય, રમતગમત ક્ષેત્રમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરે છે. અંગ્રેજી માધ્યમના બાળકોને ગુજરાતી શીખવવાના વર્ગો સાંગલીમાં



વેકેશનમાં ચાલુ કરવા માટે સંપૂર્ણ સહકારની ખાતરી આપી છે.

શ્રી અનંતરાય મહેતાએ જણાવ્યું કે સાઈ સાર્વજનિક ટ્રસ્ટ છેલ્લા ૩૦ વર્ષથી વેકેશનમાં ગુજરાતી શીખવવાના વર્ગો મુંબઈમાં ચલાવે છે. તે માટે મીનાબેન મહેતા સંપાદિત 'માતૃભાષાના માર્ગે' પુસ્તક તૈયાર કરેલ છે.

ગયા વર્ષે કવિ શ્રી હિતેનભાઈ આનંદપરાના સહયોગથી ચર્નીરોડ, કાંદીવલી ઇસ્ટ/વેસ્ટ, ઘાટકોપર, મલાડ વેસ્ટ, ચેમ્બુર અને મુલુંડ ખાતે વર્ગો શરૂ કરવામાં આવ્યા હતા. સોલાપુર મિત્ર મંડળના પ્રમુખ તેમજ મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળના ઉપાધ્યક્ષ શ્રી મુકેશભાઈ મહેતાએ જણાવ્યું કે મુંબઈની બહાર પહેલી શિબિર સોલાપુરમાં કરી હતી. આવી શિબિરો મહારાષ્ટ્રના અન્ય શહેરોમાં પણ કરવામાં આવશે.

શ્રી ગુજરાતી સેવા સમાજના મંત્રી શ્રી રમણીકભાઈ દાવડાએ શિબિરમાં માતૃભાષાનું મહત્વ સમજાવ્યું. ગુજરાતી વિદ્યાલયના આચાર્ય હસમુખભાઈ જાદવ, ઉપાચાર્ય ચિરાગ પટેલ, વગેરેએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા.

## અભિનંદન

શ્રીમતી ભૂમિ અને શ્રી ફોરમ સંઘવીની પુત્રી તથા કાંદિવલી વેસ્ટની ઠાકુર ઈન્ટરનેશનલ સ્કૂલમાં આઠમા ધોરણમાં અભ્યાસ કરતી સરગમ ફોરમ સંઘવી હાલમાં જ ' અન્ડર આર્મ ક્રિકેટ સ્પર્ધામાં 'વુમન ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવી હતી. અને તેણીની ટીમને ક્રિકેટ મેચમાં વિજેતા ટીમ જાહેર કરવામાં આવી હતી.

ટ્રોફી અને શિલ્ડ દ્વારા આપીને સરગમનું જાહેર બહુમાન કરવામાં આવ્યું હતું.

નોંધનીય છે કે જાણીતા કપોળ લેખક અને કવિ શ્રી ભરતભાઈ સંઘવી અને શ્રીમતી મીનાબેન સંઘવીની પૌત્રી અને શ્રીમતી રીટાબેન કમલેશભાઈ મોદીની દોહિત્રી કુ. સરગમ છેલ્લાં બે વર્ષથી એની સ્કૂલના બધા જ ડિવિઝનમાં સર્વોચ્ચ માર્ક મેળવીને પ્રથમ આવી છે.



# Kapol Vidhyanidhi International School (ICSE)

## Kaleidoscope-2025

## A Vibrant Celebration of Curiosity at KVIS

**29-11-2025**ના દિને સવારે ૯.૦૦ કલાકે પ્રિ-પ્રાયમરી અને પ્રાયમરી વિભાગનું **KIDZ KALEIDOSCOPE EVENT**નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શાળાના **ચેરમેન શ્રીમતી અલ્કાબેન વોરા,** મુખ્ય અતિથિ **શ્રીમતી નોરિન્હા ફર્નાન્ડીઝ** તેમ જ **(M.P.) શ્રી ગોપાલ શેટ્ટી, પ્રિન્સિપાલ શ્રીમતી ડો. રેશ્મા હેગડે** આ પ્રસંગે હાજર હતાં.

બાળકોમાં બાળપણથી જ વૈજ્ઞાનિક વૃત્તિ કેળવાય તે દૃષ્ટિએ આવી ઇવેન્ટનું આયોજન કરવામાં આવે છે. બાળકોએ ગેલેક્ષી, હવા, હેલ્થી ફૂડ, પર્યાવરણ, રોબોટીક વગેરે વિષયો ઉપર વિવિધ પ્રોજેક્ટ **Skill** બેઝ બનાવ્યા હતા, જે ખરેખર અદ્‌ભુત હતા. નાના બાળકોએ પોતાની વયક્ષાનુસાર સુંદર સ્પીચની પણ રજૂઆત કરી હતી, જે ખરેખર અવર્ણનીય હતી. મ્યુઝિક, ડ્રામા અને ડાન્સ દ્વારા વાતાવરણ રંગીન થયું હતું. બાળકો અને વાલીઓ ખૂબ જ ઉત્સાહિત હતાં. શિક્ષકોના સહકારથી આ ઇવેન્ટ સફળ નીવડી હતી. વાલીઓએ **ચેરમેન શ્રીમતી અલ્કાબેન વોરા**નો અને ટ્રસ્ટીઓનો આભાર માન્યો હતો. જેઓ બાળકોના ભવિષ્યના ઘડવૈયા છે અને તેમણે સુંદર શાળા ઇમારત અને સગવડો આપી છે તેમ જ અનેક કાર્યક્રમો માટે હંમેશાં સપોર્ટ કરે છે. આથી બાળકોનું ઓવરઓલ ડેવલપમેન્ટ ખરેખર થાય છે એનો અમને સંતોષ છે. **Every Programme at.**

**KVIS remains holistic, joyful and truly enriching for all.**

## 20th Annual Athletic Meet (2025-26)

કપોળ વિદ્યાનિધિ ઇન્ટરનેશનલ **(ICSE)** શાળાનો ૨૦મો વાર્ષિક સ્પોર્ટ્સ મહોત્સવ તા. ૮-૧૨-૨૦૨૫ના રોજ પ્રિ. પ્રાયમરી અને પ્રાયમરી વિભાગનો અને તા. ૦૯-૧૨-૨૦૨૫ના રોજ માધ્યમિક વિભાગનો રોજ પોઇસર જીમખાના ગ્રાઉન્ડમાં ઉજવવામાં આવ્યો હતો.

**આ પ્રસંગે શાળાના ચેરમેન શ્રીમતી અલ્કાબેન વોરા, ટ્રસ્ટી શ્રી પરેશભાઈ વોરા, શ્રી હેમંતભાઈ સંઘવી, મુખ્ય અતિથિ (M.P.), શ્રી ગોપાલભાઈ શેટ્ટી, શ્રીમતી પ્રિયંકા મોરે, કોર્પોરેટર, મી. સંદીપ યાદવ a Wrestler, પ્રિન્સિપાલ શ્રીમતી રેશ્મા હેગડે, વાલીઓ અને વિદ્યાર્થીઓ હાજર હતા.**

આ ઇવેન્ટમાં ૧૨૭ **achievers** જેમણે **Regional State, National** અને **International Level** પર **Sports** જેવી કે કબડ્ડી, ખો-ખો, કરાટે, ક્રિકેટ, રનીંગ વગેરે ક્ષેત્રમાં સિદ્ધિ હાંસલ કરનાર સર્વ વિદ્યાર્થીઓનું જાહેરમાં સન્માન કરવામાં આવ્યું. તેમ જ તેમના કોચ શિક્ષકોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. જે ખરેખર પ્રશંસનીય હતું.

કાર્યક્રમની શરૂઆતમાં માર્ચ પાસ્ટ દ્વારા અતિથિનું સન્માન તેમ જ મશાલ પ્રગટાવી સ્પોર્ટ્સની શરૂઆત થઈ હતી. સુવ્યવસ્થિત બેન્ડના ધ્વનિથી વાતાવરણ ગુંજી ઊઠ્યું હતું. રંગબેરંગી બલૂનથી આભ પણ સજી ઊઠ્યું હતું. ચંદ્ર અને સૂર્ય બન્ને આકાશમાં જોવા મળ્યા હતા. આવા અદ્‌ભુત નજારામાં શાળાના વિવિધ કાર્યક્રમોની રજૂઆત થઈ હતી, જેવા કે ઝુમ્બા, યોગા, કરાટે, રામાયણ, પિરામિડ જેવા અનેક ડિસપ્લેની રજૂઆત થઈ હતી.

તે સાથે **30m to 500m, run races, realy races fun races, shotput,long jump** જેવી અનેક **sports games**નું આયોજન કરવામાં આવ્યું હતું. શિસ્તબદ્ધ રીતે આ ઇવેન્ટની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના ચેરમેને સ્વયં હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. તે સાથે વિદ્યાર્થીઓને મેડલ અને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા.

**20th Annual Athletic Meet Celebrating achievements unity and vibrant sporting spirit that forms the heart beat of Kapol Vidyanidhi International School.** ◆


KVIS
KAPOL VIDYANIDHI INTERNATIONAL SCHOOL (CISCE)
TEMPLE OF KNOWLEDGE
20th Annual Athletic Meet
2025-26
SPORTS CHAMPION OF OUTSTANDING MERIT FROM KVIS
CONGRATULATIONS TO ALL WINNERS OF 2025-26
KEEP GOING WHE
Sports Culmination
KAPOL VIDYANIDHI INTERNATIONAL SCHOOL (CISCE)

## "SDM college of Ayurveda and Hospital, Hassan, Karnataka"



અમારા ફ્રેન્ડ ડોક્ટરની દીકરી તે કોલેજમાંથી ગોલ્ડ મેડાલિસ્ટ આર્યુવેદિક ડોક્ટર બની છે તે મારા હસબન્ડને કહે અંકલ આપને આર્યુવેદમાં બહુ જ ઈન્ટરેસ્ટ છે તો તમે ત્યાં જઈ આવો !! તમને બહુ જ ગમશે !! અમે બંને ત્યાં ગયા. અમે સૂટ બૂક કરાવ્યો હતો, એટલે રૂમમાં જ મસાજ, શિરોધારા, દરેક આપણા શરીરના અંગોનું રિજુએનેશન થેરેપી (પંચકર્મ) આ સેન્ટરમાં કરવામાં આવે !! આખો દિવસ તો અલગ અલગ ટ્રીટમેન્ટ ચાલુ હોય ! પણ સાંજે પાંચ વાગ્યે ફ્રી થઇ જઇએ ! એટલે વિચાર્યું કે આપણે મિત્રો બનાવવાનો ચાન્સ છે તો તક ઝડપી લેવી !

સાંજે સૌ જમવા માટે ભોજનાલયમાં મળ્યા, અમે દરેક ને હલો, હાય કરી પરિચય કર્યો ! પછી કહ્યું કે અત્યારે આપણે એમ કરીએ કે અમારે ત્યાં સૌ પધારો ! બે કલાક સૌ સાથે બેસીને આનંદ કરીએ !

દરેક તૈયાર થઈ ગયા ! અમે દરરોજ મળીને ત્યાંની સંસ્કૃતિ વિશે, એક આર્મીનો યંગમેન પગની ટ્રીટમેન્ટ માટે, આવેલ તેમની ફિયાનસી સાથે, લંડનથી એક યંગ દીકરી આવી હતી, બાકી ત્યાંની આજુબાજુ વાળા રેગ્યુલર આવનાર ! દરેકના વિશે જાણ્યું ! પછી તો દરરોજ બે કલાક ગીતોની અંતાક્ષરી રમીએ ને આનંદ કરીએ ! સૌના વિચારો સાથે મિત્રતા બંધાઈ, અમારા ૧૭ દિવસ ક્યારે પસાર થઈ ગયા ! ફરીથી ક્યારે જલદી મળશું !

અમે નીકળી રહ્યા હતા ત્યારે સૌ ગાડી સુધી મૂકવા આવ્યાં ! ઓનલાઇન મિત્રતા ! ફરીથી આવો ત્યારે અમારે ત્યાં બે દિવસ જરૂર રોકાવાનું ! અને ઓનલાઇન તેમના પરિવારના સભ્યો સાથે ઓળખાણ પણ કરાવી. આર્મીનું કપલ્સ અહીં લોનાવલા પણ જોવા આવી ગયું. !

'કૃષ્ણ જેવી મિત્રતા, રાધા જેવો પ્યાર, જીવનમાં થાય હર્ષ ઉલ્લાસ ! - ***કુંદન બહેન મહેતા***

*With Best Compliments*

*From*

❖ શુભેચ્છકો ❖

**કૃષ્ણકાંત ચિતલિયા**

**સુરેશ ચિતલિયા**

**અરૂણ ચિતલિયા**

**Manufacturer - Exporters - Agency**

*Jewellery-Plastic-Electronic - Electrical Insulation*
*Capacitors - Stationery - Garment Accessories*
*Icecream- Mineral Water- Aerated Water*

- : Office : -

ચિતલિયા હાઉસ,
૪થે માળે, ૨૭૪, ડો. સી.એચ. સ્ટ્રીટ,
ધોબીતળાવ, મુંબઇ–૪૦૦ ૦૦૨.
Tel.: 220065503 / 22008 3786

- : Factory : -

Voles Lighting & Plastic Industries
Voles House, Plot N0. D-4, 20th Road, MIDC,
Marol, Andheri (E), Mumbai.
Tel.: 40762001 / 66929117 / Fax: 2822 0916
E-mail : chitalia@mmia.biz / Website : www.vpli.in
Mumbai - Daman - Andheri



વિજય સંઘવી

# સારા કામમાં સો વિઘ્નો : ભગવાનને પણ ...



મિત્રો, આજે અયોધ્યાના રામમંદિર વિષે ફરી વાત કરીએ. આમ તો આ વિષય બહુ જ ગાજ્યો હતો અને બધો એના વિષે બધું જાણે છે. પણ હું તમને એમ કહેવા માંગું છું કે સારા કામમાં માણસને જ નહિ ભગવાનને પણ અડચણો નડે છે.

અયોધ્યાના રામમંદિર બનતાં પણ અણધારી કેટલીય તકલીફો આવી પડી હતી. પણ એ બધી છેવટે આશીર્વાદ સમી નીવડી.

૯મી નવેંબર ૨૦૧૯ની સવારે આમ તો અયોધ્યા શાંત હતી, પણ તેની હવામાં જે સુસવાટો હતો તે હકીકતમાં સન્નાટો હતો. પોણા પાંચસો વર્ષના સંઘર્ષ પછી તે દિવસોની અત્યંત આતૂરતાથી રાહ જોવાતો સુપ્રીમકોર્ટનો જે ચુકાદો આવ્યો, તે આમ તો બધા પક્ષોએ પહેલેથી કરેલા વાયદા પ્રમાણે, સ્વીકારી લીધો. હિંદુ પક્ષ માટે તો તે ભવ્યાતિભવ્ય વિજય હતો. સદીઓથી જોયેલું સ્વપ્નું હવે સાકાર થવામાં હતું. બહુ જલદી એક સ્વતંત્ર ટ્રસ્ટ બનાવી દેવાયું. અને એને રામમંદિર બાંધવાનું અને એનું સંચાલન કરવાનું કામ સોંપી દેવામાં આવ્યું.

ફાઉંડેશન કરવાનું (પાયો ખોદવાનું) કામ હજુ શરૂ થયું જ હતું ત્યાં દુનિયા આખી કોવિડની મહામારીમાં ડૂબી ગઈ (ફેબ્રુ. ૨૦૨૦). બધું જ કામ ઠપ થઈ ગયું. જાણે આખી દુનિયા જ થંભી ગઈ.

પણ રામભક્તોનો ઉત્સાહ એટલો પ્રચંડ હતો કે પાયાનો પહેલો પથ્થર જમીનમાં નખાઈ ગયો. પાયાનો ખાડો મોટો થતો ગયો અને વધુ ને વધુ પથ્થરો તેમાં નખાતા ગયા. કારસેવકોને મોંઢે માસ્ક પણ હૃદયમાં જોશ

પથ્થરો તોડવા માટે પડતો દરેક રામભકતોના હૃદયનો હથોડો બની રહ્યો. મંદિર નિર્માણના કામને કોવિડ પણ રોકી શકે તેમ ન્હોતું...

કોવિડ પછી હવે બીજું સંકટ આવ્યું. તે પણ ગંભીર સંકટ હતું. અયોધ્યાની જમીન અને માટી, ઘણાં વર્ષોથી અન્ય સર્વત્ર સફળ રહેલી 'પાઈલીંગ ટેકનીક' (ચણતરની કળા) સ્વીકારવા તૈયાર નહોતી. પાઈલીંગ કરે ત્યાં માટી ધસી પડે. રામભક્તો અને મજૂરો માટે દિવસો કાળી રાત બની ગયા. પાયા ઊભા રહેજ નહિ તો મંદિરની ઈમારત કેવી રીતે બને ?

પણ આ સંકટ પણ સારા માટે આવ્યું હોય તેમ કેટલાક ઇજનેરોને સુઝી આવ્યું કે આપણી સદીઓ જુની પદ્ધતિ અપનાવીએ તો કેમ ? અને એ પધ્ધતિ એટલે આજની જેમ કોંક્રિટના પાયા બનાવવાની નહિ પણ મોટા મોટા પથ્થરો ને એકબીજા સાથે જોડી, તેના થર બનાવીને મજબૂત પાયો તૈયાર કરવાની.

અને મિત્રો, એ પધ્ધતિની શરૂઆત કરી અને સફળતા મળવા માંડી. પછી તો ખાતરી થતી ગઈ કે આ પધ્ધતિથી ખૂબ જ મજબૂત ઇમારત બનશે. હજારો વર્ષ જુના આપણા મંદિરોની જેમ.

પછી તો નિષ્ણાત એન્જિનિયરોએ દેશ આખામાંથી મજબૂત પથ્થરો મંગાવવા માંડ્યા. એમાં રાજસ્થાન, કર્ણાટક, તેલંગણા, મહારાષ્ટ્ર, ઉ.પ્રદેશ, તામિલનાડુ અને ઓરિસ્સા મુખ્ય હતા.

આ બધ્ધેથી પથ્થરો આવતા ગયા અને દીવાલો ચણાતી ગઈ.

આશાઓને છુટો દોર મળી ગયો. આ ઉમંગમાં કાંઈક નવું કરવાનું ટ્રસ્ટીઓને સુઝ્યું. તે એ કે દરેક રામનવમીએ સૂર્યનો પ્રકાશપૂંજ સીધો રામલલ્લાના લલાટ પર પડે. તેનાં માટે આઈ.આઈ.ટી. રુડકી અને બંગ્લોરના વૈજ્ઞાનિકોને આ કામ સોંપાયું. તે લોકોએ ખૂબ ગણતરી કરી, મેથ્સ અને ફિઝિકસનો એવો સુંદર મેળ બેસાડીને, મોટા મોટા મિરરોને એવા એંગલો પર ગોઠવ્યા કે રામનવમીને દિવસે જેવો સૂર્ય ઉગે કે તેનો પ્રકાશ સીધો રામમંદિરમાં સ્થિત રામલલ્લાના લલાટ પર પડે.

આ ગોઠવણ ચાલી રહી હતી ત્યાં વળી નવી મુસીબત આવી. શ્યામ પથ્થરની મૂર્તિ લગભગ તેયાર થવામાં જ હતી કે તે મૂર્તિમાં કાંઈક ડીફેક્ટ (ક્ષતિ) દેખાણી. ખલાસ. આવી મૂર્તિ તો ન જ ચાલે, એટલે ફરી પાછી કાળી શિલા મંગાવી અને ફરીથી એના નાજુક હાથે કોતરાવી.

પણ એ કોતરાઈ ગયા પછી રામલલ્લાનું જે સ્વરૂપ નિર્માણ થયું તે અદ્ભૂત અને અલૌકિક હતું.

હવે આજુબાજુનું કામ કરવાનું સારું કર્યું. પથ્થરની દીવાલો પરના મ્યુરલ્સ જાણે આપસમાં વાત કરતા હોય તેવા બનાવી તેને કાટ નિરોધક ટીટેનિયમની ફ્રેમથી મઢી લેવામાં આવ્યા. આ બધું વાસ્તુશાસ્ત્ર પ્રમાણે. જ મંદિરનું નિર્માણ કરવામાં એવું



અભિલાષા પૂરી થઈ.

વચ્ચે વચ્ચે અનેક વખત અખિલેશ યાદવની સમાજવાદી (નાસ્તિક) પાર્ટી અને રાહુલ ગાંધીની કોંગ્રેસ સહિત અનેક પાર્ટીએ ઘણી ટીકાત્મક અને નિંદનીય વાતો કરી આ આખા કાર્યને ખૂબ

ધ્યાન પહેલેથી રાખ્યું હતું કે બહારની બધી મુખ્ય દીવાલો અને ખૂણાઓને રોજ સૂર્યપ્રકાશ મળે. દીવાલો પરની કોતરણીને આર્કિટેક્ચર કરવાને બદલે શિલામાં કોતરાયેલી, કવિતા કરી શકાય એવું અદ્‌ભુત કાર્ય કરાયું છે.

છેવટે જાન્યુઆરી ૨૦૨૪ માં જ્યારે મોદીજી અને મોહન ભાગવતને શુભ હસ્તે રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠા થઈ ત્યારે શરૂઆતથી કોવિડ, પોચી માટીથી લઈને દરેક વિઘ્ન વટાવ્યું.

જે મંદિર નિમાર્ણ થયું તે હિન્દુઓને આવતા હજાર વર્ષ ચાલે તેવી ધરોહર ઊભી થઈ. કરોડો રામભક્તો અને હિંદુઓની

બીનજરૂરી અને બીન-સાંપ્રદાયીક કહીને આલોચના- ટીકા કરી.

પણ, સાંભળો મિત્રો, હિન્દુઓ અને રામમંદિરના આ જગ્યાએ નિર્માણના વિરોધી, જિંદગી આખી કોર્ટમાં કેસ લડનાર, સઇદ અણસારી, કાંઈ કેટલાય માઈલ ચાલીને પ્રાણ પ્રતિષ્ઠામાં હાજર રહ્યો ત્યારે કહેવાતા હિન્દુ પણ હકીકતમાં મુસ્લિમ એવા લોકો આંખ કાઢી જોતા રહ્યા.

આમ અયોધ્યાના પૂનર્જન્મ થયો અને હા, આ કાર્યમાં સરકારનો એક પૈસો પણ નથી લેવાયો. બધો જ ખરચો ટ્રસ્ટનો, રામભક્તોનો અને હિન્દુઓનો.

**જયશ્રી રામ...**



ઉમા દોશી

# પ્રેરણાસ્ત્રોત

સંસ્કૃત સાહિત્ય, ભારતીય સંસ્કૃતિ ખજાનાથી ભરેલી છે. જરૂર છે દૃષ્ટિ કેળવવાની. આધુનિકતા, વિજ્ઞાન, નવા દૃષ્ટિકોણ અપનાવવા જ જોઈએ. પણ નજર થોડી ભારતીય હોય તો આનંદ અપરંપાર થઈ જાય છે. સંસ્કૃતમાં કથન છે. 'ન જાને સંસારઃ કિં અમૃતમયઃ કિં વિષમયઃ' સંસારની વિષમતા સુખ દુઃખ જોઈને ઘણી વાર થાય છે શું સંસાર અમૃતથી છલોછલ છે કે વિષથી ભરેલો છે ? કેટલી એ વિષમતાઓ જીવનમાં કેમ ન આવે, દુઃખના ડુંગર કેમ ન તૂટી પડે પણ સંસાર તો અમૃતમય જ છે. એ જ તો જીવનની વિશેષતા છે.

આ સૃષ્ટિનું અપાર, અગાધ , અલૌકિક સૌંદર્ય જોઈને કોઈ કવિએ સાચું જ કહ્યું છે. યહાં ઝમીં પે ઇતના હૈ તો ખાક મેં કિતના હોગા ? આ સૃષ્ટિના તળમાં અપાર વિવિધતા છે જે બહાર પ્રગટ થતી હોય છે.

એમાય એક જીવમાંથી અન્ય જીવ પ્રગટે. બાળકનો જન્મ થાય એનાથી અલૌકિક ઘટના શું હોય શકે ? બાળકના જન્મ પછી ધીમે ધીમે વર્ધન પામે થોડો સમજણો થાય ત્યારે સ્વભાવ ઉપરાંત બાળક પર કોઈનો ને કોઈનો પ્રભાવ પડતો રહે છે. બીજું કશુંક ઉત્કૃષ્ટ એને આકર્ષે છે. એના પ્રભાવથી એના જેવો બનવાની કોશિશ કરે છે. મને પણ એવી અનુભૂતિ સતત થતી હતી. કોઈને જોઈ એના જેવા થવાની ઈચ્છા થઈ આવતી હતી. મારા અત્યંત નજીકના સગા નો મારા પર બહુ પ્રભાવ હતો. અને એમાંથી પ્રેરણા મળતી હતી. જાણે-અજાણે પ્રેરણા લઈ જીવન પ્રવાહ વહેવા લાગ્યો.

પ્રેરણાના બે સિદ્ધાંતો જાણીતા છે બાહ્ય પ્રેરણા અને આંતરિક પ્રેરણા પ્રાચીન ગ્રીક અને લેટિન તજજ્ઞ પ્રેરણા ને બહારથી આવતા દિવ્ય સ્ત્રોતરૂપે સમજે છે. લોહચુંબક જેમ લોખંડના ટુકડાને પોતાની તરફ આકર્ષે છે. અને તેને જ લોચુંબક બનાવે છે. તેમ કોઈ દિવ્ય શક્તિ એને એના તરફ ખેંચે છે. ખાસ કરીને કલાકારોના જીવનમાં કોઈને કોઈ પ્રેરણાસ્રોત હોય છે. સિગમંડ ફ્રોઈડ કહે છે માનવ વર્તનના ચાલક બળો અજ્ઞાત પણ હોય શકે છે. માનવીય વર્તન પ્રેરકબળ જેને મનોવૈજ્ઞાનિક ભાષામાં પ્રેરણાસ્રોત તરીકે ઓળખવામાં આવે છે.

પ્રેરણાનું ચાલકબળ જન્મદાતા હોઈ શકે, વાતાવરણમાંથી સંપાદિત હોઈ શકે. ઝરણું જેમ અલકમલકથી આવે તેમ નાની મોટી વ્યક્તિઓ જીવનની પ્રેરણાના મૂળ બની ગયાં. વિદ્યાર્થી




અવસ્થામાં જ મહાપુરુષના પ્રવચનો સાંભળવા મળતા. ઘરમાં ધાર્મિક સંસ્કાર પણ મૂળમાં હતા. ધીમે ધીમે જીવન પ્રવાહને એક ઘાટ, આકાર મળવા માંડ્યો. ઘણીવાર આમાંથી અનિયમિતતા પણ ઊભી થતી હોય છે.

વિવિધતા હોવી દોષ નથી. પસંદગીના વિકલ્પો મળી રહે છે. ઝુકાવ વધારે આધ્યાત્મિક તરફ રહેતો તો પછી જીવનમાં એક નિર્ણાત્મક તબક્કો આવે છે. ત્યારે જ વિવેકની આવશ્યકતા જણાય છે. જીવનમાં ચાલવા માટે અનિર્ણયતા હાનિકારક છે. જીવનના આવા તબક્કે સર્વને તથ્યપૂર્ણ સારું સ્વીકારી પોતાના નિર્ણયો મુજબ જીવનને ઘડવાનો પ્રયત્ન કરવો રહ્યો.

લક્ષ પૂરું થાય કે ના થાય ? ગતિ છોડવાની નહિ. અમાપ આકાશને પામી તો ન શકાય પણ મંજિલ પહોંચવાનું બને કે ન બને ! પણ જીવનના ઝરણાને રમતું ખળખળતું રાખવાનો આનંદ અવર્ણનીય છે. માર્ગમાં મુશ્કેલીઓ વિઘ્નોરૂપી પથ્થરો તો આવતા રહે. પણ

પ્રભુની લીલા કૃપા સમજીને જીવનને ધબકતું રાખવાનો પ્રયાસ ચાલુ રહે છે. જીવને પર્વતની ટોચ ઉપરથી જ્યારે નિહાળીએ ત્યારે થાય કે ખોટી ફરિયાદો, ચિંતામાં, કેટલા વર્ષો વહી ગયા. ઘણીવાર પ્રેરણાસ્ત્રોત એકાદ વાક્ય, એકાદ ઘટના, નિષ્ફળતા, સુંદર પુસ્તક, કોઈ વ્યક્તિનો સહવાસ કોઈ સત્સંગ,મોટી બિમારીમાંની કોઈપણ વાત વસ્તુ પ્રેરણા સ્રોત બની શકે છે.

જીવનના બધા પ્રેરણામાં મૂળને કૃતજ્ઞતા પૂર્વક અંતઃકરણપૂર્વક નમન.



સુભાષ ઠાકર

# આવો, તમને લઇ જઉં ૨૧૨૬ના ભારતમાં...

જો ભાઈ, બધાને ખબર જ છે કે અત્યારનો આપણો આખોય ફાલ સો વર્ષ પછી આ પૃથ્વી પર હાજર નહીં હોય. પાછળ આવતી પેઢી માટે ફરજિયાત જગ્યા કરવી જ પડે. આ સનાતન સત્ય હોવા છતાં આપણી બુદ્ધિની ટપ્પી ન પડે એવા સો વર્ષના ગીત ગીતકાર માથામાં પછાડે ત્યારે મારી આંખમાં ઝળઝળિયાં આવી જાય છે...

જુઓ, 'સો સાલ પહેલે મુજે તુમસે પ્યાર થા, આજ ભી હૈ. ઓર કલ ભી રહેગા'... અલ્યા, તારો ઉપાડ જ ખોટો છે તારા બાપા પણ નહોતા જન્મ્યા ને તું ૧૦૦ વર્ષનું લઇ મંડી પડ્યો... પછી આવ્યું 'સો બાર જનમ લેંગે 'ને' જનમ જનમ કા સાથ હૈ નિભાનેકો સો સો બાર મૈને જનમ લિયે.'

'અલ્યા, તું તો માણસ છે કે ભૂત ? આ બધું એક ભવમાં પતાવી કેમ નથી દેતો ?' એક સીધુંસાદુ વાક્ય કે 'હું તને પ્રેમ કરું છું કે તું મને ચાહે છે.'

એટલું સાંભળવા સો સો ભવ સુધી રાહો જોવાની. આ બધું સાંભળી બાપુ સુભાષાનંદને પણ સો વર્ષ પછીના જીવનની ખતરનાક આગાહી કરવાનું મન થયું... તો આવો, જઈએ ૨૧૨૬ની સાલમાં ...

એ વખતે પેટ્રોલપંપ પરનું બોર્ડ 'પેટ્રોલ એક ટીપું (૧૦ગ્રામ) ૩૦૭૦.૦૫, ડીઝલ બે ટીપા ૯૯૧૫.૨૧, રાંધણગેસની ૪૦૦ ગ્રામની બાટલી ૧૪૭૦.૫૦...'

એ જમાનામાં ચંબુ એકવાર સાઈકલ લઇ પેટ્રોલપંપ પર પહોંચ્યો ને પેટ્રોલપંપવાળો ચમક્યો. 'હજી તો સાઈકલ હવાથી ચાલે છે. તું પેટ્રોલનું શું કરીશ ?'

'શું કરીશ ? જ્યુસ બનાવીશ, દાળ બનાવીશ, પેટ્રોલસૂપ બનાવી ટાયરમાં ભરીશ. તું આપને ટોપા, સીલબંધ શીશી ખૂણામાં પડી હોય તો ધનિકોમાં મારી ગણતરી થાય.'

'એના કરતાં તારા શેઠ પાસે પગાર વધારો માગ તો સાચો ધનિક બની જઈશ.'

બીજા દિવસે ચંબુએ શેઠને કીધું: 'શેઠ, હવે મારો પગાર વધારો.' કેમ ભાઈ ? કઈ ખુશાલીમાં ? હમણાં પાંચ વર્ષ પહેલા મહિને સિત્તેર લાખ તો વધારી પાંચ કરોડ તો કર્યા. એટલીવારમાં ફરી આ વધારો ?!'

'અરે શેઠ, પાંચ કરોડમાં ઘર તો શું બાથરૂમ પણ ચાલતું નથી. મોંઘવારી

કેટલી? સાલુ, ત્રણ ભીંડાના પંદરસો, બટેટા કિલોના ત્રણ હજાર. શેઠ, બાપુજીને ડોકટરે લીલા શાકભાજી ખાવાનું કીધેલું છે પણ પોષાતું નથી એટલે બાપુજીને છેતરી લીલા કાચના ચશ્મા પહેરાવી જમાડીએ છીએ. અને એમ તો વધારો ન માગત પણ હવે તો છોકરાઓને પણ ખબર પડી ગઈ...'

'કઈ?' શેઠનું મોટું પાંજરાપોળની ગાય જેવું થઇ ગયું.

'એ જ કે હવે બધાના ઘરમાં માણસો બે ટંક જમે છે.'

'અરે બાપરે, માર્યા ઠાર, પણ મેં તો તને કે તારા પરિવારને ક્યારેય જમાડયા નથી તો વાત લીક થઇ ક્યાંથી?'

શેઠનો અવાજ ગળામાં પોપકોર્ન અટકી ગઈ હોય એવો થઈ ગયો.

'ન જ પડત... શેઠ, પણ પરમ દિવસે પાડોશીએ અમને રાત્રે ડીનર માટે બોલવ્યા અને ભોજનમાં આખા તરબૂચના ભજિયા ને તીખા ગુલાબજાંબુ ને કઢીનો શીખંડ ખવડાવ્યા ત્યારે બે ટંક ભોજનનો ભાંડો ફૂટી ગયો.'

'ચાલો જે થયું એ. પણ હજી એ ખબર નથી પડીને કે અમે બે ટંકના ભોજન સિવાય પણ વચ્ચે વચ્ચે ચા-નાસ્તો પણ કરીએ છીએ. અને ચંબુ આવી અજબ-ગજબ વાનગીના નામ કાઢ્યા કયા તગારામાંથી?'

'પેટના તગારામાંથી, અને બીજું શેઠ, હવે ઘરમાં ઓક્સિજનનું મીટર પણ મુકાવાનું છે.'

'ઓક્સિજનનું મીટર?' શેઠ ચમક્યાં.

'એમ ચમકો નઈ... વીજળીના અને પાણીના મીટરની જેમ નવા કાયદા પ્રમાણે કુટુંબદીઠ ૨ ૭૦૦ શ્વાસ ફ્રી પછી વધારાના શ્વાસનો ચાર્જ શ્વાસમીટર બતાવશે. અરે શેઠ, અમારા બાળકોને તો મોંઘવારીનો અર્થ પણ ખબર નથી એટલે કાલે '૨૧૨૬નું ભારત' નામનું મ્યુઝિયમ જોવા લઇ જવાનો છું. ત્યાં સુધી મારા પગાર વધારા વિષે વિચારો.' એટલું કહી ચંબુ નીકળી ગયો.

બીજા દિવસે ચંબુ એના ટેણીયાને મ્યુઝિયમમાં લઇ ગયો ને સમજાવવા લાગ્યો. 'જો બેટા, આ પાંચ હજારનો સિક્કો, આ દસ હજારનો, આ ચાલીસ હજારનો. હવે બંધ થઇ ગયા, એ તો હવે પચાસ હજારની નોટથી શરૂઆત થાય છે. મારા બાપુ ને તારા દાદાએ તો પાંચ દસ ને પચીસના સિક્કા જોયેલા પછી ધીરે ધીરે ડાયનોસરની જેમ લુપ્ત થઈ ગયા.'

મ્યુઝિયમમાં જરા આગળ વધ્યાને ટેણીયાએ પૂછ્યું 'બાપુ, આ આરસના ટુકડા અહીં શું કામ...'

'બેટા, એ આરસ નથી પણ ખાંડ છે જેને જોઈ મોઢામાં પાણી આવતું પછી આંખમાંથી આવતું. ડાયાબિટીસના દર્દીઓ વધ્યા પછી હવે બજારમાંથી અદૃશ્ય થઇ ગઈ. હવે આ પીળા ટપકાં દેખાય છે એ દાળનો દાણો કહેવાતો ને આ સફેદ ટુકડા એ ચોખા



તરીકે ઓળખાતો... હવે ઈશ્વરોમાં જેમ રાધા-કૃષ્ણ કે લક્ષ્મી-નારાયણની જોડી, માણસોમાં લૈલા-મજનુ ને હીર-રાંઝા જેટલી જ ભોજનમાં દાળ-ભાતની લોકપ્રિય દાળ... જો જુદી દેખાય તો ભાતની દશા ચોયણી વગરના કુર્તા જેવી થઇ જતી. ચોખા દાળ સાથે ભળે તો ખીચડી બનતી ને કંકુ સાથે ભળે તો ઈશ્વરની પૂજામાં વપરાતો.

બેટા, જગતમાં તમે કોની સાથે ભળો છો એ તમારી સાચી ઓળખાણ ગણાશે. હવે એ દાળભાત બિચારા તમારી આ પીત્ઝા, બર્ગર ને મૈગીની દુનિયામાં ક્યાં ખોવાઈ ગયા ખબર નથી.

'પણ પપ્પા, તમે કેમ પીત્ઝા ખાતા નથી?'

'બકા, પીત્ઝા ખાવા ટ્રાય કર્યો ને તારી મમ્મીની નજર પડી ને હસતા હસતા બોલી 'મૂકી દો, કૂતરું ચપ્પલ ચાવતું હોય એવું લાગે છે.' બસ, એ દિવસથી પીત્ઝા ગયા. બેટા, જમાનો કેટલો આગળ વધી ગયો. ૨૧૨૬માં હવે ખીચડીની કેપ્સ્યુલ, દાળભાત રોટલી શાકની ટેબ્લેટ, મીઠાઈનું સીરપને ફરસાણનું ચાટણ બજારમાં મળે છે. પહેલાં એક જમાનામાં ડોકટરો ભૂખ લાગે એ માટે દવા આપતા પણ હવે મોંઘવારીમાં ભૂખ લાગે તો ખાય શું એટલે ભૂખ ન લાગે એની દવા આપે છે. જો બેટા, ગરીબ હોય કે ધનવાન બન્નેના વિચાર સરખા ધનવાન એમ વિચારે કે શું કરીએ તો ભૂખ લાગે ને ગરીબ એમ વિચારે કે ભૂખ લાગે પણ શું કરીએ?'

'શું કહો છો?'



ડો. કૃષ્ણા હસમુખ ગાંધી

# મારા 'એ' તો છે જ 'અકોણા'...

**કૃષ્ણાબેન ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ૪૬ વર્ષ કાર્યરત રહી, ગવર્નમેન્ટ, યુનિવર્સિટી તેમજ અન્ય સંસ્થાઓમાં વિવિધ પદ પર કાર્યરત રહી માટુંગાની એસ.એન.ડી.ટી. કોલેજ તથા ઋતંભરા કોલેજના પ્રિન્સિપાલ પદેથી નિવૃત્ત થયા છે. મહારાષ્ટ્ર સરકાર તેમજ અનેકવિધ એવોર્ડ્સથી સન્માનિત છે. અગાઉ તેમના છ પુસ્તકો પ્રકાશિત થયા છે.**

મારા 'એ' ની તો વાત જ ન્યારી. તેમના વિષે હું ક્યારેય કોઈ જ બાબતમાં જ નક્કી કરી જ ન શકું કે તેઓ ક્યારે, કેવી રીતે વર્તશે! કોઈવાર ડાહ્યાડમરા કંથની જેમ મારી બધી વાતો માની લે. કોઈવાર દૂરના સગાને ત્યાં લગ્ન, મરણ કે સામાજિક વ્યવહારમાં જવાનું હોય ત્યારે જો મૂડ સારો હોય તો તરત તૈયાર થઈ જાય અને કોઈકવાર નજીકનાં સગાં કે ખાસ મિત્રોને ત્યાં જવાનું હોય તો વળી 'કંટાળો આવે છે.' 'આજે મને મજા નથી, સ્થળ બહુ દૂર છે.' આજે ગાડી ચલાવવાનો કંટાળો આવે છે.' 'આજે તો મારે કામનું બહુ પ્રેશર છે.' આજે તો ક્રિકેટની ફાઈનલ મેચ છે.' વિ. વિ. જેવા બહાના કાઢી છેલ્લી ઘડીએ ફસકી જાય અને આવે જ નહીં એવા અકોણા. ત્યારે મારે શરમાવા જેવું થાય અને બધાને ખોટેખોટા જવાબ, બહાનાઓ આપી તેમનો બચાવ કરવો પડે.

આજકાલ વળી નવું શીખ્યા છે. છાપામાં વાંચે કે ફલાણો સાહિત્યિક પ્રોગ્રામ ફલાણી જગ્યાએ છે તેના ફ્રી પાસ ફલાણી તારીખે ફલાણી જગ્યાએથી મળશે એટલે એમનું ફરમાન છૂટે કે 'આ પ્રોગ્રામના પાસ મગાવી લેજે.' મને ય શોખ તો ખરો જ એટલે હું મારાં ચક્રો ગતિમાન કરું, કોઈ ઓર્ગેનાઈઝરને ઓળખતી હોઉં તો એને ફોન કરું અને વધારે પાસ મગાવી લઉં. જો વધારે પાસ મળ્યા હોય તો સાથે કોને લઈ જવા તેની ચર્ચા વિચારણા થાય, તેમને ફોન કરી આગોતરી જાણ પણ હું જ કરું અને જ્યારે જવાનો દિવસ આવે ત્યારે એમનું નાટક શરૂ થાય, 'આજે મારાથી નહીં અવાય. આજે આમ છે ને તેમ છે. મારી બદલે બીજા કોઈને લઈ જા.' હવે મેં સાથે અમારા બેન-બનેવી કે નણંદ-નણદોઈને કે અમારા ફ્રેન્ડ કપલને કહ્યું હોય તો 'એ' જો ન આવે તો મારા બનેવી, નણદોઈ કે મિત્રને પણ આવવાનું ન જ ગમે ને! એટલે એ લોકો પણ કેન્સલ કરી નાખે અને આટલી મહેનતે

મેળવેલા પાસ નકામા જાય.

કોઈવાર તેમને ગમતાં મ્યુઝિકલ પ્રોગ્રામની ટિકિટ મગાવવાનું મને કહે. હું યે પાછી મોંઘા ભાવની ટિકિટ મંગાવું પણ ખરી, ૮.૩૦ વાગ્યાનો રાતનો સમય હોય તો ૭.૩૦ વાગ્યામાં ઉતાવળ કરવા માંડે. હું કહું છું કે ૮.૩૦નો સમય લખ્યો છે. ૯.૦૦ વાગ્યા પહેલાં શરૂ નહીં થાય. તમારા સંતોષ ખાતર ૮.૪૫ વાગે પહોંચી જઈએ તો ય ચાલશે. ત્યાં ઓડિટોરિયમમાં પહોંચતા માંડ ૧૫ મિનિટ થશે. આપણે ૮.૩૦ વાગે નીકળીએ તો ?

પણ એ ધરાર મને આઠ વાગ્યામાં ઓડિટોરિયમમાં લઈ જઈ બેસાડી દે. પછી મોડું થતું જાય એટલે મોઢું ચઢાવીને કોમેન્ટ કરે, 'કોઈ સમયની કિંમત સમજતું જ નથી. ૮.૩૦ વાગ્યાનો સમય રાખવાને બદલે પહેલાંથી જ જેટલા વાગે શરૂ કરવાના હોય તે સમય લખવો જોઈએ ને ! આના કરતા સીધેસીધું ૯.૦૦ વાગ્યાનો સમય લખતા એમના બાપાનું શું જતું હતું ?'

હું કહું કે 'જો ૯ વાગ્યાનો સમય લખે તો લોકો ૯.૩૦ વાગે આવે. મેં તો તમને પહેલાંથી જ કહેલું કે ૯.૦૦ વાગે જ પ્રોગ્રામ ચાલુ થશે. પણ તમે મારું માનો તો ને !

અને એ કંટાળીને એક કલાકનો સમય માંડ માંડ કાઢે. જેવો પ્રોગ્રામ શરૂ થાય એટલે મને કહે 'આટલાં બધાં મ્યુઝિશિયનો રાખવાની શું જરૂર હોય ? આટલા મોટા અવાજ અને શોરબકોરથી માથુ ધમધમે છે. તારી પાસે 'કોટન' હોય તો આપ, કાનમાં ભરાવી દઉં. તારાથી આટલો અવાજ કેવી રીતે સહન થાય છે ?'

હું ચૂપચાપ એમને 'કોટન' આપી દઉં. માંડ એકાદ બે ગીત સાંભળે એટલે એમની ટિપ્પણી ચાલુ થાય, 'સૂર-તાલના તો ઠેકાણા જ નથી, ગાયકનો અવાજ બરાબર નથી, શબ્દો આટલા ઘોંઘાટમાં ખવાઈ જાય છે, ગીતોની પસંદગી જરાયે સારી નથી કરી, આ ગાયકને ગઝલ કોને કહેવાય અને ભજન કોને કહેવાય તે સમજાવવું જોઈએ.

તેમના આવા કકળાટથી ચિડાઈને હું જવાબ આપુ કે 'હા ઓર્ગેનાઈઝરે તમારી સલાહ લેવી જોઈતી હતી. એમ કરે, તમે આ બધી નોંધ કરીને તેમને ફીડબેક.' તરીકે મોકલી આપજો જેથી હવે પછીના પ્રોગ્રામમાં એ ધ્યાન રાખી શકે.'

હજી તો ઈન્ટરવલ પણ ન થયો હોય ત્યાં તો કહેશે કે, 'ચાલો ઘરે, આવા ફાલતું પ્રોગ્રામની પાછળ લાખ રૂપિયાની ઊંઘ ન બગાડાય.'

અને અમે ધોયેલા મૂળા જેવા અને 'મૂડલેસ' થઈ ઘરે પાછા આવીએ. આખે રસ્તે હું ચૂપ જ રહું. આવી મોંઘી ટિકિટો ખરીદી અને નકામી ગઈ તેનો અફસોસ તો થાય જ ને !

થોડા દિવસ પહેલાં એક બહુ જ સરસ ગુજરાતી ડાયરાના પાસ મેં મહામહેનતે એમના જ કહેવાથી મેળવેલા. પ્રોગ્રામના કાર્ડમાં સમય લખ્યો હતો સાંજે ૭.૩૦ વાગ્યાનો. આ વખતે મારું માનીને અમે અડધો કલાક મોડાં ૮.૦૦

વાગે પહોંચ્યા. જઈને જોયું તો હજી કાંઈ ઠેકાણાં જ નહોતા. ઓડિટોરિયમમાં અંદર જવાનો દરવાજો પણ ખોલ્યો નહોતો. બહાર બેસવાના બાંકડાં પર પણ ક્યાંય બેસવાની જગ્યા નહોતી. તેથી તેઓ તો એવા અકળાઈ ગયા કે વાત ન પૂછો. મને કહે, 'હું જરા બહાર જઈને સમોસા ખાઈને આવું છું તારે આવવું છે ?'

મેં ના પાડી. એ તો ગયા અને અડધો કલાકે પાછા આવ્યા. હજી દરવાજો ખોલ્યો નહોતો. એટલે એ તો જઈને ડોરકીપરને ગુસ્સો કરવા માંડયા. એ બિચારો કહે કે 'સાહેબ! આમાં હું શું કરું ? મને તો જેમ ઓર્ડર હોય તેમ કરું ને ?'

અંતે ૯.૦૦ વાગે દરવાજા ખૂલ્યા અને અમે અમારી સીટ પર ગોઠવાયા. ૯.૧૫ વાગે પડદો ખૂલ્યો અને સ્ટેજ પર ખુરશી-ટેબલ ગોઠવેલાં જોઈ એ બોલી પડ્યા, 'સત્યાનાશ! હવે ભાષણબાજી અડધો કલાક ચાલશે. આવી ખબર હોત તો મોડા આવત અથવા તો આવત જ નહીં.'

મને પણ આટલું મોડું થયેલું એટલે ગમ્યું તો ન જ હોય ને! પણ એમની જેમ અથરા, આકરાં થોડાં થઈ જવાય ?'

મેં કહ્યું, 'તમે તમારે કાનમાં 'ઈયરફોન' લગાવી મોબાઈલ જોયા કરો ને! ભાષણો નહીં સાંભળો.'

તો કહે, 'આજે હું 'ઈયરફોન' નથી લાવ્યો, ભૂલી ગયો છું.'

અને તે દિવસે અમારી ધીરજની કસોટી કરતાં હોય તેમ ભાષણોની વણઝાર લાગેલી. દસબાર-જણ બોલ્યા. દરેકની ઓછામાં ઓછી પાંચ મિનિટ ગણો તો યે કલાક તો ખરો જ. એમાં એક ભાઈને તો પોતાના જીવનની, સંઘર્ષની-સફળતાની વાતો કરતાં કરતાં તેમને સમયનું ભાન જ ન રહ્યું. મારા 'એ' તો પહેલાં જોરજોરથી તાળીઓ વગાડવા માંડ્યા અને બીજાઓએ પણ તેમનું અનુકરણ કર્યું. પણ એ વક્તા તો માઈક છોડે જ નહીં. એટલે મારા 'એ' તો જોરજોરથી 'બસ! હવે બંધ કરો, બંધ કરો'ની બૂમો મારવા માંડયા. એટલે બીજા લોકોને પણ હિંમત આવી અને 'બંધ કરો બંધ કરો' ના અવાજો અને તાળીઓથી હોલ ગુંજી ઊઠ્યો.

આજુબાજુ બધા અમારા સામે જોતાં હતા. મેં એમને કોણી મારતા કહ્યું કે, 'બસ હવે, બહુ તમાશો થઈ ગયો.'

ત્યાં એ વક્તા ભાઈ બોલ્યા કે, 'તમારી તાળીઓ કે અવાજથી હું બોલવાનું બંધ નહીં કરી શકું, જેમણે મને આગળ આવવામાં મદદ કરી તે છે સર્વેનો ઉલ્લેખ કરવો અને આભાર માનવો મારે માટે જરૂરી છે. તો થોડીવાર શાંતિ રાખો પ્લીઝ.'

હવે શ્રોતાઓ પણ બીજું શું કરી શકે ? રાતના ૧૦.૧૫ વાગી ગયેલા. તેમણે સ્ટેજપર બેઠેલાઓને ગણ્યા અને મને કહે કે 'હજી પાંચ વક્તા બાકી છે. હજી અડધો કલાક થશે. હવે મારામાં ધીરજ નથી. આપણે જઈએ.'

જો કે એમનો વાંક પણ કઢાય તેમ નહોતો. આમ ત્રણ કલાકનો સમય વેડફી, પ્રોગ્રામ

જોયા વગર અમે ઘરે પાછા આવ્યા. અમારા મિત્રએ બીજે દિવસે કહ્યું, 'તમે નકામા જતા રહ્યા. તમારા ગયા પછી પાંચ જ મિનિટમાં આભારવિધિ થઈ ગઈ અને પછીના 'ડાયરા'નો કાર્યક્રમ એટલો સરસ હતો કે જલસો થઈ ગયો. આપણે આટલો સમય બેસી રહેલા તે 'વર્થ' હતો. તું તો આવા ડાયરાનો શોખીન છે તને ખૂબ મજા આવી હોત. '

પણ એમને તો કોઈ ફરક પડતો નહોતો.

આ રીતે મુંબઈમાં જ કાર્યક્રમ હોય અને ન આવે કે વચમાંથી ઊઠીને ચાલતી પકડે ત્યાં સુધી યે સમજ્યા પણ બહારગામ જવાનું નક્કી કર્યું હોય, પ્લેન કે ટ્રેનની ટિકિટો લેવાઈ ગઈ હોય, હોટેલના બુકિંગ થઈ ગયા હોય ત્યારે જો એ કેન્સલ કરે તો ત્યારે આપણને કેટલું વસમું લાગે ?

થોડા વર્ષો પહેલાં તેમને અમરનાથ જવાનું મન થયું. ઘણાને પૂછ્યું, 'આવવું છે ?' પણ એક તો આટલાં બધા દિવસો, હાડમારી અને ખર્ચાની અંદાજિત રકમ સાંભળીને અને એ દિવસોની અનુકૂળતા ન હોવાથી બધાએ ના પાડી. છેલ્લે અમારા એક મિત્ર દંપતિ તૈયાર થયા. તેમણે કહ્યું કે 'આપણે કોઈ જાણીતી કન્ડક્ટેડ ટુરમાં જઈએ એટલે હાડમારી ઓછી થાય, આપણું ગુજરાતી ભોજન મળે અને બધી વ્યવસ્થા કરવાની માથાકૂટ નહીં અને સાથે વૈષ્ણવીદેવીની જાત્રા અને કાશ્મીરની સહેલગાહ પણ થઈ જાય.'

એમને પણ એ વાત ગળે ઊતરી. 'અપના ભારત' ટુર અમરનાથ યાત્રા માટે સારી અને પ્રખ્યાત હતી. અમે અને એ મિત્ર દંપતી તેમની ઓફિસમાં ગયા. તેમણે ટુરની બધી વિગતો આપી. ટુર ૧૮ દિવસની હતી, સારામાં સારી ફાઈવ સ્ટાર હોટેલમાં તેઓ બુકિંગ કરતાં હતાં. પોતાના રસોઈયાઓ સાથે લઈને જતાં હતાં અને શુદ્ધ ગુજરાતી ચા-નાસ્તો ભોજન-ફરસાણ-મિષ્ટાન સાથે આપતાં હતાં. હું એટલી તો ખુશ થઈ ગયેલી કે એક તો ગમતાં મિત્રોનો સંગાથ, કોઈ અગવડ નહીં પડે અને પાછા કાશ્મીરમાં દસ દિવસ કુદરતી સૌંદર્યની મજા માણવાની એટલે આનંદ અને આનંદ જ હોય ને !

પૈસા ભરાઈ ગયા. પાક્કુ થઈ ગયું એટલે મેં તો તૈયારી આરંભી. ગરમ કપડાં તો સરખાં જ લેવા પડે. અમરનાથમાં તો કેટલો બરફ હોય ? ગરમ કપડાં તડકે મૂક્યા. મારા નણંદ મને કહે, 'ભાભી, મારો ઓવરકોટ અને ટ્રેક સૂટ લઈ જજો. એનો ખર્ચો નહીં કરતાં.'

મોટી મોટી બેગો કાઢી. કપડાં અને સ્વેટર-શાલ- હાથમોજા- પગમોજા-ટોપી, ગરમ ઈનર, ઓવરકોટ વિગેરેથી બે બેગ ભરાઈ ગઈ અને હજી દવા નાની મોટી વસ્તુઓ, થોડો નાસ્તો, સૂંઠની ગોળી, ડ્રાયફ્રુટ્સ વિગેરે કેટલુંય લઈ જવાનું હોય. તેની યાદી કરી. અમારા પરિવાર અને ફ્રેન્ડ સર્કલમાં મેં ગાજી ગાજીને જણાવેલું કે, ' અમરનાથની યાત્રાએ જવાના છીએ.'

અને ૧૦ દિવસ પહેલાં એક દિવસ મને કહે કે, 'આપણે અમરનાથ જવાનું કેન્સલ કરવું પડશે. મને એક મોટો પ્રોજેક્ટ મળવાની

શક્યતા છે. એટલે મહેરબાની કરીને તું કચકચ કરતી નહીં, પૈસા ભર્યા છે એ તો જો આ પ્રોજેક્ટ મળી જશે તો ક્યાંય વસૂલ થઈ જશે. અમરનાથ તો આવતા વર્ષે પણ જઈ જ શકાય ને !'

મને તો ફાળ પડી. આંખમાં આંસુ ધસી આવ્યા. મૂડ આઉટ થઈ ગયો. એમને ભલે ટૂરમાં ભરેલા પૈસા નકામા જાય તો ચિંતા ન હોય. મને તો ભાઈ ! બહુ વસમું લાગે. એકવાર તો થયું એમને કહી દઉં કે કોન્ટ્રાક્ટ ન મળે તો કાંઈ વાંધો નહીં પણ આપણે અમરનાથ જઈએ. પણ હિંમત ન થઈ ।

અને બે દિવસ પછી મને મોકાણના સમાચાર આપતા કહે કે, 'ટુર ઓપરેટર જોડે તું વાત કરી જો.જેટલા પૈસા રિર્ટન મળે તેટલાં, આપણા નસીબ. હવે તો ફાઈનલ જ છે કે આ વર્ષે આપણે નહીં જઈ શકીએ.'

મેં ટુર ઓપરેટરને વાત કરી તો કહે કે, 'પૈસા તો પાછા નહીં મળે. તમારા બદલે બીજા કોઈને જવા તૈયાર કરો તો ફક્ત ૧૦ ટકા કાપીને બાકીની રકમ પરત કરી શકીએ.'

એટલે પછી મેં દુઃખતા મને અને ભારે હૈયે અમારા મિત્રના પત્નીને ફોન કરીને આ માઠા સમાચાર આપ્યા અને કહ્યું કે 'તમારા સર્કલમાં કોઈને પૂછી જુઓ, જો કોઈ અમારા બદલે જવા તૈયાર હોય તો. એ નારાજ તો થયા પણ સાથે તરત એમણે કહ્યું કે, 'હા ! અમારા એક ફ્રેન્ડ પૂછતા તો હતાં આપણી ટૂર વિશે. તેમને પૂછી જોઉં.'

બીજે દિવસે મિત્ર પત્નીનો ફોન આવ્યો કે, 'તમારા પૈસા ભર્યાની રસીદ લઈ ટુર ઓપરેટરની ઓફિસે પહોંચો અમે પણ આવીએ છીએ. તમારા બદલે અમારા મિત્રનું નક્કી થઈ ગયું છે.

મને થોડી નિરાંત થઈ. મનમાં દુઃખ તો અમરનાથ ન જઈ શકવાનું હતું જ પણ આટલા ૯૦૬ પૈસા બચી જશે તેનો આનંદ પણ થયો. મારા ' એ ' તો પાછા પોતાના લીધે ટુર કેન્સલ કરવી પડી છે તે માટે મિત્રને ફોન કરી 'સોરી' કહેવાની યે તસ્દી લે નહીં. મેં એમને આ ટુરના ૯૦ ટકા પૈસા બચ્યાના સમાચાર આપ્યા તો કોઈ નિસ્પૃહ વ્યકિતની જેમ એટલું જ બોલ્યા 'સરસ ! તારું ટેન્શન ઓછું થયું ને ? બોલો ! એમને તો શું કહેવું ?'

આવા બધા અનુભવો થયા એટલે ત્રણ-ચાર દિવસ પહેલા જ્યારે એમણે મને કહ્યું કે 'આ મ્યુઝીકલ પ્રોગ્રામ સારો છે. આપણી ટિકિટ બુક કરાવી નાખ''. એટલે તરત મારા મોઢામાંથી નીકળી ગયું કે 'એક જ શરતે ! તમે છેક સુધી બેસશો તેવી ગેરંટી આપો તો જ ટિકિટ બુક કરાવું.'

ખલ્લાસ ! મારા 'એ'નું મોઢું જ ચઢી ગયું. ગુસ્સામાં મને કહે કે 'એમ હું કંઈ બંધાઈ જવા નથી માગતો. પ્રોગ્રામ સારો ન લાગે તો પરાણે બેસી રહેવાનું મને નહીં ફાવે. આજ પછી હું ક્યારેય તને કહીશ નહીં કે આપણે કોઈ પોગ્રામમાં જઈએ અને તું પણ મને કહેતી નહીં. ખુશ ને હવે ? મૂડ કેમ બગાડવો તે તમારા બૈરાઓની આદત છે.'

હવે આમાં મેં શું ગુનો કર્યો ? પણ એ તો

છે જ એવા અકોણા ! પોતાનો વાંક હોય તો યે મારા ઉપર નાખી દે. મારા જેઠાણી પણ મને કહેતા કે, 'મારા દેર પહેલેથી આવા અકોણા છે. વાતવાતમાં ક્યારે વાંકુ પડી જાય, કહેવાય નહીં આપણા સાસુમાએ જ એમને ફટવી માર્યા છે. એની હા એ હા કરે. અને રિસાય એટલે પાછા ભાવતી રસોઈ બનાવીને એમને મનાવવા ય જાય.'

હવે હું વિચારતી હતી કે 'શું કરું ? મનાવવા જાઉં ? કે પડતા મૂકું ? ભલે બે દિવસ મોઢું ચઢાવીને ફરે કે ડુંગરાતા રહે. જોઉં તો ખરી કે ક્યાં સુધી એમના આ અકોણીયાવેડા ચાલે છે !'

પણ પછી મને જ થયું કે હવે ઉંમરનો ખ્યાલ કરી જિંદગીની આ ઢળતી સંધ્યાએ ક્યાં હવે રિસામણા-મનામણાની આ બધી પળોજણમાં પડું ? એટલે હું જ સામેથી ગઈ એમને મનાવવા.

આ શું નાના છોકરાની જેમ દાધારિંગાવેડા કરો છો ? તમને તો ભાઈસાબ !

કાંઈ કહેવાય જ નહીં. જ્યારે ને ત્યારે મારા પર વરસી પડો છો ! ચાલો હવે. ટિકિટ બૂક કરી દઉં છું. મનમાં આવે એટલો સમય જ બેસજો. ઓકે ?'

અને પછી તો અમે એ પ્રોગ્રામને બરાબરનો માણ્યો. 'એ' વળી છેક સુધી બેઠાય ખરા ! એમને ગમ્યો એટલેસ્તો. પણ પાછા પોતાનો હાથ ઉપર રાખતાં બોલ્યા, 'જો આજે છેક સુધી બેઠો છું, તારે લીધે સમજી ?'

બોલો ! આવા છે મારા 'અકોણા 'એ' અને મારી વ્યથા કથા પણ પાછું એમના વગર ચાલે તો નહીં જ, નહીં જરા યે હોં !!!

શ્રીરામકૃષ્ણ પરમહંસના શિષ્યોમાં એક ગરીબ સ્ત્રી હતી. એક દિવસ તે સ્ત્રી તેના પુત્રને લઇને તેમની પાસે આવી અને વિનંતી કરી કે, 'ગુરુદેવ, મારા પુત્રને રોજ મીઠાઈ ખાવાની આદત છે. આ ટેવથી તેના દાંત બગડે છે અને વળી રોજ મીઠાઈ લાવવાનું મને પોષાય પણ નહિ. મારી સલાહ, ચેતવણી કે માર પણ નિષ્ફળ જાય છે. આપ તેને સલાહ આપો અને આશીર્વાદ આપો જેથી તેની આ કુટેવ છૂટે.'

શ્રીરામકૃષ્ણએ તે બાળક સામે જોયું પણ તેની સાથે કોઈ વાત કરી નહિ. તેમણે એ સ્ત્રીને બે અઠવાડિયા પછી આવવા કહ્યું. તે સ્ત્રી બે અઠવાડિયા પછી તેના પુત્રને લઇને આવી. તે વખતે શ્રીરામકૃષ્ણએ તે બાળકને રોજ મીઠાઈ ન ખાવાની સલાહ આપી અને તેની માતાની સલાહ માનવા સમજાવ્યો. બાળક તરત સંમત થઇ ગયો.

બાળકની માતા અને અન્ય શિષ્યોએ ગુરુદેવને પૂછ્યું કે તેમણે શા માટે બે અઠવાડિયા પછી સલાહ આપી ? શ્રીરામકૃષ્ણએ હસીને કહ્યું, 'તમે જ્યારે બે અઠવાડિયા પહેલાં આવ્યા ત્યારે હું પોતે જ રોજ મારા શિષ્યોએ લાવેલી મીઠાઈ ખાતો હતો. આથી હું તેને આવી સલાહ કેવી રીતે આપી શકું ? ત્યાર બાદ મેં મીઠાઈ ખાવાનું છોડી દીધું. આના લીધે મને તમારા બાળકને સલાહ આપવાની શક્તિ અને યોગ્યતા મળી. આપણે જે ઉપદેશ આપતા હોઈએ તે મુજબનું આચરણ કરી શકતા હોઈએ તો જ આપણા શબ્દોમાં પ્રામાણિકતા આવે અને સાંભળનારને એની અસર થાય.'



કિરણ ગોરડિયા

# હરામના હાડકા



ધીરે, ધીરે આપણે બધા જ ઘરનાં કામો કરવાનું છોડતા જઇએ છીએ. લોકલ ટ્રેન, બસની મુસાફરી પણ લગભગ બંધ થઈ ગઈ. જેમ ઓલા, ઉબેર ગાડીઓએ ભરડો લઈ લીધો છે. એમ ઘરકામ કરવા નવી નવી એપ્સ આવી રહી છે જેમાં બહુ લોભામણી જાહેરાતો આવે છે. સાવ સસ્તામાં ઘરનું કામ કરી જાય.

આજથી લગભગ પંદર , વીસ વર્ષ પહેલાં આપણે ટ્રેન, બસમાં મુસાફરી કરતા હતા. એ સમયમાં કાળીપીળી ટેક્સી સાવ સસ્તી હતી. છતા પણ આપણે લોકલ મુસાફરી કરતા. એ સમયમાં પૈસાની ગણતરી હતી. લોકો પૈસો પૈસો બચાવવા તનતોડ મહેનત કરતા.

એ વખતમાં ઘરના વડીલોનું ફરમાન હોય કે ઘરના કામો હાથે જ કરવાના. આજનાં સમયમાં હજુ પણ અમુક જ્ઞાતિઓમાં ઘરના કામો હાથે જ કરે છે. આપણે જોતા હોઇએ કે એ લોકોના શરીરનો બાંધો કેટલો મજબૂત હોય છે. આપણે એ લોકોની સામે જોઇને બોલીએ પણ ખરા કે શરીર મજબૂત જ હોય ને ઘરના બધા કામ જાતે કરે છે. બાપા આપણાથી તો રસોઈ પણ માંડ માંડ થાય છે એ પણ એક કલાકની હેલ્પર રાખી ને. એ શાકભાજી સમારી આપે, કુકર ચડાવી દે, લોટની કણક બાંધી દે. રોટલી માટે તો બીજી બાઇ આવે છે. આપણે તો ત્રણ તપેલા ઉતારીએ ત્યાં થાકી જઇએ ભાઇ.

હવે તો ઓલા ઉબેરની જેમ ઘરનાં કામ કરવા માટે દસ મિનિટમાં આપણા ઘરનું કામ કરવા હાજર થઈ જાય. આમ તો કદાચ ઘણા વખતથી આ ધંધો કરી લોકો

ભરપૂર કમાણી કરે છે. પણ આ દિવાળીથી એક નવી એપ શરૂ થઇ છે. કપડાં, વાસણ, ઝાડુ-પોતા, બાથરૂમ ધોવા, શાકભાજી સમારી આપવા, કાંદા સુધારવા, ઘરનું નાનું , મોટું કોઇપણ કામ કરવાનાં એક કલાકના પચાસ રૂપિયાથી સો રૂપિયા. આ સાંભળીને આપણને પણ લોભ લાગે. આ સાંભળીને કોણ કામ કરે ? પચાસ રૂપિયામાં એક કલાક બોલાવી જ લે.

કામવાળીની મહિનાની બે દિવસથી રજા આવે. એટલે પહેલા આપણે કામ જાતે જ કરતા. કદાચ હમણાં સુધી. કારણ આજુબાજુના કામ કરવાવાળા ગરજ જાણી છુટ્ટા કામ કરવાનાં બસો, ત્રણસો રૂપિયા માંગે. એટલા રૂપિયા આપવાની હા પાડો તો જ કામ કરવા આવે. એક દિવસના ત્રણસો રૂપિયા આપતા જીવનો ચાલે એટલે કામ હાથે કરી નાખીએ.એ પૈસા પણ બચે અને આપણા શરીરની કસરત પણ થાય. અને એ બે દિવસ કામ કરવાથી શરીરમાં ઊર્જા પણ મળે. થોડુંક વધારે કામ કરવાનો ઉજમ આવે. ચાલો થોડું રસોડું સાફ કરીએ, ખાના સાફ કરવા, ટાઇલ્સ પર સાબુ લગાડી ચકચકિત કરી હરખાઈને બોલીએ પણ ખરા. કેવું ચમકે છે. ઘરના પુરુષો પણ પોરસાઈને બોલે આજે તો ઘર દિવાળીમાં હોય એવું ઝગમગે છે.

હવે એ દિવસો પણ પૂરા થયા. જેવી ખબર પડે કે આજે કામવાળી નથી આવવાની. મોબાઈલમાંથી ફોન લગાડી દે. અને તમે જે સમય આપો બરોબર એ જ સમયે હાજર. અને ફક્ત પચાસ, સો રૂપિયામાં. તો કોણ ઘરનાં કામ કરે. આ બધી લાલચ મળતા ઘરનાં બૈરાઓ સાવ આળસુ, એદી બની જશે. અને પછી આ ઓનલાઈન એપવાળા ફાયદો લેવા લાગશે. પછી સો રૂપિયાના ત્રણસો રૂપિયા લેશે તો તમે ના નહીં પાડો. કારણ તમે એક નંબરના આળસુ થઈ ગયા હો. જેમ ઓલા, ઉબેર ગાડીઓએ આપણને બાંધી લીધા છે એમ. એક, બે દિવસ કામ કરવા માટે પણ શરીર પાસે મહેનત લેવી નથી. પછી શરીર વધતા કે બીમારીઓ વધતા ડોક્ટર, યોગા, જીમમાં કસરત કરી કરીને શરીર ઉતારે, ચરબી ઓગાળવા જાય.

આ બધું જોતાં ઘરના વડીલોને બેઠા, બેઠા ચિંતા કોરી ખાય કે આજના જનરેશનનું શરીર ક્યાં સુધી ચાલશે ? ઘરનું કામ કરવું નથી. ઘરની બહાર નીકળે એટલે ઓલા, ઉબેર ગાડીઓ ગેટ પાસે આવી ગઇ હોય. બહાર જ્યાં પણ જાય એસી હોય, મોલમાં શોપિંગ કરવા જાય ત્યાં પણ ફુલ એસી હોય. લગ્નમાં, પાર્ટીઓમાં, પ્રાર્થના સભામાં બધે એસી હોય. એટલે પરસેવો થાય જ નહીં. શરીરમાંથી પરસેવો નીકળે તો શરીરનું ઝેર નીકળે. સમજે કોણ ? આ દુનિયા ક્યાં પહોંચશે એ તો ઇશ્વર જ જાણે.

કદાચ એવી કોઈ દવા નીકળે કે એ ગોળી લીધા પછી ભૂખ ન લાગે. એ ગોળી મેળવવા પડાપડી થાય કે ખોરાક ચાવવાની મહેનત કોણ કરે ?



દિવ્યાશા દોશી

# ગુજરાતી પુરુષ એટલે વળી શું ?

આ લેખ વાંચો તે પહેલાં ૨૫ વરસ અગાઉ બનેલી એક સાચી વાત કહું. લગ્ન માટે મારે એક બહેને બતાવેલ છોકરો જોવા જવાનું થયું. એકબીજાને જાણવા સવાલ જવાબ થતા હતા. મેં સવાલ પૂછ્યો કે વાંચવાનો શોખ ખરો ? તો પેલા ભાઈ કહે હા.... મને નવાઈ લાગી કારણ કે ઘરમાં કોઈ પુસ્તકોના કબાટ નહોતા જણાતા. એટલે પુછ્યું કે અચ્છા, શું વાંચવું ગમે... ? તો કહે દલાલ સ્ટ્રીટ... મને હસવું કે રડવું તે ન સમજાયું પણ ગુજરાતી પુરુષ મોટેભાગે કેવો તે સમજાયું. તે જ અરસામાં ચંદ્રકાન્ત બક્ષીએ લખેલા વાક્યો યાદ આવ્યા. ''ગુજરાતી પુરુષનો આદર્શ પણ શું ? શેરબજારમાં સબ-બ્રોકર થઈ જવું. ગુજરાતી સ્ત્રીને માટે વીર એ છે જે કોલગેટના શેરમાં ૪૨૦૦૦ રૂપિયા કમાયો છે !''

ફેબ્રુઆરી મહિનો નજીક આવે તેમ વેલેન્ટાઈન ડે ના ભણકારા વાગે, વળી આજકાલ એનઆરઆઈની સાથે લગ્નની સીઝન પણ પુરબહારમાં ખીલી હોય. ગુજરાતી એનઆરઆઈ પુરુષો ગુજરાતી ભોજન બનાવી શકે, ઘરરખ્ખુ ગૃહિણી બની શકે એવી છોકરીને પરણવા આવે. સ્ત્રીઓને રોમાન્સમાં રસ હોય છે. રોમેન્ટિક પુરષો આકર્ષે છે. પરંતુ, આસપાસ નજર કરીશું તો ગુજરાતી સ્ત્રીઓની નજર અને પસંદને જોઈ નવાઈ લાગે. સાહિત્યને સમજતી હોય તેવી સ્ત્રીઓના મન પર રવિન્દ્રનાથ અને શરદબાબુ એ બે બંગાળી પુરુષો રાજ કરતા હોય. એવા પુરુષો મળવા ઘઉંમાંથી કાંકરા શોધવા બરાબર છે. કારણ કે ગુજરાતી પુરુષ એટલે હાથમાં લેટેસ્ટ સ્માર્ટ ફોન (નોટ અથવા આઈફોન), મોઢાંમાં માવો... અને હાથમાં હોન્ડા કે મર્સિડિઝ ગાડીની ચાવી હોય. શોભે કે ન શોભે પણ બ્રાન્ડેડ જીન્સ અને ટી શર્ટ પહેર્યાં હોય. સુંવાળો એવો હોય કે એસી વિના પરસેવે ભીંજાય.

અહીં બક્ષીબાબુને ફરી યાદ કરીએ, તેમણે વરસો પહેલાં લખ્યું છે, ''ટેબલ પર બે ટેલિફોન હોય, પાસે ૧૧૮ એનઈ કારની ચાવી પડી હોય, પાઉચની અંદર ક્રેડિટ કાર્ડ હોય એવો ગુજરાતી પુરુષ ૪૧ ઇંચનું પેટ હોય અને મોઢામાં કિમામનું પાન હોય અને દર છ મિનિટે થૂંકાથૂંક કરતો હોય તો પણ ગુજરાતી સ્ત્રીને ગમતો હોય છે એવો મને

ભ્રમ છે.'' બક્ષીબાબુ ત્યારે પણ સાચા હતા અને આજે પણ સાચા છે, ફક્ત આજે ફોનની જગ્યાએ સ્માર્ટ ફોન અને એનઈની જગ્યાએ વિદેશી ગાડીઓએ લીધી છે. લેટેસ્ટ ફોન કે ગાડી વાપરવી કે પછી પૈસા કમાવવાથી વરણાગી એટલે કે આધુનિક નથી થવાતું. તેના માટે જરૂરી હોય છે માનસિકતા. ગુજરાતી પુરુષની ઇચ્છા શું તો કહે ખૂબ પૈસા કમાવવા. સ્ત્રીને ઘરેણાંથી લાદી દેવી અને મોટી ગાડી, મોટું ઘર ખરીદવું. ગુજરાતી છોકરાઓ એટલે, કૉમ્પ્યુટર ઍન્જિનિયર, સોફ્ટવેર ઍન્જિનિયર, ડૉક્ટર, વકીલ, સ્ટોકબ્રોકર, બૅન્કર કે પછી પરંપરાગત બિઝનેસમાં હોય. કલાક્ષેત્રે પણ બિઝનેસ કરી જાણે તે ગુજરાતી. ગુજરાતી સ્ત્રીઓને પણ આનાથી વધુ કંઈ ખપતું નથી હોતું. એટલે પછી વાત ત્યાં પૂરી થઈ જાય છે. વળી રંગભેદ પણ આપણે ત્યાં ખાસ્સો છે. મોંઘી કાર ધરાવતો છોકરો સ્માર્ટ, હૅન્ડસમ પછી ભલેને બુદ્ધિને બાર ગાઉનું છેટું હોય. ગોરા હોવું એ દેખાવડા હોવાની પારાશીશી... ગોરો છોકરો હૅન્ડસમ ને ગોરી છોકરી એટલે બ્યુટીફુલ. આકર્ષણની માત્રા ગોરાપણા આગળ આવીને ખતમ થઈ જાય.

પુરુષ સારું કમાતો હોય, બે બેડરૂમનો ફ્લેટ હોય, ગાડી હોય એટલે સફળ... સુડોળતા જો યુવાનીમાં હોય તો લગ્નના બે જ મહિનામાં ખતમ થઈ જતી હોય છે. લગ્નના મહિના બાદ પુરુષનું પેટ બહાર નીકળે તો જણાય કે તે લગ્ન બાદ સુખી થયો, નહીં તો બીજા પુરુષો અને ઘરની વડીલ સ્ત્રીઓ પણ કહેશે કે બિચારો લગ્ન બાદ લેવાઈ ગયો. પત્ની સારું જમાડતી નહીં હોય. જમવાનું પુરુષ માટે અતિ મહત્ત્વનું હોય છે. કોઈપણ ભારતીય પુરુષનું સ્વાસ્થ્ય તેની પત્ની કેવું જમવાનું બનાવે છે તેના પર આધારિત હોય છે એવું માનવામાં આવે છે. પેરિસમાં જઈને પાત્રા અને રોમમાં રસપુરી ખાવા મળે તો ગુજરાતી ખુશ. સાહસ ફક્ત શેરબજાર પૂરતું જ મર્યાદિત.

૪૦ વરસ બાદ પુરુષની ફાંદ બક્ષીબાબુએ કહ્યું એમ ૪૧ ઈંચ હોય તેમાં કોઈને નવાઈ નથી લાગતી. (સ્ત્રીઓની એથી વધારે જ) પત્નીઓ પર જોક કરવા અને ફોનમાં હિરોઈનોના અર્ધનગ્ન ફોટા જોવામાં તેમનો આનંદ બેવડાઈ જાય. વાર તહેવારે રાત્રે પાર્ટી કરવી તેમાં ભજીયા સાથે બે ચાર પેગ લગાવતા કોણે કોને પાડ્યો તે વાત કરતાં બહાદુરીના બણગાં ફૂંકતા ગુજરાતીઓનો વીરરસ ત્યાં જ ખતમ થઈ જાય. જ્ઞાતિના મેળાવડામાં જોડકણાં જેવી કવિતાઓ ગાઈને પોતાને સાહિત્યકાર ગણાવી શકાય તે ગુજરાતીઓમાં જ શક્ય છે. વડાપ્રધાન ગુજરાતી આવ્યા ત્યારબાદ તો જાણે પોતે જ વાઘ ન માર્યો હોય તે રીતે ટ્રેનના સેકન્ડ ક્લાસના ડબ્બામાં કે પાનના ગલ્લે ઉધારીમાં માવો ખાધા બાદ બડાઈ મારતાં પુરુષો જોયા હોય તો નક્કી માથું ફોડવાનું મન થાય. એક સંવાદ ચાની લારીએ સાંભળેલો... મોદીએ અમેરિકામાં સોપો પાડી દીધો. ઈ જ અમેરિકા

વિઝા નહોતા આપતાને... જોઈ લો ભાયડાના ભડાકા...

ચાની લારી પર ક્રિકેટની કે રાજકારણની વાતો સાંભળો તો ચોક્કસ જ એવું લાગશે કે તેમને ચા પણ ચઢી જાય છે. અલ્યા એણે બોલિંગ એટલી ફાલતુ કરી... થોડોક લેફ્ટ સ્પીન કરીને નાખવાની જરૂર હતી. જાણે પોતે બોલિંગના કોચ... કે પછી અડધી પીચે આવીને મારવાની શું જરૂર... જરા પ્લેઈડ કર્યું હોય તો ય ચાલત... નકામો કેચ આપી દીધો. આ ભાઈએ જીવનમાં કદી ધોકો પણ ન પકડ્યો હોય. પત્તા રમવું તે સ્પોર્ટ્સ ગણી શકાય તો ગુજરાતી પુરુષોને વાંધો ન આવે. તેમાં પણ પચાસ બાદ સિનિયર સિટિઝનના ફાયદા લેવાની રાહ જોયા કરે અને સાઈઠ પછી બગીચામાં રોજ જાય ખરા પણ ફક્ત સમવયસ્ક મિત્રો સાથે ગપાટા મારતા ચાલવા આવતી સ્ત્રીઓને ચોર નજરે જોઈ રહે. જો તેઓ વિધુર હોય ને બીજીવાર પરણવું હોય તો ય ઘરમાં કહી ન શકે. કારણ યુવાન દીકરાઓને તેમાં પોતાની આબરૂ જતી લાગે કે પિતાના આનંદ કરતાં મિલકતમાં રસ વધુ હોય. આ અતિશયોક્તિ નથી. આવું આજની તારીખમાં મુંબઈમાં પણ બને છે.

કવિ ગુલઝાર ભલે લેંઘો ઝભ્ભો પહેરીને ફરતાં હોય પણ આજે ય ક્લબમાં શોર્ટ્સ પહેરીને ટેનિસ રમે છે. જુહુ બીચ પર કેટલાય ગુજરાતી પુરુષો સવારે ચાનાસ્તો કરવા ભેગા થાય છે. તો કેટલાક લાફ્ટર ક્લબ માટે. આનાથી વધીને ખાસ ઍડવન્ચર થાય નહીં. અને થાય તો પણ દરેક અનુકૂળતા જળવાય તેનું ધ્યાન રખાય. જુના ગીતો અને કવિતાઓથી રોમાન્સ શરૂ થાય અને પતી પણ જાય. રોમાન્સ એટલે શોપિંગ અને ખાણીપીણી કે પછી ગ્રુપમાં ફરવા જવું. પત્ની ઘરકામ કરે અને પોતે ટીવી જુએ, છાપામાં શેરબજારના ભાવ જુએ તે રોજિંદી જિંદગી. પેટ વધી જાય તો પેન્ટ પેટ નીચેથી પહેરવાનું પણ પેટ ઊતારવાની મહેનત નહીં જ કરવાની.

નવાઈ એ લાગે કે જો ગુજરાતી પુરુષ ચાલવા જતો હોય તો પણ તેનું પેટ ઓછું થાય નહીં. કારણ ચાલ્યા બાદ ગાંઠિયા જલેબી તો ખાવાના જ. શિયાળામાં ઘીમાં લચપચતાં અડદિયા પણ ખાવાના. ચાલવાના કપડાં ઢીલાઢાલા કે પછી એટલું ટૂંકુ ટીશર્ટ પહેરશે કે કોઈ એંગલથી શોભે નહીં. શાહરુખ ખાનને રબને બના દી જોડીમાં જોયો હોય તો ખ્યાલ આવે કે એવા કપડાંમાં સ્ટાર પણ સારો ન લાગે.

પુરુષ એટલે બેફિકરો, એક દિવસની વધેલી દાઢીમાં સેક્સી ય લાગે પરંતુ, ફિટ ને ફાઈન રહેવાનું, હટકે વિચારવાનું, સાહસિક બનવાનું, રોમેન્ટિક વર્તવાનું ય જરૂરી છે. રોમાન્સ એટલે જેએસકે કહેવું નહીં. પણ કૃષ્ણ જેવા રોમેન્ટિક બનવું પડે.... તો પત્ની કે પ્રેયસી રાધા બને. કલા, સાહસ અને સમજણ આ ત્રણ બાબત ચાહી શકાય તેવા પુરુષ બનવા માટે જરૂરી છે. (અહીં અપવાદરૂપ પુરુષો પણ ખરા... તેમના માટે આ લેખ નથી.) ❑



નિરંજના જાંગલા

# જીવનમાં શિસ્તનું મહત્ત્વ

શિસ્ત શબ્દ વિદ્યાર્થી કાળથી વ્યક્તિ સાથે જોડાયેલો છે શિસ્ત એટલે અનુશાસન નિયમ પ્રમાણે કાર્ય કરવું. નાનપણથી શાળાઓમાં શીખવવામાં આવે છે કે શિસ્તનું પાલન કરવું વર્તન વાણીમાં શિસ્ત હોવી જરૂરી છે પહેલાના ગુરુકુળમાં બાળકો ભણતા ત્યાં ફક્ત ભણવાનું નહીં સાથે ઘણું બધું જ્ઞાન પ્રાપ્ત થતું શાસ્ત્ર અને શસ્ત્રો બંનેનું શિક્ષણ અપાતું હતું. નિયમિતતાના પાઠ કડકાઇ પૂર્વક પાળવામાં આવતા સાથે શ્રમનું મહત્ત્વ ઘણું રહેતું. આપણે કૃષ્ણ સુદામાની વાત સાંભળી છે ગુરુકુળમાં રહી લાકડા કાપવા પણ ગુરુની આજ્ઞાથી તેઓ જતા હતા.

જોકે શિસ્તનો પાયો ઘરમાંથી મળવો જોઈએ પરંતુ હાલના સંજોગોમાં મા-બા બાળકને શિસ્તના નિયમ સમજાવવા માટે ટાઈમ નથી તેમ જ એકાદ બાળકો હોવાથી તેની જીદ બહુ હોય છે તેથી જીદ તેઓની પોસાય છે અને મનમાની કરે છે વિનય અને વિવેકથી વર્તન કેવી રીતે થાય તે શીખવવામાં આવતું નથી તેને બદલે સ્વભાવે બંડખોર થઈ તોછડાઈ પૂર્વકનું વર્તન જોવા મળે છે. સહનશક્તિનો અભાવ અને જોઈતી વસ્તુ માટે જીદ. શિસ્ત એ જીવનમાં નિયમ પ્રમાણે જીવતા શીખવાડે છે શિષ્ટ શબ્દ દરેકને લાગુ પડે છે બાળકો સ્ત્રી પુરુષ બધાના જીવનમાં શિસ્ત અગત્યનું છે.

બહેનો વિશે શિસ્ત માટે કહીએ તો ઘરકામમાં વ્યવસ્થા ઘરની દરેક વસ્તુ વ્યવસ્થિત જગ્યાએ તેમજ પહેરવેશ પણ સુંદર સુઘડ હોવો જોઈએ ઘર પણ વ્યવસ્થિત હોવું એ પણ એક શિસ્તનું પાસું છે.

જીવનમાં શિસ્તનું મહત્ત્વ ઘણું છે જો શિસ્ત હોય તો જ પ્રગતિનો પાયો મજબૂત બને છે અને જ્યાં શિસ્ત હશે ત્યાં જીવન સહેલું બનશે. આખા જગતમાં જોઈએ તો પ્રકૃતિ પોતાની ઋતુ પ્રમાણે, વસંત ઋતુ, ગ્રીષ્મ ઋતુ, વર્ષા ઋતુ બધા પોતાના નિયમને અનુસરે છે. સૂર્ય પણ શિસ્તને અનુસરે છે સમયસર પ્રભાતમાં આવે છે અને સાંજે અસ્ત થાય છે.

ખાસ તો સ્વયં શિસ્તના વાતાવરણમાં બાળકોનો વિકાસ સારો થાય છે. જબરજસ્તી બાળકો પાસે સિસ્ટમનો આગ્રહ રાખીએ તો તેઓ ડરથી કરે છે પણ તેના મનમાં આ વાત ઉતરતી નથી. બાળકો સ્કૂલમાંથી આવ્યા



પિતા હંમેશા કંઈને કંઈ કહેતા લાઈટ બંધ કરવી નળ બંધ કરવો, બહાર જાય ત્યારે કપડા વ્યવસ્થિત પહેરી જવું આ બધું એના પિતા કહેતા બાળકને ગમતું નહોતું પણ તે કરતો.


એમ કરતા તેનું ભણવાનું પૂરું થયું કામકાજ માટે ઇન્ટરવ્યૂ આપવા જવાનું થયું જે જગ્યાએ ઇન્ટરવ્યૂ આપવાનું હતું ત્યાં તેને જોયું કે દિવસનો ટાઈમ છે છતાં લાઈટ કેમ ચાલુ છે તેને સ્વીચ બંધ કરી, દાદરની વચ્ચે ડસ્ટબીન પડેલું તેને સાઈડમાં મૂક્યું વોશબેસિનમાંથી પાણી ટપકતું હતું નળ બંધ કર્યો ઇન્ટરવ્યૂ આપવા માટે તો ઘણા ઉમેદવાર આવ્યા હતા પણ કોઈએ આ વાતની નોંધ લીધી ન હતી કેબિનમાં બેઠેલા શેઠે સીસી ટીવી કેમેરાથી આ જોયું અને બોસને થયું કે આ ઉમેદવાર લાયક છે, જે નાની બાબતને ધ્યાનમાં લઇ કાર્ય કરે છે તેથી તેને કોઈના પણ ઇન્ટરવ્યૂ લીધા નહીં અને આ નવયુવાનને સર્વિસમાં સારી પોસ્ટ પર રાખી દીધો. ત્યારે તેને શિસ્તનું પોતાના પિતાની કહેલી વાત ગમી અને પોતે સમજ્યો કે મારા પપ્પાએ મને સારા સંસ્કાર આપ્યા છે.

પછી પોતાના બુટ ચપ્પલ બેગ વ્યવસ્થિત ન રાખતા ગમે તેમ રાખે છે અને જો તેને કહેવામાં આવે કે વ્યવસ્થિત મૂકી દે તો કહેશે થાકીને આવ્યો છું ભણીને આવ્યો છું હવે મોબાઈલ જોવાનો આ મોબાઈલ દરેકના જીવનમાં વણાઈ ગયો છે તેના વગર કોઈને ચાલતું નથી ખેર.

દરેક વ્યક્તિ પોતે શિસ્તનું અનુસરણ કરે અને પોતાના બાળકો પાસે પણ કરાવે કારણ શિસ્ત અને સદ વ્યવહાર સાથે ગાઢ સંબંધ છે.

વિદેશમાંથી એક શિસ્તનો પાઠ શીખવા જેવો છે ત્યાં કોઈ ગમે તે વસ્તુ રસ્તામાં ફેંકતા નથી શાંતિથી લાઈનમાં ઊભા રહી અવાજ કર્યા વગર કાર્ય કરે છે જો એવી સિસ્ટમ આપણા દેશમાં બધા અપનાવે તો આપણો દેશ ઘણી પ્રગતિ કરી શકે તેમ છે.

એક whatsapp માં આવેલું તે મને ગમ્યું તે હું શેર કરું છું એક બાળકને તેના



નાથાલાલ જોગદિયા

# લાલો... અને રેટ્રો સોંગ

લાલો-શ્રીકૃષ્ણ સદા સહાયતેમાં ભગવાન શ્રીકૃષ્ણ લાલાને કહે છે લાલા.. હું.. તારી.... અંદર..જ.... છું. તે પ્રમાણે ફિલ્મ જવાની-દિવાનીના ગીતમાં કહે છે.

जानेजा ढुंढता फिर रहा, हुं तुम्हे रात दिन मैं यहां से वहां, मुझको आवाज दो छुप गये हो सनम, तुम कहां, -

ભગવાન કહે છે - मैं यहां...

લાલો દીવાલ તોડી બહાર નીકળી પરિવારને મળે છે ત્યારે ભગવાન ગાયબ થઈ જાય છે. આઠ મહિના પછી લાલો રિક્ષામાં બેસી પેપર વાંચતો હોય છે અને અવાજ આવે છે જુનાગઢ ફેરવશો.

લાલો જુવે છે તો સામે શ્રીકૃષ્ણ ભગવાન ત્યારે લાલો પૂંછે છે - હે... પ્રભુ ! તમે ક્યાં વયા ગ્યા'તા, મેં આઠ મહિના તમને ક્યાં ક્યાં ગોત્યા, બે-વાર દ્વારકા જઈ આવ્યો, પણ તમે ત્યાં નો'તા... ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન લાલાને કહે છે. લાલા..તે મને..બધે ..ગોત્યો,પણ જ્યાં... ગોતવાનો હતો ન્યા ગોત્યો જ નહીં લાલો પૂંછે છે ક્યાં... પ્રભુ... ? ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન તેના હૃદય પર હાથ મૂકી કહે છે. તે... મને... આંય... ગોત્યો.. હોત ને તો.. બધે ગોતવો.. ન પડત... 'લાલા.. હું.. તારી.. અંદર જ..છું !

અને આનંદ બક્ષી સાહેબની કલમ ચાલે છે.

पास हो तुम खडे, मेरे दिलमें छुपे,
और मुझे कुछ पत्ता ना चला,
दिलमें देखा नही,देखा सारा जहाँ,
तुम कहा ? मैं यहां !

ગીતકાર હસરત જયપુરી કહે છે.

मैं सासोंके हर तारमें छुप रहा हुं।
मैं धड़कन के हर रागमें बस रहा हुं।
जरा दिलकी जानिब नजर तो झुकावो।
महोब्बतमें ईतना न हमको सतावो।

ગીતકાર શકીલ બદાયુનીની પ્રેમ - લક્ષણાભક્તિમાં તરબોળ કલમ કહે છે.

तुझे देखा, तुझे चाहा, तुझे पुंजा मैंने,
बस ईतनी खता है मेरी और खता क्या।
शिशा ऐ दिलमें छुपा है, ओ सितमगर तेरा प्यार,
जब जरा गरदन जुकाली देखली तस्वीरे यार

આવા અનેક ફિલ્મી ગીતો છે જેનો ભજન જેવો ભાવાર્થ નીકળે છે.

પછી ભલે પ્રેમગીત હોય.પણ તેને આધ્યાત્મમાં લગાડો કે સંસારમાં મતલબ એક જ હોય છે.



# સંસ્કારનું સિંચન

જીજ્ઞા કપુરિયા 'નિયતી'

પુત્રના લક્ષણ પારણાથી આ વાક્ય આપણે ઘણીવાર સાંભળતા આવ્યા છીએ. ત્યારે મને મહાભારતનો એક પ્રસંગ યાદ આવ્યો. આને પ્રસંગ તો ન જ કહેવાય એક દુઃખદ ઘટના મને યાદ આવે છે.

મિત્ર, મહાભારતનું યુદ્ધ આ ધરા પર મોટામાં મોટું યુદ્ધ. અનેકો નરસંહારમાં શ્રી કૃષ્ણાજીનો સગો ભાણેજ જે સુભદ્રાજીનો અને અર્જુનનો પુત્ર હતો. એ પણ હણાયો ત્યારે બહેન સુભદ્રાજી ભગવાનને પુછે છે, 'હે દ્વારકાધીશ તમે તો મારા ભાઈ છોને, મારો પુત્ર તમારો ભાણેજ થયો. તો હે કૃષ્ણ તમે એની મદદ કેમ ન કરી. તમે અભિમન્યુની રક્ષા કેમ ન કરી? જેનો ભાઈ આ જગતનો નાથ હોય એની આવી દશા? બધા મહારથી કયાં હતા? અર્જુન, ભીમ, યુધિષ્ઠિર જેવા મહારથીના હોવા છતાં મારા પુત્રને એકલો ચક્રવ્યુહમાં જવા જ કેમ દીધો? હે કેશવ તમે મારા પુત્રની રક્ષા કેમ ન કરી? ' સુભદ્રાજીનું કલ્પાંત જોઈને શ્રી કૃષ્ણજી દુઃખી થતાં ભારે મન બોલ્યા, 'સુભદ્રે શાંત થાવ. શાંત થાવ બહેન. તમારો પુત્ર તો વીરપુરુષ હતો એની વીરગતિનું સન્માન તમારા આસુંથી નહીં પણ હસ્તે મુખે એને વિદાય આપો. જુઓ મૃત્યુ પછી પણ એના મુખ પર હાસ્ય જ છે. એને તો એક મહારથીને શોભે એ રીતે વીરગતિને પ્રાપ્ત કરી છે. તો એને વિદાય પણ એક વીરની માતાની જેમ આપો. રહી વાત એના મૃત્યુની તો એના પણ દોષી તમે જ છો!' આ સાંભળી સુભદ્રાજી એકદમ અવાક થઈ ગયાં અને શ્રી કૃષ્ણજીને પૂછ્યું, 'હું તો એની માતા છું તો હું કઈ રીતે દોષી?' શ્રી કૃષ્ણજીએ ત્યારે જવાબ આપે છે, 'યાદ કરો સુભદ્રે જ્યારે અભિમન્યુ તમારા ગર્ભમાં હતો ત્યારે મેં એનું ભાવિ જોઈને સાતકોઠાની વાત માંડી હતી. ત્યારે તમે છ કોઠા સુધી તો બરાબર સાંભળી પણ સાતમા કોઠાની વાત આવી તો તમને નીંદર આવી ગઈ અને તમે સુઈ ગયાં અને એટલે જ અભિમન્યુને સાતમા કોઠાનું જ્ઞાન ન મળ્યું. સુભદ્રા બાળક ગર્ભમાંથી જ સંસ્કારનું સિંચન કરીને જન્મે છે. તમે જો આખી વાત સાંભળી હોતને તો આ જગતમાં કોઈની તાકાત નહોતી કે મારા



અભિમન્યુને મારી શકે. એની સામે ઊભા રહેવાની પણ કોઈની તાકાત નહોતી. કૃષ્ણજીની આ વાતથી સુભદ્રાજી શાંત થયાં અને પોતાના પુત્રનો અંતિમસંસ્કાર થવા દીધો.

બાળકમાં સંસ્કારનું સિંચન ગર્ભમાં હોય ત્યારે જ થઈ જાય છે. ગર્ભનાળથી એનું સિંચન થાય છે તો એ સમય દરમિયાન વિચારો સારા રાખીને જો તમે ધાર્મિક પ્રવૃતિ કરશો તો આવનાર બાળકને સંસ્કાર તમારે આપવા નહીં પડે. એને તો ગળથૂથીમાંથી જ મળી રહેશે. આ હકીકત આપણાને ભગવાન શ્રી કૃષ્ણાએ મહાભારતમાં સમજાવ્યું છે પણ અફસોસ આજની આધુનિક માતાને એવો સમય જ નથી.


**BANK DETAILS OF KAPOL SAMAJ DARPAN FOR RTGS**

**NAME : KAPOL SAMAJ DARPAN FOUNDATION**

**Axis bank Branch :** CUFFE PARADE

**Account :** 447010100053677


**IFSC :** UTIB0000447

# રવિવારની વાર્તા

ડિસેમ્બર, ૧૯૫૬નો સમય હતો. ન્યૂયોર્કના એક નાના એપાર્ટમેન્ટમાં એક યુવાન સ્ત્રી બેઠી હતી. એરલાઇન રિઝર્વેશનની એક વધુ શિફ્ટ પછી થાકેલી. શહેરમાં તેને સાત વર્ષ થઈ ગયા હતા. જીવનના હાશિયે લખાણ - નોકરી પછીની મોડી રાતો, ચોરીથી મળેલા વીકએન્ડ, એવી વાર્તાના ટુકડા જેને પૂરા કરવા માટે ક્યારેય સમય મળતો ન હતો. તેનું નામ હાર્પર લી હતું, અને હજી સુધી કોઈ તેને ઓળખતું નહોતું. અલાબામામાં લોકો પૂછતા કે તે ક્યારે આ ‘લખાણની વાત’ છોડીને ઘરે પરત આવશે. ન્યૂયોર્કમાં ભાડું હંમેશાં માથા પર રહેતું, અને ડબલ શિફ્ટ વચ્ચે ટાઇપરાઇટર પર ધૂળ જમતી. તે ૩૦ વર્ષની હતી, અને સ્વપ્ન હવે તેને ઉઠાવી ન શકાય એવો ભાર લાગવા લાગ્યો હતો. ત્યારે તેના સૌથી નજીકના મિત્રો- માઇકલ અને જોય બ્રાઉન, એક સંગીતકાર અને ગીતલેખક- એ તેને ક્રિસમસની ભેટ આપી. લિફાફાની અંદર એક નોટ હતી, જેમાં લખ્યું હતું:

‘તમે તમારી નોકરીમાંથી એક વર્ષ માટે સંપૂર્ણ રજા લો અને જે મન આવે તે લખો. મેરી ક્રિસમસ.’


અને સાથે એક વર્ષના પૂરાં પગારનો





ચેક. તે ત્યાં જ અચંબિત થઈ ગઈ. પૈસા માટે નહીં- જોકે તે અવિશ્વસનીય હતા, પરંતુ તેના અર્થ માટેઃ જ્યારે તે પોતે જ પોતાના પર વિશ્વાસ ગુમાવી રહી હતી, ત્યારે કોઈએ તેના પર વિશ્વાસ મૂક્યો હતો. આ ભેટે તેને એવી વસ્તુ આપી જે સામાન્ય રીતે પૈસાથી ખરીદી શકાતી નથી : ભય વિના સમય. એવો સમય કે જેમાં ભાડાની તારીખની ટિક-ટિક સાંભળ્યા વિના તે ટાઇપરાઇટર સામે બેસી શકે. એવો સમય કે જેમાં તે અંદરથી રાહ જોઈ રહેલી વાર્તામાં પોતાનું બધું જ ઢોળી શકે. એમાંથી ‘ટુ કિલ અ મોકિંગબર્ડ’ જન્મ્યું. ૧૯૬૦માં પ્રકાશિત થયેલું આ પુસ્તક પુલિટ્ઝર પુરસ્કાર જીત્યું અને ૩૦ મિલિયનથી વધુ નકલો વેચાઈ. અમેરિકાની શાળાઓમાં તે ફરજિયાત વાંચન બન્યું.

## ક્વોટ્સ - સચોટ

## લેખિકા - ફાલ્ગુની યતીન મહેતા




































પ્રતિભા મોદી

# વર્તમાન ગૃહલક્ષ્મી

**એપિસોડ : ૮**



બાળક ગુમાવ્યાથી રીમાનું મોઢું પડી ગયું હતું.પોતાની ભૂલ તેને સમજાઈ પણ ગઈ હોય એમ લાગતું હતું. રમીલાબેન પણ ઘણા જ નિરાશ થઈ ગયા હતા.તેઓએ વધારે દેખાડ્યું નહીં, પણ અંદરથી ખૂબ જ દુઃખી થઈ ગયા. રીમા ચિંતા ન કર હવે બીજી વખત ધ્યાન રાખજે. હજી તારી ઉંમર નાની છે.

હવે ડોક્ટરને પૂછવું પડશે કે જેમ બને તેમ જલ્દી ક્યુરિટીગ કરાવવા અને ડોક્ટર એપોઇન્ટમેન્ટ લેવી પડશે. તો હું ડોક્ટરને મળીને આવું છું.

રમીલાબેન ડોક્ટર પાસે ગયા ડોક્ટર આપણે જેમ બને તેમ જલ્દી રીમાનું ક્યુરેટીંગ કરવું સારું, નહીં તો શરીરમાં પોઈઝન થઈ જશે. ડોક્ટરે પણ મજબૂરીનો ફાયદો લઈ મોટી રકમ માંગી. જીગરે તે આપી અને રીમાને આરામ કરવા માટે કહ્યું. રમીલાબેને રીમા માટે થોડું કાટલું બનાવી આપ્યું જેથી રિમાને શક્તિ આવે અને આરામ લાગે.

બીજા દિવસે રીમાનું ઓપરેશન થઈ ગયું અને સફળ પણ થયું અને હવે ઘરે હેમખેમ પહોંચી ગયા.

રીમાને સીઝોફેનિક હતું અને સાઈક્રેટિકના ડોક્ટરે પ્રેગ્નન્સી દરમિયાન

સીઝોફેનીકની દવા લેવાની બંધ કરાવી હતી. પરંતુ જો આ દવા બંધ થાય તો વ્યક્તિના સ્વભાવની વાસ્તવિકતા બહાર આવે અને રીમા દસ વર્ષથી સીજોફેન્યાની દવા લે છે તો તેને સામાન્ય થતા ઘણો સમય લાગશે. સીઝોફેનિયાનાં દર્દીને જ્યાં સુધી દવા લે ત્યાં જ સુધી તેમનો સ્વભાવ સારો રહે. જેવી આ દવા બંધ થાય કે તરત જ ધીરે ધીરે તે વ્યક્તિનાં આચાર, વિચાર સ્વભાવ બહાર આવે. એક ગાંડપણ જેવી અસર થાય. તો તમે ગભરાતા નહીં ડોક્ટરે આ પ્રમાણે કહ્યું. ભલે અમે સાચવી લઈશું.

ઘરે આવીને જીગરે અને રમીલાબેને રીમાને તેના રૂમમાં બધી જ સગવડ કરી આપી. તેના રૂમમાં ટીવી રાખ્યો હતો જેથી રીમા આરામથી તેને મનગમતા ટીવીનાં પ્રોગ્રામ જોઈ શકે. થોડા દિવસ આરામની જરૂર હોય પછી તબિયત સારી થઈ જાય.

ત્યાર પછી જીગર રાતના ૯:૦૦ વાગે તેના દાદા અને પપ્પા સાથે દિવસ દરમિયાનના વકરાનો હિસાબ કરવા બેઠો હતો. હિસાબ કરતા કરતા દોઢ કલાક વીતી ગયો હશે. ત્યાં તો અંદરનાં રૂમમાંથી રીમાનો અવાજ આવ્યો કે જીગર તું એટલો અનમેચ્યોડ છે કે મારી સાથે ટાઈમ સ્પેન્ડ કરતો નથી. તને એમ ના થાય કે હું એકલી રૂમમાં બેઠી છું. તો મારી સાથે આવીને ટીવી જોવાનું તને ખબર નથી પડતી. તે ત્યાં બહાર હોલમાં ટાઇમપાસ કરે છે ? પણ એને એમ નથી થતું કે હું રીમા પાસે જાવ. એમ મોટે મોટેથી રીમા બોલવા માંડી દાદાએ કહ્યું તું જ્યાં અમે બંને કામ કરી લેશું. જીગર તરત જ રીમા પાસે પહોંચી ગયો કારણકે નહીં તો વધારે સાંભળવું પડશે તે સમજતો હતો. તેણે સમય સાચવી લીધો, નહીં તો નાની વાતમાંથી વધી જાય ગાંડપણની અસર છે ને ભાઈ !

આપણે ચોક્કસ સમજીએ કે બાળક ગુમાવ્યા પછી સ્ત્રીનું મન આળું થયું હોય. પણ અમારે માટે આ રીતે સાચવવું મુશ્કેલ છે.

બીજે દિવસે મેં અને મમ્મીએ તેની બરાબર વ્યવસ્થા કરીને હું કામ માટે દુકાને ગયો હતો. જેથી તેની કોઈ ફરિયાદ ન રહે. છતાં અમારી દુકાને મારા પર ફોન આવ્યો હશે રીમાનો અને મારું ધ્યાન નહીં હોય, જરા વ્યસ્ત હોવાથી હું ઉઠાવી નહીં શક્યો અને પછી ભૂલી ગયો તો ઘરમાં મમ્મીને રીમાં કહેવા માંડી કે કેવા દીકરાને તમે જનમ આપ્યો છે. આવો છોકરો મે મારી જિંદગીમાં જોયો નથી. જ્યારે પણ ફોન કરું ફોન ઉઠાવતો જ નથી. આવો ગવાર મેં મારી જિંદગીમાં જોયો નથી. તમે તો મને કેવી મોટી મોટી પ્રોમિસ આપી હતી લગ્ન કરતી વખતે, તે હિસાબે તો અહીં કાંઈ જ નથી. મારી સાથે લગ્ન કેમ કર્યા ? મેં તમારું શું બગાડ્યું હતું ? તમને તો હું ઓળખતી પણ ન હતી. તમારે મારી જિંદગીને બરબાદ કરવાનો શો હક છે ? તમને આમાં શું મળ્યું છે ?

રમીલાબેન તો રીમાની વાણી સાંભળીને ઠરી જ ગયા. તેમણે જીગરને ફોન કર્યો અને બધી વાત કરી. જીગર કહે હું ડોક્ટરને પૂછું છું કે આ માટે શું કરવું ? અમારી આ પરિસ્થિતિ થઈ ગઈ છે. સીઝોફેનિયાએ તો ભારે કરી છે.

**વધુ આવતા અંકે**



કુન્દનિકા કાપડિઆ

# હું પુકારું તો, સાંભળશે કોણ ?

તેમના બધા સાથીઓ આગળ ગયા હતા, ને તે બંને અહીં વિશ્રામ લેવા બેઠાં હતાં. મા અને દીકરી ડુંગરની તળેટીમાં આવેલા આ નાનકડા આદિવાસી ગામમાં તેમની ટુકડી દર રવિવારે આવતી અને થોડુંક કામ કરતી તે પોતે ને બીજા બે-એમ ત્રણ ડોક્ટરો હતા. તેઓ દરદીઓને તપાસતા અને નામની ફી લઈને દવા આપતા. એક, આર્કિટેક્ચરમાં તાજો જ પાસ થયેલો જુવાન હતો, તેને ગામનાં જીર્ણ, દરિદ્ર, કઢંગાં મકાનોને થોડીક સામગ્રીથી સુંદર બનાવી દેવાનાં સ્વપ્ન હતાં. થોડાંક બેડોળ મકાનોને તેણે મામૂલી ખર્ચે સુંદર બનાવી દીધાં હતાં. બે શિક્ષિકાઓ હતી, જે ઝાડ નીચે અક્ષરજ્ઞાનનો વર્ગ ચલાવતી. બીજા બે સામાજિક કાર્યકરો હતા. દર રવિવારે સવારે તે બધાં, પોતાનું જમવાનું સાથે લઈને આવતાં, પાંચેક કલાક સખત કામ કરતાં. પછી નદીકાંઠે વૃક્ષ હેઠળ બેસી, ખાવાનું ખાઈ થોડાંક ગીતો ગાતાં અને પછી પાછાં ઊપડી જતાં.

ગામથી એકાદ ફર્લાંગ દૂર ડુંગરાઓની એક દીર્ઘ હારમાળા હતી. અત્યારે ચોમાસામાં તેના ખરબચડા ઢાળઢોળાવ મખમલી હરિયાળીથી ઢંકાઈ ગયા હતા અને મેઘ પાછળ ઢંકાયેલા સૂરજનો છૂટોછવાયો તડકો તેના પર ક્યાંક પડતો ત્યારે તે આખોયે વિસ્તાર એટલો સુંદર લાગતો કે ગમે તેવા રોકાણવાળા માણસને પણ ઘડીભર કામ થંભાવી તે તરફ નજર માંડી રહેવાનું મન થાય. એકાદ પ્રકાશમાન વિશાળ અસ્તિત્વને જાણે સોનેરી વાદળોનું આવરણ વીંટાયું હોય એવું લાગતું ડુંગરાને મથાળે જંગલ જેવું હતું ને તેમાં જે સૌથી ઊંચું શિખર હતું તે સૌથી આકર્ષક હતું, કારણ કે ત્યાં વૃક્ષની પાછળથી એક ધજા લહેરાતી મીના ને તેના જૂથે નક્કી કર્યું હતું કે આ વખતે આગલી રાતથી જ ગામડે આવી જવું, વહેલી સવારે ડુંગર ચડી એ મંદિર સુધી પહોંચવું ને નવ વાગતામાં નીચે ઊતરી આવી, કેન્દ્ર પર પહોંચી કામ શરૂ કરી દેવું. જૂથમાં બાળકો નહોતાં પણ મીનાની નવ વરસની દીકરી સીના હઠ કરીને સાથે આવી હતી તેને રખડવાનો ખૂબ શોખ હતો, ને ડુંગરની ઊંચાઈ એટલી બધી

નહોતી કે તે ન ચડી શકે. સીના પોતાના ખાસ વ્યક્તિત્વવાળી બાલિકા હતી. ઘણા લોકો તેનું નામ સરખું સમજતાં નહીં, તેથી સીનાનું સીમા કરી નાખતાં. હકીકતમાં એ સીતાંશુનો સી' અને મીનાનો 'ના' લઈને બનાવવામાં આવેલું. અને એમાં પેરિસની સીન નદીની યાદ હતી, જેના કાંઠે મીના ને સીતાંશુની પહેલી વાર ઓળખાણ થયેલી.

થાક લાગ્યો હતો એટલે નહીં, પણ એ જગ્યા અત્યંત સુંદર હતી એટલે મીના ને સીના ત્યાં બેસી ગયાં. 'તમે બધાં મંદિરે જઈને આવો, ત્યાં સુધી અમે બેઠાં છીએ.' સવારના સાત વાગ્યા હતા. તે લોકો ઉપર જઈને આવે ત્યાં સુધીમાં કલાક થાય, તોપણ નવ વાગ્યે સહેલાઈથી પાછાં પહોંચી જવાય. મીના-સીનાને છોડી બધાં ઉપર ને ઉપર ચડતાં ગયાં. ઠીક ઠીક વાર સુધી તેઓ દેખાયાં. પછી તેમનાં વસ્ત્રો અદૃશ્ય થતાં થતાં છેલ્લો ફરકતો છેડો દેખાતો બંધ થયો. તે પછી થોડીક વાર તેમનો અવાજ સંભળાતો રહ્યો. છેવટે તે પણ બંધ થયો અને મીના અને સીના સાવ એકલાં પડ્યાં.

એકલાં પડતાં જ મીનાને એક વિચિત્ર મુક્તિની ને આનંદની લાગણી થઈ આવી. એક ઉત્સુકતા અને રોમાંચની- જાણે આ એકાંત તે તેણે દીર્ઘ કાળથી ઝંખેલ પ્રિયતમ હોય અને તે પહેલી વાર એને મળતી હોય. એ મોટા દૂર સુધી ફેલાયેલા વિસ્તારમાં તેમના સિવાય બીજું કોઈ દેખાતું નહોતું. ગામનાં મકાનો નજરથી અદૃશ્ય થઈ ગયાં હતાં. નદીનું વહેણ પણ ક્યાંક દૂર રહી ગયું હતું. રોજ આ ડુંગર પર નજર પડતી હતી પણ આજે સાવ સમીપ આવીને બેસતાં એક અપરિચિત સૃષ્ટિ સામે ઊઘડવા લાગી. ક્યાંય કશો અવાજ નહોતો. મેઘાચ્છન્ન આકાશ ચારે ખૂણેથી નમી પડેલું હતું. પ્રકાશ નહોતો ને એટલે પડછાયા નહોતા. રૂપનું વૈવિધ્ય નહોતું. રંગની રમણા નહોતી કેવળ ધરતીના પેટાળમાં સૂતેલી નીરવતા આજે જાણે ઘડીક બહાર આવી હતી અને ઘાસના બિછાના પર પોઢી ગઈ હતી. બધું જ સ્થિર હતું; અત્યંત તૃપ્ત, સાર્થક. કશાની જરૂર નહોતી અને એટલે કશી ગતિ નહોતી. મીનાને લાગ્યું કે પોતાનું મન પોતામાંથી બહાર નીકળી આ વિસ્તારમાં ફેલાઈ રહ્યું છે અને આ નીરવતામાં ઓગળી રહ્યું છે. તેને લાગ્યું-પોતે આ કોલાહલના સમુદ્ર વચ્ચે ઊગી આવેલા શાંતિના નીલમદ્વીપની જાણે ચિરવાસિની છે. પોતાનું રોજનું, સેંકડો રોકાણો, સેંકડો વિચારો, સેંકડો ઝંખનાઓનું જીવન તો એક ભ્રાંતિ છે અને જીવનનું સત્ય ને જીવનની સાર્થકતા ક્યાંક અહીં જ રહેલાં છે. આ એકાંતમાં, જેમાં કશું શોધવાનું નથી તેવી આ શાંતિમાં. ખાસ કશું મેળવીને નહીં, પણ પોતાફરતું રહેલું આવરણ વિખેરી દઈને તેને સંતૃપ્તિનો અનુભવ થયો.

માણસ એકલો, સાવ એકલો પડે, આજુબાજુ ક્યાંય દૂર સુધી અવાજનું ધીમું આંદોલન પણ ન હોય, મનુષ્ય-પ્રાણીનો સંચાર ન હોય, કેવળ તે હોય ને ધરતી ને

આકાશ ને વૃક્ષો હોય, ત્યારે તેને શા વિચાર આવે ? ખબર નહોતી, પણ મીનાને લાગ્યું કે તેનું મન નિર્વિચાર બની ગયું છે. માત્ર સપાટીનું મૌન નહીં પણ છેક અંદર, ભીતરના તળમાં, બધાં સ્મરણો ને અનુભવોની હેઠળ જે સાવ શિશુ અવસ્થાની આંતરિક શાંતિ વસેલી હોય છે. શિશુ- અવસ્થા કે પછી ગર્ભ -અવસ્થા -તે નિર્વિચાર સ્થિતિ આજે જન્મ પછી પહેલી વાર પાછી મળી છે. એમાં નરી પ્રસન્નતા છે, નરી વર્તમાનતા છે. આ જ સ્થિતિમાં સદાકાળ જો વસી શકાય... સમયની કેદમાંથી સદા માટે જો ઊડી જઈ શકાય... અચાનક તેને ઝાટકો લાગ્યો. તે ઝબકી ને તેણે આંખો ચોળી કોઈ પણ સ્થિતિમાં શું સદાકાળ ટકી શકાય ? તેણે સીના સામે જોયું. તે આંખો બંધ કરીને ઘાસમાં આળોટી પડી હતી. ના, પોતાનું મન તો વિચારોથી ભરપૂર હતું નિર્વિચાર તો હતી સીના તે ક્યારની કશું બોલી નહોતી સમયનું ભાન ભૂંસાઈ ગયું હોય, તેમ તેણે ક્યારની આંખો ખોલી નહોતી કે હલનચલન કર્યું નહોતું.

મીનાએ ઘડિયાળ ભણી જોયું, અને એકીવારે આખીય સૃષ્ટિ ભાંગી ગઈ. સમયનું ત્રીજું નેત્ર ખૂલ્યું અને કાળની પાર રહેલી અવિચ્છિન્ન શાંતિના કિલ્લાકાંગરા કડડડભૂસ થઈ ગયા. ચારે તરફ વ્યાપેલી મેઘશ્યામ સજલસુંદર નીરવતા સંકેલાઈ ગઈ ને મીનાના મનમાં સહસા પ્રશ્ન થયો- આઠ વાગી ગયા. આ લોકો હજુ આવ્યાં કેમ નહીં ?

તેણે સીનાને હળવેથી આંગળી અડાડી 'ઊંઘી ગઈ, બેટા ?' સીનાએ આંખ ખોલી ને તે આનંદથી હસી 'ના મા, હું તો મનમાં મનમાં સૂરજ સાથે વાતો કરતી હતી. આવી ગયાં બધાં ?' તે ઊઠીને બેઠી થઈ.

'ના, આવ્યાં નથી, પણ હવે આવવાં જ જોઈએ. આપણે નવ વાગ્યે તો પાછું પહોંચી જવાનું છે.' તેણે ફરી ઘડિયાળ સામે જોયું ને પછી સાથીઓ જે માર્ગેથી ઉપર ગયાં હતાં તે માર્ગ ભણી નજર માંડી દૂર દૂરથી તેમનો કાંઈ અવાજ સંભળાય, તે માટે કાન માંડ્યા. નિઃસીમના પ્રદેશમાં ઊડી ગયેલું પંખી પાછું સમયના સળિયા પાછળ આવી બેઠું.

સવા આઠ થયા. હજુ કોઈ દેખાતું નહોતું. ઉપર જઈને એ લોકો આનંદમાં પડી ગયાં કે શું ? પાછાં આવવાનો સમય ખ્યાલમાં નહીં હોય ? આઠ ને પચ્ચીસ- સાડા આઠ. તેને જરા ચિંતા થઈ. 'ચાલ સીના, આપણે ઉપર જઈશું ? કદાચ એ લોકો સામાં મળી જાય.'

'ચાલ, મા !' સીના કૂદકો મારીને ઊભી થઈ, અને બંનેએ એકમેકનો હાથ પકડી ઉપર ચડવા માંડયું ચડાણ આકરું નહોતું. તોપણ મીનાને જાણે સહેજ હાંફ ચડી અને પેલા લોકોનો તો કોઈ જ અણસાર નહોતો. તેણે સ્વસ્થતા રાખીને પૂછ્યું ને છતાં તેના અવાજમાંથી વ્યાકુળતા ડોકાઈ રહી: 'સીના, તને કાંઈ અવાજ સંભળાય છે ?'

પણ કશે જ અવાજ નહોતો. જે ધજાને

નજરમાં રાખી તેમણે ચડવાનું શરૂ કર્યું હતું તે ધજા પણ હવે દેખાતી નહોતી. પોતે સાચા માર્ગે જ હતાં ? આ સિવાય ઉપર જવાનો બીજો કોઈ માર્ગ હતો ? આ મખમલી બિછાતમાં આમેય કેડીઓ તો હતી જ નહીં. છૂટાંછવાયાં વૃક્ષો હતાં, જે આગળ ઉપર જતાં વધારે ગાઢ થતાં જતાં હતાં. થોડુંક ચાલતાંમાં તો તેઓ લગભગ જંગલની વચ્ચે હોય એવી જગ્યાએ આવી પહોંચ્યાં.

'સીના, આપણે ઊંધા માર્ગે આવ્યાં હોઈએ એવું તને લાગે છે ? મીનાના અવાજમાં ગભરાટ હતો. તેણે પોતાના અવાજની ધ્રુજારી દાબવા પ્રયત્ન કર્યો જેથી સીના ડરી ન જાય. હિંમત આપવાનો દેખાવ કરતાં તે ફરી બોલીઃ 'મને લાગે છે, આપણે આ ડાબી બાજુ વળ્યાં. તે ખોટો રસ્તો હતો. જમણી બાજુએ જ વળવું જોઈતું હતું.' ને વળી એક ભયે તેને ધ્રુજાવી દીધી. પેલા લોકોએ ઉપર જતાં પોતાના માર્ગની નિશાની અંકિત કરી હોય એમ ન બને ? પણ એમને ક્યાં ખબર હતી કે અમે બે ઉપર ચડીશું ? કદાચ હવે તે લોકો પાછાં ઊતરીયે આવ્યાં હોય ને પોતે જ્યાં બેઠી હતી, ત્યાં શોધ કરતાં ઊભાં હોય.

તેણે સીનાનો હાથ મજબૂતીથી પકડયો ને જ્યાંથી આવ્યાં હતાં ત્યાં પાછું ચાલવા માંડયું હજુયે એ જ મેઘાચ્છન્ન આકાશ હતું, પડછાયા વિનાનું અજવાળું હતું, સંચાર વગરની નીરવતા હતી. પણ તે એક અજાણ્યા ભયના સાણસામાં જકડાતી જતી હતી. ઘડિયાળમાં ફરી તેની નજર પડી ને તેના હૃદયમાં ભયનો એક મોટો જુવાળ આવ્યો. ઘડિયાળના કાંટા સવા નવથી આગળ દોડતા હતા. સમય શું છે ? ભય શું છે ? એકાંત શું છે ?- તેણે પોતાની જાતને પૂછ્યું ને કોઈ જવાબ અંદરથી મળે તે પહેલાં તેણે સીનાનો હાથ પકડી લગભગ દોડવા માંડયું પેલાં લોકો ત્યાં કદાચ ઊભાં હોય !

પણ એ જગ્યા ક્યાં હતી ? ચારે બાજુ બસ લીલા લીલા સુંદર ઢોળાવો જ હતા. બધું સરખું લાગતું હતું. વૃક્ષો પણ સરખાં જ લાગતાં હતાં. ક્યાંય કશી નિશાની નહોતી, જેના આધારે માર્ગ શોધી શકાય. તેણે હોઠ ભીડીને ચાલવા જ માંડ્યું. ક્યાંક તો માર્ગ મળી જશે. ધજા દેખાશે, કે નદી દેખાશે કે પછી ગામનાં મકાનો દેખાશે, અથવા પોતાના સાથીઓ.

દસ વાગ્યા.

ધબ દઈને તે બેસી પડી હવે થાક લાગ્યો હતો. તરસ લાગી હતી. ભૂખ લાગી હતી. અને સાચેસાચો ભય લાગ્યો હતો. અને સૌથી વધુ તો સીનાને થાક ભૂખ તરસ ભયમાંથી રક્ષવાની ચિંતા લાગી હતી.

મા, આપણે ભૂલાં પડ્યાં છીએ, નહીં ? સીનાએ કહ્યું. મીનાએ તેને એકદમ હૈયે વળગાડી દીધી. 'ના બેટા, હમણાં જ આપણે નીચે પહોંચી જઈશું જંગલ જેવું છે ને, એટલે રસ્તો સમજાતો નથી. પણ હવે આપણે એ લોકોની વાટ જોયા વિના કેન્દ્ર પર જ ચાલ, પહોંચી જઈએ.'

બંનેએ નીચે ઊતરવા માંડ્યું. પણ હવે મીનાના હૃદયમાં ભય વજનદાર બનતો જતો હતો. હા, માર્ગ ભૂલી જ ગયાં હતાં. આટલો વખત ચાલ્યા પછી ગામનાં મકાન તો દેખાવાં જોઈએ, પણ તેય કાંઈ દેખાતાં નહોતાં. ઊલટાનાં બંને તળેટીમાં ને તળેટીમાં, ઊંડી ખીણમાં જાણે ઊતરી રહ્યાં હોય તેવો ભાસ થયો.

થાકીને બંને ઘડીભર ઊભાં રહ્યાં. સીના કંઈક બોલવા ગઈ ને મીનાને ભય લાગ્યો કે તે હમણાં કહેશે કે હું થાકી ગઈ છું ને મને ભૂખ લાગી છે, તો પોતે શું કરશે? હંમેશાં વહાલથી રક્ષેલી આ હૃદયના ટુકડા જેવી દીકરીને અત્યારે પોતે કયું આશ્વાસન આપી શકશે?

પણ સીનાએ કહ્યું, શાંતિથી, ગભરાટ વિના- મા, મને લાગે છે આપણે ખરેખર રસ્તો ભૂલી ગયાં છીએ. વાર્તામાં આવે છે તેમ હવે તો કોઈ રાજા ઘોડો દોડાવતો આવે તો આપણને બહાર લઈ જાય, નહીં? તે હસી. પણ મીનાના મનમાં એક ચિરાડો પડ્યો. અહીં પોતાને કોણ શોધી શકે? આ નિર્જન એકાંતમાં, અંતહીન લાગતી ખીણમાં - પોતે ચીસ પાડે, તો તે કોણ સાંભળે? હૂ. ઇફ આઈ ક્રાય્ડ વુડ હિયર મી? - એક અંગ્રેજી કાવ્યની પંક્તિ તેને સાંભરી.

દિવ્ય અસ્તિત્વો.

સાચે જ પોતે બૂમ પાડે તો શું દિવ્ય અસ્તિત્વો તે સાંભળે ખરાં? ભગવાન સાંભળે ખરો? અને તે આવીને ઉગારે?

ભગવાન છે ખરો?

મેડિકલ કોલેજમાં મૃતદેહોની ચીરફાડ કરતી વખતે ખૂબ શોધ્યું હતું- કોઈ રહસ્યનું કેન્દ્ર, જે મનુષ્યની દેહેતર ચેતનાની સાક્ષી આપી શકે. કશું મળ્યું નહોતું. ' અંગુષ્ઠમાત્ર પુરુષ ' ની કોઈ નિશાની મળી નહોતી. આત્મા ને પરમાત્મા શબ્દોની ત્યારે ખૂબ ઠેકડી ઉડાવી હતી. ખૂબ હસ્યાં હતાં. આ ભૌતિકતાથી પર, અભૌતિક કશું હોય તેમ માનવાનો ચોખ્ખો ઇનકાર કરેલો. અને છતાં, કોઈક ખેંચાણ થયા કરેલું કોઈક જરૂરત અનુભવાયા કરી હતી. એક પ્રેમની, સમર્પણની... આનંદમય, રૂઢિથી પર એવા સ્વૈચ્છિક સમર્પણની જીવનમાં પ્રેમ ઓછો નહોતો કર્યો. સીતાંશુને પૂરા હૃદયથી ચાહ્યો હતો. વહાલી દીકરી સીનાને, માતાને, પિતાને, મિત્રોને- બધાને જ પ્રેમ કર્યો હતો, બધાંનો પ્રેમ મળ્યો હતો. છતાં એક જુદા પ્રેમની ક્યારેક જરૂર અનુભવાતી. કોઈક શાંત, ઉદાસ, જાત સાથેની એકાકી પળોમાં એક અતિ મહાન સમર્થ પ્રેમની ઝંખના અનુભવાતી. જે મનુષ્યના મનુષ્ય માટેના પ્રેમ કરતાં જુદો હતો. એ જ શું ભગવાન માટેના પ્રેમનો પુકાર હતો?

અચાનક સીના બોલી: મા, મારાં ટીચરે કહેલું કે રસ્તો ભૂલી જઈએ ત્યારે ભગવાનને પ્રાર્થના કરવી તે રસ્તો બતાવે આપણે પ્રાર્થના કરીશું, મા?

નાનકડી છોકરીને મોંએ આ ક્ષણે આવી વાત સાંભળી મીનાનું હૃદય એકદમ દ્રવી ગયું. તેને લાગ્યું કે પોતે મા થઈને રડી પડશે. તેણે બળપૂર્વક આંસુ પાછાં ધકેલ્યાં. સીના, ચાલ બેટા, આપણે ભગવાનને પ્રાર્થના કરીએ કે તે આપણને રસ્તો બતાવે. તેણે શાંત થવાનો પ્રયત્ન કરી કહ્યું ને અચાનક તેને ખરેખર જ શાંતિ લાગી. ઘડી વાર ભય દૂર થઈ ગયો. અંતરમાં એક વિશ્વાસ ઊગ્યો- આજુબાજુની હરિયાળી જેવો શાંત લીલો વિશાળ વિશ્વાસ. તે નીચે બેઠી ને તેણે સીનાને માથે હાથ મૂક્યો. ' ચાલ બેટા સીના, આપણે ભગવાનને પ્રાર્થના કરીએ.

તેણે આંખો બંધ કરી આજ પહેલાં ક્યારેય ભગવાનને હૃદયના ઊંડાણથી પ્રાર્થના કરી નહોતી. ભગવાનમાં માનવું કે ન માનવું. તેની બહુ ખબર નહોતી. અમસ્તું ક્યારેક ભજનો ગાયાં હશે ને મંદિરમાં માથું નમાવ્યું હશે કે અનંત બ્રહ્માંડનાં રહસ્યો પર વિચાર કરતી વખતે પરમપિતા જેવા કોઈક અસ્તિત્વનો ઝબકારો મનમાં થયો હશે.

પણ ભગવાન સાથે હૃદયનો સીધો સંબંધ તો ક્યારેય જોયો નહોતો.

અને આજે તે એને, વિશ્વની પરમ સંચાલક શક્તિને સમગ્ર હૃદયથી પ્રાર્થી રહી. 'અમારા માનુષી અપરાધોને ક્ષમા કરો પિતા, અમને તમારા રક્ષણમાં લો. અમને માર્ગ બતાવો.

થોડી વારે બંનેએ આંખો ખોલી મીનાનું હૃદય કશાક વિશ્વાસથી હળવું થઈ ગયું હતું સીના બેટા, તારા પપ્પાના નામની બૂમ માર તો કદાચ એ લોકો આપણને શોધતાં હશે - તો કદાચ આપણી બૂમો તે સાંભળશે ... ' અને સીના બૂમ મારે તે પહેલાં તેણે મોટેથી સ્પષ્ટ સ્વચ્છ અવાજે તેની એક સાથીદારના નામની બૂમ મારી- 'વાસંતી. થોડીક વાર તે શાંત રહી અને તેણે ફરી બૂમ મારીઃ 'સીતાંશુ ! ... અને આ વખતે સીના પણ મોટેથી બોલીઃ 'પપ્પા.. બંનેએ કાન માંડ્યા. કંઈક અવાજ આવતો હતો. કોઈ બોલાવતું હતું ? કે ભ્રમ હતો ? ના. કદાચ ખરેખર જ કોઈ અવાજ આવતો હતો. બંને શ્વાસ રોકીને સાંભળી રહ્યાં, અને બાર વાગ્યાના સૂર્યને ચીરતો એક સ્પષ્ટ રણકતો અવાજ આવ્યો : 'મીના-સીના, તમે ક્યાં છો ?'

સીના આનંદથી ચીસો પાડી રહીઃ 'પપ્પા, પપ્પા, અમે અહીં છીએ. અમે ભૂલાં પડી ગયાં છીએ. પપ્પા, તમે અહીં આવો-મારો અવાજ પકડીને આવો...'

મીનાની આંખમાંથી આંસુની ધારા વહી નીકળી જરાક વારમાં જ સીતાંશુને તુષાર મથાળેથી ઊતરતા દેખાયા. સીના આનંદથી નાચવા માંડી. અચાનક તેની નજર મીના પર પડી ને તે આશ્ચર્યથી બોલીઃ 'મા. હવે તો પપ્પા આવી ગયા. હવે તું કેમ રડે છે ?'

એ કેમ રડતી હતી તેની એને ખબર નહોતી. કદાચ ભગવાનને ખબર હોય !



# જાનુ...

કામિની મહેતા

ટન.. .ટન... ટન... ઘડિયાળમાં ટકોરા થયા. માથું ઝાટકી વ્યોમાએ જોરદાર બગાસું ખાધું. આવડું મોટું બગાસું ઓફિસમાં ખાધું હોય તો ઓફિસ હલી જાય. હવે તો આંખોએ થાકી હતી. લેપટોપ આઘું ખસેડી આંખ બંધ કરી તે બેસી રહી. હવે થોડો જ બાકી છે પ્રોજેક્ટ. પણ મગજ કામ કરવાની ના પાડે છે તો શું કરું. કીબોર્ડ પર ફરતી આંગળીઓ 'ઔર નહિ બસ ઔર નહીં 'નો પોકાર કરે છે. કંટાળી ખુરશી પરથી ઊભી થઈ. શરીરને થોડું સ્ટ્રેચ કર્યું, થોડું સમજાવ્યું - આજે તો આ કામ પૂરું કરે જ છૂટકો છે. સવારના પહોરમાં પેલો કાળિયો પૂછશે. -'ડીડ યુ ડુ ધ વર્ક ?' અને પછી 'નો સર' સાંભળી તેનું રીએક્શન કેવું જલદ હશે, તે વિચાર કરવાની તાકાત છે ? શરીરે જાણે સામેથી માંગણી કરી - એક કપ કોફી હો જાય. તો મગજને થોડી કિક મળે.

યસ્સ, એક કપ કોફી હો જાય. તેણે બેલ મારી ને જાનુ જિનની જેમ હાજર થયો. 'હુકુમ મેરે આકા.' બોલવાની જ વાર હતી જાણે. 'જાનુ, એક કપ મસ્ત ડાર્ક કોફી બનાવને. તો આ ખોટકાએલું મગજ જરા ચાલે.' જાનુ બોલ્યા વગર પાછો વળી ગયો અને થોડી જ વારમાં કોફીનો મગ લઇ હાજર થયો.

'થેન્ક્સ' વ્યોમાએ વ્હાલથી તેના માથા પર હાથ ફેરવ્યો, ને જાનુ મોટી મોટી આંખો ઝપકાવી કોફી ટેબલ પર મૂકીને ગયો. મસ્ત બની હતી કોફી. વ્યોમાની મગજની બધી બારીઓ ખુલી ગઈ. જાનુની આ જ વાત વ્યોમાને ગમતી. એક વાર કોઈ પણ વસ્તુ શીખવાડી, કે બરાબર શીખી જાય. ગજબનું પરફેક્શન હતું તેનું. કામમાં જરાય મીનમેખ નહીં.

અંતે કામ પૂરું થયું. વ્યોમાએ ટેબલ પર માથું મૂક્યું, ને થાકેલું શરીર ઊંઘમાં સરી પડ્યું. સવારે મોબાઈલ વાગ્યો ને ઝબકીને જાગી. ઓ આઠ વાગી ગયા ? ઝડપથી પરવારી. ત્યાં તો જાનુએ એની ભાવતી સેન્ડવીચ ને કોફી બનાવી રાખ્યા હતા. 'થેન્કયુ.' જાનુ માથા પર હળવેથી કીસ કરી, ચાવી લઇ તે નીકળી ગઈ.

પ્રોજેક્ટર પર વ્યોમાનો પ્રોજેક્ટ ચાલતો હતો. વ્યોમા તેને એક્સ્પ્લેન કરતી હતી. સહુ એકચિત્તે સાંભળતા હતા. પ્રોજેક્ટ પૂરો થયો કે કાળિયા ડિસૂજાએ ઊભા થઈ તાળી પાડી તેને બિરદાવી. ડીસુજાના મોઢેથી પોતાના વખાણ. વ્યોમાને ખૂબ આનંદ થયો.

'યુ મેં ગો હોમ. વ્યોમા, તું થાકી હોઈશ.' આજે શું સરપ્રાઈઝ ડે છે ? બધાને નવાઈ લાગી. ક્યારેય કોઈને રજા ન આપતો ડિસૂજા વ્યોમાને સામેથી રજા આપે છે ? 'વાહ વ્યોમા, આવો અઘરો પ્રોજેક્ટ તે ચાર દિવસમાં પૂરો કર્યો. ગ્રેટ.' નેહાએ કહ્યું. 'એ તો યાર, મારા જાનુની કોફીનો કમાલ છે. નહીંતર આ પ્રોજેક્ટ અધૂરો રહેત. ડેડ લાઈન હું ચૂકી જાત.'

'તારા હસબંડ આટલી સરસ કોફી બનાવે છે ? કોઈ વાર તો પીવા બોલાવ.'

'પણ તેણે તો હજુ લગન નથી કર્યાં.'

'તો શું, લીવ ઇન રીલેશનશિપમાં ?'

'ઓહ, ક્મોન. હું હજુ સીંગલ જ છું.' કહેતી વ્યોમા બહાર નીકળી ગઈ. 'તો આ જાનુ કોણ છે ?' તેની પીઠ પાછળ અવાજ સંભળાયો.

ઘરે પહોંચી તો જાનુ એ કપડા મશીનમાં નાખી દીધા હતા, ઘર ક્લીન કરી નાખ્યું હતું. વ્યોમા એને પાછળથી જઈ વળગી પડી. 'ઓ જાનુ. તારે હિસાબે જ મારો પ્રોજેક્ટ બન્યો, અફલાતૂન બન્યો. તને ખબર છે આજે પેલા જાડા ડીસુજા એ મારા વખાણ બધાની સામે કર્યા. સામેથી ઘેર જવાની રજા આપી. આજે હવે નો લંચ. થાકેલી છું. સૂઈ જવું છે મારે.' વ્યોમા સીધી પથારીમાં પડી. કપડા બદલવાનો પણ કંટાળો આવતો હતો તેને. પથારીમાં પડ્યા પડ્યા જ પેન્ટ કાઢીને ઘા કર્યો ને એક મિનિટમાં તો ઘસઘસાટ ઊંઘી ગઈ.

'હે, લિસન એવરીવન, એ ગૂડ ન્યુઝ ' ડિસૂજાએ તાળી પાડી સહુનું ધ્યાન ખેંચ્યું. 'વ્યોમાનો પ્રોજેક્ટ હેડ ઓફિસને બહુ ગમ્યો છે, આપણે કાલથી જ તેના પર કામ ચાલુ કરવાનું છે, એવા ઓર્ડર આવ્યા છે. અને વ્યોમા હશે લીડ પ્રોજેક્ટ મેનેજર' સાંભળીને વ્યોમા હરખાઈ. 'કાલે જ વ્યોમાને ગાઈડ કરવા કોઈ મી. આવવાના છે અને કાલથી જ બધાએ કામે લાગવાનું છે. સો પ્લીઝ, ઓલ આર ઇન ટોઝ.'

મને ગાઈડ કરવા આવવાના છે ? વ્યોમાનું મોઢું પડી ગયું. મારો પ્રોજેક્ટ હવે મારે બીજાને પૂછી ને કરવાનો ? એક આ કાળિયો ઓછો હતો કે પાછો બીજો બોસ ? બધાએ વ્યોમાને અભિનંદન આપ્યા, પણ વ્યોમાનો મૂડ ઉખડેલો જ રહ્યો. ડીનરમાં

જાનુએ મસ્ત બેક્ડ બીન્સ બનાવ્યા હતા, પણ તેના તરફ આજે તેનું ધ્યાન જ નહોતું. ચુપચાપ જમી તે સૂવા જતી રહી. ઊંઘ આંખોથી દૂર હતી મનમાં એક ગુસ્સો, એક આક્રોશ હતો.

બીજે દિવસે તે થોડી લેટ પહોંચી. ને ડિસૂજા એ ઓળખાણ કરાવી. - 'આ છે નીરવ. તારા પ્રોજેક્ટ માટે ખાસ લંડનથી આવ્યા છે.' એકદમ ડેશિંગ હેન્ડસમ પર્સનાલિટી જોઈ વ્યોમા ફ્લેટ થઈ ગઈ. બધો ગુસ્સો કપૂરની જેમ ઊડી ગયો. તેની સાથે હાથ મિલાવતા વ્યોમાના શરીરમાંથી જાણે એક કરંટ પસાર થઈ ગયો. શું આજ છે તેના સપનાનો રાજકુમાર ?

પછી તો પ્રોજેક્ટ અને તેનો ગાઈડ, બંને તેની શ્વાસમાં વસતા હતા. સખત મહેનત પછી પણ થાક નહોતો લાગતો. નીરવનું પ્રેઝેન્સ ઓફ માઈન્ડ, વિચક્ષણ બુદ્ધિ, ગમે તેવી કટોકટીમાં કૂલ રહી કામ કરવાની કુનેહ, કલીગ સાથે હળી મળી સહુને સાથે લઈને ચાલવાની આવડત, જેવાં ગુણોથી તે ખૂબ ઈમ્પ્રેસ થઈ હતી. 'સબકા સાથ સબકા વિશ્વાસ.' જાણે તેને પચાવ્યું હતું.

વ્યોમાનું મન ધીરે ધીરે નીરવના નામની માળા જપતું થઈ ગયું. આમેય 'વ્યોમ' 'નીરવ' જ હોય છે ને. સવારે ઘેરથી વહેલી નીકળી જતી અને રાતના પણ મોડું થઈ જતું. ઘણી વાર તો એવું થતું કે જાનુએ ડીનર બનાવ્યું હોય અને વ્યોમાએ ના પાડવી પડે. જાનુ અકળાતો. વ્યોમા હસીને એને ટપલી મારતી - 'સોરી જાનુ, કામ જ એવું છે. તને પણ સારુંને. ડીનર બનાવવાની માથાકૂટ નહીં.'

પ્રોજેક્ટ ઝડપથી પૂરો થતો હતો. 'કાલે રવિવારે આપણે સહુ ટ્રેકિંગ પર જઈએ છીએ.' નીરવના આ પ્રસ્તાવને સહુએ વધાવ્યો. ખરેખર બધાને બ્રેકની બહુ જરૂર હતી. કોણ શું ખાવાનું લેશે... કોણ કોને પીકઅપ કરશે, જોર શોરથી તૈયારી ચાલી. બીજા દિવસે વહેલી સવારે સહુ નીકળ્યા. આટલા વખતની માનસિક મહેનત પછી આ શારીરિક એકસરસાઈઝથી બધામાં નવું જેમ પૂરાણું. સહુ ધીંગા મસ્તી કરતા નીચે ઉતર્યા. કકડીને ભૂખ લાગી હતી... વ્યોમાએ પોતાના પિટારામાંથી સેન્ડવીચ કાઢી. 'વ્યોમાની સેન્ડવીચ વ્યોમની જેવી જ અફલાતૂન છે.' નીરવ હસીને બોલ્યો. 'મન થાય છે કે બનાવવાવાળાના હાથ ચૂમી લઉં.'

'તો તો તમારે ઘરે આવવું પડશે... સેન્ડવીચ મેં નહીં, જાનુએ બનાવી છે. '

'જાનુએ ?'

'આ સંડે આવો. મારો જાનુ કોફી પણ સરસ બનાવે છે.' વ્યોમાએ આમંત્રણ આપ્યું.

હવે આ જાનુને મળવા જવું જ પડશે. નીરવે તરત તેનું આમંત્રણ સ્વીકાર્યું. રવિવારે તેના ઘરે જઈ ચડ્યો.

વ્યોમા તેને જોઈ રહી. ડાર્ક બ્લૂ ટીશર્ટ, જિન્સમાં નીરવ સોહામણો લાગતો હતો. 'પધારો ડિરેક્ટર સાહેબ.'

નીરવે હલકો ગુસ્સો કર્યો. 'અત્યારે હું ઓફિસમાં નથી... યુ કેન કોલ મી નીરવ.'

ઘર નાનું પણ સુઘડ હતું. સામેની દીવાર પર વ્યોમાનો હસતો મોટો ફોટો લગાડેલો હતો. 'આ બેન કોણ.' નીરવે ટીખળ કરી. સદાય કામમાં વ્યસ્ત ગંભીર વ્યોમા જ તેને જોઈ હતી.વ્યોમા હસી પડી 'આ હું પોતે.'

'અરે, જેની માટે મને બોલાવ્યો છે એ તારા જાનુને તો બોલાવ.' વ્યોમાએ હસીને જાનુને બૂમ પાડી. નીરવે પાછળ વળીને જોયું. દરવાજામાં જાનુ ડોકાયો, નીરવ ઊભો થઈ ગયો. સામે ઊભો હતો એક સાડા ચાર ફૂટનો રોબો, જે અસલ માણસ જેવો જ દેખાતો હતો.

'આ છે મારો જાનુ. મારો દોસ્ત, મારો હમસફર, મારા સુખદુખ, મારી એકલતાનો સાથી, અને જાનુ આ છે મારા બોસ.' જાનુ એ પોતાની મોટી આંખો પટપટાવી... 'પ્લીઝ જાનુ, બોસ તારા હાથની સેન્ડવિચ અને કોફી પીવા ખાસ આવ્યા છે.' અને જાનુ ગયો.

'મારા મમ્મી પપ્પાનું એક કાર એક્સિડેન્ટમાં મૃત્યુ થઈ ગયું. ત્યારે હું અઢાર વરસની હતી. ભરી દુનિયામાં સાવ એકલી પડી ગઈ. અહી સુધી પહોચતાં બહુ કપરા દિવસો જોયા છે. જિંદગીના કેટલાય રંગ જોઈ લીધા. દિવસની વ્યસ્તતા વચ્ચે પણ રાતની એકલતા ડરાવતી હતી. ત્યાં ગયા વરસે દિલ્લી, એક એક્સીબીશનમાં આ રોબો જોયો. થોડો મોંઘો હતો. પણ મેં ખરીદી લીધો. આમાં મારો અવાજ ફીડ કરેલો છે. બોલી નથી શકતો, પણ મારા બધાં ઇન્સ્ટ્રક્શન ફોલો કરે છે... ઘરની સાફ સફાઈ કરે, કપડા ધોવે, મસ્ત ખાવાનું બનાવે. એના હાથની કોફી એટલે, આલાગ્રાંડ ... ગમે એટલો થાક લાગ્યો હોય, એકદમ એનર્જી આવી જાય.'

જાનુ કોફી અને સેન્ડવિચ લઇને આવ્યો. 'અને સહુથી વિશેષ, આ મારો સુખદુ:ખનો સાથી છે.' વ્યોમાની આંખ ભરાઈ આવી. 'એને ભેટું કે મને એક પ્રકારની હુંફ મળે છે. જાણું છું કે ફક્ત એક મશીન છે, પણ મારી માટે તો સ્વજન કરતા વિશેષ છે.'

'અને હું ?' નીરવે અચાનક પૂછ્યું.

'તું ? તું તો મારી જાન છે.' વ્યોમાએ પોતાના મનની વાત કહી જ દીધી. નીરવે તેને પોતાના તરફ ખેંચી. રસોડામાંથી અચાનક ગ્લાસ પડવાનો અવાજ આવ્યો. નીરવ ઝબકયો. 'અરે આશું થયું ?'

'ડોન્ટ વરી, જાનુ ક્યાંક ભટકાયો હશે અને બે ચાર ગ્લાસનો ખુરદો બોલાવ્યો હશે. તું ટેન્શન ન લે. તે બધું ક્લીન કરી નાખશે.'

દિવસો પંખ લગાડીને ઉડતા હતા. પ્રોજેક્ટની સાથે નીરવ-વ્યોમાનો પ્રેમ પરવાન ચડતો હતો. નીરવ વ્યોમાને મૂકવાને બહાને તેને ઘેર જતોને મોડે સુધી રોકાતો. જોકે હવે તો તેમણે બહાનાની પણ જરૂર રહી નહોતી. સહુ સાથી જાણતા હતા કે બંને પ્રેમમાં છે.

'હે વ્યોમા, શું થયું સવારથી શેની ગડમથલમાં છે ?'

'જોને હમણા જાનુની સીસ્ટમમાં કંઈક ગડબડ થઈ લાગે છે. ઘણી વાર બૂમ પાડું

તો આવતો નથી, કોફી પણ એકસરખી નથી બનતી. ક્યારેક સાકર વધારે હોય, તો ક્યારેક કોફી. કાલે ઘરે પહોંચી તો ઘર પણ સાફ નહોતું કર્યું. આટલા કામમાં પાછું આ ટેન્શન.'

'લાગે છે તેની બેટરી ઊતરી ગઈ હશે.'

'હમમ. મને પણ તેવું જ લાગ્યું. દિલ્લીની પેલી કંપનીને મેલ કર્યો છે. હજુ તો વરસ પણ નથી થયું. ગેરેન્ટી પિરિયડમાં છે, તો આવીને ચેક કરી જાય. પણ તેનો પણ જવાબ નથી.'

હવેનાં દિવસો બહુ ભારે હતા. પ્રોજેક્ટ પૂરો થવાના આરા પર હતો. તેનું ટેસ્ટિંગ ચાલતું હતું. એટલા દિવસની મહેનતનું પરિણામ આવવાનું હતું. જબરું ટેન્શન હતું. પ્રોજેક્ટ લીડર હોવાને કારણે વ્યોમા પર ખૂબ પ્રેશર હતું. ને અચાનક ફુગ્ગો ફૂટ્યો. એક જગ્યા પર ભૂલ જણાઈ. બધું કામ અટકી પડ્યું. બધાના આશ્ચર્ય વચ્ચે નીરવે બધો દોષ વ્યોમાના માથા પર નાખી દીધો.

વ્યોમા ડઘાઈ ગઈ. એકલા મારો દોષ? કામ તો સહુએ મળીને કર્યું છે અને તું તો અમારો ગાઈડ હતો. તારી કોઈ જવાબદારી નથી? એની કરતા પણ વધારે, તું તો મને પ્રેમ કરે છે ને? તારા પર આટલો વિશ્વાસ મૂક્યો એ મારી ભૂલ હતી?

તારું કામ પત્યું એટલે હવે તને મારામાં રસ ના રહ્યો. તમે પરદેશી બધાં એવા જ. કોઈને કેમ વપરાય એ તમને ખૂબ આવડે. એટલો વખત મારી લાગણી સાથે રમતો રહ્યો. તને તો ટાઈમ પાસ કરવા એક રમકડું જોતું હતું. હું તારા ખોટા પ્રેમમાં ફસાઈ, આબાદ ફસાઈ. તારો સાચો ચેહરો ઓળખી ન શકી. આજે જ્યારે મારે તારી સહુથી વધારે જરૂર છે, ત્યારે તું જ મારા પર આક્ષેપો લગાડી આ બધામાંથી છટકી જાય છે.

ખૂબ સામસામા આરોપ, પ્રત્યારોપ થયા. કંપનીને બહુ મોટું લોસ થવાનું હતું. નીરવે તો પોતાના હાથ ઊંચા કરી દીધા. હવે વ્યોમાની નોકરી સામે પણ જોખમ આવીને ઊભું રહ્યું. કાળિયા ડીસુજાએ એને ના કહેવાના વેણ બધાની દેખતા જ કહ્યા. રડતી વ્યોમા પોતાનો રેઝીગ્નેશન-લેટર લખીને ત્યાંથી નીકળી ગઈ.

ઘરે આવી વ્યોમા ખૂબ રડી. ઓ નીરવ, તે આ શું કર્યું મારી સાથે? આપણે તો એકબીજાને સાથે રહેવાના કોલ દીધા હતા. કેટલા સપના દેખાડ્યા હતા તે મને. શું તારા મનમાં ખરેખર મારી માટે કંઈ નહોતું! મારી એકલ જિંદગીમાં તું બહાર બનીને આવ્યો હતો. મને ભોળવી આવી રીતે મારી સાથે દગો કેમ કર્યો તે ?

રડતી વ્યોમાના વાંસા પર એક હાથ ફર્યો. ચમકીને વ્યોમાએ પાછળ જોયું. જે જાનુને તેને બગડેલો સમજી સ્ટોર રૂમમાં મૂકી દીધો હતો તે જાનુ તેને વ્હાલથી પંપાળતો. હતો. વ્યોમા ડરી ગઈ. 'ડોન્ટ વરી વ્યોમા, હું છું ને તારો જાનુ. તારો એકલતાનો, સુખ દુઃખનો સાથી.'

... અને વ્યોમા બેહોશીમાં સરી પડી.



કિરણ કાણકિયા

# કશ્મકશ



ડો. આશિષ લીલા શાહ શહેરનાં અગ્રગણ્ય કેન્સર-નિષ્ણાત ગણાતા હતા. સૌમ્ય, નમ્ર અને મીઠાશભર્યો સ્વભાવ, હામ અને હૂંફથી દરદીને સાંત્વન આપીને જીતી લેવાની કુનેહ, ગરીબ દરદીઓ પ્રત્યે અનુકંપા તથા ઓછી ફી લેવાની વૃત્તિને કારણે તેઓ લોકપ્રિયતાના શિખરે બિરાજતા હતા. તેમની એપોઈન્ટમેન્ટ લેવા માટે દિવસો લાગી જતા. છતાં મોટેભાગે કેન્સર પેશન્ટ્સ તેમની પાસે ટ્રીટમેન્ટનો આગ્રહ રાખતા. વળી, તેમના હાથમાં જશ રેખા લાંબી હોવાથી ઓપરેશન સફળ થતાં છતાંય તેમની વાણી કે વર્તનમાં ક્યાંય ઘમંડ દેખાતો નહીં.

સાવ નાનપણમાં તેમના પપ્પાનું મૃત્યુ થતાં તેમની મમ્મીએ એકલપંડે તેમને મોટા કર્યા હોવાથી તેમને મમ્મી માટે ભારે ગૌરવ હતું અને તેથી જ તેમના નામ પાછળ માત્ર મમ્મીનું નામ લખવાનો આગ્રહ રાખતા હતા.

એ દિવસે સાંજે એક યુવતી તેના પતિને લઈને તેમના ક્લિનિકમાં પ્રવેશી. તે યુવતીએ ડો. આશિષ શાહની ખ્યાતિ ખૂબ સાંભળી હતી. તેથી મનમાં મોટી આશા લઈને તેના પતિ કરણને બતાવવા આવી હતી. તેનો નંબર આવતાં તે દંપતી ડોક્ટરના રૂમમાં પ્રવેશ્યું.

ગોરો, નમણો, આકર્ષક ચહેરો, સપ્રમાણ

દેહયષ્ટિ, રીમલેસ ચશ્માં, કાંડા પર મોંઘી વોચ અને સ્માઇલિંગ ફેસવાળા ડો. આશિષને જોતાંવેંત યુવતી ઓછપાઈ. અરે, આ જ મારો આશુ. પરંતુ મનમાં ખળભળાટ મચ્યો હોવા છતાં તે તદ્દન અજાણી બનીને બોલી,

'ડોક્ટર આ છે મારા પતિ કરણ... અને આ તેમની ફાઇલ... જેમાં બધા રિપોર્ટ્સ છે. તેમને લિવરનું કેન્સર છે. જેની ટ્રીટમેન્ટ લેવા માટે આપની પાસે આવ્યા છીએ. ડોક્ટર અમે બન્ને એકમેકને ખૂબ પ્રેમ કરીએ છીએ. તેથી તેઓ જલદી સાજા-સારા થઈ જાય એવી ધારણા લઈને આવી છું.' આવનાર યુવતી અનન્યાને જોતાં જ ડો. આશિષ ચમક્યા. અરે આ જ મારી અનુ... કેટલાં વર્ષે મળી એ પણ તદ્દન અજાણી બનીને ડો. આશિષે દરદીની ફાઇલ જોઈને તેની તપાસ કરી. તેનું બીપી, વજન, તાવ, ધબકારા, એક્સ-રે ચેક કરી અમુક નવા રિપોર્ટ્સ કઢાવવાનું ફરમાન કર્યું અને દવાઓ લખી આપી. રિપોર્ટ્સ આવ્યા પછી પુનઃ મળવાનું કહ્યું અને જલદી સાજો થઈ જશે એવું આશ્વાસન આપ્યું.

બન્ને ચાલ્યા ગયા પછી ડો. આશિષ અન્ય દરદીઓને તપાસી પોતાના ઘરે જવા નીકળ્યા. ડ્રાઈવ કરતાં મનમાં ઘમસાણ મચ્યું કે આટલાં વર્ષે અનન્યા મળી અને તે પણ અજાણી થઈને ઓળખાણ સુધ્ધાંનો અહેસાસ ન કર્યો. શા કારણે ?... કેટલાક દરદીઓ ભલામણપત્ર કે ઓળખ આપીને મારી સાથે નાતો વધારવાનો પ્રયત્ન કરે છે ત્યારે મારી અનુ. કેવી હશે તેની જિંદગી ?' અને તે પણ કેન્સરની વ્યાધિ ધરાવતા પતિ સાથે...

હે ભગવાન ! સમજાતું નથી મને કાંઈ ...

ગાડી બંગલાના પોર્ચમાં પ્રવેશતાં જ ચોકીદારે ગેટ ખોલ્યો. ઢીલે પગલે અને નૂર વગરના ચહેરા સાથે તે ઘરમાં પ્રવેશ્યો અને ત્યાં જ મમ્મીનો મીઠો હેતાળ અવાજ સંભળાયો.

'આવી ગયો ભાઈ... તારી જ વાટ જોતી હતી. ચાલ, ફ્રેશ થઈ જમવા બેસી જા ... '

'મને ભૂખ નથી.' એમ બોલી તે બેડરૂમમાં ચાલ્યો ગયો. થોડીવાર પછી સમારેલાં ફળો અને દૂધનો ગ્લાસ લઈ મમ્મી રૂમમાં આવીને બોલ્યા,

'કેમ બેટા, શી વાત છે ?... કોઈ દરદીની હાલત સીરિઅસ છે ? ... જેને કારણે તું અપસેટ લાગે છે.'

'ના મમ્મી ... એમ જ. તું ચિંતા નહીં કર, હું દૂધ અને ફળ લઈશ ...' આમ બોલી તે ફોન પર વાત કરવા લાગ્યો.

મમ્મી ચાલી જતાં તે અનન્યાના વિચારમાં ખોવાઈ ગયો.

કોલેજના પહેલા વર્ષમાં તેનો પરિચય અનન્યા સાથે થયો. આકર્ષક દેહદૃષ્ટિ ધરાવતી અનન્યાની અદા, છટા, વાણી ને વર્તનથી તે પ્રભાવિત થયો અને સમય જતાં પરિચય પ્રેમમાં પરિણમ્યો. અને પછી તો કેન્ટિન, હોટેલ, રિસોર્ટ, પિક્ચર, નાટક કે લાઇબ્રેરીમાં બન્ને જોડે ને જોડે જ હોય.

તેથી તેઓ અમરપ્રેમી તરીકે ઓળખાવા લાગ્યાં.

અનન્યાનો મસ્તીખોર ટીખળી સ્વભાવ અને

જોક કરી હસાવવાની આવડત ને વળી સમયને પારખવાની કુનેહને કારણે તેણે નક્કી કર્યું કે લગ્ન કરીશ તો અનન્યા સાથે જ ... નહીં તો મારા જીવનમાં કોઈ નહીં આવે. અનન્યાએ પણ તેમાં સંમતિની મહોર મારી.

ટ્વેલ્થમાં સારા માર્ક્સ આવવાથી તેણે મેડિકલ કોલેજમાં એડમિશન લીધું. અનન્યાને ઓછા ટકા આવવાથી તેણે બીએસસી કરવાનું નક્કી કર્યું. બન્ને અલગ થયા છતાં ફોન કોલ્સ અને મળવાનું થતું રહ્યું. બન્ને વચ્ચે પ્રેમ પ્રગાઢ બનતાં બન્નેએ એકમેકને લગ્ન કરવાનું વચન આપ્યું.

પરંતુ વિધાતાને આ મંજૂર નહોતું. અનન્યના પપ્પાની બદલી થતાં તેઓ રાજકોટ જતા રહ્યાં અને આશિષ પણ આગળ ભણવા માટે અમેરિકા ગયો. બસ, અભ્યાસ, કામ અને સમયની વ્યસ્તતાને કારણે વિડિયો કોલ દ્વારા મળવાનું પણ ઓછું થતું ગયું.

ગ્રેજ્યુએશન પૂરું થતાં જ અનન્યાનાં માબાપ તેના લગ્ન માટે ઉતાવળાં થવા માંડ્યાં. આ જોઈ અનન્યા બેબાકળી બની ગઈ. તેણે આશિષને બધી વિગત જણાવતાં તે બોલ્યો,

'અનુ, લગ્ન તો તારી સાથે જ કરીશ. પરંતુ તે માટે તારે થોડાં વર્ષો મારી રાહ જોવી પડશે.' અનન્યાના કાનમાં જાણે ધગધગતું સીસું રેડાયું. તે રાહ જોઈ શકે પરંતુ તેના માબાપ ભારે ઉતાવળાં થયાં હતાં. તેથી તે બોલી,

'આશુ, આ શક્ય નથી. મારાં માબાપ માનશે નહીં. ' આમ બોલી તેણે ફોન કટ કર્યો. તે રાતે બન્નેની ઊંઘ વેરણ બની અને બન્ને પ્રેમીઓનાં ઓશિકાં આંસુઓથી ભીંજાતાં રહ્યાં. જાણે તેના પ્રેમ પર પૂર્ણવિરામ મુકાઈ ગયું.

સુખી, શ્રીમંત, એન્જિનિયર કરણના ઘરેથી માગું આવતાં અનન્યા કરણ સાથે લગ્નગ્રંથિથી બંધાઈ ગઈ. કરણ - અનન્યાનું દાંપત્ય ખુશખુશાલ હતું. જોકે હૃદયના એક ખૂણામાં લખેલું આશિષનું નામ વિસરાતું નહોતું. છતાં પણ પીડાનો અણસાર સુધ્ધાં ન લાવતી અનન્યા કરણ સાથે સુખેથી જીવતી હતી.

અનન્યાનું આ સુખ પણ વિધાતાને મંજૂર નહોતું. માત્ર પાંચ વર્ષના લગ્નજીવનમાં વીજળીનો કડાકો બોલ્યો. કરણને લીવરનું કેન્સર થતાં જ અનન્યા ફફડી ઊઠી રાજકોટ બરોડા, અમદાવાદ સુધી કેન્સર-નિષ્ણાત ડોક્ટરોને તે મળી ચૂકી. પરંતુ કોઈ ડોક્ટર ઓપરેશન કરવા તૈયાર નહોતા. છેવટે ડો. આશિષ શાહનું નામ મળતાં તેઓ મુંબઈ આવ્યાં તેને મનમાં થયું પણ ખરું કે કદાચ આ જ મારો આશુ ન હોય! તો તો હું શું કરીશ? તેના પ્રત્યાઘાત કેવા હશે? હવે તો શ્રીજીબાવા જ મને માર્ગ સુઝાડશે.

કરણના નવા રિપોર્ટ્સ આવતા તેઓ બન્ને ડોક્ટરને મળવા ગયા રિપોર્ટ જોતાં લાગ્યું કે કેન્સર વકરી રહ્યું છે. જેમ બને તેમ જલદી ઓપરેશન કરવું પડશે. પછી તે બોલ્યો,

'જુઓ, રિપોર્ટ્સ બધા નેગેટિવ છે. છતાં ઓપરેશન કરીને એક રિસ્ક લઈએ. દવા અને દુઆ કામ કરે તો સારા થવાની પૂરી શક્યતા છે નિર્ણય તમારે લેવાનો છે.'

અનન્યા એકીટશે ડો. આશિષને જોતી રહી. તે રાત્રે અનન્યાએ આશિષને ફોન જોડ્યો.

'ડો. આશિષ, મારે મારા કરણને કોઈ પણ ભોગે બચાવવો છે. મોટી આશા સાથે તમારા નામને કારણે હું આવી છું. મારી આશા ફળશે ને તમને આજીજીપૂર્વક વિનંતી કરું છું. ક્યાંક એવું ન બને કે મેં તમારી સાથે લગ્નની રાહ ન જોઈ અને તેના બદલા રૂપે કરણનો ભોગ લેવાય ... બસ, મને આ જ આશંકા છે.'

'અરરર ... આ શું બોલી અનુ!' આવું વિચારી જ કેમ શકે તું! આપણા અમર પ્રેમનો તને આટલો જ વિશ્વાસ અને આવી કેવી આશંકા હું ડોક્ટર છું. ડોક્ટરનો ધર્મ માનવતાનો છે. દરદીને હરહાલમાં બચાવવાનો હોય છે. આવો બદલાનો વિચાર સુધ્ધાં ન આવે. મારા સો ટકા પ્રયત્નો કરણને બચાવવાના રહેશે. તું નિશ્ચિંત થઈ જા. માત્ર પ્રભુને સાચા દિલથી પ્રાર્થના કર. મારી દવા ને તારી દુઆ કરણને ચોક્કસ બચાવી લેશે એની હું ખાતરી આપું છું. '

અનન્યાને હાશકારો થયો.

છતાં ઓપરેશનની આગલી રાત તે સૂઈ ન શકી. તેના દિલમા કશ્મકશ ચાલતી રહી. આશુ મારા કરણને બચાવશે ને! ઓપરેશન સક્સેસ જશે ને? ... ક્યાંક ઊલટું તો નહીં બને ને?...

અલબત્ત, હજી પણ હું આશુને મનોમન પ્રેમ કરું છું. મારા દિલમાં તેનું નામ ધરબી રાખ્યું છે. પરંતુ હાલ તો મારો પૂર્ણપ્રેમ કરણ જ છે. તે મારો પતિ છે. મને દિલોજાનથી પ્રેમ કરે છે. મારી નાની નાની ઇચ્છા પૂરી કરવા પણ તે હંમેશાં તત્પર રહે છે. મારો ખૂબ ખ્યાલ રાખે છે. તેથી હે શ્રીજીબાવા! મારા કરણને નવું જીવતદાન આપજો. ચમત્કાર કરીને પણ તેને બચાવી લેશો એવી મને શ્રદ્ધા છે.

અને કરણ પણ ક્યાં સૂતો હતો? સતત વિચારતો હતો કે મને કંઈ થયું તો મારી અનુ કેવી રીતે જીવી શકશે. તે મને ખૂબ પ્રેમ કરે છે. મારો પડ્યો બોલ ઝીલે છે. મારી ઝીણી ઝીણી કાળજી કરે છે. હે શ્રીજીબાવા, મને મારી અનુ ખાતર પણ જીવતદાન આપજો. હજી અમારે અમારાં ભાવિ સપનાં પૂરાં કરવાનાં છે. મારી અનુને વર્લ્ડટૂર પર લઈ જવી છે. તેને ખૂબ શોપિંગ કરાવવું છે.

બન્ને જણની એક જ આરજૂ હતી કે કપરા સંજોગો હોવા છતાં કરણને નવું જીવન મળે. ડો. આશિષ ઓપરેશન સક્સેસ બનાવશે ને!'

તો આ બાજુ ડો. આશિષની પણ આખી રાત વિચારોના વંટોળમાં વીતી. શ્રીજીબાવાને વારંવાર પ્રાર્થના કરતો રહ્યો કે કરણનું ઓપરેશન સક્સેસફુલ થાય. મારે માટે આ પડકાર છે. અનુએ મારામાં મૂકેલો વિશ્વાસ સો ટકા ફળીભૂત થાય. તેણે કેન્સરના ઘણાં ઓપરેશન કર્યા હતાં છતાં આટલી કશ્મકશ ક્યારેય નહોતી અનુભવી. પરંતુ આ કેસમાં લાગણીભર્યાં પ્રેમનો તાર બંધાયેલો હોવાથી વધુ સતેજ રહેવું પડશે.

કરણનું ઓપરેશન લાંબું ચાલ્યું. ડો. આશિષની આવડત અને કુનેહને કારણે ઓપરેશન સક્સેસફુલ બન્યું. નિષ્ણાત ડોક્ટરની આ જ તો કાબેલિયત ગણાય! તેઓ

બહાર આવીને બોલ્યા,

'ઓપરેશન સક્સેસફુલ ઉપરવાળાએ લાજ રાખી.' આ સાંભળતાં જ સજળ આંખે અનન્યા બોલી ઊઠી,

'ડોક્ટર તમે મારા કરણને બચાવી લીધો. તેના માટે તમારો ખૂબ ખૂબ આભાર!'

# કિસ્મત અને મહેનત

જબ કિસ્મત ઓર મહેનત મિલતી હે તો જીત તો મીલતી હી હે!

હા, કિસ્મત અને મહેનતને લેવા દેવા હોઈ છે. કેમ કે કોઈ માણસ ખૂબ મહેનત કરે, ઘણા વિદ્યાર્થી ખૂબ મેહનત કરે પણ તેમના કરતા ઘણી વાર ઓછી મહેનત કરનારા વધુ સફળ થાય છે.

મારો કહેવાનો મતલબ બિલકુલ એવો નથી કે કિસ્મત જ ઉપરમાં એક અસર કરનારું પરિબળ છે. બીજા ઘણા પરિબળ છે, જે કોઈ વ્યક્તિને વધુ સફળ બનાવે છે. જેમ કે વ્યક્તિની માનસિકતા, તેની આસપાસનું વાતાવરણ પણ સાથે સાથે કિસ્મત પણ થોડોક ખેલ એ જ છે.

કોઈ વ્યક્તિને ડોક્ટર બનવું હોઈ, એ માટે એ ખૂબ એટલે ખૂબ મહેનત કરે પણ તો તેને કોઈ વાર એને પરિણામ પૂરતું નથી મળતું એટલે એને બીજી ફિલ્ડમાં જવું પડે છે અને એ એમાં સફળ થાય છે. પણ એના કિસ્મતમાં ડોક્ટર બનવાનું ના લખ્યું હોઈ એટલે એ નથી બની શકતો.

મહેનત ૮૦ ટકા અને કિસ્મત ૨૦ ટકા કાર્ય કરે છે. કિસ્મતમાં લખેલ મેળવવા માટે ય મહેનત તો કરવી જ પડે છે. તથા મહેનત અને કિસ્મત ના મળે તો સમજવું કે કાં તો મહેનત ખૂટે છે અને પૂરે પૂરી મહેનત પછી ફળ ન મળે તો તમે મહેનત કરો છો પણ ક્યાંકને ક્યાંક એ દિશા ખોટી છે. એટલે સફળતા નથી મળતી.

જો તમને એમ લાગે કે દિશા પણ સાચી છે, તો સમજવું સમય ખોટો છે. અને એ સાચો સમય આવે એની રાહ જોવી એ પાછું કિસ્મત પર **depend** કરે છે.

બે મિત્રો હોઈ છે, બે જંગલમાં ભૂલા પડે છે, તેમને ભૂખ લાગે છે. એક મિત્ર કહે છે કે કૈંક ખાવાનું શોધવા જવું પડશે અને બીજો કહે છે કે ભાઈ આપડા કિસ્મતમાં હશે તો શોધવા નઈ જવું પડે. પણ પેલો મિત્ર બીજા મિત્રની આ વાત પર હસે છે અને તે તો નીકળી પડે છે ખાવાનું શોધવા અને તે ખાઈ લે છે, તેને થાય છે કે લાવ ને મારા મિત્ર માટે પણ લઈ જાઉં અને પછી તે મિત્ર માટે ખાવાનું લઈને જાય છે.

પછી બીજા મિત્રને કહે છે જોયુંને મિત્ર મહેનતથી જ ખાવા મળ્યું ને ત્યારે બીજો મિત્ર કહે છે કે દોસ્ત મને તો કિસ્મતથી જ ખાવાનું મળ્યું ને!!

જો પેલો મિત્ર લેવા ન ગયો હોત તો બીજા મિત્રને પણ કિસ્મતથી તે ના જ મળે.

એટલે આ મુજબ મહેનત અને કિસ્મતને લેવા દેવા તો ખરા.



ડૉ. કલ્પના દવે

# મમ્મી, યુ આર ગ્રેટ

શ્રી રાધેશ્યામ મહિલા સત્સંગ મંડળના પ્રમુખ જયાબહેન ભટ્ટ હવેલીમાં નંદમહોત્સવ કરાવી રહ્યા હતા. કૃષ્ણલીલાના ભજનોનો બધા નાચતા-કૂદતા આનંદ લઈ રહ્યા હતા. લાલાનું પારણું ઝુલાવતા જયાબહેન ભાવવિભોર થઈ ગયાં, તેમની નજર સમક્ષ મુંબઈમાં રહેતો તેમનો પૌત્ર શિવમનો ચહેરો ઊપસી આવ્યો.

જયાબહેન છેલ્લાં વીસ વર્ષથી અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં ભક્તિનું આ સત્સંગ મંડળ ચલાવી રહ્યાં છે. શ્રીકૃષ્ણ ભક્તિના ભજનો કે શિવ આરાધના હોય, નવરાત્રિના ગરબાની રમઝટ હોય, ચંડીપાઠ કે માતાજીની ચોકી હોય કે હનુમાન ચાલીસા હોય કે સુંદરકાંડ આ મંડળની સત્સંગી બહેનો યજમાનના ઘરે પવિત્ર ભક્તિમય વાતાવરણ જમાવે. વળી મંડળની કોઈ અપેક્ષા નહીં યજમાન જે કાંઈ ભક્તિભાવે આપે એ જ એમનો પ્રભુપ્રસાદ.

જયાબહેન ભાગવત્ સપ્તાહ પણ યોજે ત્યારે મંડળની બહેનો સેવાકાર્યમાં અથાક જોડાઈ જાય. જયાબહેન દર વર્ષે મંડળની બહેનોને શ્રીનાથજી કે અંબાજી જેવા કોઈ યાત્રાધામના દર્શને પણ લઈ જાય. આ મંડળ જાણે આધુનિક ગોપીમંડળ જોઈ લો.

જયાબહેન પોતાના અંગત જીવનની વાત ક્યારેય કોઈને જણાવતા નહીં પણ તેમના મંડળની બીજી કોઈ બહેન પોતાના મનની મૂંઝવણ જણાવે તો સાચો માર્ગ ચીંધે. કૌટુંબિક કલહ, સામાજિક સંબંધોની આંટીઘૂંટી કે આર્થિક સમસ્યા હોય, જયાબહેન તેનો ઉકેલ લાવતા કહે: આપણે હવે સિનિયર સિટિઝન થયા, મોટું મન રાખવું. યુવાન દીકરા-વહુવારુ કે દીકરી કાંઈ આડુંઅવળું બોલે તો ઝઘડો ન કરવો, આપણો ધર્મ લાજે અને પૈસાની શું ચિંતા? આ હજાર હાથવાળો બેઠો છે ને!

જયાબહેનના મંડળની ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓને બિરદાવવા અમદાવાદની નારીકલ્યાણ સંસ્થાએ જયાબહેનને સ્ત્રીશક્તિ-૨૦૨૨ના એવોર્ડથી સન્માનિત કરવા એક ભવ્ય કાર્યક્રમ રાખ્યો હતો.

એવોર્ડને નમ્રતાથી સ્વીકારતા જયાબહેને કહ્યું- આ મારો હરિ, મારો વહાલો મારી પાસે જે કામ કરાવે છે તે હું મારી સત્સંગી

બહેનો સાથે કરું છું. આ એવોર્ડ પણ મારા લાલાને ચરણે મૂકું છું.

તે વખતે આગલી હરોળમાં ઊભેલા એક પત્રકાર બહેને પૂછયું-જયાબહેન એવું જાણવા મળ્યું છે કે તમારા પુત્રવધૂ સંગીતાએ ગૃહત્યાગ કર્યો છે. એના છ વર્ષના દીકરા સાથે તે પિયર ચાલી ગઈ છે, એ સાચી વાત ?

આયોજકોમાંથી એક બહેને પત્રકારને બેસી જવા ઈશારો કર્યો, પણ જયાબહેને સ્વસ્થતા રાખીને કહ્યું- બહેન, તમે પત્રકાર છો. સાચું જાણવાનો તમને અધિકાર છે. જો કે હું જાહેરમાં મારા અંગતજીવનની વાત કરતી નથી. પણ, તમે પૂછ્યું છે તો કહીશ. મારી વહુ સંગીતા એના દીકરા શિવમ સાથે એના પિયર મુંબઈમાં રહે છે. મારા દીકરા સુધાંશુ સાથે એણે છૂટાછેડા નથી લીધાં, પણ બંને અલગ રહે છે.( આટલું બોલતાં એમને ગળે ડૂમો ભરાઈ આવ્યો) પછી બોલ્યાં- જેવી હરિ ઈચ્છા.

થોડી વારે સ્વસ્થ થતાં જયાબહેન બોલ્યાં, આજે પણ મારી વહુ, મારી દીકરી જ છે. પતિ-પત્નીના અંગત પ્રશ્નોમાં વડીલોએ માથું મારવું જોઈએ નહીં. મેં અને મારા પતિએ સમજાવવાના પ્રયત્નો કર્યા હતા, બહેન, આપણે હવે સિનિયર સિટિઝન થયા, મોટું મન રાખવું. યુવાન દીકરા-વહુવારુ કે દીકરી કાંઈ આડુંઅવળું બોલે તો ઝઘડો ન કરવો, આપણો ધર્મ લાજે અને પૈસાની શું ચિંતા ? આ હજાર હાથવાળો બેઠો છે ને !

જયાબહેનના મંડળની ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓને બિરદાવવા અમદાવાદની નારીકલ્યાણ સંસ્થાએ જયાબહેનને સ્ત્રીશક્તિ-૨૦૨૨ના એવોર્ડથી સન્માનિત કરવા એક ભવ્ય કાર્યક્રમ રાખ્યો હતો.

એવોર્ડને નમ્રતાથી સ્વીકારતા જયાબહેને કહ્યું- ભલે એ અલગ રહે છે. પણ અમારા સંબંધોમાં કોઈ કડવાશ નથી. એ પછી અંતિમ નિર્ણય મારા દીકરા સુધાંશુ અને સંગીતાવહુએ લીધો છે. મુંબઈમાં ઉછરી છે. એના સ્વતંત્ર વિચારો છે. મારે એની સ્વતંત્રતાને માન આપવું રહ્યું.

પેલા પત્રકારબહેન અભિભાવપૂર્વક જયાબહેન સામું તાકી રહ્યાં.

જયાબહેન નંદલીલા ગાતા ગાતા પૌત્ર શિવમની યાદમાં ખોવાઈ ગયાં. રાધેશ્યામ ગોપીમંડળની બહેનોએ સભાખંડમાં માખણચોર લાલો લડુલાલા, ગિરિરાજધરણ, રાસલીલાના મોટા હોર્ડિંગ મૂક્યા હતા. આ જોઈને જયાબહેન શિવમની યાદમાં વ્યાકુળ હતાં.

જયાબહેનના પતિ ગિરધરલાલનું ૭૪ વર્ષની વયે આઠેક મહિના પહેલાં જ હાર્ટએટેકને લીધે અવસાન થયું હતું ત્યારથી જયાબહેન આમ ઢીલા થઈ જતાં. પતિના નિધનથી જાણે એમના માથે આભ તૂટી પડયું ન હોય.

તેઓને લાગતું આજ સુધી હું મારા પ્રેમાળપતિને કારણે જ આ બધું કરી શકી, હવે મારું સર્વસ્વ લૂંટાઈ ગયું. હવે હું કેવી રીતે બધું સંભાળીશ ? એમની આ ફેક્ટરી કોણ સંભાળશે, આ ફેકટરીના કાનૂનો પ્રશ્નો, જુદી જુદી બેંકના ટ્રાંઝેકશન કેવી રીતે સંભાળીશ ? જો કે સુધાંશુ તેના એક્સિડંટ પછી માનસિક રીતે પડી ભાંગ્યો છે, પણ મારે એને સમજાવવો જોઈએ.

તેમણે કહ્યું- બેટા, હવે પપ્પા રહ્યા નથી, જરા ફેકટરી પર જતો થા, હું પણ તારી સાથે છું. મેનેજર વાસ્તવજી મદદ કરશે.

તો મેનેજરને જ કહે, મને એ ઝંઝટ ન જોઈએ. તને તારો દીકરો ભારરૂપ લાગે તો કહી દેજે. હું મારો રસ્તો કરીશ. સુધાંશુ ડોળા કાઢતાં બોલ્યો. જયાબહેન દીકરાના કટુવચન મૂંગેમોઢે પી ગયા.

આઠેક દિવસ બાદ જયાબહેને સંગીતાને ફોન કર્યો અને કહ્યું- સંગીતા, પપ્પાની ફેકટરીના થોડા પ્રોબ્લેમ છે, પ્રોડકશન, બેંક ટ્રાંઝેકશન, લીગલ મેટર બધું કેવી રીતે કરું. જો તું અહીં આવી જાય તો આપણે સાથે બધું સંભાળી લઈએ.

સંગીતાએ કહ્યું- હજુ પણ સુધાંશુ કોઈ ટ્રિટમેન્ટ લેવા તૈયાર નથી. મમ્મી, તમે કહો તો મહિનામાં એકાદ વાર આવી જઉં, પણ ત્યાં કાયમ માટે આવી શકું નહીં, અહીં શિવમને બેસ્ટ સ્કૂલમાં એડમિશન મળ્યું છે. એનો અભ્યાસ સારો ચાલે છે. (થોડી વારે) પણ, મમ્મી, પપ્પા મને દર વર્ષે જેમ મદદ કરતા હતા તેમ તમે કરશો ને ?

ભલે, સંગીતા હું તને અહીં આવવા દબાણ ન કરી શકું. જેશ્રીકૃષ્ણ. કહેતા જયાબહેને ફોન મૂકી દીધો.

પરિસ્થિતિ ગમે તેટલી વિકટ હોય પણ હિંમત ન હારે એનું નામ જયાબહેન. જયાબહેને મેનેજર શ્રીવાસ્તવની મદદથી ફેકટરીનું સુકાન પણ સંભાળ્યું.

ગિરધરભાઈ આપતા હતા તે મુજબ સંગીતાને ધંધાના પાર્ટનર તરીકે નફાના ૨૦ ટકા ભાગ જયાબહેન આપવા લાગ્યા.. વળી, શિવમના ઉચ્ચ અભ્યાસ માટે એના નામે ૪૦ લાખ ફિક્સમાં મૂકી દીધા.

જયાબહેનના મનમાં વિચાર આવ્યો કે સંગીતા હમણાં તો માતા-પિતાની છાયામાં રહે છે પણ ભવિષ્યમાં તેને કોનો આધાર ? ભાઈ-ભાભી સાથે ન ફાવે તો એ ક્યાં જાય, મારા શિવમનું શું થાય ?

ઘણી ગડમથલ પછી તેમણે સંગીતાની મમ્મી હસુબહેનને ફોન કરીને કહ્યું- તમે તમારા ઘરની નજીક સંગીતા માટે એક ઘર જુઓ, જેથી ભવિષ્યમાં એનું પોતાનું ઘર હોય. અડધી રકમ હું આપીશ. હસુબહેને ભાવવિભોર થતાં કહ્યું, 'જયાબહેન, તમે ખરેખર મહાન છો, બાકી અલગ રહેતી પુત્રવધૂ માટે આટલું કોણ કરે ?

પોતાની મમ્મીના હાથમાંથી ફોન લેતાં સંગીતાએ કહ્યું- મમ્મી, યુ આર રિયલી ગ્રેટ. હું પણ કોઈ નાનો વ્યવસાય શરૂ કરીને પગભરે થઈશ.



રીટા મેકવાન 'પલ'

# ભેદભાવ

જયાબેન અને અમિતભાઈને એક દીકરો'ને એક દીકરી. બન્ને ખૂબ સમજુ અને લાડકવાયા. એમાં દીકરી અમી તો મા-બાપની તો લાડકી પણ, ભાઈ સંજયની પણ ખૂબ લાડકી.

અમી નાની ને સંજય મોટો. છતાં સંજયની ભૂલ થાય તો ખખડાવી નાખતી. ને સંજય લાડકીબહેન સામે બે કાન પકડી સોરી કહેતો ઊભો રહેતો.

સમયની ચકડોળ સરકવા લાગી. જુવાન થયેલા સંતાનોએ ઉચ્ચ કારકિર્દી મેળવી લીધી. સંજયને બેંકમાં નોકરી પણ મળી ગઈ. ને અમી માટે ખૂબ પૈસાદાર, સારા ઘરનું માંગુ આવતા માતા પિતાએ રાજ સાથે ધામધૂમથી પરણાવી દીધી.

રાજ ખૂબ જ સમજુ અને વિનમ્ર હતો. અમીને ખૂબ પ્યાર કરતો હતો. સંજયને પોતાની લાડકીબેનની ચિંતા હતી પણ, રાજ અને અમીનું સુખી દાંપત્યજીવન જોઈને એને સંતોષ થયો.

હવે સંજયના લગ્ન થયા. નેહા ખૂબ રૂપાળી અને ડાહી હતી. થોડા સમયમાં સંજયના માબાપની લાડકી વહુ બની ગઈ. નેહાએ ઘર તો સંભાળી લીધું. પણ... સંજય એને જિન્સ... ટી શર્ટ... પહેરવા કહેતો ત્યારે નેહા ના કહેતી. નેહાને આજના આધુનિક ખુલ્લા વસ્ત્રો તરફ ચીડ હતી. એને અંગપ્રદર્શન બીલકુલ નહોતું ગમતું. હંમેશા ચુડીદાર ને કુરતામાં જ રહેવું ગમતું. તહેવાર, પ્રસંગો પ્રમાણે સાડી પહેરતી. પણ સંજય થોડા આધુનિક વિચારો ધરાવતો હતો.

સંજય ધીમે ધીમે નેહા પર અકળાવા લાગ્યો. ક્યારેક ગુસ્સામાં ગમેતેમ બોલી દેતો. બેંકમાંથી ઘરે આવે, નેહા પાણી લઈને આપે તો એના અસ્તવ્યસ્ત કપડાં અને વિખરાયેલા વાળને લીધે અપશબ્દ બોલતો.

એકવાર બળેવને દિવસે રાજ અને અમી સજોડે રાખડી બાંધવા આવ્યા. સંજય તૈયાર થઈને બેઠો હતો. અમીએ નેહાને બૂમ પાડી. ભાભી, ચાલો ભાઈની સાથે બેસો. તમને પણ રાખડી બાંધવાની છે. નેહા રસોડામાં કામ કરતી હતી. ભીના હાથ સાડીના પાલવથી લૂછતી, હસતી હસતી સંજય જોડે બેસવા ગઈ... ત્યાં તો સંજય બોલ્યો, ગમાર ... ફૂવડ ... જરા પણ ભાન નથી તને. આજે



કરે છે. નેહા પણ કોઈની દીકરી છે, કોઇની બહેન છે. શું રાજ મારું અપમાન કરે તો તું સહન કરે ?

ભાઈ તમે લોકો દીકરી અને જમાઈને સાચવો છો. જ્યારે નેહા..તને, મમ્મી-પપ્પાને.. સંબંધીઓને સૌને સાચવે છે. અને એ જ વ્યક્તિનું તું અપમાન કરે ? ભાઈ.. ઘરની દીકરી અને પારકા ઘરેથી આવેલી દીકરી વચ્ચે આવો ભેદભાવ કેમ ? બોલતા બોલતા અમી રડી પડી.

અમીએ કહ્યું, ભાઈ નેહા આપણા સૌના માટે, ખુશીથી, સવારથી જુદી જુદી રસોઈ બનાવી રહી હતી. પ્રેમથી સૌને જમાડ્યા. તે એક પણ વાર કહ્યું, કે નેહા તું પણ ચાલ અમારી સાથે જમવા.

નેહા..સાસુ સસરાને પગે લાગી બેગ લઈ બહાર જતી હતી..ને અમીએ સંજયને બે કાન પકડી નેહાને સોરી કહેવાનો ઈશારો કર્યો..

ને સંજયે કહ્યું, નેહા..

ને નેહાએ પાછળ ફરી જોયું , બે કાન પકડી ઉભેલા સંજયે કહ્યું, સોરી..મારી ભૂલ થઈ..ને બે હાથ ફેલાવીને નેહાને બોલાવી ' ને નેહા બેગ મૂકી દોડીને સંજયની બાહોમાં સમેટાઈ ગઈ .

અમી હર્ષાશ્રુ સાથે બોલી... ભાભી... ભાઈની કાન પકડવાની આ અદા મને તો નાનપણથી જ ગમે છે... તમને ગમી કે નહિ ? ને સૌ હસી પડ્યા..

તહેવાર છે. મારી બેનને જો કેવી તૈયાર થઈને આવી છે... ને તું જો ભીના હાથ લઈ આવી પહોંચી. તું મારાથી દૂર બેસજે. તારા કપડામાંથી મસાલાની ગંધ આવે છે.

બધાની સામે અપમાન થવાથી નેહાની આંખો ભીની બની. સંજયથી થોડે દૂર બેસીને એણે ઉંધા ફરી આંખોના ખૂણા લૂછ્યા અને ફરી હાસ્યનો મુખવટો પહેરી લીધો. રાજ અને અમીથી નેહાનું અપમાન સહન ન થયું.

રાખડી બંધાઈ જતા નેહા ઊઠીને રસોડામાં જતી રહી.

બધાને પ્રેમથી જમાડ્યા. પછી પોતાના રૂમમાં ગઈ. બેગમાં થોડા કપડા ભરી બહાર આવીને સંજયને કહ્યું, સંજય ... મને તમારી પાસેથી કોઈ અપેક્ષા નથી.. હા.. હું એટલું જ કહું છું કે કોઈ તમારી મમ્મીનું કે તમારી બેનનું અપમાન કરે તો તમે સહન કરો ? નહિ ને ?

તો બધાની સામે મારું અપમાન કેમ ? અમીને પણ ગુસ્સો આવ્યો જ હતો. હવે એ પણ બોલી, ભાઈ ..તું તારી પત્નીનું અપમાન



હરદ્વાર ગોસ્વામી

# માનું દરદ ન જાણે કોઈ !

શહેરમાં રહેતા દીકરા-મા થોડો સમય રોકાવા આવે છે. પગે લાગીને સવારે દીકરો જાય અને સાંજે થાકીને આવીને મા સાથે એકાદ વાક્યમાં વાત કરી. કલાકેક વોટ્સએપ જોઈને સૂઈ જાય. એકવાર રવિવારે ખરીદી કરવા જતા હતા ત્યારે દીકરાએ પૂછ્યું.

'મા તારા માટે બજારમાંથી કંઈ લાવું ?'

'બજારમાંથી સમય વેચાતો મળે તો લેતો આવજે.'

વોટ્સએપમાં આવેલી વાર્તાનો ટૂંકસાર. વદતોવ્યાઘાત એ છે કે સોશિયલ બનતા અટકાવે છે. માહિતી અને મનોરંજનનો સાચોખોટો ખડકલો ખડકાવા કરે છે, તમે એમાંથી બહાર નીકળી ન શકો, ઘણીવાર તમે કામનો મેસેજ કરવા જાવ અને બીજી માહિતી જોવામાં મૂળ વાત ભૂલી જાવ છો. મા સાથે પાંચ મિનિટ બેસીશું નહીં અને ૫૦ મિનિટ 'હેપી મધર્સ ડે'ના મેસેજ કરીશું. મા જીવતી હોય ત્યારે સાચવી ન હોય અને બારમાના દિવસે આખા ગામને જમાડે !

મા શબ્દ બોલતા જ લાગણીની લહેરો અને સંવેદનાનો સમંદર ઊછળવા લાગે છે. માની મમતાની વાત આવે એટલે આખી દુનિયાએ હકાર ભરવો પડે મા પાસે સ્નેહ પામવા હોડ લાગે પણ આપવા ? પચાસ મણનો પ્રશ્નાર્થ આવી જાય છે. શ્રવણ ન બનો તો ચાલશે પણ માની વાતનું શ્રવણ કરશો તોય ઘણું છે.

બાળપણમાં આપણા એક એક કૂતુહલનું સમાધાન કરતી મા જ્યારે વૃદ્ધાવસ્થામાં બે સવાલ વધુ પૂછી લે તો યેનકેન પ્રકારેણ વાતનું પૂર્ણવિરામ મૂકી દઈએ છીએ. કાળજું કઠણ કરીને કહેવું પડે કે 'મા બધાનું દર્દ જાણે પણ માનું દર્દ કોઈ ન જાણે...' મીરાંબાઈની રચના સહેજ ફેરફાર સાથે કહું તો... 'મા કા દરદ ન જાને કોઈ.'

સૌથી વધારે જો કોઈનો ફોન ઈગ્નોર કરતા હોઈએ તો એ માનો છે. માનો ફોન છે તો ખબર પૂછવા આવ્યો હશે. પછી કરીશ. એમ કહીને કાપી નાખીએ છીએ. પણ પછી આવ્યું પછવાડું... બહારગામ રહેતી વ્યક્તિ પત્ની સાથે રોજ વાત કરે છે પણ મા સાથે કેટલા દિવસે વાત કરે છે ? દીકરાના એક ફોનથી એનો હરખ સમાતો નથી. દીકરા સાથે થયેલી એક મિનિટની વાત એનો દિવસ બનાવી દે છે.

મોડી રાતે દીકરો આવે તો 'આવી ગયો ?' એમ મા કહે છે, એ અવાજ આપણને

સંભળાય છે પણ એની ચિંતા દેખાતી નથી. દીકરો લાંબી ટૂરમાં જાય તો પત્ની ડ્રેસ લાવે એની પ્રતીક્ષા કરતી હોય અને બાળકોને રમકડાંની અપેક્ષા હોય પણ માને તો એનો દીકરો સાજોનરવો આવી જાય એ જ એના માટે મોટી ગિફ્ટ.

હજરત મહંમદ સાહેબ લડાઈમાં સામેલ થનારી એક વ્યક્તિને કહે છે. 'તારી માની સંભાળ રાખનાર કોઈ નથી, પહેલા એની સેવા કર, સાચું જન્નત ત્યાં છે. આજે આવા ધર્મગુરુ કયાં ?

આજના મદરેસામાં પણ સર્વધર્મ શિક્ષણનો સોનેરી સૂરજ ઊગે એવી સવારની પ્રતીક્ષા કરીએ. પહેલગાવમાં મૃત્યુ પામેલ લાડકવાયાની માતાની સ્થિતિ શું હશે ? આવું કરીને ૭૨ હુર મેળવવાની ?

ઘરનું નામ 'માતૃ કૃપા' હોય પણ મા તો ખુણામાં રહેલા ફર્નિચરનો એક ભાગ બની ગઈ હોય. ઇન્દુલાલ ગાંધીનો 'આંધળી માનો કાગળ'માં માની વેદના કેવી અદ્‌ભુત રીતે વ્યક્ત થઇ છે, આંધળી માને અનેક પીડાઓ છે પણ તોય એ વેદના વ્યક્ત કરવાને બદલે દીકરાને સુખેથી રહેવાને સલાહ આપે છે: 'કાયા તારી રાખજે રૂડી; ગરીબની ઈ જ છે મૂડી.' દીવારનો ડાયલોગ 'મેરે પાસ મા હૈ' આજે પણ કાનમાં ગુંજે છે. આ સંવાદની અસર એક મંત્ર જેટલી છે.

એકવાર મહિના બાદ શહેરમાં રહેતા દીકરાનો ફોન આવ્યો અને પૂછ્યું, 'મજામાં ?' એક લાંબો પોઝ લીધા બાદ માએ કહ્યું, 'હા બેટા મજામાં છું, જનરેશન ગેપ કાઢવો સહેલો છે પણ ઉદાસીભર્યો વચ્ચેનો પોઝ કાઢવો દુષ્કર છે. મા અને સંતાન વચ્ચે જનરેશન ગેપ હોતો નથી.

હિન્દી ફિલ્મોમાં નિરૂપા રોય દુખિયારી મા તરીકે ખ્યાત છે. 'દીવાર' ફિલ્મમાં બે દીકરાઓ વચ્ચે માતા પીસાતી રહે છે. આજે સંયુક્ત પરિવાર તૂટી રહ્યા છે ત્યારે માતાની સ્થિતિ પર આ ઘેર, પેલે ઘેર જેવી થઈ છે'. જ્યારે પતિની છત જતું રહે ત્યારે એની વેદના ચીનની દીવાલ જેટલી ઊંચી બની જાય છે. જો કે ઘણીવાર જાલિમ પતિના મૃત્યુ પછી વિધવા પત્નીની જિંદગીમાં મેઘધનુષ્ય પણ આવતું હોય છે.

સંજૂ ફિલ્મમાં નાયક મા જીવતી હોય ત્યારે એની સાચી અને સારી વાત નથી માનતો, એના મૃત્યુ બાદ આ વાત એને કોરી ખાય છે અને માએ જોયેલાં બધાં સપનાં પુરા કરે છે. સંતાન એ માતાની અધૂરી ઊંઘ અને પૂરું સપનું છે. બાળક સ્તનપાન કરતું હોય તો આંખ બંધ રાખે છે. ગરિમા તો આપણે બાળપણથી શીખીએ છીએ. કેડમાં તેડેલું બાળક દુનિયાદારી શીખતું જાય છે. કેડ સુધીની હાઈટ થાય ત્યાં બાળકને મા દુનિયાદારી સામે લડતા શીખવી દે છે. હવે સમય બદલાયો છે એટલે આજના સમયમાં બાળક મોટો થાય પછી મા બાળક પાસે કોઈ અપેલા નથી રાખતી. મા પણ નોકરી કરતી હોવાથી ભાળ ઉછેર પદ્ધતિ પણ બદલાણી છે, જે પુસ્તકની શતાબ્દી ઉજવી રહ્યા છીએ એ ધૂમકેતુનો માઈલસ્ટોન વાર્તાસંગ્રહ



'તણખા' મંડળ-૧ માતાને અર્પણ થયો છે. એમની વાર્તામાં પણ માતૃમહિમા ધબકતો રહ્યો છે.

ગાંધી, અરવિંદ અને ફ્રોઈડના મનોવિશ્લેષણની અસર જેમની વાર્તાઓમાં છે તે સુન્દરમની 'માને ખોળે' વાર્તા ગ્રામીણ નારીની કરુણતા સાથે સામાજિક જીવનની વિષમતા અને વિસંવાદિતા પ્રગટ કરે છે. લોકમાતા નદીના પટમાં એક માતા અંતિમ શ્વાસ લે છે. એ બર્બરતાનું બખુબી બયાન છે. એક સ્ત્રી માતા ન બની શકવાની અતૃપ્તિ પાણીમાં તરતી રહે છે. આજે પણ ગામડાર્માસી વિશેના અભિગમ અને અભિપ્રાયમાં બહુ મોટો બદલાવ આવ્યો નથી.

રશિયન લેખક મેક્સિમ ગોર્કીની 'મધર' નવલકથામાં રાજકીય વાતાવરણ વચ્ચે એક માની વેદના વિહરતી રહે છે. એક નવલકથા આખી સરકારને હચમચાવી શકે એનો દાખલો 'મધર' છે. પિતાના મૃત્યુ પછી ગોર્કીની મા પુનર્લગ્ન કરે છે. પાંચમા વર્ષથી જીવનનો સંઘર્ષ શરૂ થાય છે તે જીવનના અંત સુધી રહે છે. અનેક કડવાશના અનુભવને કારણે પાછળથી ગોર્કી (કડવો) શબ્દને પોતાના ઉપનામ તરીકે પસંદ કરે છે. પોતે વહ્યું છે એ બીજાને સહન કરવાનું ન આવે એટલે છેલ્લી ક્ષણ સુધી ગોર્કીએ વંચિતો માટે અવાજ ઉઠાવ્યો છે.

એકવાર પ્રેમિકા એના પ્રેમીને કહે છે. હું તારી સાથે તો જ પરણું જો તું તારી માનું કાળજું કાઢીને લઈ આવે. પ્રેમમાં અંધ દીકરો શરત મંજૂર રાખે છે અને માને મારીને કાળજું હાથમાં લઈને જલદી પ્રેમિકાને મળવા દોડે છે અને રસ્તામાં અચાનક ઠેસ આવે છે ત્યાં કાળજું બોલી ઊઠે છે. 'ખમ્મા મારા વીરા! લોક સાહિત્યકારો આ વાર્તાને એવી બહેલાવી-સહેલાવીને કહે કે આંખમાં આંસુ આવી જાય. વૃક્ષને પત્થર મારો તો પણ એ ફળ આપે એમ માને દુઃખ મળે તો પણ સંતાનો માટે કદી બદદુઆ ન આપે અમથા કંઈ ઈશ્વરની અવેજીમાં એને યાદ કરીએ છીએ!

**આવજો...**

હું નરકમાં પણ સારાં પુસ્તકોનું સ્વાગત કરીશ. કેમ કે પુસ્તકમાં એવી તાકાત છે કે એ જ્યાં પણ હશે ત્યાં આપોઆપ સ્વર્ગ બની જશે. – ***બાલ ગંગાધર તિલક***



રીટા મેકવાન 'પલ'

# વિતેલાં વર્ષો...



સમીરે બૂમ પાડી ને નીમા દોડતી ડાઇનિંગ ટેબલ પર નાસ્તો ગોઠવવા લાગી.ઉતાવળ ને અને ગભરાટમાં ટીપોટમાંથી ચા ટેબલ પર ઢોળાય અને એક સટાક કરતો તમાચો નીમાના ગાલ પર પડ્યો. નીમાની આંખમાં આસું આવી ગયા સમીર સામે જોઈને એ ટેબલ સાફ કરવા લાગી. દસમા ધોરણમાં ભણતો તેનો દીકરો 'રાજ' માની લાચારી અને પિતાની ક્રૂરતા જોઈ રહ્યો. નાસ્તો કરી સમીર ઓફિસ ગયો.

રાજ માના આસું લૂછતાં બોલ્યો, 'મા ... શું કામ સહન કરે છે ? મા, તે મને નવ મહિના તારી કૂખમાં, ગર્ભનાળના સ્નેહબંધનથી અતૂટ જોડ્યો છે. તારી પીડા, યાતના હું અનુભવું છું...'

'મા ચાલ, આપણે નાના ... નાનીને ત્યાં જતાં રહીએ.'

નીમાએ દીકરાને કહ્યું, 'બેટા, તારું દસમાનું વર્ષ છે. ભણવામાં ધ્યાન આપ.'

રાજ બોલ્યો, 'મા, હવે જો પપ્પાએ તને કંઇ કર્યું તો હું ભૂલી જઈશ કે એ મારા પપ્પા છે.' કહીને વાંચવા જતો રહ્યો.

એ જ રાત્રે જમતી વખતે રાજથી ટેબલ પર પાણીનો ગ્લાસ ઢોળાયો અને સમીરે સટાક કરતો તમાચો રાજને માર્યો. વહાલસોયા

દીકરાને નીમા બચાવવા ગઇ તો સમીરે નીમાને મારવા હાથ ઉગામ્યો, ને રાજનો રોષ ભભૂકી ઊઠ્યો. એણે પિતાનો હાથ પકડ્યો ને કહ્યું, 'ખબરદાર મારી મમ્મીને માર્યું છે તો.' કહીને પિતાનો હાથ મરોડ્યો. નીમાએ ગભરાઈને રાજને ખેંચ્યો, એ સાથે જ સમીરે રાજને જોરથી ધક્કો માર્યો અને રાજ બાજુમાં પથ્થરના રેક સાથે જોરથી પછડાયો અને માથામાં વાગ્યું ને ત્યાં જ એ બેભાન થઇ ઢળી પડ્યો.

સમીરે રૂમમાં જઈ બારણું બંધ કરી દીધું.

નીમાએ બાજુમાં રહેતા દાસકાકાને બૂમ પાડી અને બધા રાજને રિક્ષામાં લઈ હોસ્પિટલ દોડ્યા.પાંચ દિવસ પછી રાજ ભાનમાં આવ્યો. મગજમાં ઇજા થવાથી માનસિક સંતુલન ગુમાવી દીધું. પાંચ દિવસમાં એક પણ વાર સમીર હોસ્પિટલ ન આવ્યો. નીમાના પપ્પા અને મમ્મી નીમાની સાથે જ હતા.

હોસ્પિટલમાંથી રજા આપતા નીમાએ પોતાના પપ્પાને કહ્યું, 'પપ્પા, હું મારા ભૂતકાળના વિતેલાં વર્ષોને ભૂલી, મારા દીકરા સાથે આજીવન તમારી પાસે પાછી આવી શકું ?! નીમાના પિતાએ દીકરીને માથે હાથ મૂકી કહ્યું, 'બેટી, એમાં કઈ પૂછવાનું હોય ? આવી જા દીકરી. આપણે સાથે મળી વિતેલાં વર્ષોને ભૂલી નવા વરસને વધાવીશું. તારો રાજ તને જરૂર પાછો મળશે.'

કહી દીકરીને ભેટી પડ્યા.

એક 'મા' પોતાના માટે માનસિક સંતુલન ગુમાવવાનો અભિશાપ વ્હોરી લેનાર પુત્રને 'નવજીવન' આપવા ચાલી નીકળી.

## ચોરી

એની જ્ઞાતિમાં ચોરી એ પરંપરાગત ધંધો ગણાતો. જે મોટો ચોર હોય એનો એના સમાજમાં મોટો માનમોભો હતો. શારીરિક રીતે જોરાવર ઉપરાંત હિમતવાળો જગો એ બધાથી અલગ હતો, અને એટલે જ બધા એને પીઠ પાછળ નમાલો અને બાયલો કહેતા. જ્ઞાતિનાં મુખીની એકની એક દીકરી કમલી સાથે જગાને સારૂ બનતું. એ કમલી તો જગાને મોઢામોઢ નમાલો કહેતી. એ વખતે અર્ધશિક્ષિત જગો હસી પડતો અને કમલી સાથે મહેનત, ભલાઇ, કર્મનાં ફળ, ભવિષ્ય વિશેની સકારાત્મક વાતો કરતો.

એક સાંજે જ્ઞાતિનાં બધા પોતપોતાની ચોરીનાં કિસ્સાઓ વધારી વધારીને સંભળાવતા હતાં. અચાનક જ જગો બોલ્યો, 'આ જગો પણ મોટી ચોરી કરવાનો છે.' અને મુખીએ બધાની હાજરીમાં એની ખુબ મશ્કરી કરી. બીજે દિવસે સવારે જ્ઞાતિમાં ધમાલ મચી ગઇ. સાચે જ જગાએ મોટી ચોરી કરી હતી. જગો ગાયબ હતો અને કમલીનો કોઇ અતોપતો ન હતો.

રોહિત વણપરિયા (કેશોદ-રાજકોટ)

# કાવ્ય સાહિતા

## તડકો તળાવે

આ તડકો પડયો તળાવે.
કિરણ બધાંને કરી દાડિયાં ઊંડું રોજ ગળાવે;
આ તડકો પડ્યો તળાવે.

સાવ સૂકું મેદાન કરીને ઊંડા ચીરા ગાળે,
થોડું ઝાઝું પાણી એમાં પહોંચી જાય પતાળે,
કોઈ નથી સરકાર છતાંયે વરસો વરસ ચલાવે;
આ તડકો પડ્યો તળાવે.

માછલીયું ફડફડે બિચારી, એને કોણ ઉગારે ?
જૂનાં શરીર છોડી જાણે જનમે નવઅવતારે,
એમ વિચારી ટીપેટીપું પાણી બધું જલાવે
આ તડકો પડયો તળાવે.

નભમંડળને ખોદી ખોદી એમાં પાડે કાણાં,
ચાંદરડાં શાં, અનંત કેરાં તેજ મહીં વરતાણાં,
અંધારાની ઓલી બાજુ કોણ દીવા પ્રકટાવે ?
આ તડકો પડ્યો તળાવે.

વાદળ કાળાં ઘોર ચડીને ઢાંકે નભ ને ભોમ,
'હાશ, હાશના કરે પુકારો ધરતીના સહુ રોમ,
'મીન પિયાસી' હૈયું મારું હળવે કોણ હલાવે ?
આ તડકો પડ્યો તળાવે.

**મીનપિયાસી**

## કબાટમાંનાં પુસ્તકો

પુસ્તકો સપનાંમાં આવે અને પૂછે:
'તેં અમને ઓળખ્યાં કે ?'
વાત કરતાં કરતાં પુસ્તકો ઓગળે અને અથાગ
પાણી થઈને પૂછે:
'તું ક્યારેય અમારાંમાં નાહ્યો છે કે ?
તર્યો છે કે ?'
પુસ્તકો પછી ઘેઘૂર વૃક્ષ થઈ જાય અને પૂછે:
'અમારા ફળો ક્યારેય તેં ખાધાં છે કે ?
છાયામાં ક્યારેય પોરો ખાધો છે કે ?'
પુસ્તકો ફરફરતો પવન થઈ જાય અને પૂછે:
'શ્વાસ સાથે ક્યારેય અમને હૈયામાં ભર્યા છે કે ?'
પુસ્તકો આવું કશુંક પૂછતાં રહે,
એક પછી એક.
દરેક પ્રશ્નોના મારી પાસે જવાબ નથી હોતા.
બેસી રહું ચૂપચાપ બસ,
એમની સામે જોતો.
ક્યારેક પુસ્તકો કાચનાં કબાટમાં જઈ બેસે અને
કહે:
'એટલે સરવાળે તો અમારી જિંદગી ફોગટ જ ને ?'
પુસ્તકો મૂંગામંતર થઈ જાય ઝૂર્યે જાય જાતને
ઉધઈને હવાલે કરે એ -
આખરે આત્મહત્યા કરે
ઘરમાં ને ઘરમાં જ બંધ કબાટનાં કારાગૃહમાં !

**- શંકર વૈદ્ય (મરાઠી)**
**અનુવાદ: અરૂણા જાડેજા**

## પતંગની ઉડાન

હવાનાં એક ઝોકાંએ
વસવાટ કર્યો બે પાંખોમાં
અને સરેરાટ કરતી,
ફડફડ રવથી ઊડી મુજ પતંગ
કરવા આકાશી સૈર,
જાણે એક તોફાની લ્હેર.
અથડાઈ, ફેંકાઈ, ફરી પછડાઈ,
આમથી તેમ ઝોલાં ખાઈ
સો સો લ્હેર ફેંદી વળ્યા પછી...
આહ !

અંતે એક જડી ખરી.
બેકાબૂ મુજ કોરથી,
સ્વચ્છંદીના તોરથી
ગ્રહી મુજ કરમાં ગૌરથી,
ત્યારે સ્થિર થઈ છે દોરથી.
સ્થિર થઈ છે પતંગ:



નીલ અંબરના ગોખમાં,
વીજ-વાદળનાં ખોફમાં,
ઊડે અતિશય જોરમાં
છૂટા હાથની દોરમાં.

છૂટા દોરની સ્હેલ કરી
મોજાઓનો મહેલ કરી,
પલળી ગઈ છે પાણીમાં
કે નિરવની વાણીમાં ?

વાણીમાં ઘૂમી કરી
તરંગને પેદા કરી,
એક હવાનાં ઝોંકાએ
દોડી એ તો લાયમાં
પેસી મુજ કલમની સ્યાહીમાં.
મુજ હસ્તપ્રતોની મહીં
કંડારાઈ ગઈ છે ભયમાં.

**ભરત સંઘવી 'તિમિર'**

## વર્ષની છેલ્લી પોસ્ટ !

આમ આવ્યું આમ બસ ચાલ્યું ગયું આખું વરસ,
ફ્રેમ ચશ્માની અને આખો ઉપર ઝાંખું વરસ.
એક બે સપનાએ કીધું વાસ્તવિક થઈ કાનમાં,
એક બે મોસમને કારણ ના કદી પાંખુ વરસ.
ઊઘડે તો હું કરી છૂટવા બધું તૈયાર છું,
ચાલ તારા પાસવર્ડને મારામાં નાખું વરસ.
તું કહે છે એ જ રીતે હું તને છોડી શકું,
હું કહું છું એ જ રીતે હૈં તને ચાખું વરસ
કાળ આવી ને તને કહેશે ખરેખર માની જા,
હું સ્વમાની છું તને ક્યાં સુધી હું સાંખું ગઝલ...

**વિતે અને વિતાવે એ ભાઈબંધીનું નામ! એ દર વર્ષે આંકડા બદલીને મહિના, તારીખ, વાર સાથે 'સેમ ટુ સેમ' જીવે! પ્રત્યેક વાર વર્ષ અનુભવ અને આવડતનો સરવાળો જ કરે છે. ભેટીને કે હાથ મિલાવીને કે reports કરીને આવો ૨૦૨૫ને અલવિદા કરીએ...હાથ મિલાવીને હૂંફની આપ-લે કરીએ...**

**અંકિત ત્રિવેદી**

## હાઈકુ - વૃધ્ધ...

વૃધ્ધ પૂછે છે
ઋણ કોણ ચૂકવે !
ઘરડા ઘર ? ?

થઈને વૃધ્ધ
વાર્ધક્યને દિપાવીશ
શ્વેત કેશથી...

વૃદ્ધ થયેલો,
થાકેલો, દેહ હવે
યાચે છે મોક્ષથી....

ઓ પ્રાણેશ્વરી !
હું વૃધ્ધ થઈ ગયો
તારા જવાથી...

જો, ચાંદી સમ
ચમકી રહ્યા કેશ
વૃધ્ધાવસ્થા એ...

**રીટા મેકવાન 'પલ'**

## Happy New Year

હવે નક્કી કર્યું કે કોઈ નવા સંકલ્પ ના.
કરશું નવા વર્ષે
પ્રથમ - જૂના લીધા છે
એ નિયમ અળશને અનુસરશું નવા વર્ષે
જૂના ભંગાર જેવા સૌ
વિચારોની અળસને કાઢશું બાહર
પછી નક્કી કરીશું કે નકામું
કંઈ ન સંઘરશું નવા વર્ષે
બધી આળસને ખંખેરી કરીશું
સાફ મક્કમતા ઉપરની ધૂળ
અધૂરા કામ સઘળાયે
નવેસરથી જ આદરશું નવા વર્ષે
સફળતાનો છે સાચો મંત્ર કે
સાહસ વિના સિદ્ધિ નથી મળતી
ગમે તેવી સમસ્યા હો છતાં
પણ સ્હેજ ના ડરશું નવા વર્ષે
છુપાવી સત્ય કાયમ દંભથી
ચહેરો નથી ચમકાવવો 'રોશન '
જગતના એબ શોધ્યાં
પહેલા ખુદને આયનો ધરશું નવાં વર્ષે

**કિરણ જોગીદાસ 'રોશન'**

## ફૂલની ફોરમ

ફૂલની ફોરમ કળીનું સ્મિત છે !
હોઠ પર વહેતું કયું સંગીત છે ?

સ્મિત પણ નિખર્યું મને જોયા પછી,
એ જ મારી સૌથી મોટી જીત છે !

સાંભળ્યું છે મૌન પણ મેં એ રીતે,
જાણે ઝરણાનું કોઈ એ ગીત છે !

ચાલ ને સાથે મળીને તોડીએ,
લાજની વચ્ચે ઊભી જે ભીંત છે !

કોનો તે શિકાર કરવા નીકળ્યા,
કે પછી કાયમથી આવી રીત છે ?

મેં હૃદયને આપના વિષે પૂછ્યું,
તો કહ્યું કે એ જ તો, મનમીત છે !

**અંજના ભાવસાર ''અંજુ '**

## વર્ષાન્તે...

તારીખયું બદલાઈ જશે ,
સમયનાં વહેણમાં તણાઈ જઈશું,
નવાં તારીખિયુ નવી એષણાઓને સપનાઓ ,
નજર પડશે યાદોને આંખો ઝબકશે... !

કેટલી સારી કેટલી નઠારી યાદો,
૨૦૨૫ નું વર્ષ વીતી જવા આવ્યું ,
કેટલી યાદોનાં વમળ રહી ગયાં,
ખાટી મીઠી યાદોનાં સંભારણાં.. !

નથી કોઈ ફરિયાદ કોઈ ઈશને,
સૌ સાથે સારા સંબંધો,
નથી કોઈ વિવાદ,
નવું નવું શીખવાનો શોખ,
સૌ સખીઓ સાથે જોડાયેલી રહીશ... !
વર્ષાન્તે વીતશેને યાદો રહી જશે,
સ્મરણ હંમેશા ખાટાં, મીઠાં, કડવા રહેવાનાં,

માણસમાં આવે અહંકાર ત્યારે,
મૂળ સ્વભાવ સાથે રહેવાની આદત પાડવી.... !

કોઈને બદલવા કરતાં ખુદ બદલી જાવું ,
જિંદગી જીવી જાણવીને માણવી પ્રેમે ,
શા માટે નવાં જૂનાં વર્ષને યાદ કરવું ... !

જે વીતી ગયું એ ભૂલી જાવું નહિતર રડાવશે,
જિંદગી ફુલ જેવી ખીલતાં શીખો,
હાલો આત્મજનોના હૃદયમાં વસીએ,
કોઈને દુ:ખ થયું હોય તો માફ કરજો... !

નવા વર્ષની હર્ષથી વધાવીએ,
આજ વર્ષાન્તનો દિવસ છે,
લાગણીમાં ભીંજાયેલા મન સાથે સંઘર્ષ સાથે,
નવાં વર્ષને વધાવીએ .....
વધાવીએ, ને યાદગાર બનાવીએ.. !

**રાગિની શુક્લ ' રાગ ' મુંબઈ.**

## ફરીફરીને ગમીએ

ફરી ફરીને ગમીએ,
સાજન ફરી ફરીને ગમીએ
હું તારામાં, તું મારામાં,
ચાલ ફરી, અવતરીએ
સાજન ફરી ફરીને ગમીએ..

ખળભળ જળમાં થયા કરે,
એ પરપોટા, ના વસ્તર
કદીક વહ્યા જે આંસુ કાલે,
પવને ઉડતા કસ્તર
ભીતર અઢળક ભરીયું તારું મારું,
ઘૂંટડા ભરીએ
સાજન ફરી ફરીને ગમીએ...

**લતા હિરાણીની આ કાવ્યની વાત તમારા લગ્નજીવનને સદા મહેકતું રાખે એ તમારા લગ્ન દિને શુભેચ્છા**

ધોધ ભર્યા છે અંદર આપણ,
શાને એ વેડફીએ ?
વાવ્યો'તો તે સ્પર્શ જે કાલે,
લઈને આજે ઊગીએ
સુગંધ દિલની તળિયે ?
ના રે, રોમે રોમે ફળીયે
સાજન ફરી ફરીને ગમીએ...

હોય કદી, જે આજે ગમતું,
કાલે એ ખોવાતું
આજકાલના તડકે છાંયે,
જીવન રેલવે જાતું સઘળું બાહર,
ભીતર મધ્યમ,
સુરમાં વહેતા રહીએ
સાજન ફરીફરીને ગમીએ...

**લતા હિરાણી**

## પ્રેમ કરતો હોય...

પ્રેમ કરતો હોય એ તો કોઈને નડતો નથી
ખુદને મળતો હોય તેથી કોઈને મળતો નથી.

એ અલગ દુનિયામાં જીવે છે સતત ને એટલે,
શોધવા મથતા ઘણા પણ કોઈને જડતો નથી.

કાળજું બાળે છે પોતાનું પળેપળ પ્રેમમાં,
વિરહાગ્નીમાં ઝૂરે ભડકે કદી બળતો નથી.

સ્મિત વહેંચે છે બધાને એ નિખાલસ ભાવથી,
એમ ના કહેશો કે કોઈનામાં એ ભળતો નથી.

એટલું નક્કી છે એની જીંદગીમાં દોસ્તો,
સ્પર્શ એનો ના મળે તો કોઈને અડતો નથી.

છે મોહબત એની સાથે એટલું કાફી છે બસ,
એટલે એ કોઈનાં પણ પ્રેમમાં પડતો નથી.

જિંદગી જીવે છે ખુમારીથી એવું કહી શકાય,
કેમકે એ 'શિલ્પ' વિના કોઈને નમતો નથી.

**શિલ્પા શેઠ 'શિલ્પ'**

## ગઝલ

થોડાં બિંદુ હસ્તરેખામાં વધારે જોડવાં છે,
થઈ શકે સાકાર એવા સ્વપ્ન મનમાં રોપવાં છે.

ચોતરફ છે દુઃખ, નિરાશા, ખોટી ચિંતા ને ઉદાસી,
મારે તો બ્હાના ખુશીના હર જગાએ શોધવા છે.

જાત પર રાખી ભરોસો વધવું છે આગળ સતત ને ,
જે મનોબળ તોડે એવા માણસોને છોડવા છે.

કરવું છે કાંઈક અનોખું ને અલગ આ જિંદગીમાં,
ભાગ્યના દરવાજા મારે મારી જાતે ખોલવા છે.

હું જ મારી રાહબર ને હું જ મારી હમસફર છું
જે નડે કાયમ મને એવા વિચારો રોકવા છે.

**અંજના ગોસ્વામી '' અંજુમ આનંદ '**

## અણમોલ વર્ષો

હતા ખુલ્લા હાથે વેડફાયા, આ અણમોલ વર્ષો,
હવે મુઠ્ઠી મહીં ભીંસાયા છે, આ અણમોલ વર્ષો.

કદર નહોતી જરા પણ એક પળની જે સમયે અમને,
હવે યાદો બની પડઘાયા છે, આ અણમોલ વર્ષો.

હતી જે સાથમાં રજની ને શ્વાસોની મધુર સરગમ,
હવે એકાંતમાં પથરાયા છે, આ અણમોલ વર્ષો.

વહેતા'તા કદી જે ખળખળ વહેતા ઝરણાંની પેઠે,
થઈને પથ્થરો થંભાયા છે, આ અણમોલ વર્ષો.

નથી ફરિયાદ કે શું શું ગયું છે હાથમાંથી આજ,
તમારા સ્મિતમાં સચવાયા છે, આ અણમોલ વર્ષો.

મથ્યા'તા ખૂબ કે ભૂંસી શકીએ યાદ ભૂતકાળની,
નસેનસમાં હવે વણાયા છે, આ અણમોલ વર્ષો.

**શોભના ભટ્ટ**

## પિતા

આજ, મહારાજ!
જલ પર ઉદય જોઈને ચંદ્રનો હૃદયમાં હર્ષ જામે,
સ્નેહઘન, કુસુમવન વિમલ પરિમલ ગહન,
નિજ ગગન માંહી ઉત્કર્ષ પામે ;
પિતા! કાલના સર્વ સંતાપ શામે!
નવલ રસ ધવલ તવ નેત્ર સામે!
પિતા! કાલના સર્વ સંતાપ શામે!

જલધિજલ દલ ઉપર દામિની દમકતી
યામિની વ્યોમસર માંહી સરતી;
કામિની કોકિલા કેલિકૂજન કરે
સાગરે ભાસતી ભવ્ય ભરતી,
પિતા! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી!
તરલ તરણી સમી સરલ તરતી,
પિતા! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી!

**મણિશંકર રત્નજી ભટ્ટ (કાન્ત)**

## રેલવે સ્ટેશન

મટી માનવ, બન્યા ટોળા
પેટીયું રળવા કુંટુંબ કાજે
ગાડી આવે, દોડે,
ધસમસતું પૂર સુનામી થઈને !
ચડતા ઉતરતા, વળગતા કામે ઘડિયાળને કાંટે
એકબીજાના ખભે મૂકી હાથ
લટકતા રહે સાંકળ સાથ !
પગ પર પગ ચંપાતા રહે
ઠસોઠસ ભીડ મહીં મૃતવત રહે.
કોઈ ગરીબીની ભીંસમાં,
કોઈ બે છેડા મેળવવાની ફીકરમાં
ફીકરની કરી ફાકી,
સપનાના વાવેતર સજાવતા !
જુવાનીયા લગાડી ઈયરફોન
ગીતોની મસ્તીમાં ઝૂમતા
વૃધ્ધો છાપામાં નજર નાખી
લટકું લઈ લેતા
જુવાનોના ખિખિયારા
વૃધ્ધોના સિસકારા
દબાઈ જાય સહુ અવાજ
સરકતાં પૈડાં હેઠળ
પ્રલંબ સુરે ચીજોનું વેચાણ
કરતા ફેરીયાઓ
સહુ પોતપોતાના મારગ કાઢી
ભીડમાં ધક્કે ચડે, ધક્કે ઉતરે,પહોંચે
ગંતવ્યસ્થાને !
મુંબઈ રેલની છે ભાઈ બલિહારી !

## .... મુસાફરી ....

કરું છું લાંબી મુસાફરી
સાંભળવો છે પડઘાતો રવ
ગતિશીલતાની પવનવેગી દોડ !
સીટીમારતી જાય દોડતી
લયબધ્ધ પૈડાનું સંગીત
સ્ટેશન પર માનવ સમુદાય
કોઇ દે વિદાય, કોઈ આવકાર
સેન્ડવીચ, પાંઉવડા, બટેટાવડા
ચાયકોફીના લહેકાભર્યા આહવાન
અપરિચિતમાંથી
પરિચિતતામાં
પરિણમતો આત્મભાવ
થેપલા, શાક, નાસ્તાની લેવડદેવડ
બને સ્નેહભર્યો વર્તાવ
બારી બહાર માણું પ્રકૃતિ પૂરબહાર
વન, જંગલ, લહેરાતા ખેતરો
ઘેટાં બકરા ગાયભેંસના ધણ, કડિયાળી ડાંગથી
ડચકારતો ભરવાડ
નદીનાળાં, ઉજ્જડ ધરા
હર્યાભર્યા હરીયાળા ખેતર
ખેતરનો ચાડિયો કહે
આવજો ફરી
દૃશ્ય, દૃષ્ટિ, દ્રષ્ટા બન્યા એક, જડાયા ચિત્તમાં !
ભૌતિકતાની ભરમાર નહીં
પુરુષ અને પ્રકૃતિ જોડાજોડ
કેવળ મુસાફર, આનંદઘન !

**ચારુલતા ગાંધી**

## ગઝલ

મરતબો, મર્યાદા, મહિમા, માન, મોભો લઈ ગયાં
એ ગયાં એવાં અજાણ્યા થઈ, ઘરોબો લઈ ગયાં.

આમ લગભગ ખાલી હાથે એ પ્રવેશ્યાં ભીતરે
આમ લાક્ષાગૃહમાં કેવળ એક તણખો લઈ ગયાં

જિંદગીભર હું મથ્યો કે ચિત્ર પૂરું થાય, બસ..
એ તો બસ જિગ્સો પઝલનો એક ટુકડો લઈ ગયા

મોકલ્યા'તા એક પરપોટા સમી હસ્તી દઈ..
એ પરત કરતી વખત એમાંય ગોબો લઈ ગયા

શેષ છે ગૂંચવાયેલા દોરા અને ફાટ્યાં પતંગ
ઉત્સવો વીત્યા અને સાથે ઉમળકો લઈ ગયા

લઈ જશે શું કોઈ ? મારી મુફલિસી કહેતી રહી,
આવી આવી મારી એકલતા ય લોકો લઈ ગયા

**રઈશ મનીઆર**

## એ મેરે વતન કે લોગોં

એ મેરે વતન કે લોગોં,
જરા આંખ મેં ભર લો પાની;
જો શહીદ હુએ હૈં ઉનકી,
જરા યાદ કરો કુરબાની.
જબ ઘાયલ હુઆ હિમાલય,
ખતરે મેં પડી આઝાદી;
જબ તક થી સાંસ લડે વો,
ફિર અપની લાશ બિછાદી.
સંગીન થે ધર કર માથા,
સો ગયે અમર બલિદાની
**જો શહીદ....**
જબ દેશ મેં થી દિવાલી,
વો ખેલ રહે થે હોલી.
જબ હમ બેંઠે થે ઘરોં મેં,
વો ઝેલ રહે થે ગોલી;
થે ધન્ય જવાન વો અપને,
થી ધન્ય વો ઉનકી જવાની;
**જો શહીદ....**
શેરોં કી તરહ ઝપટે થે,
ભારત કે બહાદુર બેટે;
ઈસ મુલ્ક કી લાજ બચાને,
મર ગયે બર્ફ મેં લેટે.
સંગીન પર ધર કર માથા,
સો ગયે વીર બલિદાની;
**જો શહીદ....**
કોઈ શીખ, કોઈ જાટ, મરાઠા,
કોઈ ગુરખા કોઈ મદરાસી,
સરહદ પર મરનેવાલા,
હરવીર થા ભારતવાસી.
જો ખૂન ગિરા પર્વત પર,
વો ખૂન થા હિંદુસ્તાની;
**જો શહીદ....**
થી ખૂન સે લથપથ કાયા,
ફિરભી બંદૂક ઉઠા કે,
દસ દસકો એકને મારા,
ફિર ગીર ગયે હોશ ગઁવા કે,
જબ અંત સમય આયા તો...
કહ ગયે કિ અબ મરતેં હૈં,
ખુશ રહેના દેશ કે પ્યારોં,
અબ હમ તો સફર કરતે હૈં
ક્યા લોગ થે વો અભિમાની;
ક્યા લોગ થે વો દિવાને,
**તુમ ભૂલ ના જાઓ ઉનકો ઇસ લિએ કહી**
**એ કહાની. જો શહીદ....**

**પ્રદીપજી**

## સીનીયર સીટીઝન

સીનીયર સીટીઝન તો તેને રે કહીયે,
જે મોજ પોતાની માણે. રે... !!
ખાઈ પીઈ ને જલશા કરે, બીક કદી
ન રાખે રે ... !!
ભલે રહ્યા દિવસો થોડા, એની
ગણતરી ન માંડે રે ... !!
પૈસો પોતાનો પાસે રાખે, કોઈની
આશા ન રાખે રે ...!!
હિંમત હૈયે હરદમ રાખે,હરી ભરોસે
હાલે રે ...!!
અભિમાની ને અળગા રાખે, નફફટ થી
ન નાતો રે....!!
સકળલોકમા સહુથી ચેતે, ચાલે
પોતાની રીતે રે... !!
અપલક્ષણા ને આઘા રાખે, લોભી
લાલચી ને ટાળે રે ... !!
નહીં કદી ઈ કોઈનું અપમાન કરે, મસ્કો
કોઈને ન મારે રે ...!!
મોહ માયા ને આઘા રાખે, જંતર
મંતર ટાળે રે ... !!
બકતા ઠગતા નો સંગ ન રાખે, વાતો
માં ન આવે એની રે ...!!
સીનીયર સીટીઝન તેને કહીયે, જે
મોજ પોતાની માણે રે .. !!

**સંકલન સતીશ ભુવા**

## કવિની ઉત્તરાણ...

દોર બાંધીને છોડ્યો છે મનનો ઉમંગ ઊડે આભે એ થઈને ઉત્તરાણની પતંગ,
હોય દોર હાથમાં ને હોય દોસ્ત સાથમાં તો તરત ઊડી પતંગ નભને લઇ લે બાથમાં.
પતંગ સંગ રંગરંગના લગાવી ફૂમતાં પતંગ તે મનુષ્યના નભે ઉમંગ ઘૂમતા કેટલા ખેલ્યા
હતા તેં જંગ ? ખુદા પૂછશે તેં લૂંટ્યો'તો કેટલો ઉમંગ ? ખુદા પૂછશે.
કેટલી ઉત્તરાણમાં આભે ચડાવી'તી પતંગ ? તેં જીવનમાં કોને વહેંચ્યા રંગ ?
ખુદા પૂછશે, પ્રેમ કોઈ માણસની સંગ થઈ જાય છે તો પ્રેમભર્યું જીવતર પતંગ થઈ જાય છે.
ઉમળકો ઊભરાતો હોય અંગઅંગ દોસ્ત હોય સંગ, હોય મનમાં ઉમંગ,
દોર જરા ઢીલો હોય, હોય જરા તંગ તો જ સડસડાટ આભ ચૂમશે
પતંગ પ્રેમ અને મસ્તીનો સંગ થઇ જાય તો માણસનો ચહેરો પતંગ થઇ જાય,
કલેશ સાથે જંગનો છે રોકડો હિસાબ હોંશ ને ઉમંગનો છે
રોકડો હિસાબ દિલની સંગ રંગનો છે રોકડો હિસાબ વેર ? ને
દોર ને પતંગનો છે રોકડો હિસાબ
પતંગ રૂપે માણસની આકાશે ઊડતી ભાષા કે અમને છે
રંગીન થઈને ઊડવાની અભિલાષા પતંગ પર લખી એ પ્રશ્ન મોકલી રહ્યા અમે પ્રભુ !
તને પતંગ આ રીતે ઉડાડવી ગમે ?

**રમેશ પારેખ**

## શબ્દનો સંબધ

મેં મારા દુઃખદર્દ તમને નહીં,
કલમને કહ્યા હતાં;
જે એણે તમારા સુધી પહોચાંડ્યા નહીં
તો હું તમને દોષ નથી દેતો
મેં મારા દુઃખદર્દ તમને નહીં
કાગળને કહ્યાં હતાં
જો તમે મારા પ્રત્યે સહાનુભૂતિ ન દર્શાવી
તો હું તમને દોષ નથી દેતો
મેં મારાં દુઃખદર્દ તમને નહીં
કાળી રાતોને કહ્યાં હતાં,
મૂંગા તારાઓને કહ્યાં હતાં,
સૂના આકાશને કહ્યા હતાં,
જો એમની પ્રતિધ્વની
તમારા અંતરમાંથી નહીં ઊઠે
તો હું તમને દોષ નથી દેતો
મને ખબર હતી કે એક દિવસ
મારી વેદનાનો સાથ મારાથી છૂટશે
પણ મારા શબ્દોથી
મારી વેદનાનો સંબંધ ક્યારેય નહીં તૂટે.

**હરિવંશરાય બચ્ચન**
**અનુવાદ - સુશી દલાલ**

અમૃત સરિતા

# આપણે તો એટલામાં રાજી...

પ્રો. અશ્વિન મહેતા -૯૩૨૩૬૩૦૩૬૮



જીવનરસથી છલોછલ, આપણા અસ્તિત્વને તરબતર કરી દેતો, જીવનના જામને છલકાવીને, રોનક અને રંગતથી ભરી દેતો કસુંબીનો રંગ, ક્યારેક ચિંતનની ચિનગારી બનીને તો ક્યારેક ઊર્મિ-સ્ફુરણા બનીને કવિતાની અમૃત-સરિતા રૂપે વહે છે. ઉંમર ખય્યામની રુબાઇનો મર્મ શૂન્ય પાલનપુરીના અનુવાદમાં પામી શકાય છેઃ

**બુધ્ધિના પ્યાલે ભરીને લાગણી પીતો રહે, છે સુરાલય જિંદગીનું જિંદગી પીતો રહે,**
**કોઈની આંખોથી આંખો મેળવી પીતો રહે, દિલનાં અંધારાં ઉલેચી રોશની પીતો રહે...**

કવિતાની કમનીય લીલા માણવા મળે છે તેનાં ભાતીગળ ભાવ-પ્રતીકો, કલ્પનો અને રમણીય રૂપકોમાં... રતિલાલ 'અનિલ'ની આ રચનાનો સંકેત પામવા જેવો છેઃ

**શહેરોમાં રહે છે, જંગલોમાં જાય છે રસ્તો, કહીં સંસાર માંડે છે, ક્યાંક સાધુ થાય છે રસ્તો!**
**હું ઈશ્વરની કને તો ક્યારનો પહોંચી ગયો હોતે અરે, આ મારા ચરણોમાં બહુ અટવાય છે રસ્તો!**
**નથી એક માનવી પાસે બીજો માનવ હજુ પહોંચ્યો 'અનિલ', મેં સાંભળ્યું છે ક્યારનો બંધાય છે રસ્તો!**

કોઈ ઓલિયા ને અલગારી સંત કે મસ્તફકીર કવિ મનુભાઈ ત્રિવેદી 'સરોદ'નો શબદ હૈયા સોંસરવો ઉતરી જાય છેઃ

**આપ કરી લે ઓળખાણ, એ સાચા 'શબદ'નાં પરમાણ...**
**સાકર કહે નહીં, હું છું મીઠી, વીજ ન પૂછે મુજને દીઠી?**
**મોત બતાવે ન યમની ચિઠ્ઠી, પેખ્યામાં જ પિછાણ, એ સાચા શબદનાં પરમાણ...**

રાજેશ વ્યાસ-'મિસ્કીન'ની ગઝલના શેરમાં કોઈ જનમ-વેરાગી સંતની વાણીના પડઘા સંભળાય છેઃ

**સાવ જૂઠું જગત કોઈ તારું નથી, મૂક સઘળી મમત, કોઈ તારું નથી,**
**કોઈ ઉંબર સુધી, કોઈ પાદર સુધી, છેક સુધી સતત કોઈ તારું નથી,**
**કોઈ એકાદ જણ, એય બેચાર પળ, કે અહીં હર વખત કોઈ તારું નથી.**

આવો વૈરાગ્યનો ભગવો રંગ લાગી જાય, ભીતરમાં ભાવ ગદ્‌ગદ્‌ અનુભૂતિ વાણી થઈને વહેવાં લાગે ત્યારે ભરત વીંઝુડાની સાથે તમે પણ લલકારી ઉઠોઃ

**બેઉ આંખો મેં કરી બંધ ને હરિ આવ્યા એક દી' થઈ ગયો હું અંધ ને હરિ આવ્યા**
**એક બે દુઃખની ઉપર ખડખડાટ હસવામાં આવ્યો કંઈ એટલો આનંદ ને હરિ આવ્યા...**

છેલ્લે, રમણીક સોમેશ્વરનો આ રાજીપો આપણને ય મળે તો કેવું સારૂ!

**આપણે તો એટલામાં રાજી, આખાય જંગલમાં રોજ રોજ ફૂટે છે,**
**ક્યાંક એક કૂંપળ તો તાજી એકાદી લહેરખી પવનની જ્યાં સ્પર્શે,**
**ત્યાં રણઝણતી ઝાલરી બાજી આપણે તો એટલામાં રાજી...**

✦✦✦

## ગઝલ

પતંગે બાંધ દોરો, છે મકરસંક્રાંત આજે,
સમય પણ ખાય પોરો, છે મકરસંક્રાંત આજે !
ખુલાં મેદાનથી, ધાબે ચઢીને, કે ગલીથી, ક
રે અવસર ટકોરો, છે મકરસંક્રાંત આજે !
ફુદી હો,પાવલો, કે હો અડધીયો,પોણિયો પણ,
ઉડે હળવાશે ફોરો, છે મકરસંક્રાંત આજે !
કપાતી ખેંચતાં, છુટ આપતાં ચઢતી પતંગો,
ઘસરકા ખાય દોરો, છે મકરસંક્રાંત આજે !
ચહેકતી છોકરી 'હેમા' અજબ ઉલ્લાસ ધારી,
અધીરો થાય છોરો, છે મકરસંક્રાંત આજે !

**હેમા ઉદય મહેતા**

## હાકલ પડી

પડી છે હાકલ કલ્યાણકારી શક્તિની.
જાગજો સૌ સપૂતો,
કરજો કપૂતોનો નાશ.
પાલવે નહીં નાશવંત આતંક.
નવનિર્માણ કરજો પ્રેમ તણું.

નજરાણું મિત્રો કેરું, રાખજો જીવંત.
અલખના આધારે, રહેજો સૌ પ્રસન્ન.
કાજળઘેરી રાત્રે, રાખો ધીરજ અખૂટ.
પ્રભાત થશે અણમૂલ, રાખજો શાંતિ.

હવે તો રહેવું પડશે જાગતા જ.
અનંતના ઓથારે, નયનની પાંપણે.
મા ભવાની ઊભાં છે અમ આંગણે.
હવે તો જાગવું જ રહ્યું હાકલ પડી.

**સંગીતા દત્તાણી**

## પતંગનો ઓચ્છવ

પતંગનો ઓચ્છવ
એ બીજું કંઈ નથી, પણ
મનુષ્યના ઉમળકાઓનો છે ઘૂઘવતો વૈભવ !

નભની ઊંડીઊંડી ઉદાસીઓને લૂછવા
નભની ભડભડતી એકલતા ભૂંસવા
જુઓ, મનુષ્યો -
ઉમંગના રંગોમાં ઝબકોળી-ઝબકોળી
પ્રીતિની પીંછી ફેરવતા ઉજ્જડ-ઉજ્જડ નભમાં.

ઉજ્જડ નભને નમણું નજરાણું
ઉર્ફે આ પતંગ !

હરેક જણના પતંગ પર
લખિયો છે આ સંદેશો કે
હે નભ ! તું નીચે આવ !
આવ નીચે ને જરાક હળવું થા...

માર નગારે ઘા,
ગમગીનીનો ગોટો વાળી
જલદી કૂદ કછોટો વાળી
ઓચ્છવના આ રંગકુંદમાં ડૂબકી મારી ગા !
આવ, આવ, તું જરાક નીચે આવ ને હળવું થા...

આભ, તને
આ પતંગ રૂપે છે નિમંત્રણ-
નીચે આવી ચાખ ઉમળકો,
ચાખ જુવાની, ચાખ લાગણી
ચાખ પ્રેમ ને ચાખ હૃદયના ભાવ
આભ, તું જરાક નીચે આવ...

**રમેશ પારેખ**

## આઓ બચ્ચોં

આઓ બચ્ચોં તુમ્હેં દિખાયે ઝાંકી હિન્દુસ્તાન કી
ઈસ મિટ્ટી સે તિલક કરો યહ ધરતી હૈ બલિદાન કી. વંદે માતરમ્. (૪)
ઉત્તર મેં રખવાલી કરતા પર્વતરાજ વિરાટ હૈ,
દક્ષિણ મેં ચરણોં કો ધોતા, સાગર કા સમ્રાટ હૈ,
જમનાજી કે તટ કો દેખો, ગંગા કા યહ ઘાટ હૈ,
બાટ-બાટ મેં હાટ-હાટ પર યહાં નિરાલા ઠાઠ હૈ.
દેખો યહ તસ્વીરેં અપની ગૌરવ કી અભિમાન કી-ઇસ મિટ્ટી સે...
યહ હૈ અપના રાજપુતાના નાજ ઈસે તલવારોં પે,
ઈસને સારા જીવન કાટા બરછી તીર કટારોં સે,
યહાં પ્રતાપ કા વ્રત પલા હૈ આઝાદી કે નારોં પેં,
કૂદ પડી થી જહાં હજારોં પદમિનિયાં અંગારોં પે,
બોલ રહી હૈ કણ-કણસે કુરબાની રાજસ્થાન કી- ઈસ મિટ્ટી સે...
દેખો મુલ્ક મરાઠોં કા યે યહાં શિવાજી ડોલા થા,



હર પથ્થર પર આગ લગી થી, હર પથ્થર ઈક શોલા થા,
બોલી હર-હર મહાદેવ કી બચ્ચા બચ્ચા બોલા થા,
યહીં શિવાજીને રખી થી લાજ હમારી શાનકી - ઈસ મિટ્ટી સે...
જાલિયાંવાલા બાગ યે દેખો યહાં ચલી થી ગોલિયાં,
યે મત પૂછો કિસને ખેલી યહાં ખૂન કી હોલિયાં,
એક તરફ બન્દૂક દન-દન એક તરફ થી ટોલિયાં,
મરનેવાલે બોલ રહે થે ઈન્કલાબ કી બોલિયાં,
યહાં લગા દી બહનોંને ભી બાજી અપની જાનકી - ઈસ મિટ્ટી સે...
યે દેખો બંગાલ યહાં કા હર બચ્ચા હરિયાલા હૈ,
યહાં કા બચ્ચા-બચ્ચા અપને દેશ પે મરનેવાલા હૈ,
ઢાલા હૈ ઈસકો બીજલીને ભૂચાલોંને પાલા હૈ,
મુઠ્ઠી મેં તૂફાં બંધા હૈ ઔર પ્રાણ મેં જ્વાલા હૈ,
**જન્મભૂમિ હૈ યહી હમારે વીર સુભાષ મહાન કી. - ઈસ મિટ્ટી સે...**



**પ્રદીપજી**

# 'દેખાડાની ડોલમાં ડૂબતું લગ્ન સંસ્કાર'

ક્યારેક લગ્ન એટલે બે હૃદયનો મિલન, બે
કુટુંબોનું સંસ્કાર બંધન.
આજે લગ્ન એટલે - સ્પર્ધા ! દેખાડો ! દેખાવ !
જાણે કોઈ મેરેજ હોલમાં નહીં, પણ પ્રદર્શનની
હરોળમાં બેઠા હોઈએ.
'જુઓ, અમારા દીકરાનું પ્રી-વેડિંગ દુબઈમાં !'
'અમારી દીકરીના મહેંદીમાં બોલિવુડ સિંગર !'
'ડીજે તો એવો કે ધરતી ધ્રુજે !'
પણ અંદરથી
પિતાનું ખિસ્સું ખાલી,
માતાનું હૃદય ભરેલું ચિંતા સાથે.
આજનો મધ્યમ વર્ગ -
દેખાડાની દોડમાં
પોતાની ક્ષમતા કરતાં લાંબી ચાદર ખેંચે છે,
અને પગ બહાર ઠંડીમાં રહી જાય છે.
દીકરી કહે -
'મારે પણ પ્રી-વેડિંગ જોઈએ.'
દીકરો કહે -
'મારા મિત્રએ ૫૦૦ માણસનો ડિનર રાખ્યો
હતો.'
પણ કોઈ સંતાન પૂછે છે ખરા -
'મમ્મી... પપ્પા... તમારી પાસે આટલા પૈસા છે
ખરાં ?'
જ્યારે મા-બાપ
દેવાં કરે, ગીરવે મૂકે, બચત તોડે,
અને સંતાનના ચહેરા પર ખુશી લાવે...
ત્યારે તેમના મનમાં એક જ પ્રાર્થના -
'ભગવાન, આ લગ્ન સુખી રહે,
નહિતર આ કર્જ મારા શ્વાસ સાથે ઉતરશે.'
અને ખોરાક ?
અઢીસો ગ્રામ ભૂખ...
પણ થાળીમાં દસ વાનગીઓ !
અડધું ખોરાક કચરામાં !
આ બગાડ નથી તો શું છે ?
હા, કહેવાય છે -
ડીજે વાળાને રોજગાર મળે,
કેટરિંગ વાળાને ધંધો મળે,
મેકઅપ વાળાને આવક મળે.
પણ શું કોઈની રોજી માટે
કોઈ બીજાનું ભવિષ્ય કર્જ માં મૂકવું જરૂરી છે ?
કેટલાય સમાજોએ
આ દેખાડા ના રિવાજો બંધ કર્યા.
કારણ એક જ -
દેખાદેખીમાં નાનો માણસ લાંબો થાય
તો અંતે તૂટી જાય.
અને હવે એક સવાલ -
શું સાદાઈથી કરેલા લગ્ન નથી ટકતા ?
શું પ્રેમ, સમજણ અને સંસ્કાર કરતાં
ડીજે અને ડ્રોન કેમેરો વધારે મજબૂત છે ?
લગ્ન ટકે છે -
વિશ્વાસથી,
સમજણથી,
અને સંયમથી.
દેખાડા થી નહીં !
ભાણી દીકરી વ્હાલી જ હોય,
મામેરું આપવું પ્રેમ છે,
પણ પ્રેમ દેખાડા માં નહીં,
સંસ્કારમાં દેખાય છે.
આ લેખ કોઈ સામે નથી,
આ એક અરીસો છે -
જેમાં સમાજે પોતાનું ચહેરો જોવા જેવો છે.
હવે તમારી વારો...
શું આજે લગ્નમાં થતો ખર્ચ
જરૂરિયાત છે કે દેખાડો ?
શું કર્જ કરીને કરેલા લગ્ન ખરેખર સુખી રહે છે ?
સાદાઈથી લગ્ન કરવાથી સમાજમાં માન ઘટે છે ખરું ?
કોમેન્ટ માં તમારો પ્રતિસાદ જરૂર લખજો.
ન લખી શકો તો પણ-
આ લેખ વાંચીને મનમાં ઊભો થયેલો
વિચાર જ મારી સૌથી મોટી સફળતા છે.

લેખિકાઃ ચેતના ગોસ્વામી / અર્પણઃ 'ઉર્જા' ના નામે

# Dhruv Sanghavi

## Personal Details

**DOB:** 26 March 1992

**Birth Place:** Kandivali, Mumbai

**Time:** 12:35 pm

**Height:** 6 feet 1 inches

**Caste:** -Kapol (vaishnav)

**Gotra:** - Shandilya

**Native Place**: -Mahuva

**Horoscope:** - Clear

## Interests

Movies | Traveling | Adventurous | Playing Sports |

## Contact Details

**Father:** 9594069543
**Mother:** 9029926896

A/202 Chintamani, off Shankar Lane, Kandivali(W), Mumbai- 400067.

A/304 Modinagar, Mathuradas Road, Kandivali (W), Mumbai - 400067

## Academic History

**Bachelors in Pharmacy**
- Mithibai College - Mumbai

**Masters in Regulatory Affairs**
- Northeastern University – USA

## Professional Career

**Current** - Founder of Global Pacific Regulatory Services - Mumbai

Assisting Pharmaceutical, Medical devices, Biotech and Cosmetic companies with Regulatory - Quality framework, Audit, Technical documentation, Global Registration and Compliances



**Office Address** - Office No. 8, Chintamani, off Shankar Lane, Kandivali (W), Mumbai - 400067

**Past Experience** - Worked for more than 7+ years in companies like Siemens, Penumbra, Instrumentation Laboratory, Startups and Research Center.

## Family and Background

**Father Name**: - Anil Shantilal Sanghavi

**Father Occupation**: - Business in Iron & Steel

**Mother Name**: - Chetna Anil Sanghavi

**Occupation**:- Homemaker

**Brother Name**: - Bhaumik Anil Sanghavi (Married)

**Brother occupation**: - Business in Iron & Steel

**Sister in Law:**- Riddhi.B.Sanghavi (D/0 Prakashbhai Himmatlal Parekh at Goregaon)

**Occupation**:- Teacher

**Grandfather**:- Late Shantilal Harilal Sanghavi

**Grandmother**:- Late Lalitaben Shantilal Sanghavi

**Mosal:** Late Ramniklal Govindji Goradia of Jafrabad at present Kandivali (W)



# Shah Dhaval Hitendrakumar



**Age:** 26
**Date and time of birth:** 18-07-1997
**Place of birth:** Ukai
**Place of residence:** Songadh
**Nationality:** Indian
**Religion:** Hindu
**Caste:** Kapol- Vaishnav Vaniya
**Gotra:** Gargas
**Zodiac Sign:** Sagittarius (Dhanur)
**Height:** 5" 8'
**Wei ght:** 62
**Education:** Bachelor in Commerce
**Job/ Occupation:** Municipality Corporation
**Skin Type:** Wheatish Complexion
**Blood Group:** B+

## About Me

I would describe myself as someone who is smart, humble, caring, affectionate, and always wears a smile. I enjoy trying new things and exploring new places. My family holds a significant place in my life. I have a great sense of humor and love making people laugh, even if it means being a bit silly at times. I'm a hardworking individual who doesn't easily give up. While I have a moderate inclination towards religion., I also like to explore and stay physically active by engaging in gym sessions and occasionally participating in sports.

## Family Details

I'd like to share some details about my wonderful family. We're a close-knit and content group, always supporting each other. We have a blend of values and traditions that make us special, and we share a strong connection. Being together brings us happiness and fulfillment. We support and care for one another, creating a nurturing environment. Our peaceful life forms the basis for lasting happiness and cherished moments filled with love and laughter.

**Father's Name:** Hitendrakumar Navinchandra Shah
**Uncle's Name:** Dharmendrakumar Navinchandra Shah
**No. of Sisters:** 2 - I have the privilege of having two wonderful sisters in my life
One of them is happily married and other one is currently employed in Ahmedabad
**Place of Residence**: Songadh

## Contact Details

**Phone Number:** 09819826450, 9427596214
**Residence Address:** Junagam, Fort- Songadh, Gujarat.

If you find the information i've shared in my profile intresting, I would be happy to connect with you and have a friendly conversation. It's Possible that you might be the person i prepared this bio data for, I'm genuinly intrested in getting to know you better. Lets connect nad have a wonderful chat!

# BIO DATA



**PERSONAL DETAILS**

| | | |
|---|---|---|
| Name | : | Jai Janak Vora |
| Date of Birth | : | 15 December 1996 |
| Place of Birth & Time | : | Mumbai \| 08.45 AM |
| Rashi | : | Makar (Capricorn) |
| Height Weight | : | 5 feet 9 inches : 67 Kgs |
| Education | : | Masters in Computer Science |
| Religion/Caste | : | Kapol |
| Job/Occupation | : | Working with Teladoc Health<br>150 West Evlyn, Mountain View, California 94041 USA |
| Hobbies | : | Soccer, Dancing, Listening to music |
| Horoscope | : | Clear |
| Current Visa | : | H1B (USA) |
| Current Location | : | Redwood City, Califiornia 94065 - USA |

**FAMILY DETAILS**

| | | |
|---|---|---|
| Father Name | : | Janak Madhubhai Vora |
| Father's Occupation | : | Business - Techno Aid Corporation |
| Mother Name | : | Swati Janak Vora |
| Brother Name (Elder) | : | Raaj Janak Vora - Engaged to Maitri Mody [D/O. Shri Nimeshbhai Modi Ahmedabad] |
| Brother Occupation (Elder) | : | Research & Development Engineer |
| Grandfather Name | : | Madhubhai Manmohandas Vora |
| Grandmother Name | : | Hasumati Madhubhai Vora |
| Parental Uncle Name | : | Devang M. Vora \| Parag M. Vora |
| Mosal | : | Jayantbhai Narandas Mody - Barpotiwala [N.D.Shah] |
| Native Place | : | Delvada - Near Una - Saurashtra |

**CONTACT DETAILS**

| | | |
|---|---|---|
| Contact Number | : | Janak Vora - 9892065684<br>Swati Vora - 9372263935 |
| Address | : | B/504, Vrindavan, Ram Baug Lane, Borivali West,<br>Mumbai 400092 |

**USA CANDIDATES PREFERRED**

## Personal Details



| | |
|---|---|
| Name | Karan Manoj Kanakia |
| Gender | Male |
| Date Of Birth | 28-05-1998 |
| Place Of Birth | Mumbai |
| Time Of Birth | 7:10 AM |
| Rashi | Mithuna (Gemini) |
| Height | 5 feet 7 inches (170 cm) |
| Marital Status | Single |
| Religion | Vaishnav |
| Mother Tongue | Gujarati |
| Caste | Kapol |
| Sub Caste | Vaniya |
| Gotra | Parasar |
| Mosad | Vrajlal Jagjivandas Mehta (Jafarabad) |
| Highest Education | MBA Finance (Full Time) |
| Job/Occupation | Job |
| Organization Name | SS&C GlobeOp Financial Services |
| Hobbies | Travelling, Cricket, Badminton, Photography, etc. |

## Family Details

| | |
|---|---|
| Father's Name | Manoj Harkishandas Kanakia |
| Mother's Name | Rita Manoj Kanakia |

## Contact Details

| | |
|---|---|
| Contact No | +91 8454990163 |
| Father's Contact No | +91 9323779036 |
| Mother's Contact No | +91 9833837929 |

weddingbiodata.in

## PERSONAL DETAILS

- Name : Prachi Shah (Shah Prachi Hitendrakumar)
- Date of Birth : September 1, 2000
- Birth Time : 1:57 PM
- Place of Birth : Vyara, Tapi District, Gujarat
- Zodiac Sign : Virgo (Kanya)
- Height : 5'7"
- Weight : 54 kg
- Complexion : Wheatish
- Blood Group : AB+
- Personality : Vibrant
- Hometown : Songadh, Gujarat
- Contact Number: +91 94275 96214 (WhatsApp No. - 09819826450)
- Address : Junagam, Fort, Songadh, Gujarat



## EDUCATION / OCCUPATION

- Bachelor's Degree : Bachelor of Social W ork (BSW) (Gold Medalist)
- Master's Degree : MBA in Human Resources (HR)
- Current OccupationHR professional at an IT company in Ahmedabad

## FAMILY DETAILS

- Father : Hitendrakumar Navinchandra Shah (Businessman)
- Uncle : Dharmendrakumar Navinchandra Shah (Retired Government Employee)
- Grandfather : Late Navinchandra Ramdas Shah
- Grandmother : Late Urmilaben Navinchandra Shah

## SIBLINGS

- Sister : Divya Miteshkumar Shah, elder, married in Songadh, homemaker
- Brother : Dhaval Hitendrakumar Shah, elder, employed at the Songadh Municipality

## BELIEFS

- Religion : Hindu
- Community : Kapol-Vaishnav Vaniya
- Gotra : Gargas

## ADDITIONAL CONTACT INFORMATION

*SHREEJI*

**BIO-DATA**



## PERSONAL DETAILS

| | | |
|---|---|---|
| Name | : | Harshil Bharat Sanghavi |
| Date of Birth and Time | : | 06th June 1992, Time: 8:07am |
| Place of Birth: | : | Vile Parle West, Mumbai |
| Height: | : | 5’9” |
| Weight: | : | 78 kg |
| Caste | : | Kapol Vaishnav |
| Gotra | : | Shandilya |
| Native | : | Amreli, Gujarat |
| Horoscope | : | Clear |
| Education | : | School – Utpal Shanghvi School (Vile Parle, Mumbai) |
| | : | Bachelors of Management Studies (BMS – Mithibai College, Mumbai) |
| | : | Masters of Commerce (M.Com – University of Mumbai, India) |
| | : | Masters of International Business (MIB – Queen’s University, Canada) |
| Occupation | : | Consultant |
| | : | Deloitte, Toronto |
| Current Address | : | Toronto, Canada. |
| Resident Status | : | Permanent Resident (PR) of Canada. |
| Interests | : | Travelling, Sports, Music, Movies |

## FAMILY DETAILS

| | | |
|---|---|---|
| Father’s Name | : | Bharat Vijay Sanghavi (B.Com, Self-Employed) |
| Occupation | : | Director, Sanghavi Freight Forwarders Pvt. Ltd |
| Mother’s Name | : | Shilpa Sanghavi (B.A, Homemaker) |
| Elder Brother | : | Ankit Sanghavi (Self-employed) |
| | : | Married to Krupali Sangani (MBA, Procurement) |
| Grand Parents | : | Late Vijay Shamalji Sanghavi & Late Jaswanti Vijay Sanghavi |
| Mosal | : | Late Tulsidas Nanji Kanakia, Kandivali (Native – Rajula, Gujarat) |

## CONTACT INFORMATION

| | | |
|---|---|---|
| Address | : | 902 Matoshree Kunj, Tanaji Malasure Road, Irla Lane, Vile Parle W, Mumbai 400056 |
| Email Id | : | sanghavisb@gmail.com |
| Contact No. | : | Mother – 9833311020. Residence 022-26207522 |

# રેશમગાંઠ

**‘દર્પણ’ના દરેક અંકમાં ‘રેશમગાંઠ’ કોલમમાં લગ્નોત્સુક યુવક-યુવતીઓનીવિગતો તથા ફોટાઓ વિનામૂલ્યે પ્રગટ કરવામાં આવે છે.**



Name : Jay Manoj Sanghavi
D.O.B. : 29-08-1993 12.17pm Mumbai
Gotra : Chandlas
Weight : 87 kg Height : 6.1 F.
Education : Bachelor Of Commerc
Occupation : A. Ma. Axis Bank
Address : Navsari, Gujarat
Caste : Kapol - Vaishnav
Contact : 9408624590



Name : Bhavik Rajesh Mehta
D.O.B. : 22-12-1992 6.45 am Cambay
Height : 5’7”
Education : B.M.S., MBA
Occupation : Aditya Birla Son Life LIC.
Address : Bhandar Mumbai
Horoscope : Mangal
Contact : 09724865797/09724619339
Email : rajeshalpamehta@Gmail.com



Name : Manthan Suresh Doshi
D.O.B. : 21-06-1988
P.O.B. Time : Mumbai Malad 10.05 am
Height : 5’11"
Gotra : Parashar
Education : Diploma Electronic (MCVC)
Native Plc : Sihor
Residence : Vasai (W)
Email : kunal.kd1985@gmail.com
Contact : 8149570034/9892031855



નામ : ધર્મેશ અજયભાઈ ચીમનલાલ ભુતા
જન્મ.તા. : ૨૬-૦૮-૮૫ ટા.૧૨.૧૦ રાત્રે
ઊંચાઇ : ૫’૭’’ જન્માક્ષર : ચોખ્ખા
અભ્યાસ : Bschler of Computer Engg.
વ્યવસાય : Service at Pune
ગોત્ર : ચાંદલસ વતન: મહુવા
મોસાળ : ઉમેદ સી. લહેરી
ઘર : બોરીવલી (વે.)
મોબાઈલ : ૯૩૨૦૧૫૬૦૦૯



Name : Gaurav Baharat Mehta
D.O.B. : 15-04-1996 8.12 Bhayander
Height : 5’5” Weight : 60 kg
Education : H.S.C.
Occupation : Service
Address : Bhayander (W)
Caste : Kapol - Vaishnav
Contact : 7715815591
Mosal : Yogesh Manubhai Mehta



Name : Dipen Bharatbhai Mehta
DOB : 14-11-1986
Time of bir. : 1.32 am
Native : Rajula
Height : 5’10" Horscope : Clear
Education : Appe. C.A. Final
Profession : Assisteant Managertd
Caste : Kapol Gotta: Candlash
Address : Malad (W)
Contact : 228814234/9987266988



Name : Chirag Hitendra Goradia
D.O.B. : 11/08/1990
Height : 6’1" Gotra: Piplsya
Time : 10.08 pm.Boriwali (W)
Caste : Kapol Vaishnav
Native Place : Jafrabad (Vandh)
Education : B.com. C.A. Inter
Residence : Borivali (W),
Profession: The Bank of Newyork
Contact : 9322649490
Email : goradia.chiragg@gmail.com



Name : Jinesh Jayendra Goradia
D.O.B. : 14-09-1986
Time : 17.32 pm Height: 5’.5”
Native Plac : Jafrabad
Caste : Kapol Vaishnav
Education : H.S.C.
Gotra : Piplas
Occupation : Manager
Address : Kandivali(W)
Contact : 9820846221/9821575998



Name : Dipesh Jitendra Mehta
D.O.B. : 27th June, 1997
Height : 5.9" Weight : 70 kg.
Gotra : Gargus
Business : Family Business
Native : Jafarabad
Education : H.S.C.
Address : Kandavali (w)
Email : dipeshmehta97627@gmail.com
Contact : 9769060211/9322799710
Mosal : Prbhudas Mohanlal Mehta




નામ : પ્રતિક શૈલેષ મહેતા
જન્મ.તા. : ૧૩-૧૧-૧૯૯૦
ઊંચાઇ : ૫'
અભ્યાસ : B.com
વ્યવસાય : Govt. Ration Shop & acco.
મોસાળ : બાબુલાલ ડાયાભાઈ શાહ
ઘર : ફોર્ટ સોનગઢ (ઇસ્ટ)
Email : pratikmehta@gmail.com
ફોન : ૦૯૪૨૭૭૭૮૫૮૩/૯૭૧૪૭૪૪૧૩૧



નામ : આકાશ બિપીનચંદ્ર છોટાલાલ મહેતા
જન્મ.તા. : ૧૦-૧૧-૧૯૯૨ટાઈમ: ૪.૦૨am
ઊંચાઇ : ૫'૨''
જન્માક્ષર : ચોખ્ખા
અભ્યાસ : B.Com M.com
વ્યવસાય : સીએની ફાર્મમાં
ગોત્ર : ગૌતમ વતનઃ સિંહોર
ઘર : ભાઈંદર (વેસ્ટ)
મોબાઈલ : ૮૬૮૯૮૩૪૭૧૮



Name : Dr. Kinjal Dilipbhai Modi
D.O.B. : 28-10-1980
B. Pl. : 5.30 am Vadodra
Height : 5.11" Weight : 97 kg
Education : MBBS, MD MUM.
Business : Chest Phgsicion
Netive : Bhavnagar
Address : Brivaivali (W)
Contact : 9825235180
Mosal : Harsadrai J. Desai
Email : kdmodi001@gmail.com



Name : Dbhay Kiranbhai Mehta
D.O.B. : 09-10-1980
B. Pl : 7.22 am Bhavnagar
Height : 5.11"
Business : M/s Abhay Bakelites
Native : Bhavnagar
Education : 10th
Address : Kandivali (W)
Email : abtrmh@gmail.com
Contact : +91 8779193064
Mosal : Let. Kanjibhai Jasmat Mehta



Name : Janak Narendra Mehta
D.O.B. : 17th October 1991
Height : 5.9
Education : HSC Passed
Buisiness : Iron & Steel
Vatan : Una delwada
Caste : Kapol Vaishnav
Gotra : Kashyap
Horoscope : Clear
Address : Panvel, Raigad
Contact : 8879894198



નામ : કૌશલ જયંતકુમાર સંઘવી
જન્મ.તા. : ૧૯૭૪, ૧૧.૨૮, માટુંગા
ઊંચાઇ : ૫'૫'' ગોત્ર : શાંડિલ્ય
અભ્યાસ : Dip. in Digital Elect. IATA
Email : shanghavi@hotmail.com
વ્યવસાય : સર્વિસ
ઘર : વિલે પાર્લે (પૂર્વ), મુંબઈ-૫૭.
મોસાળ : ધીરજલાલ શા. ગાંધી
મોબાઈલ : ૨૬૧૪૮૫૩૧



Name : Harshil Jayesh Parekh
D.O.B. : 17-6-1988 6.45 am Cambay
Height : 5'6" Weight : 68 kg
Education : B.sc./ MSU
Occupation : Land & Estate Facilitator
Address : Vadodara
Caste : Banya (Vaishnav)
Contact : 09724865797/09724619339
Email : harshil_parikh17@yahoo.com



Name : Srishti Das
Da & Ti : 22-6-1995 - 4.36 am.Mum.
Height : 5'4" Caste:Vaishnav (Oriya)
Native Plac : Cuttack - Orissa
Education : B.B.A. Gotra : Mudgall
Business : Ass. Sales & Marketing
Residence : Thane (w)
Mosal : Kirit Kumar Sheth
Contact : 9987802771/7208018668
Email : sethshefali02@gmail.com

નામ : પ્રણવ હેમંત મંગલદાસ કાણકીયા
જન્મ.તા. : ૧૧-૧-૧૯૮૮
ઊંચાઇ : ૫'-૭''
અભ્યાસ : B.com, MBA(PGDM)-Finance
વ્યવસાય : Research Analyst & Stock Brokers & Kanakia Tea
મોસાળ : મોહનલાલ એન. મહેતા
ઘર : ન્યુ ચર્ની રોડ, પ્રાર્થના સમાજ.
ફોન : ૯૮૨૧૩૩૬૬૨૭/૨૫૦૬૫૬૯૬



નામ : પુજા નરેન્દ્ર પારેખ
જન્મ.તા. : ૩૧-૧૨-૮૮ ટાઈમ: ૨.૪૧ am
ઊંચાઇ : ૫'૫'' ગોત્ર : હરિતસ
અભ્યાસ : B.sc. MLT જન્માક્ષર: લાઈટ. મં
વ્યવસાય : Job - વતન : ચિત્તલ
ઘર : અંધેરી (ઈ)- મુંબઈ. ૯૩
મોબાઈલ : ૯૮૩૩૭૨૩૯૩૬
Email : narenparekh3@yahoo.com



Name : Dr.Sejal Narendrakumar Shah
D.O.B. : 13/07/1982
Time : 9.00am Gagodar kutch
Height : 5'2" & 58 kgs
Caste : Dasha Modh Vanik
Gotraj : Choksi
Education : BDS, MDS
Occup, : Dentist
Address : Kandivali (E)
Contact : 9764765313



Name : Pooja Suresh Sheth
DOB : 7-6-1987 Time :9.35am
Horscope : L. Mangal
Height : 5'3"
Education : BCOM, Computer Graphics
Caste : Kapol Gotra: Chandlas
Address : kandivali, Mumbai
Contact : 9323801622, 9833651622
Native : Savarkundla
Email I'd : poojasheth009@yahoo.com



Name : Jeenal Pravichandra Shah
D.O.B. : 29th April 1989
Time of Plc : 12.42 pm (Mumbai)
Caste : Vaishnav Vanya
Education : Bachelors of Phar., DSCP Mas. in Pharm. Management, NJIT (NJ)
Occupation : Validation Engineer
Address : Navi Mumbai -400705
Contact : 9848098548 (India)



Name : Daksha Bhupatray Sanghvi
D.O.B. : 26-08-1983
Height : 5'3" Horos : Ligte Shani
Time : 7.00am.Gotra: Chandlas
Caste : Kapol Vaishanav
Native Plac : Rajula City
Education : B.A. BED MA (Part-I)
Residence : Rajula City-365560
Marital Sta. : Divorced
Contact : 8401320531/9173521113
Mosal : Late Shree Manharlal M Mehta



Name : Jalpa Bakulesh Mehta
D.O.B. : 22.06.1989
Height : 5.3"
Time & Plac : 10.06am -Mumbai
Caste : Kapol
Gotra : Gargas
Education : B.com
Horscope : Mangal
Address : Mumbai -
Contact : 09840999211/09840868884
Email : bakuleshmehta@yahoo.co.in



Name : Niharika Jignesh Mehta
D.O.B. : 25/12/1989 Height : 5'4"
Time : 4.13am Malad
Caste : Kapol Vaniya
Native Plac : Mahua
Education : TYBCOM
Residence : Kandivali, Mumbai
Worked : Service
Contact : 9820815149
Email : Mehta.miharika.89@gmail.com



Name : Sneha Kamlesh Goradia
D.O.B. : 2/11/1984 Bangalore
Height : 5", 44 Kg
Time : 8.15pm Gotra : Piplesh
Caste : Kapol Vaishnav
Native Plac : dedan Gujarat
Education : MBA, Finance And Entrepreneurship
Residence : Kandivali, Mumbai
Contact : 09986168205/09448090925
Email Id : snel211@gmail.com,



Name : Mona Vinodrai Mehta
Bd/Bt/Bp : 12.7.86, 12.15 pm, Mum.
Caste : Kapol Vanik
Native : Chandlas
Education : B.Com
Marital Sta. : `Divorced
Address : Badlapur
Mosal : Jitendra Ratilal Gandhi
Contact : 9987154400



નામ : મીન રાજેશ ઉપેન્દ્ર વોરા
જન્મ.તા. : ૦૭-૦૩-૧૯૮૩ ટાઈમ: ૧.૨૦
ઊંચાઇ : ૫'૧''
અભ્યાસ : B.A8. Jewelery Designer
વ્યવસાય : ડિઝાઈનર અને વિઝ્યુલાઈઝર
ગોત્ર : કાશ્યપ વતન: જાફરાબાદ
ઘર : વિલે પાર્લા - મુંબઈ.
મોબાઈલ : ૯૩૨૩૦૩૧૦૧૧




નામ : ભૂમિ અતુલ મોદી
જન્મ.તા. : ૦૯-૦૮-૯૨ ટાઈમ:૭.૨૫ pm
ઊંચાઇ : ૫'૩'' જન્માક્ષર : ચોખ્ખા
અભ્યાસ : BBI (bachelor of Banking & In.
વ્યવસાય : Business
ગોત્ર : ઉપમન્યુ વતન: લાઠી
મોસાળ : ચંદ્રકાંત મોહનલાલ દોશી - રાજુલ
ઘર : ભાઈંદર (વે.)
મોબાઈલ : ૯૮૬૭૧૫૭૧૮૬



**Name: Dipali Harkisan Sanghvi**
**Date of Birth:** 22 May 1979
**Height:** 5.3 **Caste:** Kapol Vaishnav
**Gotra:** Chandalas
**Education:** C.A. (not working)
**F'Name:** Harkisandas Vithaldas Sanghvi
**M;Name:** Pushpa Harkisandas Sanghvi
**Native:** Mahuva
**Address:** Bhayander west
**Contact number:** 9920219858
**Mosal:** Laxmidas Ramjibhai Doshi
**Marital status:** Divorcee

REG. NO. MCS/105/2021-23
MR/Tech/WPP-304/South/2021-23
RNI No. MAHAGUJ/2009/30528
POSTED MUMBAI PATRIKA CHENNAL SORTING OFFICE - MUMBAI -1 : to be Published on 15th & posted on 24th & 25th Every Month only




મુદ્રક, પ્રકાશક અને માલિક : કપોળ સમાજ દર્પણ કોર્પોરેશન વતી શ્રી અનિલ નંદલાલ મહેતા, તંત્રી શ્રીમતી નીલા સંઘવી
પ્રકાશન સ્થળ : ચિતલિયા હાઉસ, ગ્રાઉન્ડ ફ્લોર, ૨૭૪, શ્રી.એમ. સ્ટ્રીટ, ધોબી તળાવ, મુંબઈ- ૪૦૦ ૦૦૨. ફોનઃ ૨૨૦૭૨૫૩૩
ટાઇપ સેટિંગઃ નરેશ પટેલ / મુદ્રણ સ્થાન : રેનબો પ્રિન્ટિંગ પ્રેસ, ૪૧, ખાડિલકર રોડ, મુંબઈ-૪ ફોન ૨૩૮૨૧૬૪૬/૬૪૪૦